# દિવ્યાંગો માટેની કલ્યાણકારી યોજનાઓ






Download Source - haridpatel.blogspot.com










Download Source - haridpatel.blogspot.com

# દિવ્યાંગો માટેની કલ્યાણકારી યોજનાઓ

દૃષ્ટિહીન, શ્રવણમંદ, અસ્થિવિષયક, માનસિક ક્ષતિ, નિરાધાર વૃદ્ધ ભાઈઓ-બહેનો, વિધવા બહેનો અનાથ બાળકો માટેની ભારત સરકારની અને ગુજરાત સરકારની કલ્યાણકારી યોજનાઓનો સંપુટ




પ્રકાશક : માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

લેખન અને સંપાદન : ઈનાયતઅલી એન. સૈયદ

પ્રોસેસિંગ અને મુદ્રણ : સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ.

વર્ષ : ૨૦૧૬-૧૭

આ પુસ્તિકા માહિતી ખાતાની વેબસાઈટ **www.gujaratinformation.net**
ઉપર પણ જોઈ શકાશે.

આ પુસ્તિકામાં દૃષ્ટિહીન, શ્રવણમંદ, અસ્થિ વિષયક, માનસિક ક્ષતિ, નિરાધાર વૃદ્ધ ભાઈઓ-બહેનો, વિધવા બહેનો તથા અનાથ બાળકો માટેની સરકારની કલ્યાણકારી યોજનાઓની સરળ જાણકારી આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. યોજનાઓના અર્થઘટન, અમલ અને નાણાકીય મંજૂરી વગેરે બાબતો માટે કેન્દ્ર સરકારના અને રાજ્ય સરકારના વખતો-વખતના ઠરાવો, હુકમો અને પરિપત્રો જ આધારભૂત ગણવાના રહેશે તથા યોજનાઓના અર્થઘટન માટે તેને જ અધિકૃત માનવામાં આવશે.

सत्यमेव जयते



## સંદેશ

કલ્યાણ રાજયના આદર્શને વરેલી આપણી લોકશાહી શાસનપ્રણાલીના પાયામાં દરેક માણસનું આત્મગૌરવ જળવાય તે મહત્ત્વની બાબત છે. માણસ તરીકેનું સન્માન અને હૂંફ પામવાનો અધિકાર દરેક વ્યક્તિને સમાન રીતે મળે તે જરૂરી છે. જન્મથી કે, આકસ્મિક કારણોસર શારીરિક કે માનસિક અસહાયતાની લાગણી કોઈ અનુભવે તો તે સમગ્ર સમાજ માટે શરમજનક છે. મનુષ્ય મનુષ્ય પ્રત્યેની સદ્‌ભાવનાના વાતાવરણથી અશક્ત-અસમર્થ-વિકલાંગ વ્યક્તિઓ સ્વમાનભેર સ્વાવલંબી જીવન જીવી શકે છે. ''સૌનો સાથ, સૌનો વિકાસ''નો મંત્ર માત્ર ને માત્ર રાજ્યના વિકાસનો મંત્ર જ નથી, પરંતુ તેમાં પ્રત્યેક માનવીના વિકાસનો ધ્યેય સમાયેલો છે. દિવ્યાંગ બાંધવોને વિવિધ તબક્કે, વિવિધ સ્તરે સહાયરૂપ બનવા, તેમને વિકાસના સામાન્ય પ્રવાહમાં લાવવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે.

દિવ્યાંગ ભાઈ-બહેનોનો પણ સમગ્રતયા વિકાસ થાય તથા રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાનો લાભ ઉઠાવી વિકાસની દોડમાં સામેલ રહે તેવા ઉમદા હેતુસર માહિતી ખાતા દ્વારા 'દિવ્યાંગો માટેની કલ્યાણકારી યોજનાઓ' નામની પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવી રહી છે તે જાણીને આનંદ થયો.

શારીરિક ક્ષતિગ્રસ્ત બાંધવોને તેમના જીવન ઉત્કર્ષમાં આ પુસ્તિકા મદદરૂપ બની રહેશે તેવી મને શ્રદ્ધા છે. પ્રકાશનની સફળતા માટે હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

(વિજયભાઈ રૂપાણી)
મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય



सत्यमेव जयते

## સંદેશ

લોકશાહીનું સાચું સત્વ પ્રજાને વિકાસની પ્રક્રિયામાં સહભાગી બનાવવામાં રહેલું છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં રાજ્ય સરકારે રાજ્યના સામાજિક સર્વાંગી વિકાસની સાથો સાથ માનવ જીવનના ઉચ્ચત્તમ મૂલ્યોના વિકાસને પણ અપ્રતિમ પ્રાધાન્ય આપ્યું છે તેમજ રાજ્ય સરકારે માત્ર છેવાડાના આમ આદમી જ નહીં, અસહાય વ્યક્તિઓ પણ સમાજમાં સ્વમાનથી સ્વાવલંબી જીવન જીવી શકે તેવા પ્રયાસો કર્યા છે.

વિકલાંગ વ્યક્તિઓને સહાયરૂપ શૈક્ષણિક, રોજગાર, વ્યવસાય, રહેણાંક અને પ્રવાસ અંગેની વિવિધ સવલતો/સહાય માટેની કેન્દ્ર અને રાજ્ય સરકારની અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ અંગેની વિસ્તૃત માહિતી તેમને સરળ રીતે મળી રહે તે માટે માહિતી ખાતાએ વિકલાંગો માટેની કલ્યાણકારી યોજનાઓનો સંપુટ - 'દિવ્યાંગો માટેની કલ્યાણકારી યોજનાઓ' - વિષયક પુસ્તિકાનું પ્રકાશન હાથ ધર્યું છે ત્યારે હું ખૂબ આનંદની લાગણી અનુભવું છું.

આ પુસ્તિકામાં વિકલાંગ, વૃદ્ધ, નિરાધાર, વિધવા બહેનો, અનાથ બાળકો માટેની રાજ્ય / કેન્દ્ર સરકારની કલ્યાણકારી યોજનાઓની ઉપયોગી માહિતી સંકલિત કરીને રજૂ કરવામાં આવી છે. આ પુસ્તિકા સૌ જરૂરિયાતમંદ ભાઈઓ, બહેનો અને બાળકોને ઉપયોગી નીવડશે અને તેમના જીવનને વિકાસની રાહ પર પ્રેરિત કરશે તેવી અભિલાષા સાથે શુભેચ્છાઓ પાઠવું છું.

(આત્મારામ પરમાર)
મંત્રી, સામાજિક ન્યાય
અને અધિકારિતા



## પ્રકાશકીય...

મનુષ્યના શરીરની રચના પરમાત્માનું અણમોલ સર્જન છે. જન્મથી કે આકસ્મિક કારણોસર શારીરિક ક્ષતિગ્રસ્ત બનેલી વ્યક્તિઓને જરૂર છે સહૃદયતાપૂર્વકનો વ્યવહાર, વર્તન, પ્રેમ અને રચનાત્મક દિશાની. વિકલાંગ ભાઈ-બહેનો માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા અમલી બનાવાયેલી વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી તેઓને સરળતાથી મળી રહે તે હેતુથી માહિતી ખાતા દ્વારા વિકલાંગો માટેની કલ્યાણકારી યોજનાઓનો સંપુટ - ‘‘દિવ્યાંગો માટેની કલ્યાણકારી યોજનાઓ’’ નામની પુસ્તિકા પ્રકાશિત કરતા હું આનંદ અનુભવું છું. આ પુસ્તિકા દિવ્યાંગ ભાઈ-બહેનો માટે પથદર્શક બની રહેશે.

પ્રસ્તુત પુસ્તિકામાં વિકલાંગો માટેની યોજનાકીય વિગતોની મહત્ત્વની જાણકારી આપવામાં આવી છે. આ પુસ્તિકાના પ્રકાશન કાર્યમાં મદદરૂપ થનાર નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગર, વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ તથા પુસ્તિકાના સંકલનકર્તા પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરું છું.

**એ. જે. શાહ,** આઈ.એ.એસ.
માહિતી નિયામક



# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પેજ નંબર |
|---|---|---|
| ૧. | વિકલાંગ વ્યક્તિઓને સંબંધકર્તા કાયદાઓ | ૧૧ |
| ૨. | વિકલાંગતાના પ્રકાર અને તેની વ્યાખ્યા | ૧૧ |
| ૩. | વિકલાંગતાનો દાખલો | ૧૩ |
| ૪. | વિકલાંગોને ઓળખપત્ર | ૧૩ |
| ૫. | ગુજરાતની હદમાં એસ.ટી. બસમાં મુસાફરીના મળતા લાભ | ૧૪ |
| ૬. | અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ દ્વારા મુસાફરીમાં મળતા લાભ | ૧૫ |
| ૭. | અમદાવાદમાં રહેતા સિનિયર સિટીઝનોને AMTSની બસની મુસાફરીમાં મળતો લાભ | ૧૫ |
| ૮. | રેલવે દ્વારા મુસાફરીમાં મળતા લાભ | ૧૫ |
| ૯. | દિવ્યાંગ વ્યક્તિઓને રેલવેનું પ્રમાણપત્ર આપવાના નિયમોમાં છુટછાટ | ૧૬ |
| ૧૦. | વિમાની સેવામાં મુસાફરી માટે મળતા લાભ | ૧૭ |
| ૧૧. | રાજ્ય સરકાર તરફથી વિકલાંગોને મળતી સાધન સહાય | ૧૭ |
| ૧૨. | પોલિયોના દર્દીઓ માટે શસ્ત્રક્રિયા તથા સહાયની રકમમાં વધારો | ૧૮ |
| ૧૩. | ભારત સરકારના કલ્યાણ મંત્રાલય દ્વારા મળતી સાધન-સહાય | ૧૮ |
| ૧૪. | ‘માધ્યમિક તબક્કે વિકલાંગજનોના સંમિલિત શિક્ષણની કેન્દ્રીય પુરસ્કૃત યોજના’ IEDSS | ૧૯ |
| ૧૫. | સર્વ શિક્ષા અભિયાન મિશન - આઈ.ડી.ડી. | ૨૧ |
| ૧૬. | વિકલાંગો માટેની ખાસ શાળાઓ/સંસ્થાઓ | ૨૨ |
| ૧૭. | ૩૩ શાળાઓને ઈ-લર્નિંગ પ્રોજેક્ટ હેઠળ સ્માર્ટ સ્કૂલ બનાવવા બાબતનો રૂ. ૨૪૭.૫૦ લાખનો પ્રોજેક્ટ | ૨૩ |
| ૧૮. | વિકલાંગોના કલ્યાણ ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓએ નોંધણી (રજિસ્ટ્રેશન) કરાવવા બાબત | ૨૩ |
| ૧૯. | શૈક્ષણિક સંસ્થાઓમાં વિકલાંગો માટે પ્રવેશમાં ૩ ટકા બેઠકો અનામત | ૨૩ |
| ૨૦. | અમદાવાદ સહિત દેશભરમાં પ્રજ્ઞાચક્ષુ ઉમેદવારો માટે NETના પ્રશ્નપત્રો બ્રેઈલ લિપિમાં અપાયાં | ૨૪ |
| ૨૧. | હવે અંધ ઉમેદવારો પણ આસિ. પ્રોફેસર બની શકશે | ૨૪ |
| ૨૨. | પ્રત્યેક વિકલાંગ બાળકને ૧૮ વર્ષનું થાય ત્યાં સુધી નિઃશૂલ્ક શિક્ષણ | ૨૪ |
| ૨૩. | વિકલાંગ વિદ્યાર્થીઓ માટે ‘શિષ્યવૃત્તિ’ની યોજના | ૨૪ |
| ૨૪. | શ્રવણમંદોને શિષ્યવૃત્તિ | ૨૮ |
| ૨૫. | કર્મયોગીઓનાં ૧૬ વર્ષ સુધીનાં સંતાનોને ‘કોકલીયર ઇમ્પ્લાન્ટ’ની સારવારના ખર્ચનું વળતર મળશે | ૨૯ |
| ૨૬. | શ્રવણમંદો માટે હાઇસ્કૂલ કક્ષાનું શિક્ષણ | ૨૯ |
| ૨૭. | દૃષ્ટિહીન/હાથ કપાયેલ વિકલાંગ પરીક્ષાર્થીને લહિયાની મદદ-નિર્ધારિત સમય કરતાં ત્રીસ મિનિટનો વધુ સમય | ૨૯ |
| ૨૮. | ધોરણ ૮થી ૧૨ના વિકલાંગ વિદ્યાર્થીઓને અભ્યાસમાં કન્સેશન | ૩૦ |
| ૨૯. | ‘પંગુમિત્ર’ દ્વારા ગુજરાતના તેજસ્વી વિકલાંગ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે સ્કોલરશિપ | ૩૦ |
| ૩૦. | S.S.C. તેમજ H.S.C.માં રાજ્યમાં પ્રથમ ત્રણ ક્રમ પ્રાપ્ત કરનાર વિકલાંગ વિદ્યાર્થીઓને પંગુમિત્ર એવોર્ડ | ૩૦ |
| ૩૧. | અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ કેળવી રોજગારી માટે તકો મેળવવા વિકલાંગો માટે વિના મૂલ્યે તાલીમની સગવડ | ૩૧ |
| ૩૨. | વિકલાંગ-દૃષ્ટિહીન વ્યક્તિઓને ઘેર બેઠાં અભ્યાસ કરવાની તક પૂરી પાડતી યુનિવર્સિટીઓ | ૩૨ |
| ૩૩. | વિકલાંગ બાળકો માટે વિશિષ્ટ તાલીમી શિક્ષકો તૈયાર કરવાના કોર્સ ચલાવતી સંસ્થાઓ | ૩૩ |
| ૩૪. | વી.આઈ. (અલ્પ દૃષ્ટિ-દૃષ્ટિહીન) માટે | ૩૩ |
| ૩૫. | ઇન્દિરા ગાંધી નેશનલ ડીસએબિલિટી પેન્શન સ્કીમ (સંત સુરદાસ યોજના) | ૩૪ |
| ૩૬. | નિરાધાર વૃદ્ધો માટેની આર્થિક સહાયની યોજના | ૩૫ |
| ૩૭. | ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન (વયવંદના) યોજના | ૩૬ |
| ૩૮. | વરિષ્ઠ નાગરિકો (સિનિયર સિટિઝન્સ) માટેની યોજના | ૩૭ |
| ૩૯. | હેલ્પેજ ઇન્ડિયા | ૩૭ |
| ૪૦. | નિરાધાર વિધવા બહેનો માટેની આર્થિક સહાયની યોજના | ૩૮ |
| ૪૧. | વિધવા લાભાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા વીમા કવચ | ૩૯ |
| ૪૨. | નિરાધાર વિધવા બહેનોને તાલીમ દ્વારા પુનઃસ્થાપન કરવાની યોજના | ૩૯ |
| ૪૩. | વિકલાંગ વિધવા બહેનોને મકાન બાંધકામ માટે સહાય | ૩૯ |


Download Source - haridpatel.blogspot.com

| ક્રમ | વિષય | પેજ નંબર |
|---|---|---|
| ૪૪. | નિરાધાર વિધવા તથા વિકલાંગ વ્યક્તિઓના કુટુંબીજનને વીમા સહાય યોજના | ૪૦ |
| ૪૫. | રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના (સંકટ મોચન યોજના) | ૪૨ |
| ૪૬. | અનાથ બાળકોને માસિક રૂ. ૩૦૦૦ની સહાયની યોજના | ૪૩ |
| ૪૭. | રક્તપિત નિર્મૂલન કાર્યક્રમ | ૪૩ |
| ૪૮. | આઈ.ટી.આઈ.માં ત્રણ ટકા બેઠકો અનામત | ૪૪ |
| ૪૯. | દિવ્યાંગો માટેના ફક્ત ટેકનિકલ અભ્યાસક્રમોને લગતી તાલીમ એસ.પી.પી.ડબલ્યુ.ડી. સ્ટડી સેન્ટરનો પરિચય | ૪૪ |
| ૫૦. | દ્રષ્ટિહિન-વિકલાંગો માટે વ્યવસાયિક તાલીમ આપતા કેન્દ્રોના નામ/સરનામાં | ૪૬ |
| ૫૧. | પી.ટી.સી. પ્રવેશમાં વિકલાંગો માટે ત્રણ ટકા બેઠકો અનામત | ૪૭ |
| ૫૨. | ઇજનેરી, ફાર્મસીના ડિગ્રી/ડિપ્લોમા અભ્યાસક્રમોમાં વિકલાંગો માટે અનામત જગ્યાઓ | ૪૮ |
| ૫૩. | તબીબી શિક્ષણમાં વિકલાંગો માટે અનામત જગ્યાઓ | ૪૮ |
| ૫૪. | વિકલાંગોને રોજગારલક્ષી તાલીમ આપતી સંસ્થાઓ | ૪૮ |
| ૫૫. | રાજ્યમાં ચાલતાં તાલીમ કેન્દ્રો | ૫૪ |
| ૫૬. | એપ્રેન્ટિસશીપ એક્ટ મુજબ ૩ ટકા વિકલાંગ વ્યક્તિઓ માટે અનામત | ૫૪ |
| ૫૭. | સરકારી નોકરીઓમાં ૩ ટકા અનામત જગ્યાઓ | ૫૪ |
| ૫૮. | વય મર્યાદામાં છૂટછાટ | ૫૫ |
| ૫૯. | વિકલાંગોને રોજગારી માટે મદદરૂપ થતી કચેરીઓ | ૫૫ |
| ૬૦. | ખાનગી કંપનીઓમાં વિકલાંગોની ભરતી માટે કેન્દ્રની યોજના | ૫૫ |
| ૬૧. | સખી મંડળ, દિવ્યાંગને વીજબીલ કલેક્શન સેન્ટર આપવા નિર્ણય | ૫૬ |
| ૬૨. | સ્પર્ધાત્મક પરીક્ષા ફી તથા ફોર્મ ફીમાંથી મુક્તિ | ૫૬ |
| ૬૩. | ૧૦૦થી વધુ કારીગર ધરાવતાં કારખાનાં / મિલોમાં વિકલાંગો માટે અનામતની જોગવાઈ | ૫૬ |
| ૬૪. | પ્રાથમિક શાળામાં નેત્રહીનોની શિક્ષક તરીકેની પસંદગીમાં અગ્રતા | ૫૬ |
| ૬૫. | 'દ્રષ્ટિહીન' વ્યક્તિને ટેલિફોન અગ્રતાથી અને ટેલિફોન ભાડામાં ૫૦ ટકા રાહત | ૫૭ |
| ૬૬. | શ્રી વાજપાઈ બેંકેબલ યોજના | ૫૭ |
| ૬૭. | સ્વરોજગારી માટે સાધન સહાય આપવાની માનવકલ્યાણ યોજના | ૫૮ |
| ૬૮. | વિકલાંગ વ્યક્તિઓને વિવિધ હેતુઓ માટે સરકારી પડતર જમીન (વિના હરાજીએ રાહત દરથી) | ૫૯ |
| ૬૯. | વિકલાંગ વ્યક્તિઓને રોજગારી આપવા બાબતે જિલ્લા સમિતિ | ૬૦ |
| ૭૦. | રાષ્ટ્રીય વિકલાંગ નાણાં અને વિકાસ નિગમ - લોન આપવા અંગેની રૂપરેખા | ૬૦ |
| ૭૧. | વિકલાંગ-દ્રષ્ટિહીન મહિલાઓ માટેની ઘરદીવડા યોજના (ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ.) | ૬૩ |
| ૭૨. | દ્રષ્ટિહીન મહિલાઓ માટેની સૂક્ષ્મ-શાખ (માઈક્રો-ક્રેડિટ) પરિયોજના - 'સ્વયંસિદ્ધા' | ૬૪ |
| ૭૩. | એવોર્ડ (પારિતોષિક) (રાજ્ય સરકાર તથા ભારત સરકાર તરફથી આપવામાં આવતા પારિતોષિકો) | ૬૫ |
| ૭૪. | વિકલાંગોના કલ્યાણ ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રવૃત્તિ કરતી વ્યક્તિ/સંસ્થાને રાષ્ટ્રીય પારિતોષિક આપવાની યોજના | ૬૫ |
| ૭૫. | નેશનલ ટ્રસ્ટ તરફથી અપાતા એવોર્ડ | ૬૭ |
| ૭૬. | વિકલાંગ સરકારી કર્મચારીને વ્હીલચેરની સહાય | ૬૮ |
| ૭૭. | પરિવહન ભથ્થું (ટ્રાન્સપોર્ટ એલાવન્સ) | ૬૮ |
| ૭૮. | વ્યવસાય વેરામાંથી મુક્તિ | ૬૮ |
| ૭૯. | દ્રષ્ટિહીન, વિકલાંગ કરદાતાઓ તથા વિકલાંગોના સંદર્ભમાં આવકવેરાના કાયદા હેઠળ લાભદાયી કપાતો | ૬૮ |
| ૮૦. | વિકલાંગ સરકારી કર્મચારીઓને ફરજના સ્થળની નજીકના સ્થળે ભોંયતળિયાનું મકાન ફાળવવા અંગે | ૬૯ |
| ૮૧. | વિકલાંગ સરકારી કર્મચારીઓને મકાન બાંધકામ પેશગી | ૬૯ |
| ૮૨. | માનસિક આરોગ્ય/મંદબુદ્ધિના બાળકો/વ્યક્તિઓ માટે સારવારની સવલતો | ૭૦ |
| ૮૩. | મગજનો લકવો, ઓટિઝમ, મંદબુદ્ધિ અને બહુ વિકલાંગ બાળકોને પંદર દિવસ કે મહિના સુધી રાખવાની વ્યવસ્થા | ૭૧ |
| ૮૪. | પેન્શનનો લાભ મેળવતા કર્મચારીઓના માનસિક અસ્થિર વારસદારને ફેમિલી પેન્શન | ૭૧ |
| ૮૫. | દ્રષ્ટિહીન અને વિકલાંગ કર્મચારીઓને રજા પ્રવાસ રાહતમાં છૂટછાટ | ૭૨ |
| ૮૬. | જેઓ વ્હીલચેર દ્વારા જ હરી-ફરી શક્તા હોય તેવા સરકારી કર્મચારીઓને (L.T.C.) રોકડમાં | ૭૨ |


Download Source - haridpatel.blogspot.com

| ક્રમ | વિષય | પેજ નંબર |
|---|---|---|
| ૮૭. | નેશનલ ટ્રસ્ટ-ભારત સરકાર | ૭૩ |
| ૮૮. | માનસિક વિકલાંગ વ્યક્તિ માટે વાલી નિમવાની સરળ જોગવાઈ | ૭૪ |
| ૮૯. | નેશનલ ટ્રસ્ટ, નવી દિલ્હી દ્વારા વિકલાંગો માટેની કેટલીક યોજનાઓ | ૭૫ |
| ૯૦. | સરકારી કર્મચારી/અધિકારીઓની બદલીઓ અને નિયુક્તિઓના ફેરફારયુક્ત માર્ગદર્શક સિદ્ધાંતો | ૭૬ |
| ૯૧. | વિકલાંગ સરકારી કર્મચારીઓને વાહન પેશગી | ૭૬ |
| ૯૨. | વાહન કર ભરવામાંથી મુક્તિ | ૭૬ |
| ૯૩. | મોટરકારને સંપૂર્ણપણે હાથથી ચલાવી શકાય તેવી બનાવવાની સવલત | ૭૬ |
| ૯૪. | વાહન વીમા પ્રીમિયમમાં ૩૩.૩૩ ટકા રાહત | ૭૭ |
| ૯૫. | ફક્ત અમદાવાદમાં રોડ ટેક્ષમાં રાહત | ૭૭ |
| ૯૬. | ગેસ-પેટ્રોલ ડીલરશીપ | ૭૭ |
| ૯૭. | મકાન માટે અનામતની જોગવાઈ | ૭૭ |
| ૯૮. | દૃષ્ટિહીન ભાઈઓ માટેની હોસ્ટેલ | ૭૭ |
| ૯૯. | વિકલાંગો માટે અમદાવાદમાં શેલ્ટર હોમ (હોસ્ટેલ) | ૭૭ |
| ૧૦૦. | નોકરી કરતી દૃષ્ટિહીન બહેનો માટેની હોસ્ટેલ | ૭૮ |
| ૧૦૧. | વિકલાંગથી વિકલાંગ વ્યક્તિ લગ્ન કરે તો રૂ. ૧,૦૦,૦૦૦/- (એક લાખ) અને વિકલાંગથી સામાન્ય વ્યક્તિ લગ્ન કરે તો રૂ. ૫૦,૦૦૦/- (પચાસ હજાર)ની આર્થિક સહાય આપવાની નવી યોજના | ૭૮ |
| ૧૦૨. | વિકલાંગોના લગ્ન અંગેના પ્રશ્નો બાબત મદદરૂપ થતી સંસ્થાઓ | ૭૯ |
| ૧૦૩. | રાજ્યની હોસ્પિટલોમાં વિકલાંગોને અગ્રતા ક્રમે સારવાર | ૭૯ |
| ૧૦૪. | ભારતીય સમુદાય આધારિત કાર્યક્રમ માટે A.T.&T. ફાઉન્ડેશનની ૪૦૦૦૦ ડોલરની સહાય | ૭૯ |
| ૧૦૫. | દૃષ્ટિહીનો (અંધજનો માટે કેસેટ લાયબ્રેરી-સી.ડી.લાયબ્રેરી) | ૮૧ |
| ૧૦૬. | કોલેજમાં અભ્યાસ કરતા દૃષ્ટિહીન વિદ્યાર્થીઓને રાઈટરની સુવિધા | ૮૧ |
| ૧૦૭. | એલ.આઈ.સી.ની વિકલાંગોના લાભાર્થે યોજના | ૮૨ |
| ૧૦૮. | વિશિષ્ટ વિકલાંગ દિનોની ઉજવણી | ૮૨ |
| ૧૦૯. | શ્રવણમંદ વ્યક્તિ દ્વારા દૂરદર્શન ઉપર સમાચાર | ૮૩ |
| ૧૧૦. | દૃષ્ટિહીન વ્યક્તિ દ્વારા દૂરદર્શન ઉપર સમાચાર | ૮૩ |
| ૧૧૧. | ગુજરાતમાં આવેલી બ્રેઈલ લાયબ્રેરીઓ-ટોકિંગ બુક લાયબ્રેરીઓ | ૮૪ |
| ૧૧૨. | રાજ્યમાં કાર્યરત જિલ્લા પુનર્વસન કેન્દ્રોના સરનામાં અને ટેલિફોન નંબર | ૮૫ |
| ૧૧૩. | મંદબુદ્ધિની બહેનો માટેની એક સરકારી સંસ્થા (યુનિટ) અમદાવાદ ખાતે શરૂ થશે | ૮૫ |
| ૧૧૪. | સરકારી માનસિક સ્વાસ્થ્ય કેન્દ્ર | ૮૫ |
| ૧૧૫. | સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતાં માનસિક સ્વાસ્થ્ય કેન્દ્રો | ૮૫ |
| ૧૧૬. | માનસિક ક્ષતિવાળાં બાળકો માટે શિક્ષણ અને તાલીમ | ૮૬ |
| ૧૧૭. | શ્રવણમંદો માટે ઉત્પાદન કેન્દ્ર | ૮૬ |
| ૧૧૮. | મંદ બુદ્ધિનાં બાળકો માટે મલ્ટિ કેટેગરી વર્કશોપ | ૮૬ |
| ૧૧૯. | દૃષ્ટિહીન-વિકલાંગ વ્યક્તિઓ માટે મલ્ટિ કેટેગરી વર્કશોપ | ૮૬ |
| ૧૨૦. | ફિઝિયોથેરાપીની તાલીમ શાળા | ૮૬ |
| ૧૨૧. | વિકલાંગ વ્યક્તિઓને પર્વતારોહણના કાર્યક્રમમાં ફીમાં રાહત | ૮૬ |
| ૧૨૨. | ઈન્દ્રોડા પાર્ક (ગાંધીનગર)ની મુલાકાત માટેની પ્રવેશ ફી ભરવામાંથી વિકલાંગોને મુક્તિ | ૮૬ |
| ૧૨૩. | દૃષ્ટિહીનો માટે રાજ્ય કક્ષાની સ્પર્ધાઓ | ૮૬ |
| ૧૨૪. | બૌદ્ધિક વિકલાંગતાવાળા માટે સ્પેશ્યલ ઓલમ્પિક પ્રશિક્ષણ સંસ્થાનો પરિચય | ૮૭ |
| ૧૨૫. | વિકલાંગજનો માટે એબિલિપીક ઓલમ્પિક | ૮૭ |
| ૧૨૬. | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દર વર્ષે ઉજવાતો વિકલાંગો માટેનો નગર વિકલાંગ રમતોત્સવ | ૮૯ |
| ૧૨૭. | દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પે. ખેલ મહાકુંભ | ૮૯ |
| ૧૨૮. | યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર દ્વારા વિકલાંગ ખેલાડીઓ માટેની રાજ્ય કક્ષાની સ્પર્ધાઓ | ૮૯ |
| ૧૨૯. | એક્સાઈઝ જકાતમાં મળતા લાભ | ૮૯ |
| ૧૩૦. | વિકલાંગો માટેના આર્થિક પુનર્વસન માટે સંસ્થા દ્વારા સહાય | ૯૦ |


Download Source - haridpatel.blogspot.com

| ક્રમ | વિષય | પેજ નંબર |
|---|---|---|
| ૧૩૧. | વિકલાંગો માટેની ખાસ શરૂ થયેલ ડિસેબલ સ્પોર્ટ્સ કલબ | ૯૦ |
| ૧૩૨. | રાજીવ ગાંધી ફાઉન્ડેશન | ૯૦ |
| ૧૩૩. | વિકલાંગોને પ્રોત્સાહિત કરતી ફિલ્મો | ૯૦ |
| ૧૩૪. | વિકલાંગોના કલ્યાણ માટે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓ | ૯૧ |
| ૧૩૫. | વિકલાંગ વ્યક્તિઓની સહાય અર્થે નિરામયા યોજના | ૧૦૦ |
| ૧૩૬. | બહેરાશ અને મૂંગાપણું દૂર કરવા'નહીં નફો, નહીં નુકસાન'ના ધોરણે રાજકોટમાં અદ્યતન સારવાર કેન્દ્ર | ૧૦૨ |
| ૧૩૭. | લો વિઝનથી પીડાતી વ્યક્તિઓ માટે નિદાન-સારવાર-પુનર્વસન | ૧૦૩ |
| ૧૩૮. | બહુ વિકલાંગજનો માટે પુનર્વસન | ૧૦૩ |
| ૧૩૯. | વિકલાંગો માટેની સંસ્થાઓને લાઈટ બિલમાં વીજ કરની સંપૂર્ણ માફી | ૧૦૩ |
| ૧૪૦. | વૃદ્ધાશ્રમોને લાઈટ બિલમાં વીજ કરની સંપૂર્ણ માફી | ૧૦૩ |
| ૧૪૧. | રાષ્ટ્રીય / ટોચ કક્ષાની સંસ્થાઓનાં નામ-સરનામાં-ફોન નંબર | ૧૦૪ |
| ૧૪૨. | વિકલાંગોને અન્યાયના પ્રશ્ને વિકલાંગ વ્યક્તિઓના કમિશનરશ્રી, ગાંધીનગર તરફથી અપાયેલા અગત્યના ચૂકાદાઓ | ૧૦૭ |
| ૧૪૩. | જિલ્લા કક્ષાએ વિકલાંગ ધારો, ૧૯૯૫ની જોગવાઈઓના અમલીકરણના મોનિટરિંગ માટેની સમિતિ | ૧૦૮ |
| ૧૪૪. | ગુજરાત રાજ્યમાં રાજ્ય લેવલે વિકલાંગોના કલ્યાણનું કામ સંભાળતી કચેરીઓ | ૧૦૮ |
| ૧૪૫. | અગત્યની યોજનાઓ | ૧૦૯ |
| ૧૪૬. | શ્રવણ શક્તિ ગુમાવી દિધેલ હોય તેવા ૧૨ વર્ષ સુધીનાને કોચલીઅર ઈમ્પલાન્ટ સર્જરીની સગવડ | ૧૦૯ |
| ૧૪૭. | ભારતમાં તમામ વિકલાંગ વ્યક્તિઓ માટે અનન્ય ID કાર્ડ | ૧૧૦ |
| ૧૪૮. | વિકલાંગતાને ક્ષમતામાં પરિવર્તિત કરતું શિક્ષણ | ૧૧૧ |
| ૧૪૯. | વિકલાંગોના ઓળખચિન્હો | ૧૧૫ |
| ૧૫૦. | વિકલાંગોને ઉપયોગી થાય તેવી નિશાનીઓ | ૧૧૫ |
| ૧૫૧. | ડિઝાઇન મેન્યુઅલ ફોર એ બેરિયર ફ્રિ બિલ્ટ એન્વાયર્નમેન્ટ | ૧૧૭ |
| ૧૫૨. | કૃત્રિમ અવયવો : શારીરિક રીતે વિકલાંગ વ્યકિતઓ માટે | ૧૧૭ |
| ૧૫૩. | વિકલાંગોને ઉપયોગી સાધનો | ૧૧૯ |
| ૧૫૪. | વિકલાંગો માટે ઉપયોગી કૃત્રિમ અવયવો તેમજ સાધનો બનાવતી અને રાહત ભાવે વેચતી સેવાભાવી સંસ્થાઓ | ૧૨૧ |
| ૧૫૫. | વિકલાંગો માટે ઉપયોગી કૃત્રિમ અવયવો તેમજ સાધનો બનાવતી અને બજાર ભાવે વેચતી ખાનગી કંપનીઓ | ૧૨૩ |
| ૧૫૬. | વિકલાંગોને પ્રેરણા આપતા પ્રજ્ઞાચક્ષુ પંડિતો | ૧૨૫ |
| ૧૫૭. | શ્રવણયંત્રના શોધક ગ્રેહામ બેલ | ૧૨૬ |
| ૧૫૮. | શ્રવણમંદ-નેત્રહીન હેલન કેલરની સિદ્ધિઓ | ૧૨૬ |
| ૧૫૯. | ભારતનો સૌ પ્રથમ અંધ.આઈ.એ.એસ. (I.A.S.) ઓફિસર | ૧૨૭ |
| ૧૬૦. | વિકલાંગ ભાઈ-બહેનો - તમારી મૂંઝવણ માટે હેલ્પ લાઇન - માત્ર એક ફોન કરો | ૧૨૭ |
| ૧૬૧. | નોકરી મેળવવા માટે ઇન્ટરનેટ દ્વારા નામ નોંધણી | ૧૨૮ |
| ૧૬૨. | હેલ્પલાઇન : (અલીયાવર જંગ નેશનલ ઇન્સ્ટીટ્યુટ ફોર ધ હિયરીંગ હેન્ડીકેપ્ડની) | ૧૨૯ |
| ● | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીઓની જિલ્લામાં આવેલી કચેરીઓના સરનામા તથા ટેલિફોન નંબરો | ૧૨૯ |


પ્રાર્થના માટે જોડાયેલા બે હાથ કરતાં,
વિકલાંગ બાળકોના વિકાસ માટે
લંબાયેલો એક હાથ વધુ સારો છે.

### વાચકોને નમ્ર વિનંતી

વાચકોને નમ્ર વિનંતી કે, આ પુસ્તક આપના હાથમાં આવે પછી આપ એને વાંચીને કબાટમાં મૂકી ન રાખતાં અન્ય વિકલાંગોના હાથમાં ફરતું રાખજો. અન્ય દિવ્યાંગ મિત્રોને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ અપાવવામાં આપ નિમિત્ત બનશો.

Download Source - haridpatel.blogspot.com

# દૃષ્ટિહીન, શ્રવણમંદ, અસ્થિવિષયક, માનસિક ક્ષતિ, નિરાધાર વૃદ્ધ ભાઈઓ-બહેનો તથા વિધવા બહેનો અનાથ બાળકો માટેની ગુજરાત/ભારત સરકારની કલ્યાણકારી યોજનાઓ

ગુજરાત સરકારે અને ભારત સરકારે સમાજના દરેક વર્ગના લોકો માટે કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે અને તેમાં સમયાંતરે વધુ ઉદારતા બતાવી વધુ લોકોને આવરી લીધા છે. વિકલાંગ વ્યક્તિઓના સશક્તિકરણ માટે અને વિકાસની મુખ્યધારામાં તેમની સહભાગિતાને સુનિશ્ચિત કરવા માટે વિવિધ કાયદાઓમાં વિવિધ જોગવાઈઓ થઈ છે.

## ૧. વિકલાંગ વ્યક્તિઓને સંબંધકર્તા કાયદાઓ :



भारत का राजपत्र
The Gazette of India

EXTRAORDINARY
PART II – Section I
PUBLISHED BY AUTHORITY

REGISTERED No. DL-33004/96

No. 1] New Delhi, Monday, January 1, 1996/Pausa 11,1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

MINISTRY OF LAW, JUSTICE AND COMPANY AFFAIRS
(Legislative Department)

*New Delhi, the 1st January, 1996/Pause 11,1917 (Saka)*

The following Act of Parliament received the assent of the President on the 1st January, 1996, and is hereby published for general information :-

THE PERSONS WITH DISABILITIES (EQUAL OPPORTUNITIES, PROTECTION OF RIGHTS AND FULL PARTICIPATION) ACT, 1995

No. 1 of 1996

(1st January, 1996)

An Act to give effect to the Proclamation on the Full Participation and Equality of the People with Disabilities in the Asian and Pacific Region.

Whereas the Meeting to Launch the Asian and Pacific Decade of Disabled Persons 1993-2002 convened by the Economic and Social Commission for Asia and Pacific held at Beijing on 1st to 5th December, 1992, adopted the Proclamation on the Full Participation and Equality of People with Disabilities in the Asian and Pacific Region ;

And whereas India is a signatory to the said Proclamation;

And whereas it is considered necessary to implement the Proclamation aforesaid.

(૧) વિકલાંગ વ્યક્તિઓ (સમાન તકો, અધિકારોનું રક્ષણ તથા સંપૂર્ણ ભાગીદારી) ધારો - ૧૯૯૫.
The Person with disabilities (Equal opportunities, protection of rights and full participation) Act, 1995

(૨) સ્વ-લીનતા, મગજનો પક્ષઘાત, મંદબુદ્ધિ અને બહુવિધ વિકલાંગતા પીડિત વ્યક્તિના કલ્યાણ માટેના રાષ્ટ્રીય ટ્રસ્ટ અંગેનો ધારો, ૧૯૯૯
The National Trust for the welfare of persons with Autism, Cerebral Palisy, Mental Retardation And Multiple Disabilities" Act (Act 44 of 1999).

(૩) માનસિક આરોગ્ય ધારો - ૧૯૮૭ The Mental health Act, 1987

(૪) ભારતીય પુનર્વસન પરિષદ ધારો ૧૯૯૨ The Rehabilitation council of India Act, 1992

વિકલાંગ વ્યક્તિઓ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ ભાગીદારી) ધારો- ૧૯૯૫. સામાન્ય રીતે આ કાયદો વિકલાંગતા ધારો કે પછી પી.ડબલ્યુ.ડી. એક્ટ તરીકે ઓળખાય છે. આ અધિનિયમ, વિકલાંગ વ્યક્તિઓના સશક્તિકરણની નેમ ધરાવે છે. સમાન તકો, અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ સહભાગિતા જેવા ત્રણ શબ્દ પ્રયોગ જ કાયદાના ઈરાદા વિશે સ્વયં બધુ જ કહી દે છે. વિકલાંગ વ્યક્તિને સમાન તકો મળતી થાય, તેમની સહભાગિતા વધે અને બીજી તરફ તમામ પ્રકારના ભેદભાવના વલણનો છેદ ઉડે તે પ્રકારની જોગવાઈઓ અમલી બનાવવા કાયદામાં પ્રયાસ થયો છે.

ભારતની સંસદે વિકલાંગ વ્યક્તિઓ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ સહભાગિતા) ધારો- ૧૯૯૫ ઘડ્યો છે અને તે ૭-ફેબ્રુઆરી, ૧૯૯૬થી અમલમાં આવ્યો છે. આ કાયદો વિકલાંગ વ્યક્તિઓને સમાન તકો પૂરી પાડવા માટે, તેમના અધિકારોનું રક્ષણ કરવા માટે તથા તેમને સંપૂર્ણ સહભાગિતા પૂરા પાડવા માટેની એક પહેલ છે કે જેથી સમાજમાં તેમનો સમાવેશ થઈ શકે તથા તેઓ તેમના અધિકારો મેળવી શકે.

વિકલાંગ વ્યક્તિઓનું સશક્તિકરણ અને તેમને મુખ્ય પ્રવાહમાં સામેલ કરવા તે આ કાયદાનો ઉદ્દેશ છે. કાયદાનું નિયમન અને અમલ કરનાર તંત્ર, વિકલાંગતા રોકથામ, શિક્ષણ, રોજગારી, હકારાત્મક પગલાં, ભેદભાવવિહિન અભિગમ, સંશોધન અને માનવશક્તિ વિકાસ તેમજ વિકલાંગ વ્યક્તિઓ માટેની સંસ્થાઓને માન્યતા સંબંધી વ્યાપક જોગવાઈઓ આ કાયદામાં કરવામાં આવી છે.

વિકલાંગ વ્યક્તિઓના અધિકારોના રક્ષણ માટે અને તેમને લાભાન્વિત કરવા માટે કાયદાએ નીચે દર્શાવેલી દશ પ્રકારની વિકલાંગતાને માન્યતા આપી છે. કાયદામાં વિકલાંગતાની વ્યાખ્યા નીચે મુજબ છે.

## ૨. વિકલાંગતાના પ્રકાર અને તેની વ્યાખ્યા :

(૧) અંધત્વ / દૃષ્ટિહીનતા
(૨) અલ્પદૃષ્ટિ
(૩) રક્તપિત રોગમાંથી સાજી થયેલ વ્યક્તિ
(૪) શ્રવણ ક્ષતિ
(૫) અસ્થિવિષયક વિકલાંગતા
(૬) મંદબુદ્ધિતા / માનસિક વિકાસ રૂંધાવો
(૭) માનસિક માંદગી
(૮) સ્વલિનતા
(૯) મગજનો પક્ષઘાત (સેરેબ્રલ પાલ્સી) ]
(૧૦) બહુવિકલાંગતા ] નેશનલ ટ્રસ્ટ એક્ટ હેઠળ આવરી લેવાયેલ વિકલાંગતા

(૧) **અંધત્વ / દૃષ્ટિહીનતા :** એવી સ્થિતિનો સંદર્ભ સૂચવે છે. જ્યાં વ્યક્તિ નીચેની સ્થિતિઓમાંથી કોઈ એકથી પીડાતી હોય, એટલે કે : (અ) દૃષ્ટિનો સંપૂર્ણ અભાવ; અથવા (બ) સુધારક કાચ મૂકેલી સારી આંખની દૃષ્ટિની સક્ષમતા ૬/૬૦ અથવા ૨૦/૨૦૦ (સ્નેલન)થી વધુ ન હોય; અથવા (ક) દૃષ્ટિના ક્ષેત્રની મર્યાદા સામેની દિશામાં ૨૦ અંશ કોણ જેટલી અથવા તેથી વધુ ખરાબ હોય;



(૨) **અલ્પ દૃષ્ટિ વ્યક્તિ :** અલ્પ દૃષ્ટિ એટલે સારવાર અથવા પ્રમાણિક વક્રીભવનના ક્ષતિ સુધારા પછી પણ દૃષ્ટિની કામગીરીમાં ક્ષતિ હોય તેવી વ્યક્તિ, પરંતુ જે યથાયોગ્ય સહાયક ઉપકરણ સાથે દૃષ્ટિનો કાર્યના આયોજન અને અમલ માટે ઉપયોગ કરે છે અથવા ઉપયોગ કરવાને સક્ષમ છે;

(૩) **રક્તપિત :** રોગમાંથી સાજી થયેલ વ્યક્તિ એટલે કોઈ પણ વ્યક્તિ જે રક્તપિત્તથી સાજો થયેલો છે, પરંતુ (અ) હાથ અને પગમાં સંવેદનના લોપ ઉપરાંત આંખ અને આંખની પાંપણોનો સંવેદન લોપ અને હળવો આંશિક લકવો પરંતુ કોઈ પ્રગટ કુરૂપતા નહીં; (બ) પ્રગટ કુરૂપતા અને હળવો આંશિક લકવો પરંતુ સામાન્ય આર્થિક પ્રવૃત્તિઓ કરવા રોકાણ થઈ શકે તેવું તેમના હાથ અને પગોમાં પૂરતું હલનચલન હોવું; (ક) અંતિમ કક્ષાની શારીરિક કુરૂપતા તેમજ વધેલી વય જે તેને ઉપજાઉ વ્યવસાય કરવા અટકાવે, તેનાથી પીડાતી હોય અને અભિવ્યક્તિ ‘રક્તપિત્ત સાજો થઈ ગયેલ’નું અર્થઘટન આ સંદર્ભમાં કરવું;



(૪) **શ્રવણ ક્ષતિ :** એટલે સંભાષણ (વાતચીત)ના ધ્વનિ આવર્તનોની મર્યાદામાં સારા કાનમાં ૬૦ ડેસિબલ્સ કે તેથી વધુનું નુકસાન થવું;



(૫) **અસ્થિવિષયક :** વિકલાંગતા એટલે અવયવોના હલનચલનના ઘણા બધા નક્કર પ્રતિબંધ તરફ દોરી જતી હાડકાં, સાંધા અને સ્નાયુઓની અસમર્થતા અથવા મગજના લકવાનું કોઈ સ્વરૂપ;

**‘મગજનો લકવો’ (સેરેબ્રલ પાલ્સી)** એટલે પ્રસવ પૂર્વે પ્રસવ દરમિયાન કે શિશુ વિકાસના સમય દરમિયાન મગજનો હુમલો અથવા ઈજા થવાને કારણે નીપજેલી અતિ અસામાન્ય હલનચલન અંકુશની અંગસ્થિતિનું લક્ષણ હોય તેવી વ્યક્તિની બિન-પ્રગતિશીલ સ્થિતિઓનો સમૂહ;



(૬) **મંદબુદ્ધિતા / માનસિક વિકાસ :** રૂંધાવો એટલે વ્યક્તિના મનના વિકાસની થંભી ગયેલી અથવા અપૂર્ણ સ્થિતિ જે વિશેષ રીતે બુદ્ધિના સામાન્ય કરતાં ઓછી હોવાનું લક્ષણ ધરાવતી હોય (બુદ્ધિની ઉપસામાન્યતાનું લક્ષણ ધરાવતી હોય);

(૭) **માનસિક માંદગી :** એટલે માનસિક વિકાસના રૂંધાવા (મંદબુદ્ધિતા) સિવાયની કોઈ માનસિક વિસંવાદી સ્થિતિ; **વિકલાંગ વ્યક્તિ એટલે તબીબી સત્તા મંડળ દ્વારા પ્રમાણિત કર્યા મુજબની ૪૦ ટકા કરતા ઓછી નહીં એવી વિકલાંગતાથી પીડાતી કોઈ પણ વ્યક્તિ; ગંભીર વિકલાંગતાવાળી વ્યક્તિ એટલે એક અથવા વધુ વિકલાંગતાઓના ૮૦ ટકા અપંગ અથવા વધુ ટકા હોય તેવી વ્યક્તિ.**



## ૩. વિકલાંગતાનો દાખલો :

વિકલાંગતાનો દાખલો મેળવવા પોતાના પાસપોર્ટ સાઈઝના બે ફોટા તથા રેશનકાર્ડ સાથે જે તે જિલ્લામાં આવેલી સિવિલ હોસ્પિટલોમાં રૂબરૂ જઈ કેસ કઢાવી, સંબધકર્તા (હાડકાના-આંખના-કાન-નાકના કે માનસિક રોગના) ડૉક્ટર પાસે જવાથી વિકલાંગ વ્યક્તિઓને તેમની વિકલાંગતા રૂબરૂમાં જોઈ વિકલાંગતા કેટલા ટકા છે તે બાબતનો દાખલો સિવિલ સર્જન તરફથી આપવામાં આવે છે. આવી વ્યક્તિઓમાં વિકલાંગતા ઓછા-વત્તા પ્રમાણમાં હોય છે.



NOT FOR MILC PURPOSE NO.NO. GHG/HY. HANDI CERTIFICATE .../200
MEDICAL OFFICER CUM CIVIL SURGEON
GOVERNMENT GENERAL HOSPITAL
OPP. PATHIK ASHRAM, NR. S.T. DEPO.
'GH' ROAD, GANDHINAGAR (GUJARAT)
DATED :

PHYSICALLY HANDICAPPED CERTIFICATE

This is to certify that Mr. /Mrs. /Kum. ............ Aged about ...... years, has been physically examined at this hospital by the undersigned for Disability.

DEASES :
DIAGNOSS :
DEFERMITY & DISABILITY / HANDICAPPED (%) ...... PERCENTAGE.
The person is disabled not / HANDICAPPED

MARKS OF IDENTIFICATE :

RESIDENT MEDICAL OFFICER GENERAL HOSPITAL GANDHINAGAR | CHIEF DISTRICT MEDICAL OFFICER CUM CIVIL SURGEON, GOVERNMENT GENERAL HOSPITAL GANDHINAGAR | MEMBER OF BOARD DISTRICT PHYSICALLY HANDICAPPED GOVERNMENT GENERAL HOSPITAL

આ બાબતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક : હસપ/**૧૦૨૦૦૨/જીઓઆઈ/૩૬/અ** તારીખ ૬-૬-૨૦૦૯ અને તારીખ ૨૬-૧૦-૨૦૧૦ના ઠરાવમાં સૂચવ્યા મુજબ કાર્યવાહી કરવા વિનંતી.

વિકલાંગતા અંગેનો દાખલો તેઓને ઓળખપત્ર / એસ.ટી. બસમાં મફત મુસાફરી / સ્કોલરશીપ / લોન તથા અન્ય લાભ મેળવવા માટે ઉપયોગી બને છે. **તેથી વિકલાંગ વ્યક્તિઓએ આવો દાખલો મેળવી લેવો જરૂરી છે, જેથી રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર તરફથી વિકલાંગોને મળતી સવલતો તેઓને ઝડપથી મળી શકે અને દરેક વખતે પ્રમાણપત્ર મેળવવું ન પડે.**

## ૪. વિકલાંગોને ઓળખપત્ર :

**(અ) વિકલાંગ ઓળખકાર્ડ મેળવવાની પાત્રતા :**

(૧) વિકલાંગ વ્યક્તિ ૪૦ ટકા કે તેથી વધુ વિકલાંગતા ધરાવતી હોવી જોઈએ.
(૨) ૮૦ ટકા કે તેથી વધુ મૂકબધિરપણું ધરાવતિ વ્યક્તિ
(૩) ૮૦ ટકા કે તેથી વધુ દૃષ્ટિવિષયક વિકલાંગતા ધરાવતી વ્યક્તિ
(૪) ૭૦ કે તેથી ઓછી બુદ્ધિઆંક ધરાવતી મંદબુદ્ધિવાળી વ્યક્તિ.
(૫) ગુજરાત રાજ્યમાં કાયમી વસવાટ ધરાવતા હોવા જોઈએ.

**(બ) વિકલાંગ ઓળખકાર્ડ ઉપરથી મળવાપાત્ર લાભ :**



આ ઓળખપત્ર ધારણ કરનાર વ્યક્તિ વિકલાંગ કલ્યાણની યોજનાઓના લાભ મેળવી શકશે.
ઓળખનું ચિન્હ:-હાથ પર તલ
અભ્યાસ:-10th
લોહીનું ગ્રુપ:-એબી+
સરનામું:-સેક્ટર -22 41/1 છ-ટાઈપ ગાંધીનગર ગાંધીનગર ગાંધીનગર ગાંધીનગર
0120060211133546
આ ઓળખપત્ર ઉપર ગુજરાત એસ.ટી. નિગમની બસમાં વિના મૂલ્યે ગુજરાત રાજ્યની હદમાં પ્રવાસ કરી શકશે.
I.S.P.L (GUJ.):079 27493979

(૧) વિકલાંગ વ્યક્તિને એસ.ટી.નિગમની, ગૂર્જર નગરી, લકઝરી અને વોલ્વો સહિત તમામ પ્રકારની બસમાં ગુજરાતની હદમાં વિના મૂલ્યે મુસાફરીનો લાભ.
(૨) વિકલાંગ સાધન સહાય મળવાપાત્ર
(૩) વિકલાંગ, દૃષ્ટિહીન, શ્રવણમંદ, મંદબુદ્ધિવાળા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ.
(૪) સરકારની વિવિધ અમલી વિકલાંગ કલ્યાણકારી યોજનાઓનો લાભ.

**(ક) ઓળખકાર્ડ આપવાની યોજના :**

(૧) જે તે વિભાગના નિષ્ણાંત તબીબ/આર.એમ.ઓ./ સિવિલ સર્જનનું વિકલાંગતાની ટકાવારી આઈ.ક્યુ. દર્શાવતા પ્રમાણપત્રની પ્રમાણિત ઝેરોક્ષ નકલ.



વિકલાંગ ઓળખપત્ર
સમાજ સુરક્ષા ખાતુ
ગુજરાત સરકાર
એસ.ટી.બસમાં મફત મુસાફરીને પાત્ર
કાર્ડ નં:-02/001/0243/000746/05
નામ:- પ્રજાપતિ દેવેન્દ્ર રતિલાલ
જન્મ તારીખ:-26/01/1971 35
વિકલાંગતાનો પ્રકાર:-અસ્થિ વિષયક
વિકલાંગતાનું વિવરણ:-
અપંગ
ટકાવારી:-75
જિલ્લો ગાંધીનગર
અરજદારની સહી.
તારીખ 23/10/2005 થી 22/10/2010 તારીખ સુધી માન્ય
સહાયકની અડધી ટીકીટ ફી

(૨) અરજીની ઉપર સ્ટેમ્પ સાઈઝનો ફોટો ચોંટાડવો તેમજ તેવો જ બીજો ફોટો અરજીની સાથે સામેલ કરવો.
(૩) અરજદારના રહેઠાણના પુરાવાની ઝેરોક્ષ નકલ.
(૪) જન્મના દાખલાની પ્રમાણિત નકલ.
(૫) જાતિનો દાખલો. (સક્ષમ અધિકારીનો) પ્રમાણિત નકલ
(૬) ગુજરાતના વતની હોવાનો દાખલો.
(૭) લોહીના ગ્રુપનો દાખલો સામેલ રાખવો (શક્ય હોય તો)
(૮) અભ્યાસનો દાખલો (શક્ય હોય તો)
(૯) આધાર કાર્ડ નંબર/રેશન કાર્ડ નંબર
(૧૦) ઓળખનું ચિહ્ન દર્શાવવાનું રહેશે.

- આ કાર્ડ મેળવવા માટે ઉંમર કે અભ્યાસનો કોઈ બાધ નથી.

માનસિક રીતે વિકલાંગોને અપાતા વિકલાંગ ઓળખપત્રમાં માનસિક વિકલાંગતાની ટકાવારી દર્શાવવા બાબતે. (સામાજિક

ન્યાય અને અધિકાર વિભાગનો તા. ૧૦-૨-૧૫નો ઠરાવ ક્રમાંક અપગ/૧૦૨૦૧૩/૮૧૬૪૭૭/છ-૧) થી સૂચના આપી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીઓ દ્વારા હવેથી માનસિક વિકલાંગોને જે ઓળખપત્ર આપવામાં આવે તેમાં બુદ્ધિઆંક ઉપરાંત માનસિક વિકલાંગતાની ટકાવારી દર્શાવતું ઓળખપત્ર આપવામાં આવે. આથી તે મુજબ પ્રમાણપત્રો આપવા. આ અંગે ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા ઉપર ક્રમ (૧) સામે વંચાણે લીધેલ તા. ૧-૬-૨૦૦૧ના રોજ બહાર પાડેલ ગાઈડલાઈન્સમાં આ અંગે નીચે મુજબ માપદંડ દર્શાવેલ છે.

| મંદબુદ્ધિનું પ્રમાણ | બુદ્ધિઆંક | માનસિક વિકલાંગતાની ટકાવારી |
|---|---|---|
| બોર્ડરલાઈન | ૭૦-૭૯ | ૨૫% |
| હળવી | ૫૦-૬૯ | ૫૦% |
| મધ્યમ | ૩૫-૪૯ | ૭૫% |
| તિવ્ર | ૨૦-૩૪ | ૯૦% |
| અતિતિવ્ર | ૨૦ કરતાં ઓછો | ૧૦૦% |

આથી, ઉપરના પત્રક પ્રમાણે ૭૦ બુદ્ધિ આંકને ૨૫% માનસિક વિકલાંગતાની ટકાવારી સાથે સરખાવી શકાય અને ૨૫% અથવા તેથી વધુ માનસિક વિકલાંગતાની ટકાવારી ધરાવતા લાભાર્થીઓને માનસિક વિકલાંગતાના લાભો મળવાપાત્ર થાય તે મુજબ ઓળખપત્રો આપવાની કાર્યવાહી કરવા માટે નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી અને તેના મારફતે સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીઓને આથી સૂચના આપવામાં આવેલ છે.

- દૃષ્ટિહીન-અસ્થિવિષયક-શ્રવણમંદ-મંદબુદ્ધિના તમામ ભાઈઓ-બહેનોને ઓળખપત્ર જે તે જિલ્લાના સમાજ સુરક્ષા અધિકારીશ્રી તરફથી જ આપવામાં આવે છે.
- આ ઓળખપત્ર જરૂરિયાતના પ્રસંગે રજૂ કરી વિવિધ યોજનાઓનો લાભ પણ મેળવી શકાય છે.
- જિલ્લાની સિવિલ હોસ્પિટલના સર્જન તરફથી અપાતા વિકલાંગતાના દાખલામાં વ્યક્તિ કેટલા ટકા વિકલાંગ છે તેનો ઉલ્લેખ કરવામાં આવે છે અને તે ઉપરથી મેળવેલ લેમિનેશન કરાવેલ ઓળખકાર્ડ અનુસાર નીચે મુજબ લાભ અપાય છે.

(ડ) **લાભ કોને ના મળે :**

(૧) **માન્ય વિકલાંગતા સિવાયના લાભાર્થીને લાભ મળવાપાત્ર રહેશે નહીં.**

**વિકલાંગ હોવા અંગેનું ઓળખપત્ર મેળવવા માટેનું નિયત છાપેલું 'અરજી ફોર્મ' જે તે જિલ્લામાં આવેલ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી પાસેથી મેળવવાનું રહે છે. જે વિના મૂલ્યે આપવામાં આવે છે. નિયત અરજી ફોર્મમાં માગેલ વિગતો ભરી, તે સાથે ઉપરના દાખલાઓની પ્રમાણિત નકલો બીડવી.**

**આ ફોર્મ પોતાના સંબંધિત જિલ્લાના સમાજ સુરક્ષા અધિકારીની કચેરી ખાતે જમા કરાવવાથી લેમિનેશન કરાવેલું ફોટા સાથેનું ઓળખપત્ર વિના મૂલ્યે આપવામાં આવશે. તેમાં અરજદારનું નામ, સરનામું, જન્મ તારીખ, અભ્યાસ, લોહીનું ગ્રૃપ, વિકલાંગતાનો પ્રકાર, તેની માત્રા અને ઓળખનું ચિહ્ન તેમજ અન્ય વિગતો દર્શાવવામાં આવે છે.**

## ૫. ગુજરાતની હદમાં એસ.ટી. બસમાં મુસાફરીના મળતા લાભ :

સરકાર દ્વારા તા. ૨૧-૪-૨૦૧૬ના ઠરાવથી, આ તારીખથી અમલમાં આવે તે રીતે નીચેની સવલતો આપવાની જાહેરાત કરવામાં આવી છે.

(૧) વિકલાંગોએ દર પાંચ વર્ષે વિકલાંગ ઓળખપત્ર રીન્યુ કરાવવું પડે છે તેમાં સુધારો કરીને તેમને હવે કાયમી ધોરણે વિકલાંગ ઓળખપત્ર આપવામાં આવશે.

(૨) **વિકલાંગ વ્યક્તિની આવકમર્યાદાની જોગવાઈ રદ કરવામાં આવી છે.**

(૩) વિકલાંગોને હાલ ફક્ત સાદી અને એક્સપ્રેસ બસમાં જ વિના મૂલ્યે મુસાફરીનો લાભ મળે છે તેના બદલે ગુર્જરનગરી, ઈન્ટરસિટી, લક્ઝરી અને વોલ્વો બસ સહિત તમામ પ્રકારની બસોમાં મુસાફરીનો લાભ મળવાપાત્ર થશે.

(૪) ૪૦% કે તેથી વધુ અસ્થિવિષયક વિકલાંગતા ધરાવતી વ્યક્તિને પોતાને આ યોજનાનો લાભ મળશે તથા ૭૦થી ઓછા બુદ્ધિઆંકવાળી માનસિક પડકારિતા ધરાવતી વિકલાંગ વ્યક્તિને તથા તેના સહાયકને પણ વિના મૂલ્યે મુસાફરીનો લાભ મળશે.

(૫) હાલ અંધ કે મુક-બધિર વ્યક્તિના કિસ્સામાં ફક્ત ૧૦૦ ટકા અંધત્વ કે ૧૦૦ ટકા મુક-બધિરપણું ધરાવતી વ્યક્તિને જ યોજનાનો લાભ મળે છે, તેમાં સુધારો કરી હવે તીવ્ર વિકલાંગતા ધરાવતી એટલે કે ૮૦ ટકા કે તેથી વધુ અંધત્વ કે ૮૦ ટકા કે તેથી વધુ

મુક-બધિરપણું ધરાવતી વ્યક્તિને પણ આ યોજનાનો લાભ મળશે.

- ૮૦ ટકા કે તેથી વધુ દૃષ્ટિ વિષયક વિકલાંગતા ધરાવતી વ્યક્તિ તથા તેના સહાયકને વિના મૂલ્યે મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે.
- ૮૦ ટકા કે તેથી વધુ મુક-બધિરપણું ધરાવતી વ્યક્તિને પોતાને વિનામૂલ્યે મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે. પરંતુ તેના સહાયકને લાભ મળવાપાત્ર રહેશે નહીં.
- ૭૫ટકાથી વધુ અસ્થિવિષયક વિકલાંગતા ધરાવતી વ્યક્તિને પોતાને વિના મૂલ્યે મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે જ્યારે તેના સહાયકને ટિકિટભાડામાં ૫૦ ટકા રાહત મળવાપાત્ર રહેશે.

(૬) નવું ઓળખપત્ર ન મળે ત્યાં સુધી હાલના ઓળખપત્રો ઉપર આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે. આ યોજનાનો અમલ તા. ૨૧-૪-૨૦૧૬થી કરવામાં આવ્યો છે.

## ૬. અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ દ્વારા મુસાફરીમાં મળતા લાભ :

(અ) વિકલાંગોને લઘુત્તમ દરની ટિકિટથી મુસાફરીનો લાભ
(બ) શ્રવણમંદ વ્યક્તિઓને પ્રવાસ ભાડામાં ૫૦ ટકા રાહત
(ક) દૃષ્ટિહીન વ્યક્તિઓને વિના મૂલ્યે મુસાફરીનો લાભ

## ૭. અમદાવાદમાં રહેતા સિનિયર સિટીઝનોને AMTSની બસની મુસાફરીમાં મળતો લાભ :

(ડ) અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ (AMTS) દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદના વિસ્તારોમાં રહેતા અને ૬૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના વડીલોને મ્યુનિસિપલ બસ ભાડામાં નીચે મુજબ રાહત આપવામાં આવે છે. આ માટે વડીલોને ફોટા સાથેનું 'ઓળખપત્ર' આપવામાં આવે છે.

(૧) ૭૫ વર્ષથી ઉપરના માટે - વિના મૂલ્યે (ફ્રી) મુસાફરીનો લાભ (૨) ૬૫ વર્ષથી ઉપરના માટે - ૫૦ ટકાની રાહત (પ્રવાસ ભાડામાં). આ માટે લાલ દરવાજા, નહેરૂબ્રિજ પાસે, ઇન્દુલાલ યાજ્ઞિકની પ્રતિમા પાસે આવેલી AMTSની કચેરી પરથી માર્ગદર્શન મેળવવું. ઓળખપત્ર મેળવવા માટે નીચેના દસ્તાવેજી પુરાવા રજૂ કરવાના રહેશે.

(૧) અસલ રેશનકાર્ડ, (૨) ઉંમરના પુરાવા માટે નીચેના પૈકી કોઈ એક આધાર રજૂ કરવાનો રહેશે.
● જન્મ નોંધણી પ્રમાણપત્ર ● શાળા છોડ્યાનું પ્રમાણપત્ર ● મતદાર ઓળખપત્ર ● સોગંદનામું ● જો ઉંમરનો દાખલો ન હોય તો સિવિલ સર્જન પાસેથી મેળવેલો ઉંમરનો દાખલો. આ ઓળખપત્રનો મ્યુનિસિપલ કોર્પોરેશનની નીચેની બસોમાં ઉપયોગ કરી શકાશે નહીં. (૧) મનપસંદ પ્રવાસ યોજનાની બસમાં. (૨) ધાર્મિક પ્રવાસ યોજનાની બસમાં (૩) લકઝરી બસ સેવામાં

## ૮. રેલવે દ્વારા મુસાફરીમાં મળતા લાભ :

નીચેની વ્યક્તિઓને રેલવે મુસાફરી દરમિયાન રેલ ભાડામાં રાહતનો લાભ આપવામાં આવે છે.

| વ્યક્તિઓની કક્ષા | રાહતનું ધોરણ | | | |
|---|---|---|---|---|
| | સિંગલ પ્રવાસ ટિકિટ | | સિઝન પ્રવાસ ટિકિટ | |
| | I ક્લાસ | II સ્લીપર ક્લાસ | I ક્લાસ | II ક્લાસ |
| અ. વિકલાંગ પેરાપ્લેજિક વ્યક્તિઓ અને તેના સાથીદાર, કોઈ પણ હેતુ માટેનો પ્રવાસ | ૭૫ ટકા II સ્લીપર, I, AC CC & AC ૩ ટાયર અને ૫૦% AC ૨ ટાયર અને AC I બંને માટે | | ૫૦% બંને માટે | ૫૦% બંને માટે |
| બ. માનસિક ક્ષતિ ધરાવતી વ્યક્તિ, સંભાળ લેનાર સાથી વ્યક્તિ સાથે, કોઈ પણ હેતુ માટે | ૭૫%, II સ્લીપર, I, AC CC & AC ૩ ટાયર અને ૫૦% AC ૨ ટાયર અને AC I બંને માટે | | ૫૦% બંને માટે | ૫૦% બંને માટે |
| ક. શ્રવણમંદ વ્યક્તિઓ (બંને ક્ષતિઓ એક જ વ્યક્તિમાં) એકલા અથવા સંભાળ લેનાર વ્યક્તિ સાથે કોઈપણ હેતુ સર | ૫૦% બંને માટે | ૫૦% બંને માટે | ૫૦% બંને માટે | ૫૦% બંને માટે |
| ડ. દૃષ્ટિહીન વ્યક્તિ એકલા અથવા સાથી વ્યક્તિ માટેનો પ્રવાસ કોઈ પણ હેતુ માટે | ૭૫%, II સ્લીપર, I, AC CC & AC ૩ ટાયર અને ૫૦% AC ૨ ટાયર અને AC I બંને માટે | | ૫૦% બંને માટે | ૫૦% બંને માટે |

● **રેલવે કન્સેશન અંગેની સામાન્ય ટૂંકી માહિતી :**

**મેઈલ / એક્ષપ્રેસ ગાડીઓના મૂળ ભાડામાં જ રાહત મળવાપાત્ર છે. આરક્ષણ ફી, સુપરફાસ્ટ સરચાર્જ વગેરે પૂરાં ભરવાના થાય છે. આ રાહત માત્ર ટિકિટબારી કે આરક્ષણ કેન્દ્ર ઉપરથી જ પ્રમાણપત્ર રજૂ કર્યેથી મળશે. ચાલુ મુસાફરી દરમિયાન અધવચ્ચેથી રાહતનો લાભ મળી શકે નહીં. રાહતનો લાભ લેનાર પ્રવાસીએ પ્રવાસ દરમિયાન રાહત ટિકિટ, ઓળખપત્ર તબીબી પ્રમાણપત્ર જે હોય તે સાથે રાખવું પડશે. જ્યારે સિનિયર સિટિઝને ઉંમરનો પુરાવો સાથે રાખવાનો રહે છે.**

**આ રાહત પેસેન્જર ગાડીઓમાં મળવાપાત્ર નથી. શતાબ્દિ/રાજધાની/એક્સપ્રેસ ગાડીઓમાં પણ તા. ૧-૭-૨૦૧૧થી રાહતનો લાભ શરૂ કરેલ છે.**

**આ માટે વધુ જાણકારી મહત્ત્વના રેલવે સ્ટેશનો તથા જનરલ મેનેજર, આઈઆરસીએ, ચેમ્સફોર્ડ રોડ, નવી દિલ્હી પાસેથી અથવા રેલવેની વેબસાઈટ** www.indianrailways.gov. and www.wr.railnet.gov.in **ઉપરથી મળી શકે છે.**

**નોંધ : પશ્ચિમ રેલવેમાં લાંબા અંતરની ટ્રેનોમાં વિકલાંગ વ્યક્તિઓ માટે બે બેઠકો ઈયરમાર્ક કરવા બાબત.**

હેન્ડિકેપ્ડ કન્સેશનલ ટિકિટ પર મુસાફરી કરતી શારીરિક વિકલાંગ વ્યક્તિઓ માટે સ્લીપર કલાસમાં બે બેઠકો/બર્થ ઈયરમાર્ક કરવામાં આવી છે. આ સુવિધાનો લાભ જે લોકો (૧) ઓર્થોપેડિકલી હેન્ડિકેપ્ડ/પેરા પ્લેજિક (૨) માનસિક રીતે નબળા (૩) દૃષ્ટિહીન અને (૪) સંપૂર્ણપણે શ્રવણમંદ (બંને ક્ષતિ એક સાથે એક જ વ્યક્તિમાં હોવી જોઈએ) હશે તેઓ તેમજ હેન્ડિકેપ્ડ વ્યક્તિની જોડે મુસાફરી કરતી વ્યક્તિ પણ લઈ શકશે. આ બે બેઠકો/બર્થ માટેના રિઝર્વેશન ક્વોટા પશ્ચિમ રેલવેના તમામ રિઝર્વેશન કાઉન્ટરો પર ઉપલબ્ધ રહેશે. અમુક ટ્રેનોમાં ખાસ વિકલાંગો માટે અલગ ડબ્બો પણ જોડવામાં આવે છે.

(ઇ) **વૃદ્ધો (સિનિયર સિટિઝન્સ) ને :**

| | | |
|---|---|---|
| ૧. | ૫૮ વર્ષથી વધુ ઉંમરની સ્ત્રીઓને | – રેલવે ભાડામાં ૫૦ ટકા રાહત આપવામાં આવે છે. કોઈ પણ હેતુ માટે બધા વર્ગમાં. |
| ૨. | ૬૦ વર્ષથી વધુ ઉંમરના પુરુષોને | – રેલવેભાડામાં ૪૦ ટકા રાહત આપવામાં આવે છે.<br>– કોઈ પણ હેતુ માટે બધા વર્ગમાં.<br>– રાજધાની / શતાબ્દિ / જન-શતાબ્દિ ટ્રેનમાં પણ |

જે તે વ્યક્તિ રેલવેમાં અગાઉથી ટિકિટ આરક્ષિત કરાવે તો આપોઆપ આ લાભ અપાય છે. (આ લાભ તા.૧-૯-૨૦૦૧થી સ્વૈચ્છિક કરેલ છે.) આ લાભ કરંટ બુકિંગ (ટિકિટ ખરીદતી વખતે જણાવવામાં આવે કે, હું સિનિયર સિટિઝન છું તો પણ લાભ મળશે.) રાહત દરે ટિકિટ મેળવનાર દરેક વ્યક્તિએ ટિકિટનું બુકિંગ કરાવતી વખતે ઉંમરનો કોઈ પુરાવો આપવો પડશે નહીં, પરંતુ મુસાફરી કરતી વખતે પોતાની ઉંમરનો પુરાવો (દસ્તાવેજી સાબિતી) ટિકિટ ચેકર માંગે ત્યારે બતાવવાનો રહેશે. દા.ત., આઈડેન્ટિટી કાર્ડ, રેશન કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, પાસપોર્ટ, શૈક્ષણિક પ્રમાણપત્ર, સ્થાનિક સંસ્થાઓ જેવી કે, પંચાયત / કોર્પોરેશન / મ્યુનિસિપાલિટીએ આપેલ સર્ટિફિકેટ (રેલવે કાયદા અંતર્ગત દંડને ટાળવા પ્રવાસ દરમ્યાન વય અંગેની દસ્તાવેજી સાબિતી સાથે રાખવી જરૂરી છે.

**યુનિક નંબરવાળું કાર્ડ :** રેલવે મુસાફરી કરતાં વિકલાંગ વ્યક્તિઓને યુનિક નંબરવાળું આઈડી કાર્ડ આપવામાં આવશે. જેના થકી તેઓ ઓનલાઈન બુકિંગમાં પણ ટિકિટ ઉપર કન્સેશન મેળવી શકશે. આ અંગે સિનિયર ટ્રીબ્યુનલ કોમર્શિયલ મેનેજર, વેસ્ટર્ન રેલવે, અમદાવાદને ઉદ્દેશીને અરજી કરવાની રહેશે. જેની સાથે રેલવે કન્સેશનનું અરજદારના ફાટા સાથેનું સહી સિક્કાવાળું પ્રમાણપત્ર, સિવિલ હોસ્પિટલના વિકલાંગતા દાખલાનું પ્રમાણપત્ર, જરૂરી પ્રમામપત્રો, સરનામાનો પુરાવો (રેશન કાર્ડ / વીજળી બિલ / ઓળખપત્ર (ચૂંટણી કાર્ડ/આધાર કાર્ડ) તથા બે પાસપોર્ટ સાઈઝના ફોટા આપવાના રહેસે. અસલ પ્રમાણપત્રો રૂબરૂ બતાવી દરેકની ઝેરોક્ષ નકલ આપવાની રહેશે.

- રેલવેમાં હવે એકલા મુસાફરી કરનાર દિવ્યાંગોને કન્સેશનનો લાભ મળશે. જે નિયમનો અમલ તા. ૧૫-૬-૧૬થી શરૂ થઈ ગયો છે. અગાઉ દિવ્યાંગ સાથે સહપ્રવાસી હોય તો જ કન્સેશનનો લાભ મળતો હતો.

- તાજેતરમાં રેલવેએ દિવ્યાંગો માટે કોચની લંબાઈ વધારવા તેમજ કોચના મુખ્ય દરવાજા પર રેમ્પ મૂકવાનો નિર્ણય લીધો છે. જેથી કોચમાં દિવ્યાંગો કોઈની મદદ વિના આરામથી જઈ શકશે.

## ૯. દિવ્યાંગ વ્યક્તિઓને રેલવેનું પ્રમાણપત્ર આપવાના નિયમોમાં છુટછાટ :

દેશના દિવ્યાંગ લોકોને રેલવેમાં મુસાફરી કરવા માટે, જરૂરી એવા પ્રમાણપત્ર ઈશ્યુ કરવાના નિયમોમાં છુટછાટ આપી છે. વ્યક્તિને પ્રમાણપત્ર ઈશ્યુ કરવામાં આવ્યું હોય અને ત્યારબાદ તેના ઘરનું સરનામું બદલાયું હોય તો, તેવા સંજોગોમાં નવા સરનામા

સાથે તે ટિકીટ માટે અરજી કરી શકશે. આવી સ્થિતિમાં સંબંધિત વિસ્તારના ડી.આર.એમ.ની કચેરી, દિવ્યાંગ વ્યક્તિના નવા સરનામાનું વેરીફિકેશન કરશે અને ત્યારબાદ નવું ઓળખકાર્ડ ઈશ્યુ કરશે. કાયમી વિકલાંગતા ધરાવતાં ૨૬થી ૩૫ વર્ષની વયના દિવ્યાંગ લોકો ૧૦ વર્ષ માટેનું કન્સેશનલ સર્ટીફિકેટ ઈશ્યુ કરવામાં આવે છે. આવી દિવ્યાંગ વ્યક્તિ જો ૩૫ વર્ષથી વધુ વયની હોય તો, તેમને આજીવન ઉપયોગમાં લઈ શકાય તેવું સર્ટીફિકેટ આપવામાં આવશે.

**નોંધ :** સિનિયર સિટિઝનો માટે ફક્ત અમદાવાદ રેલવે સ્ટેશનના રિઝર્વેશન કાઉન્ટર પર એક અલગ કાઉન્ટર (નં.૬) ની સુવિધા રાખવામાં આવી છે. (રેલવે સમયપત્રકમાં 'રેલ ટ્રાવેલ કન્સેશન્સ' અંગેની વિગતો છાપેલી હોય છે. તેમાંથી વિગતો મળી શકશે. રેલવેનાં વિકલાંગો માટેનાં કન્સેશન્સ ફોર્મ વિકલાંગો માટે કામ કરતી સંસ્થાઓમાંથી અથવા મોટા રેલવે સ્ટેશનો ઉપરથી વિના મૂલ્યે મળી શકશે.)

## ૧૦. વિમાની સેવામાં મુસાફરી માટે મળતા લાભ :

(અ) દૃષ્ટિહીન વ્યક્તિઓને એર ઇન્ડિયામાં સિંગલ જર્નીમાં ૫૦ ટકા કન્સેશન મળે છે.

ઇન્ડિયન એરલાઈન્સની ધરેલું ઉડ્ડયનોમાં સંપૂર્ણ પ્રજ્ઞાચક્ષુને એક તરફી અથવા મૂળ સ્થળેથી મુસાફરી કરી, તે જ સ્થળેથી પાછા મૂળ સ્થળે આવવા માટે મૂળ ભાડામાં ૫૦ ટકા રાહત મળે છે. પરંતુ બીજા કોઈ દરોમાં કે એર લાઈન્સે જાહેર કરેલ સામાન્ય પ્રવાસીઓ માટેની રાહતનો આમાં સમાવેશ થશે નહીં. રાહત મેળવવા માટે અસલ પ્રમાણપત્ર બતાવીને, તેની પ્રમાણિત નકલ રજૂ કરવી પડે છે.

દૃષ્ટિહીન વ્યક્તિની દેખભાળ કરનાર કોઈ ન હોય તો, અગાઉથી હવાઈ મથકના અધિકારીને તે અંગેની જાણ કરવાથી એર હોસ્ટેસ કે અન્ય કર્મચારીની સહાય મળી શકશે.

દૃષ્ટિહીન વ્યક્તિ પોતાનો પાલતું તાલીમી કૂતરો સાથે લઈ જવા માંગતા હોય અને બીજા પ્રવાસીઓ વાંધો ન લે તો, કૂતરાના મોઢે કપડું બાંધી, પટ્ટાથી બાંધી તથા ભેજ શોષક ચાદર ઉપર સુવાડીને કેબિનમાં લઈ જઈ શકશે. તેનો કોઈ દર ભરવાનો રહેતો નથી. પણ તેને અલગ બેઠક મળશે નહીં.

- કોઈપણ એરલાઈન અપંગ વ્યક્તિઓ કે હરીફરી શકવામાં અસમર્થ વ્યક્તિઓ અને તેમના સહાયક યંત્રો/ઉપકરણો, રક્ષક સાથીઓ અને માર્ગદર્શક કૂતરાઓને લઈ જવામાં મનાઈ નહીં કરે.
- એવા અપંગ વ્યક્તિ જેમની પાસે પ્રમાણપત્રના હોય તેમને પણ એરલાઈન્સ દ્વારા આવશ્યક સહાયતાની સાથે સાથે વ્હીલચેર, એમ્બુયલિફ્ટ વગેરે જેવા ઉપકરણ પણ આપશે.

## ૧૧. રાજ્ય સરકાર તરફથી વિકલાંગોને મળતી સાધન સહાય :

**(અ) વિકલાંગ સાધન સહાય કોને મળે (તેની પાત્રતા) :**

(૧) ૪૦ ટકા કે તેથી વધુ વિકલાંગતા ધરાવતી વ્યક્તિ.
(૨) દૃષ્ટિહીન વ્યક્તિ તેમજ શ્રવણમંદ વ્યક્તિ.
(૩) ગુજરાત રાજ્યના વતની હોવા જોઈએ.
(૪) વિકલાંગતાનું ઓળખકાર્ડ ધરાવતા હોવા જોઈએ.

**(બ) આર્થિક સાધન સહાયમાં શું મળી શકે ?**

(૧) વિકલાંગ વ્યક્તિને કૃત્રિમ અવયવ, ઘોડી, (બુટ) કે કેલીપર્સ, ત્રણ પૈડાંવાળી સાયકલ, બે પૈડાંવાળી સાયકલ
(૨) વિકલાંગ વ્યક્તિને સ્વરોજગારી માટે સાધન અપાય છે. જેમ કે, ચાર પૈડાંની લારી, સિલાઈ મશીન વગેરે.
(૩) શ્રવણમંદ વ્યક્તિ માટે હિયરિંગ એઈડ તેમજ અન્ય સાધન સહાય.
(૪) દૃષ્ટિહીન વ્યક્તિ માટે સંગીતના સાધનો બ્રેઈલ કીટ, ફોલ્ડીંગ સ્ટીક
(૫) મંદ બુદ્ધિની વ્યક્તિ માટે એમ.આર. ચાઈલ્ડ કીટ
(૬) અરજીપત્રક જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીમાંથી વિનામૂલ્યે મળે છે.
(૭) અરજદારે અરજીપત્રકમાં વિગતો ભરી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીએ રજૂ કરવાનું રહેશે.

**(ક) અરજીપત્રક સાથે સામેલ કરવાના પુરાવા :**

(૧) વિકલાંગ ઓળખકાર્ડની પ્રમાણિત ઝેરોક્ષ નકલ.

Download Source - rlandpatel.blogspot.com

(૨) સ્વરોજગારી માટે અનુભવ કે તાલીમનો દાખલો.

(૩) વિકલાંગ વ્યક્તિને તેમની જરૂરિયાત મુજબ સાધન સહાય મેળવવા નિયત ફોર્મ ભરતાં જે-તે નાણાંકીય વર્ષમાં મંજૂર કરી સાધન આપવામાં આવે છે અને સ્વૈચ્છિક સામાજિક સંસ્થાઓના સૌજન્યથી વિકલાંગ વ્યક્તિને સાધન સહાય આપવામાં આવે છે. મંજૂર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને આપવામાં આવેલ છે.

વિકલાંગ લાભાર્થીઓને બે સાધનોની જરૂરિયાત ઊભી થાય છે. (૧) એક સાધન વિકલાંગ વ્યક્તિની શારીરિક મુશ્કેલી દૂર કરવા માટે અને (૨) બીજા સાધન આર્થિક રીતે પગભર થવા માટે (સ્વરોજગારી મેળવવા માટે). આમ બે સાધનો આપવાનું સરકારના તા. ૫-૭-૨૦૧૧ના ઠરાવથી નક્કી કરવામાં આવેલ છે તથા સહાયની રકમ પણ તા. ૧૮-૪-૨૦૧૬ના ઠરાવથી રૂ. ૬૦૦૦-૦૦ થી વધારીને રૂ. ૧૦,૦૦૦-૦૦ નક્કી કરવામાં આવી છે તેમજ વય મર્યાદા ૧૬ વર્ષથી ૬૦ વર્ષની સુધીની હતી તેમાં સુધારો કરી તમામ પ્રકારની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને તેમની વિકલાંગતામાં રાહત થાય તે હેતુથી અથવા પુનઃસ્થાપનના હેતુથી સાધન સહાય આપવામાં આવે છે તેમાં વયમર્યાદાની જોગવાઈ દૂર કરવામાં આવેલ છે. (ઠરાવ તા. ૨૧-૫-૨૦૧૬)

પાંચ વર્ષ બાદ ત્રણ પૈડાંની સાઈકલ-સાધન બગડી કે તૂટી જાય તેવા સંજોગોમાં બીજી વખત સાધન સહાય મંજૂર કરવામાં આવે છે. આ યોજના હેઠળ સહાયની રકમની રોકડમાં ચૂકવણી થતી નથી. સાધન સ્વરૂપે જ આપવામાં આવી છે.

## ૧૨. પોલિયોના દર્દીઓ માટે શસ્ત્રક્રિયા તથા સહાયની રકમમાં વધારો :

પોલિયોના દર્દીઓ માટે શસ્ત્રક્રિયા અને તે પછીના કાર્યક્રમની યોજનામાં સહાયની રકમ ઓપરેશન તથા દવા ખર્ચ મળીને રૂ. ૨,૦૦૦/- તથા કેલીપર્સના રૂ. ૧૫૦૦/- મળી કુલ રૂ. ૩,૫૦૦/-ની મર્યાદામાં સહાય કરવાની જોગવાઈ હતી હવે તેમાં તા. ૨૧-૭-૧૬ના ઠરાવથી સુધારો કરી સહાયની રકમમાં વધારો કરી ઓપરેશન તથા દવા ખર્ચ મળી રૂ. ૭,૦૦૦/- તથા કેલીપર્સના રૂ. ૩૦૦૦/- મળી કુલ રૂ. ૧૦,૦૦૦/-ની (અંકે રૂપિયા દશ હજાર)ની સહાય કરવામાં આવશે. આવક મર્યાદા જે હતી તે નાબુદ કરવામાં આવી છે. (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક ... /૧૦૨૦૧૬/૩૦૯૧૪૨/છ-૧ તા. ૨૧-૫-૧૬)

## ૧૩. ભારત સરકારના કલ્યાણ મંત્રાલય દ્વારા મળતી સાધન-સહાય :

જરૂરિયાતવાળા વિકલાંગોને ટ્રાઈસિકલ, વ્હીલચેર, કેલીપર્સ, કૃત્રિમ અવયવો, શૈક્ષણિક અને હલન-ચલનનાં સાધનો આપવામાં આવે છે. આ લાભ નીચેની સંસ્થાઓમાંથી તેમની પાસેના ઉપલબ્ધ ફંડની મર્યાદામાં મેળવી શકાય છે.

(૧) અંધજન મંડળ, ડૉ. વિક્રમ સારાભાઈ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫.

(૨) વી વન સોસાયટી, ભૂમિજા કોમ્પલેક્ષ, મિશન ટ્રેનિંગ - કમ્પાઉન્ડની સામે, ફતેહગંજ, વડોદરા - ૨૯૦ ૦૦૨.

(૩) મેડિકલ કેર સેન્ટર ટ્રસ્ટ, ચિલ્ડ્રન હોસ્પિટલ, કારેલી બાગ, વડોદરા - ૧૮.

(૪) કે.એલ. ઈન્સ્ટિટયૂટ ફોર ધ ડેફ, ૫૧- વિદ્યાનગર, ભાવનગર - ૩૬૪ ૦૦૨

(અ) ઉપરોક્ત સંસ્થાઓ દ્વારા રૂા.૧,૫૦૦ સુધીની કિંમતનાં નીચેનાં સાધનો મળી શકશે.

(૧) ધોરણ-૧થી ૭ અને સેકન્ડરીમાં અભ્યાસ કરતા નેત્રહીન વિદ્યાર્થીઓને બ્રેઈલ કીટ (Brail Kit)નાં સાધન આપવામાં આવે છે.

(૨) અનુસ્નાતકમાં અભ્યાસ કરતા નેત્રહીન વિદ્યાર્થીને જુદું ટેપરેકોર્ડર અને બ્રેઈલ કીટ આપવામાં આવે છે.

(૩) શારીરિક ક્ષતિ ધરાવતી વ્યક્તિઓને કેલીપર્સ, ઘોડી, સર્જીકલ બૂટ, કૃત્રિમ પગ અથવા કૃત્રિમ હાથ આપવામાં આવે છે.

(૪) બંને પગથી વિકલાંગ વ્યક્તિને વ્હિલ ચેર/ટ્રાઈસિકલ આપવામાં આવે છે.

(૫) મૂક-બધિરને શ્રવણયંત્ર આપવામાં આવે છે.

**(બ)** (૧) વિકલાંગ વ્યક્તિ અથવા તેના વાલીની આવક મહિને રૂા.૧,૨૦૦/- કરતાં ઓછી હોય તો સાધન વિનામૂલ્યે મળશે.

(૨) વિકલાંગ વ્યક્તિ અથવા તેના વાલીની આવક મહિને રૂા.૧,૨૫૦/- થી રૂા.૨,૫૦૦/- સુધીની હોય તો ૫૦ ટકા રકમ ભરવાથી મળશે.

**(ક)** ઉપરોક્ત સહાય મેળવવા માટે સંબંધિત સંસ્થાને અરજી કરવાની રહે છે. અરજી નીચે દર્શાવેલ વિગતો સાથે કરવી.

(૧) વિકલાંગતા દર્શાવતો સિવિલ સર્જનનો દાખલો

(૨) આવકનો પ્રમાણિત દાખલો

(૩) બંને પગથી વિકલાંગ વ્યક્તિનો પોતાની વિકલાંગતા દર્શાવતો આખો ફોટો.

(ડ) કોઈ પણ વ્યક્તિને સરકારી / અર્ધસરકારી કે ખાનગી સંસ્થાઓમાંથી ઉપરોક્ત સહાય ન મળી હોય તો જ આ લાભ મળશે.

(ઈ) ભારત સરકારના કલ્યાણ મંત્રાલય દ્વારા, આ યોજનાના હેતુઓ માટે, કંપનીના કાયદા મુજબ નોંધણી પામેલ કંપની, સોસાયટી, ટ્રસ્ટ અથવા સંસ્થા કે જેને માન્યતા આપવામાં આવેલ હોય તેવાઓએ અરજી કરવાની રહેશે. સંબંધિત કંપની / સોસાયટી / ટ્રસ્ટ / સંસ્થા દ્વારા સહાય માટેની સંપૂર્ણ ચકાસણી બાદ ઉમેદવારોની લાયકાત નક્કી કરશે અને ત્યાર બાદ ઉમેદવારને જે તે સાધનો ઉપરોક્ત મર્યાદા મુજબ ફાળવશે.

## ૧૪. 'માધ્યમિક તબક્કે વિકલાંગજનોના સંમિલિત શિક્ષણની કેન્દ્રીય પુરસ્કૃત યોજના' IEDSS :

**પ્રસ્તાવના**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૧૯૮૬ અંતર્ગત ભારત સરકારે દૃષ્ટિની ક્ષતિ, શ્રવણમંદતા, મંદબુદ્ધિ, શારીરિક અક્ષમતા, શીખવાની અસમર્થતા તથા અન્ય વિવિધ વિકલાંગતા ધરાવતાં વિદ્યાર્થીઓને સમાન શૈક્ષણિક તકો પૂરી પાડવાનું સ્વીકાર્યું છે. વિકલાંગ વ્યક્તિઓના (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ સહભાગિતા) અધિનિયમ - ૧૯૯૫ની કલમ ૨૬ (અ) અનુસાર વિકલાંગતા ધરાવતાં વિદ્યાર્થીઓને સામાન્ય વિદ્યાર્થીઓની સાથે જ યથાયોગ્ય પર્યાવરણમાં શિક્ષણ પૂરું પાડવાની કાનૂની જવાબદારી પર ભાર મૂકવામાં આવ્યો છે.

માનવ સંશાધન વિકાસ મંત્રાલય, ભારત સરકારે સમગ્ર ભારતમાં સન ૧૯૮૬થી વિકલાંગતા ધરાવતાં વિદ્યાર્થીઓ માટે 'વિકલાંગ વિદ્યાર્થીઓ માટેની સંકલિત શિક્ષણ યોજના IEDC નો અમલ કરેલ હતો. ૨૪ વર્ષના અમલ બાદ સંકલિત શિક્ષણને બીજા તકક્કામાં તબદીલ કરી માધ્યમિક તબક્કે વિકલાંગજનોની સંમિલિત શિક્ષણ યોજના (IEDSS)નો અમલ કરેલ છે. સર્વ શિક્ષા અભિયાન (એસએસએ)ની કેન્દ્રીય પુરસ્કૃત યોજનાએ ૨૦૧૦ સુધીમાં સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણની સિદ્ધિ હાંસલ કરવાના લક્ષ્યાંકને કેન્દ્રસ્થ બાબત બનાવી. આ કાર્યક્રમ હેઠળ ૨૦ લાખ ઉપરાંત વિકલાંગ વિદ્યાર્થીઓની નિશ્ચિત ઓળખ કરેલી છે અને ૬થી ૧૪ વર્ષની વયજૂથના ૧૫ લાખ ઉપરાંત વિકલાંગ વિદ્યાર્થીઓને સામાન્ય શાળાઓમાં નોંધવામાં આવેલાં છે. આવતાં વર્ષોમાં પ્રાથમિક કક્ષાએ વિદ્યાર્થીઓની નોંધણીમાં મોટો ઉછાળો આવવાની શક્યતા હોવાથી માધ્યમિક શિક્ષણની માંગમાં વધારો થશે, જેમાં વિકલાંગ વિદ્યાર્થીઓનો સમાવેશ થશે. સેન્ટ્રલ એડવાઈઝરી બોર્ડ ઓન એજ્યુકેશન (CABE જૂન - ૨૦૦૫)નો અહેવાલ માધ્યમિક શિક્ષણના સાર્વત્રિકરણની ભલામણ કરે છે. સાર્વત્રિક માધ્યમિક શિક્ષણનો સિદ્ધાંત સમાનતા, સામાજિક ન્યાય, સાર્વત્રિક પહોંચ તેમજ વિકાસને અભ્યાસક્રમલક્ષી બાબત બનાવવા પર ભાર મૂકે છે. સર્વ શિક્ષા અભિયાન દ્વારા પ્રાથમિક કક્ષાએ વિકલાંગ વિદ્યાર્થીઓને સમર્થન અપાતું હોવાને કારણે માધ્યમિક તબક્કે વિકલાંગ વિદ્યાર્થીઓ માટેની યોજના દાખલ કરવી એ ઇચ્છનીય છે. ગુજરાત રાજ્યમાં અમલી વિકલાંગતા ધરાવતાં બાળકો માટેની IEDSS યોજના હેઠળ વિવિધ પ્રકારે વિકલાંગતા ધરાવતાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક પુનઃર્વસન તેમજ અન્ય સવલતો આપવા માટે બિન સરકારી સંગઠનો (NGO) કાર્યરત છે. પુનર્વસન ક્ષેત્રે સન (૧૯૮૬-૮૭)થી કાર્યરત બિનસરકારી સંગઠનો બહોળો અનુભવ ધરાવે છે તથા યોજનાના સચોટ અમલીકરણ અંગે ઉમદા ઉદાહરણ પૂરું પાડી શકે તેમ છે.

**IEDSS એકમની રચના**

વિકલાંગતા ધરાવતાં વિદ્યાર્થીઓ માટેની સંકલિત શિક્ષણ યોજનાના માળખારૂપે સંકલિત શિક્ષણ એકમની સ્થાપના શિક્ષણ વિભાગ દ્વારા સન ૧૯૯૨માં થઈ હતી. ૧, સપ્ટેમ્બર ૧૯૯૮થી પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીમાંથી ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદમાં તબદીલ કરવામાં આવી. વર્ષ ૨૦૦૯માં જૂની યોજના (IEDC)ને બીજા તબક્કાની નવી યોજનામાં તબદીલ કરતાં જૂનાં સંકલિત શિક્ષણ એકમને નવા માળખારૂપે માધ્યમિક તબક્કે વિકલાંગજનોની સંમિલિત શિક્ષણ યોજના (IEDSS સેલ) પ્રસ્થાપિત કરવામાં આવ્યો.

**સંમિલિત શિક્ષણ એટલે શું ?**

સંમિલિત શિક્ષણ એટલે જુદા જુદા પ્રકારની વિકલાંગતા ધરાવતાં વિદ્યાર્થીઓ પોતાના ઘરથી નજીકની શાળામાં પોતાના માતા-પિતા કે વાલી રહેતા હોય તે વિસ્તારની નજીકની સામાન્ય શાળામાં, સામાન્ય બાળકો સાથે, સામાન્ય શિક્ષક અને વિશિષ્ટ શિક્ષકના સંકલનથી શિક્ષણ મેળવી શકે તે હેતુથી તેમને સક્ષમ બનાવવાની વ્યવસ્થા.

**લક્ષ્ય**

જુદી જુદી વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થીઓને સામાન્ય માધ્યમિક શાળામાં પ્રવેશ અપાવવો તથા ચાર વર્ષની માધ્યમિક શાળા (ધોરણ ૯ થી ૧૨)નું શિક્ષણ લેવાની તક પૂરી પાડવી.

**લક્ષિત જૂથ**

આ યોજનામાં પ્રાથમિક શાળાઓમાંથી બહાર પડતા તમામ ૧૪ વર્ષની વયના વિદ્યાર્થીઓ અને ૧૪ + થી ૧૮ + વયજૂથ (ધોરણ ૯ થી ૧૨)માં સરકારી, સ્થાનિક સંસ્થાની અને સરકારી સહાય મેળવતી શાળાઓમાં માધ્યમિક તબક્કામાં અભ્યાસ કરતાં અને વિકલાંગ વ્યક્તિઓનો ધારો - ૧૯૯૫ અને રાષ્ટ્રીય ટ્રસ્ટ ધારો - ૧૯૯૯ હેઠળ વ્યાખ્યા આપ્યા મુજબની એક અથવા વધુ વિકલાંગતા ધરાવતાં તમામ વિદ્યાર્થીઓને આવરી લેવાશે, અર્થાત્...

– Blindness - દૃષ્ટિવિહીનતા
– Low vision - અલ્પદૃષ્ટિ
– Leprosy curred - સાજો થયેલ કૃષ્ઠરોગી
– Hearing impairment - શ્રવણક્ષતિ
– Locomotor disabilities - હલનચલનની વિકલાંગતા
– Mental retardation - મંદબુદ્ધિતા
– Mental Illness - માનસિક માંદગી
– Autism - સ્વલીનતા
– Cerebral Palsy - મગજનો લકવો

અને પ્રસંગોપાત રીતે (૧) વાણી ક્ષતિ અને (૨) શીખવાની અસમર્થતા ધરાવતાં બાળકોને આવરી શકાશે.

**વિકલાંગ બાળાઓ**

વિકલાંગ વિદ્યાર્થિનીઓ માટે ખાસ ધ્યાન આપવામાં આવશે અને આ યોજના હેઠળ તેઓને માધ્યમિક શાળાનું શિક્ષણ મળે તેમ જ તેઓની સંભવિત સુષુપ્ત શક્તિઓને વિકસાવવા માટે માહિતી તથા માર્ગદર્શન મળે તેવા પ્રયાસો કરવામાં આવશે. વિકલાંગ બાળાઓને માધ્યમિક શિક્ષણ મેળવવાના પ્રોત્સાહનરૂપે માસિક રૂ.૨૦૦/-નું સ્ટાઈપેન્ડ આપવામાં આવશે.

**ઉદ્દેશ્યો**

– વિકલાંગતા ધરાવતાં વિદ્યાર્થીઓને તેમની વિકલાંગતાના પ્રકાર મુજબનું શિક્ષણ, વિશિષ્ટ શિક્ષણ, ધ્વનિસહાય સાધનો, કેલીપર્સ, ટ્રાયસિકલ, ચશ્માં, લાકડી, વ્હીલચેર તેમજ જરૂરી ઉપકરણો અને સાધન સામગ્રીના લાભ અપાવવા મદદ કરવી.
– વિકલાંગતા ધરાવતાં વિદ્યાર્થીઓને ખાસ શિક્ષણ સહાય સેવાઓ પૂરી પાડવી, જેથી તેઓ સામાન્ય શાળાઓમાં સામાન્ય વિદ્યાર્થીઓ સાથે સળરતાથી અભ્યાસ પૂર્ણ કરી શકે.
– ખાસ શિક્ષકોને દૂરવર્તી અભ્યાસક્રમો અને સતત પુનર્વસન શિક્ષણ તાલીમ પૂરી પાડવી, જેથી તેઓ વિકલાંગતા ધરાવતાં વિદ્યાર્થીઓનાં શિક્ષણ તેમજ માતા-પિતાને માર્ગદર્શન અને પરામર્શની કામગીરી વધુ સારી રીતે કરી શકે.
– વિકલાંગતા ધરાવતાં વિદ્યાર્થીઓ અને વિશિષ્ટ શિક્ષકોને મદદરૂપ થઈ શકે તેવી તાલીમ શ્રેણી વિકલાંગતાના પ્રકારને ધ્યાનમાં લઈ તૈયાર કરવી.
– IEDSS યોજનાનું અમલીકરણ કરવું અને તેનું નિરીક્ષણ કરવું અમલનું નિયંત્રણ કરવું તથા એક પણ વિદ્યાર્થી માધ્યમિક શિક્ષણ અને યોજનાના લાભ વગર રહી ન જાય તેવી અસરકારકતા ઉપલબ્ધ કરવી.

**યોજનાના લાભ :**

– તાલીમબદ્ધ ખાસ શિક્ષકોની સહાય - ૫ વિકલાંગ વિદ્યાર્થી દીઠ ૧ શિક્ષકના ગુણોત્તરમાં.

- **વિકલાંગ બાળકોને પ્રતિ વર્ષ નીચે મુજબની સહાય :**
- વિકલાંગ વિદ્યાર્થીની આકારણી તથા તબીબી પ્રમાણપત્ર
- પુસ્તકો અને લેખનસામગ્રી-વિદ્યાર્થી દીઠ
- ગણવેશ-વિદ્યાર્થી દીઠ
- હલનચલનની વિકલાંગતાવાળાં વિદ્યાર્થીઓને ટ્રાન્સપોર્ટ એલાઉન્સ
- ગંભીર શારીરિક ક્ષતિ ધરાવતાં વિદ્યાર્થીઓને એસ્કોર્ટ એલાઉન્સ
- દૃષ્ટિની ખામી ધરાવતાં વિદ્યાર્થીઓ માટે વાચકભથ્થું
- ગંભીર વિકલાંગતાવાળાં વિદ્યાર્થીઓ માટે એટેન્ડન્ટ એલાઉન્સ
- છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓ માટે છાત્રાલય શુલ્ક દશ મહિના માટે - વિદ્યાર્થી દીઠ
- થેરાપી સેવા-જરૂરિયાત મુજબ વિદ્યાર્થી દીઠ
- વિકલાંગતા ધરાવતાં વિદ્યાર્થીઓને મદદરૂપ ઉપકરણો જેવા કે ધ્વનિ સહાય સાધનો, ટ્રાયસિકલ, ચશ્માં, સ્ક્રીન રિડીંગ સૉફટવેર, સ્પીચ રીકગ્નીશન સૉફટવેર, ઑડિયોટેપ, ટોકિંગ બુક્સ, મોટા ચિત્રોવાળી ચોપડીઓ, વ્હીલચેર, હેલ્મેટ, કાખઘોડી વગેરે.
- **અન્ય ઘટકોરૂપે નીચે મુજબ સહાય આપવામાં આવે છે :**
- ગુજરાત સરકાર દ્વારા પ્રત્યેક વિદ્યાર્થીદીઠ વાર્ષિક રૂા.૬૦૦/-ની સ્કૉલરશીપ
- તાલુકા કક્ષાએ આવેલા રિસોર્સ રૂમ અને સાધનોનો ઉપયોગ (B.R.C. મુકામે)
- વિશિષ્ટ શિક્ષકો અને સામાન્ય શિક્ષકોને તાલીમ
- શિક્ષકો, વાલીઓ, આચાર્યોનો ઓરિએન્ટેશન પ્રોગ્રામ
- કમ્પ્યૂટર ટૅકનોલોજીનો ઉપયોગ

૪૦% કે તેથી વધુ વિકલાંગતા, દૃષ્ટિહીનતા, અલ્પદૃષ્ટિ, મૂકબધિર અને મંદબુદ્ધિની અસર ધરાવતા વિદ્યાર્થીઓને વિશિષ્ટ શિક્ષકો મારફત સંમિલિત શિક્ષણનું કાર્ય IEDSS - RMSA કચેરી દ્વારા કરવામાં આવે છે.

ગુજરાતની ૫૩ જેટલી સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સરકારની સહાયથી અંદાજે ૧૦ હજાર વિકલાંગ વિદ્યાર્થીઓ અભ્યાસ-સાધન-સામગ્રીનો લાભ મેળવી રહ્યાં છે. આ અંગે વિકલાંગ બાળકોના વાલીઓને વધુ માર્ગદર્શનની આવશ્યકતા હોય. વધુ માહિતી માટે નીચેના સરનામે સંપર્ક સાધવા વિનંતી.

**જે તે જિલ્લામાં આવેલી જિલ્લા શિક્ષણ અને અધિકારીની કચેરીમાં કાર્યરત ડિસ્ટ્રીક્ટ કોઓર્ડિનેટર IEDSS**

**રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાનની કચેરીમાં કાર્યરત IEDSS સેલ**

**સેક્ટર-૧૨, સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, કેમ્પસ. ગાંધીનગર. ફોન : (૦૭૯) ૨૩૨૪૨૦૯૨-૯૩**

## ૧૫. સર્વ શિક્ષા અભિયાન મિશન - આઈ.ડી.ડી. :

શિક્ષણનો અધિકાર

**સર્વ શિક્ષા અભિયાન**
**સૌ ભણે સૌ આગળ વધે**

**સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વિશિષ્ટ જરૂરિયાતવાળા (વિકલાંગ) બાળકોની કામગીરીની વિગતો :**

સર્વ શિક્ષા અભિયાનનો મુખ્ય ઉદ્દેશ ૬ થી ૧૪ વર્ષની વય જૂથના તમામ બાળકોને મફત, ફરજિયાત અને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવાનો છે. આ માટે આપની આસપાસના વિસ્તારમાં શાળામાં કદી ન ગયેલ. શાળામાંથી ધો-૮ પૂર્ણ કર્યા સિવાય શાળા છોડી ગયેલ, વિશિષ્ટ જરૂરિયાતવાળા (વિકલાંગ) સહિતનાં તમામ બાળકોનું નામાંકન શિક્ષણનું સ્થાયીકરણ અને ગુણવત્તાયુક્ત પ્રારંભિક શિક્ષણ પૂરું પાડવાનું છે.

- **સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કરવામાં આવતી પ્રવૃત્તિઓની વિગતો નીચે મુજબ છે.**

**સર્વે :** દર વર્ષે નવેમ્બરથી ડિસેમ્બર માસ દરમિયાન વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકોની ઓળખ માટે શાળા કક્ષાએથી શાળા વ્યવસ્થાપન સમિતિ સ્થાનિક તંત્ર અને તાલુકા કક્ષાના પ્રોજેક્ટ સ્ટાફ દ્વારા વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકોની ઓળખ કરવામાં આવે છે આ ઉપરાંત ઓકટોબરની સ્થિતિએ ડાયસ ડેટા પણ એકત્રિત કરવામાં આવે છે. જેમાં શાળામાં અભ્યાસ કરતાં બાળકોની વિગતો મેળવવામાં આવે છે.

**શાળા પ્રવેશ :** સર્વેમાં ઓળખ થયેલ શાળા બહારનાં વિશિષ્ટ જરૂરિયાતવાળા તમામ બાળકોની પ્રવેશોત્સવ દરમિયાન વયના કક્ષાના મુજબના ધોરણમાં નજીકની શાળામાં પ્રવેશ આપવામાં આવે છે.

**પુસ્તકો :** સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત પ્રજ્ઞાચક્ષુ ધોરણ ૫ થી ૮ના બાળકોને બ્રેઈલ પાઠ્યપુસ્તકો આપવામાં આવે છે. તેમજ લો-વિઝન બાળકોને લાર્જ પ્રિન્ટ પુસ્તકો / મેગ્નિફાઈ લેન્સ આપવામાં આવે છે.

**ટ્રાન્સપોર્ટ / એસકોર્ટ એલાઉન્સ :** ધોરણ-૧ થી ૮ના બહુવિધ વિકલાંગતા ધરાવતા બાળકોને શાળામાં નિયમિત આવે તે માટે હાજરીના ધોરણે બાળકના વાલીના ખાતામાં શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા બજેટ જોગવાઈ મુજબ ફાળવવામાં આવે છે.

**રીસોર્સ રૂમ :** ધોરણ-૧ થી ૮ની શાળામાં અભ્યાસ કરતા વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકોને તાલુકા કક્ષાના રીસોર્સ રૂમોમાં અઠવાડિયામાં એક દિવસ, તજજ્ઞો દ્વારા વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકોને થેરાપી. (દા.ત. સાયકોલોજિસ્ટ, ફિઝિયોથેરાપીસ્ટ) અને માર્ગદર્શન આપવામાં આવે છે.

**સાધન સહાય :** જે તે વર્ષની બજેટ જોગવાઈ મુજબ વિશિષ્ટ જરૂરિયાતવાળા ધોરણ-૧ થી ૮નાં બાળકોનું તાલુકાવાર આરોગ્ય વિભાગના સંકલનમાં રહીને એસેસમેન્ટ કરવામાં આવે છે અને સાધન સહાય આપવામાં આવે છે.

**વાલી / એસ.એમ.સી. તાલીમ :** વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકોના વિકાસ માટે તેમજ જરૂરી સંકલન માટે એસ.એમ. સી.ના સભ્યો અને બાળકોનાં વાલીઓની તાલુકા કક્ષાના રીસોર્સ રૂમ ખાતે તજજ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવે છે. જેમાં વાલીને, આરોગ્ય, થેરાપી, સમાજિકરણ જેવા વિષયોની તાલીમ આપવામાં આવે છે.

**શિક્ષક તાલીમ :** પ્રાથમિક શાળાઓમાં વિશિષ્ટ જરૂરિયાતવાળા ધોરણ-૧ થી ૮નાં બાળકોનું સમાવેશન વધે તે માટે શિક્ષકોને તબક્કાવાર બાળકોની સંખ્યા મુજબ અભ્યાસક્રમ, વર્ગ વ્યવહારની તાલીમ આપવામાં આવે છે.

**વિશિષ્ટ દિવસની ઉજવણી :** વિશિષ્ટ જરૂરિયાતવાળા ધોરણ-૧ થી ૮ના બાળકોનું સમાવેશન વધે તે માટે સફળ વિકલાંગોને લાગતા જુદા-જુદા દિવસો (બ્રેઈલ દિવસ, વિશ્વ વિકલાંગ દિવસ, સ્પેશિયલ ખેલ મહાકુંભ)ની તાલુકા કક્ષાએ ઉજવણી કરવામાં આવે છે.

**કરેક્ટિવ સર્જરી :** આરોગ્ય વિભાગના સંકલનમાં રહીને જરૂરિયાતવાળા બાળકોની માયનોર કરેક્ટિવ સર્જરી કરાવવામાં આવે છે.

**ટોલ-ફ્રી હેલ્પલાઈન :** વાલી, બાળકો, શિક્ષકોના માર્ગદર્શન માટે રાજ્ય કચેરી અને જિલ્લાની તમામ કચેરી ખાતે ટોલ-ફ્રી હેલ્પલાઈન સેવા શરૂ કરેલ છે. રાજ્ય કચેરીનો નંબર : ૧૮૦૦-૨૩૩-૭૯૬૫ છે.

સર્વ શિક્ષા અભિયાન મિશન અન્વયે રાજ્યભરમાં વિકલાંગ બાળકોને શિક્ષણ આપીને, સમાજની મુખ્ય ધારા સાથે જોડવાનો ભગીરથ પ્રયાસ **સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ, સર્વ શિક્ષા અભિયાન મિશન (એસ.એસ. એમ.એ.) સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭** ગુજરાત રાજ્ય, (ફોન : ૦૭૯-૨૩૩૫૦૬૯, ૨૩૨૩૪૯૩૯, ફેક્સ : ૦૭૯-૨૩૨૩૨૪૩૬) દ્વારા થઈ રહ્યો છે.

## ૧૬. વિકલાંગો માટેની ખાસ શાળાઓ/સંસ્થાઓ :

વિકલાંગ વ્યક્તિઓના કલ્યાણ માટે ગુજરાત સરકારે અનેક પ્રકારની કલ્યાણકારી યોજનાઓ દાખલ કરી છે, જેથી વિકલાંગ વ્યક્તિ શિક્ષણ, તાલીમ મેળવી સમાજમાં માનભેર જીવી શકે. તેઓના આરોગ્ય માટે પણ ખાસ ધ્યાન આપવામાં આવે છે.

વિવિધ પ્રકારનાં વિકલાંગો માટે સ્વૈચ્છિક સંસ્થાઓ કાર્યરત છે. વિકલાંગોને સંસ્થાગત રીતે તાલીમ અને શિક્ષણ આપવા હાલમાં ૧૩૫ જેટલી સ્વૈચ્છિક સંસ્થાઓને અનુદાન આપવામાં આવે છે, જેમાં પગારના ૧૦૦ ટકા તથા અન્ય નિભાવ ખર્ચ માટે ૯૦ ટકા અનુદાન આપવામાં આવે છે. આ ઉપરાંત ૧૦ જેટલી સંસ્થાઓ અનુદાન સિવાય પોતે સ્વૈચ્છિક ધોરણે કાર્યરત છે અને ૧૧ સંસ્થાઓ સરકાર મારફતે ચલાવવામાં આવે છે.

મોટી ઉંમરની માનસિક પડકારીતાવાળી મહિલાઓ માટે રાજ્યમાં ચાર સંસ્થાઓ શરૂ કરવામાં આવી છે.

## ૧૭. ૩૩ શાળાઓને ઈ-લર્નિંગ પ્રોજેક્ટ હેઠળ સ્માર્ટ સ્કૂલ બનાવવા બાબતનો રૂ. ૨૪૭.૫૦ લાખનો પ્રોજેક્ટ :

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હસ્તકની પ્રાથમિક શાળાઓને શિક્ષણ વિભાગને સમાંતર ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ ઈ-લર્નિંગ પ્રોજેક્ટ હેઠળ સમાજ સુરક્ષા ખાતાની ૩૩ વિકલાંગ કલ્યાણની શાળાઓને સ્માર્ટ શાળા તરીકે તૈયાર કરવાનું નક્કી થયેલ છે. સ્માર્ટ શાળાકીય અભિગમ દ્વારા વર્ગ ખંડમાં ઈન્ટરએક્ટિવ વાતાવરણ તૈયાર કરીને વિકલાંગ બાળકોને સંપૂર્ણ રીતે સ્વનિર્ભર બનાવવા માટે અને તેના વ્યક્તિત્વના સંપૂર્ણ ઘડતર માટે સ્માર્ટ શાળાઓ અગત્યનો ભાગ ભજવી શકે છે. જેના દ્વારા બાળકનો સર્વગ્રાહી વિકાસ ઝડપથી સાધી શકાય છે. તેમજ વિકલાંગ બાળકો જેવા કે અસ્થિવિષયક વિકલાંગ, મુક-બધિર-અંધ વગેરે માટે ખાસ ડિઝાઈન કરેલ શૈક્ષણિક સામગ્રી ઈ-કન્ટેન્ટ દ્વારા શિક્ષણ પૂરું પાડીને વિકલાંગ બાળકને ઝડપથી સમાજના સાંપ્રત પ્રવાહમાં ભેળવી શકાય છે.

સમાજ સુરક્ષા ખાતા હસ્તક વિકલાંગ કલ્યાણની ૧૩૫ શાળાઓ હાલ કાર્યરત છે જે પૈકીની ૩૩ શાળાઓને ચાલુ વર્ષે સ્માર્ટ શાળાઓ તરીકે રૂપાંતરીત કરવાની નવી બાબત વંચાણે લીધેલ પાત્રતાથી નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે સમાજ સુરક્ષા ખાતાની વિકલાંગ કલ્યાણ યોજના હેઠળની-૩૩ શાળાઓમાં સ્માર્ટ સ્કૂલ ઈ-લર્નિંગ પ્રોજેક્ટ માટે શાળા દીઠ રૂ. ૭.૫૦ લાખ લેખે અનુદાન આપવા અંગેની રૂ. ૨૪૭.૫૦ લાખની ઉપરોક્ત નવી બાબતને નીચેની શરતોએ વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

(૧) આ અંગેનો ખર્ચ તા. ૧-૪-૨૦૧૬ પછી કરવાનો રહેશે. અને જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

## ૧૮. વિકલાંગોના કલ્યાણ ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓએ નોંધણી (રજિસ્ટ્રેશન) કરાવવા બાબત :

વિકલાંગ (સમાન તકો - અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ધારો-૧૯૯૫ની કલમ-૫૧ **'નોંધણી પ્રમાણપત્રને સુસંગત હોવા સિવાય કોઈ વ્યક્તિએ વિકલાંગ માટેની સંસ્થા સ્થાપવી કે ચલાવવી નહિ'** તેવી જોગવાઈ હોઈ સંસ્થાના સંચાલકોએ નોંધણી પ્રમાણપત્ર મેળવવા નિયત નોંધણી ફોર્મ નંબર-૪ જે-તે જિલ્લાના જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી કે સમાજસુરક્ષા નિયામકશ્રીની કચેરી, જૂના સચિવાલય, ગાંધીનગર પાસેથી મેળવી, માંગેલ વિગતો ભરી (બે નકલમાં) પોતાના જિલ્લાના, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીમાં આપવાનું રહેશે. ત્યાર બાદ વિગતોની ચકાસણી કરી, સ્થળ તપાસ કરી, નોંધણી પ્રમાણપત્ર આપવામાં આવશે.

## ૧૯. શૈક્ષણિક સંસ્થાઓમાં વિકલાંગો માટે પ્રવેશમાં ૩ ટકા બેઠકો અનામત :

શિક્ષણ વિભાગના તારીખ : ૧૦-૭-૨૦૦૧ના ઠરાવ નં. પરચ - ૧૫-૨૦૦૧-૫૧૭-રથી રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં નીચે પ્રમાણેની વિકલાંગતા અનુસાર પ્રત્યેકની એક એક ટકા લેખે કુલ-૩ (ત્રણ) ટકા બેઠકો અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે.

(૧) અંધત્વ અથવા અલ્પ દૃષ્ટિ

(૨) મૂક બધિરની ખામી (બહેરા-મૂંગા)

(૩) અસ્થિ વિષયક વિકલાંગ અથવા મગજનો લકવો (મંદ બુદ્ધિ)

ભારત સરકારના ધારાને અનુરૂપ હવે શારીરિક ક્ષતિ ત્રણ પ્રકારમાં વહેંચી તેની વ્યાખ્યા કરવામાં આવી છે, જેમાં એક કેટેગરીનો વિકલાંગ ઉમેદવાર ન મળે અને અન્ય કેટેગરીનો વિકલાંગ ઉમેદવાર મળે કે જે ઉમેદવારોની વિકલાંગતા તેમના સમગ્ર અભ્યાસ કાળ દરમ્યાન શૈક્ષણિક કામગીરી માટે અવરોધક બને તેમ ન હોય તેવા ઉમેદવારથી જગ્યા ભરી શકાય. આમ કુલ ૩ ટકાની મર્યાદામાં રહીને એક કેટેગરીની અનામતને બીજી કેટેગરીની અનામતમાં અરસ-પરસ અદલા બદલીથી ભરી શકાશે. આ રીતે અનામતની ઈન્ટર ચેન્જેબિલિટીથી વિકલાંગ માટે પ્રવેશમાં ત્રણ ટકાનું પ્રતિનિધિત્વ કાયમ જળવાઈ રહે. આ અંગેનો સ્વયં સ્પષ્ટ ઠરાવ પાન ૧૫૬ ઉપર જોવા વિનંતી આશ્રમ શાળાઓમાં પણ ત્રણ ટકા જગ્યાઓ અનુ. જનજાતિના વિકલાંગો માટે અનામત રાખવા આદિજાતિ વિકાસ વિભાગે તા.૨૧-૮-૦૬ના ઠરાવ ક્રમાંક એસએસ/૨૦૦૬/૯૯/ઘથી જોગવાઈ કરી છે.

## ૨૦. અમદાવાદ સહિત દેશભરમાં પ્રજ્ઞાચક્ષુ ઉમેદવારો માટે NETના પ્રશ્નપત્રો બ્રેઈલ લિપિમાં :

સુપ્રિમકોર્ટે એક મહત્ત્વનો ચુકાદો આપતા યુસીને આદેશ કરીને અંધજનો માટે ખાસ બ્રેઈલલિપી આધારીત પેપરો તૈયાર કરવાનો ઓર્ડર કર્યો હતો, જેને પગલે યુજીસી દ્વારા પ્રથમવાર બ્રેઈલ લિપિમાં ૪૪ વિષયોમાં અંગ્રેજી અને હિન્દી ભાષાના પેપરો તૈયાર કર્યા હતા. અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી સેન્ટરમાં ૫૨૭૭ સહિત રાજ્યમાંથી અંદાજે લાખથી વધુ ઉમેદવારોએ નેટ પરીક્ષા આપી હતી.

સુપ્રિમના આદેશને પગલે યુજીસીએ ૪૪ વિષયોમાં બ્રેઈલ લિપિ પેપરો તૈયાર કર્યા : ગુજરાત યુનિ. ખાતેથી ૫૨૭૭ ઉમેદવારોએ પરીક્ષા આપી.

## ૨૧. હવે અંધ ઉમેદવારો પણ આસિ. પ્રોફેસર બની શક્શે :

અત્યાર સુધી દેશની ઉચ્ચ શિક્ષણની કોલેજોમાં અને અંધ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં અંધ ઉમેદવારો નહીં જોવા મળ્યા હોય પરંતુ હવેથી કોલેજોમાં વિદ્યાર્થીઓને અંધ પ્રોફેસરો પણ ભણાવતા નજરે પડશે. કારણ કે યુજીસી દ્વારા બ્રેઈલ લિપિ આધારીત પેપરો તૈયાર કરતા હવે અંધ ઉમેદવારો પણ સરળતાથી નેટ આપી શક્શે અને આ પરીક્ષા પાસ કરતા તેઓને કોલેજોમાં આસિસ્ટન્ટ પ્રોફેસર બનવાની તક મળી શકશે. અંધ ઉમેદવારો માટે ખરેખર તેમના જીવનની આ એક મોટી ઉપલબ્ધિ હશે.

## ૨૨. પ્રત્યેક વિકલાંગ બાળકને ૧૮ વર્ષનું થાય ત્યાં સુધી નિઃશૂલ્ક શિક્ષણ :

વિકલાંગ ધારો, ૧૯૯૫ના અમલના અનુસંધાને રાજ્યની સામાન્ય પ્રાથમિક, માધ્યમિક અને અવૈધિક શિક્ષણ આપતી શાળાઓ વિકલાંગ ધારાની કલમ - ૨૬ (એ) મુજબ પ્રત્યેક વિકલાંગ બાળકને ૧૮ વર્ષનું થાય ત્યાં સુધી નિઃશૂલ્ક શિક્ષણ મેળવવાની સરકારની મંજૂરી આપવામાં આવી છે. (શિક્ષણ વિભાગનો તારીખ : ૨૦-૧૦-૯૯નો ઠરાવ ક્રમાંક : આઈઈડી-૧૨૯૯-૧૯૬૨-ન. પાન નં. ૧૫૮ ઉપર જોવા વિનંતી)

## ૨૩. વિકલાંગ વિદ્યાર્થીઓ માટે 'શિષ્યવૃત્તિ'ની યોજના :

ગુજરાત રાજ્યના સમાજ સુરક્ષા ખાતા દ્વારા પ્રતિ વર્ષ વિકલાંગ, દ્રષ્ટિહીન, શ્રવણમંદ તથા મંદબુદ્ધિના વિદ્યાર્થીઓને વિકલાંગ શિષ્યવૃત્તિ મંજૂર કરવામાં આવે છે. દર વર્ષે જૂન મહિનામાં દૈનિક વર્તમાનપત્રોમાં જાહેરાત આપી વિકલાંગ વિદ્યાર્થીઓ પાસેથી વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના અન્વયે નિયત નમૂનામાં અરજીઓ મંગાવવામાં આવે છે.

**વિકલાંગ શિષ્યવૃત્તિ (ધો. ૧થી ૭ના તથા ૮થી વધુ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે)**

૧. નિયત અરજી ફોર્મ મેળવવા માટે અરજદાર વિદ્યાર્થી/સંસ્થાએ વિદ્યાર્થી જે શાળા/સંસ્થા/કોલેજમાં અભ્યાસ કરતા હોય તે સંસ્થાના લેખિત આધાર રજૂ કરવાથી સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીમાંથી જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી વિનામૂલ્યે મળી શક્શે. તેમજ જે તે વર્ષમાં ભરેલા ફોર્મ મોડામાં મોડા તા. ૩૧મી ઓગસ્ટ સુધીમાં તે જ કચેરીને પરત કરવાના રહેશે.

૨. ધો. ૧થી ૭ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ભરેલ અરજીફોર્મ શાળાએ તેઓની પગાર કેન્દ્ર શાળા મારફતે તથા ધોરણ-૮ કે તેથી વધુ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના અરજી ફોર્મ જે તે સ્કૂલ/કોલેજ સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીને મોકલી આપવાના રહેશે.

Download Source - haridpatel.blogspot.com

**વિકલાંગ શિષ્યવૃત્તિ નીચે મુજબ મળવાપાત્ર રહેશે.**

| **અભ્યાસનું ધોરણ** | **રકમ રૂ.** |
|---|---|
| ધો. ૧થી ૭ | ૧૦૦૦/- |
| ધો. ૮થી ૧૨ અને સમકક્ષ આઈ.ટી.આઈ. | ૧૫૦૦/- |
| હોસ્ટેલમાં રહેલા હોય તેવા વિદ્યાર્થીઓ માટે | ૨૦૦૦/- |
| બી.એ., બી.એસ.સી., બી.કોમ. અને સમકક્ષ ડિગ્રી અભ્યાસક્રમ | ૨૫૦૦/- |
| હોસ્ટેલમાં રહેતા હોય તેવા વિદ્યાર્થીઓ માટે | ૩૨૫૦/- |
| બી.ઈ./ બી.ટેક./એમબીબીએસ/એલએલબી | |
| બી.એડ., ડિપ્લોમા ઈન પ્રોફેશનલ એન્ડ એન્જી. સ્ટડી વગેરે ઈન પ્લાન્ટ ટ્રેનિંગ. | ૩૦૦૦/- |
| હોસ્ટેલમાં રહેતા હોય તેવા વિદ્યાર્થીઓ માટે | ૪૦૦૦/- |
| એમ.એ./એમ.એસ.સી./એમ.કોમ., એલ.એલ.બી./એમ.એડ. | ૩૦૦૦/ |
| હોસ્ટેલમાં રહેતા હોય તેવા વિદ્યાર્થીઓ માટે | ૪૦૦૦/ |
| અંધ વ્યક્તિઓ માટે રીડર એલાઉન્સ રૂ... | ૧૦૦૦/- |

અગાઉની શિષ્યવૃત્તિ યોજનામાં વિદ્યાર્થીના વાલીની આવક મર્યાદાની જોગવાઈ હતી તે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા. ૧૧-૧૨-૧૫ના ઠરાવથી વિકલાંગ શિષ્ટવૃત્તિ યોજનામાં મુખ્યમંત્રીશ્રી સ્વાવલંબન યોજનાના ધોરણે વિકલાંગ બાળકોને આપવામાં આવતી શિષ્યવૃત્તિમાં વિકલાંગ વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવકની મર્યાદાની શરત નાબૂદ કરવામાં આવેલ છે.

**(અ) વિકલાંગ શિષ્યવૃત્તિ મેળવવાની પાત્રતા :**

(૧) અભ્યાસ કરતા વિકલાંગ વિદ્યાર્થીની વિકલાંગતાની ટકાવારી ૪૦ ટકાથી ઓછી ન હોવી જોઈએ. દ્દષ્ટિહીન ૮૦%, મુકબધિર ૭૧ ડેસીબલ તથા માનસિક પડકારીતા ૫૦-૭૦ બુદ્ધિઆંક ધરાવનારને શિષ્યવૃત્તિ મળવાપાત્ર.

(૨) છેલ્લી વાર્ષિક પરીક્ષામાં ઓછામાં ઓછા ૪૦ ટકા ગુણથી ઉત્તીર્ણ થયા હોવા જોઈએ.

(૩) જે તે અભ્યાસમાં હાજરીની સંતોષકારક નિયમિતતા જરૂરી છે.

(૪) વિકલાંગ ઓળખકાર્ડ ધરાવતા હોવા જોઈએ.

(૫) વિકલાંગ શિષ્યવૃત્તિ જે તે વિદ્યાર્થીના બેંકના ખાતામાં સીધી જમા કરાવવામાં આવે છે.

**(ક) વિકલાંગતા શિષ્યવૃત્તિના અરજીપત્રક મેળવવા અંગે :**

(૧) દર વર્ષે શૈક્ષણિક કાર્ય શરૂ થતાં ૧૫મી જૂન થી ૩૧મી ઓગસ્ટ સુધી મળવાપાત્ર છે અને સંપૂર્ણ રીતે ભરીને ઑગસ્ટના અંત સુધીમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીમાં પરત કરવાના હોય છે.

(૨) અરજીપત્રકો શાળા, સ્કૂલ કે કૉલેજ દ્વારા લખાણ આપવાથી રીન્યુઅલ ફોર્મ કે ફ્રેશ ફોર્મ અરજીપત્રકો જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીમાંથી વિના મૂલ્યે આપવામાં આવે છે.

**(ડ) વિકલાંગતા શિષ્યવૃત્તિ અરજીપત્રકો સાથે સામેલ કરવાના પુરાવા :**

(૧) વિકલાંગ વિદ્યાર્થીનું વિકલાંગતા ઓળખકાર્ડ તથા જે તે નિષ્ણાંત તબીબનું ટકાવારીનું પ્રમાણપત્ર.

(૨) ગત વર્ષની વાર્ષિક પરીક્ષાના પરિણામની પ્રમાણિત નકલ.

(૩) અરજીપત્રકો જે તે શૈક્ષણિક સંસ્થા દ્વારા સંપૂર્ણ માહિતી સાથે મોકલવાના હોય છે.

(૪) વિદ્યાર્થીના એસ.સી., એસ.ટી., બક્ષીપંચ કે સામાન્ય અલગ-અલગ પત્રક સાથે અરજીપત્રકો મોકલવા.

**(ઈ) વિકલાંગ શિષ્યવૃત્તિ ક્યારે મળવાપાત્ર થતી નથી :**

(૧) વિકલાંગ વિદ્યાર્થી શાળા, સ્કૂલ, કૉલેજ કે શૈક્ષણિક સંસ્થામાં અનિયમિત હોય ત્યારે.

(૨) અભ્યાસ છોડી દેવાથી.

(૩) વિદ્યાર્થીનું આકસ્મિક મૃત્યુ થવાથી.

(૪) પછાત વર્ગ કે આદિજાતિની શિષ્યવૃત્તિ મેળવતા હોય તો અથવા સરકારી ખાતાની શિષ્યવૃત્તિ મેળવતા હોય તો.

(૫) વિકલાંગ શિષ્યવૃત્તિ મંજૂર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની છે.

## નીચેની જાહેરાત દૈનિક પેપરમાં આવેલી છે તે જાણ માટે

દિવ્યાંગજન વિદ્યાર્થીઓને અભ્યાસના અવસરે આપવા માટે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારત સરકાર દ્વાર દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગે અભ્યાસના માધ્યમ દ્વારા તેમનું સશક્તિકરણ કરવાની વિવિધ યોજનાઓ અમલી બનાવી છે.

| ક્રમ | યોજના | સામેલ અભ્યાસક્રમ | પ્રતિવર્ષ શિષ્યવૃત્તિઓની સંખ્યા | વાર્ષિક આવક મર્યાદા | શિષ્યવૃત્તિની રકમ | અરજી કેવી રીતે કરવી |
|---|---|---|---|---|---|---|
| ૧ | મેટ્રિક પહેલાની શિષ્યવૃત્તિ | ધોરણ-૯ અને ૧૦ | ૪૬,૦૦૦ | રૂ. ૨ લાખ | અનઆવાસિય વિદ્યાર્થીઓ માટે ૩૫૦ રૂપિયા તથા આવાસિય વિદ્યાર્થીઓ માટે રૂ. ૬૦૦ પ્રતિમાસ રખરખાવ ભથ્થા + પુસ્તક અનુદાન તથા પરિવહન ભાડું, રીડર ભાડું જેવા ભથ્થાં | વિદ્યાર્થીઓ પાસેથી અપેક્ષા છે કે તેઓ રાષ્ટ્રીય ઈલેક્ટ્રોનિક શિષ્યવૃત્તિ www.scholarship.gov.in પોર્ટલ પર ઓનલાઈન અરજી પ્રસ્તુત કરે. |
| ૨ | મેટ્રિક ઉપરાંત શિષ્યવૃત્તિ | ધોરણ-૧૧થી માસ્ટરી ડિગ્રી અથવા ડિપ્લોમા કક્ષા | ૧૬.૬૫૦ | રૂ. ૨.૫ લાખ | જુદા જુદા વિષયોમાં સ્નાતકોતર, ગેર ડિગ્રી-ડિપ્લોમા, ડિગ્રીના ધોરણે વ્યવસાયિક અભ્યાસક્રમ ડિપ્લોમા વગેરેમાં જુદી જુદી કિંમત હોય છે. આવાસિય વિદ્યાર્થીઓ માટે ૩૮૦-૧૨૦૦ની રેન્જમાં તથા અન્ય આવાસિય વિદ્યાર્થીઓ માટે રૂ. ૨૩૦-૫૫૦ની રેન્જમાં + ટ્યૂશન ફી, ભથ્થાં, પુસ્તક અનુદાન વગેરે હોય છે. | |
| ૩ | ઉચ્ચ શ્રેણી અભ્યાસ માટે શિષ્યવૃત્તિ | શ્રેષ્ઠતાના ૧૯૭ અધિસૂચિત સંસ્થાનોમાં સ્નાતકોતર ડિગ્રી અથવા ડિપ્લોમા | ૧૬૦ | રૂ. ૬ લાખ | આવાસિય વિદ્યાર્થીઓ માટે રૂ. ૩૦૦૦, અન આવાસિય વિદ્યાર્થીઓ માટે રૂ. ૧૫૦૦ પ્રતિમાસ રખરખાવ ભથ્થાં, રૂ. ૨૦૦૦ દિવ્યાંગતા ભથ્થું, પુસ્તક અનુદાન રૂ. ૫૦૦૦ પ્રતિવર્ષ, રૂ. ૨ લાખ સુધીની ટ્યુશન ફી | |
| ૪ | દિવ્યાંગજનો માટે રાષ્ટ્રીય ફેલોશિપ | એમફીલ/પીએચડી | ૨૦૦ | આવકની કોઈ મર્યાદા નહીં | જેઆરએફ (પહેલાં બે વર્ષ) માટે રૂ. ૨૫૦૦૦ પ્રતિમાસ તથા એસઆરએફ (ત્રણ વર્ષથી અભ્યાસક્રમ પૂરો થવાના સમય સુધી) તથા સ્કૂટર અનુદાન, એસકોર્ટ ભથ્થું/રીડર ભથ્થું, એચઆરએ વગેરે | વિદ્યાર્થીઓ પાસેથી અપેક્ષા છે કે તેઓ વિશ્વવિદ્યાલય અનુદાન આયોગની વેબસાઈટ www.ugc.ac.in પર ઓનલાઈન અરજી પ્રસ્તુત કરે. |
| ૫ | નેશનલ ઓવરસિઝ શિષ્યવૃત્તિ | વિદેશોમાં રહેતા વિદેશી વિશ્વ વિદ્યાલયોમાં સ્નાતકોતર ડિગ્રી તથા ડોક્ટરેટ ડિગ્રી | ૨૦ | રૂ. ૬ લાખ | યુ.કે. માટે ૯,૯૦૦ પાઉન્ડ (ગ્રેટ બ્રિટન) વાર્ષિક તથા અન્ય દેશો માટે ૧૫,૪૦૦ યુએસ ડોલર + વાર્ષિક ટ્યૂશન ફી, ફૂટકર ભથ્થાં, હવાઈ ખર્ચ વગેરે. | સમાચાર પત્રોમાં જાહેરાત દ્વારા આવેદનપત્રો આમંત્રિત કરવામાં આવે છે. પ્રત્યાશિયોની પસંદગી દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ દ્વારા કરવામાં આવે છે. |

આ શિષ્યવૃત્તિ યોજનાનો ૪૦ ટકાથી વધારે દિવ્યાંગતાવાળા વિદ્યાર્થીઓ માટે અમલમાં છે. સક્ષમ ચિકિત્સા અધિકારી દ્વારા અપાયેલી દિવ્યાંગતા પ્રમાણપત્ર હોવું જરૂરી. શિષ્યવૃત્તિ યોજનાઓ વિશે વધારે જાણકારી માટે વેબસાઈટ www.disabilityaffairs.gov.in જુઓ. (દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, સામાજિક અને ન્યાય અધિકારીતા મંત્રાલય, ભારત સરકાર)

**દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિઓ :**

દિવ્યાંગજન વિદ્યાર્થીઓને અભ્યાસના અવસરે આપવા માટે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય ભારત સરકારના દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગે અભ્યાસના માધ્યમ દ્વારા તેમનું સશક્તિકરણ કરવાની વિવિધ યોજનાઓ પણ બનાવી છે.

૧. **મેટ્રિક પહેલાંની શિષ્યવૃત્તિ :** ધોરણ-૮ અને ૧૦, પ્રતિવર્ષ શિષ્યવૃત્તિની સંખ્યા ૪૬,૦૦૦, વાર્ષિક આવક મર્યાદા રૂ. ૨ લાખ, શિષ્યવૃત્તિની રકમ - અન આવાસિય વિદ્યાર્થીઓ માટે ૩૫૦ રૂપિયા તથા આવાસિય વિદ્યાર્થીઓ માટે રૂ. ૬૦૦ પ્રતિમાસ રખરખાવ ભથ્થાં + પુસ્તક અનુદાન તથા પરિવહન ભાડું, રીડર ભાડું જેવાં ભથ્થાં.

૨. **મેટ્રિક ઉપરાંત શિષ્યવૃત્તિ :** ધોરણ-૧૧ થી માસ્ટર ડિગ્રી અથવા ડિપ્લોમા કક્ષા, પ્રતિ વર્ષ શિષ્યવૃત્તિની સંખ્યા ૧૬૬૫૦, વાર્ષિક આવક મર્યાદા રૂ. ૨.૫૦ લાખ, શિષ્યવૃત્તિની રકમ - જુદા જુદા વિષયોમાં સ્નાતકોત્તર, ગેર ડિગ્રી-ડિપ્લોમા, ડિગ્રીના ધોરણે વ્યવસાયિક અભ્યાસક્રમ ડિપ્લોમા વગેરેમાં જુદી જુદી કિંમત હોય છે. આવાસિય વિદ્યાર્થીઓ માટે ૩૮૦-૧૨૦૦ની રેન્જમાં તથા અન આવાસિય વિદ્યાર્થીઓ માટે રૂ. ૨૩૦-૫૫૦ની રેન્જમાં + ટ્યુશન ફી, ભથ્થાં, પુસ્તક અનુદાન વગેરે હોય છે.

૩. **ઉચ્ચ શ્રેણી અભ્યાસ માટે શિષ્યવૃત્તિ :** શ્રેષ્ઠતાના ૧૯૭ અધિસૂચિત સંસ્થાનોમાં સ્નાતકોતર ડિગ્રી અથવા ડિપ્લોમા, પ્રતિ વર્ષ શિષ્યવૃત્તિઓની સંખ્યા ૧૬૦, વાર્ષિક આવક મર્યાદા રૂ. ૬.૦૦ લાખ, શિષ્યવૃત્તિની રકમ - આવાસિય વિદ્યાર્થીઓ માટે ૩,૦૦૦ રૂપિયા, અન આવાસિય વિદ્યાર્થીઓ માટે રૂ. ૧૫૦૦ પ્રતિમાસ રખરખાવ ભથ્થાં ૨૦૦૦ રૂપિયા દિવ્યાંગતા ભથ્થું, પુસ્તક અનુદાન ૫૦૦૦ રૂપિયા પ્રતિવર્ષ, ૨.૦૦ લાખ રૂપિયા સુધીની ટ્યૂશન ફી.

(વિદ્યાર્થીઓ પાસેથી અપેક્ષા છે કે તેઓ રાષ્ટ્રીય ઈલેક્ટ્રોનિક શિષ્યવૃત્તિ પોર્ટલ www.scholarships.gov.in પર ઓનલાઈન અરજી પ્રસ્તુત કરે.

૪. દિવ્યાંગજનો માટે રાષ્ટ્રીય ફેલોશીપ : એમફીલ/પીએચડી, પ્રતિવર્ષ શિષ્યવૃત્તિઓની સંખ્યા ૨૦૦, વાર્ષિક આવક મર્યાદા કોઈ નહીં, શિષ્યવૃત્તિની રકમ - જેઆરએફ (પહેલાં બે વર્ષ) માટે ૨૫.૦૦૦ રૂપિયા પ્રતિમાસ તથા એસઆરએફ (ત્રણ વર્ષથી અભ્યાસક્રમ પૂરો થવાની રકમ સુધી) તથા ફૂટકર અનુદાન, એસકોર્ટ ભથ્થું/રીડર ભથ્થું, એચઆરએ વગેરે.

(વિદ્યાર્થીઓ પાસેથી અપેક્ષા છે કે તેઓ વિશ્વવિદ્યાલય અનુદાન આયોગની વેબસાઈટ www.ugc.ac.in પર ઓનલાઈન અરજી પ્રસ્તુત કરે.

૫. નેશનલ ઓવરસીઝ શિષ્યવૃત્તિ : વિદેશોમાં રહેતા વિદેશી વિશ્વવિદ્યાલયોમાં સ્નાતકોતર ડિગ્રી તથા ડોકટરેટ ડિગ્રી, પ્રતિવર્ષ શિષ્યવૃત્તિઓની સંખ્યા ૨૦, વાર્ષિક આવક મર્યાદા રૂ. ૬ લાખ, શિષ્યવૃત્તિની રકમ - યુ.કે. માટે ૯.૯૦૦ પાઉન્ડ (ગ્રેટ બ્રિટન) વાર્ષિક તથા અન્ય દેશો માટે ૧૫,૪૦૦ યુએસ ડોલર વાર્ષિક + ટ્યૂશન ફી, ફૂટકર ભથ્થાં, હવાઈ ખર્ચ વગેરે.

(સમાચાર પત્રોમાં જાહેરાત દ્વારા આવેદનપત્રો આમંત્રિત કરવામાં આવે છે. પ્રત્યાશિયોની પસંદગી દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ દ્વારા કરવામાં આવે છે.)

**વિકલાંગ વિદ્યાર્થીઓ માટેની ૨૫૦૦ છાત્રવૃત્તિઓ : (શૈક્ષણિક સત્ર ૨૦૧૬-૧૭)- (ભારત સરકાર તરફથી દર વર્ષે આવી જાહેરાત દૈનિક વર્તમાનપત્રોમાં આવે છે તે માહિતી માટે)**

www.socialjustice.nic.in • www.nhfdc.nic.in

વિકલાંગજન સશક્તિકરણ વિભાગ સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારત સરકારની તરફથી નેશનલ હેન્ડિકેપ્ટ ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન(એનએચએફડીસી) છાત્રવૃત્તિ યોજના (ટ્રસ્ટ ફંડ) માટે વિકલાંગ વિદ્યાર્થીઓ પાસેથી છાત્રવૃત્તિ પ્રદાન કરવા માટે આવેદન મંગાવવામાં આવે છે.

- આ યોજના અંતર્ગત ભારતમાં માન્યતા પ્રાપ્ત સંસ્થાઓના સ્નાતક તેમજ સ્નાતકોત્તર પાઠ્યક્રમમાં વ્યવસાયિક/ટેકનિકલ શિક્ષણ માટે ૨૫૦૦ શિષ્યવૃત્તિઓ આપવામાં આવશે.
- ૩૦ ટકા છાત્રવૃત્તિઓ કન્યાઓ માટે આરક્ષિત છે. જો કન્યાઓની ઉમેદવારી નહીં આવે તો તેને કિશોરોમાં હસ્તાંતરિક કરવામાં આવશે.
- આવેદકોને શિષ્યવૃત્તિ ત્રિમાસિક ધોરણે, અગાઉના ત્રિમાસિક આવેદનોના આધારે આપવામાં આવશે. યોજના હેઠળ, આવેદનની મુખ્ય નકલ આવેદક દ્વારા ઓનલાઈન (www.nhfdc.nic.in) પણ જમા કરવી પડશે.
- ફરીથી પરત થયેલ-થવા યોગ્ય ફીની પુનઃ ચૂકવણીની રકમ સરકારી / સરકાર પાસેથી અનુદાન મેળવતી સંસ્થાઓના સમાન

પાઠ્યક્રમ શુલ્ક રકમ સુધી મર્યાદિત રહેશે. વ્યવસાયિક સ્નાતક પાઠ્યક્રમના છાત્રો માટે ભરણપોષણ ભથ્થું રૂ. ૨૫૦૦/- તથા (વ્યવસાયિક સ્નાતકોતર પાઠ્યક્રમ માટે) રૂ. ૩૦૦૦/- પ્રતિ મહિના ચૂકવવામાં આવશે. જે ૧૦ મહિના માટે દેવામાં આવશે.

- વ્યાવસાયિક સ્નાતક પાઠ્યક્રમ માટે રૂ. ૬૦૦૦/- તેમજ વ્યવસાયિક સ્નાતકોતર પાઠ્યક્રમને માટે રૂ. ૧૦,૦૦૦ વાર્ષિક પુસ્તકો/ સ્ટેશનરી ભથ્થા પેટે ચૂકવવામાં આવશે.વિકલાંગ છાત્રો માટે આ સાથે ઉપકરણ ખરીદવા માટે નાણાકીય સહાયતા ઉપલબ્ધ કરાવવામાં આવશે. (જીવનકાળમાં એક વાર)
- લાભાર્થી/માતા-પિતા અથવા આવેદનકર્તાની માસિક આવક, તમામ સ્ત્રોતોમાંથી મળીને રૂ. ૨૫,૦૦૦/- પ્રતિ માસ (રૂપિયા ૩.૦૦ લાખ પ્રતિ વર્ષ)થી વધારે નહીં હોવી જોઈએ.
- આ યોજનાના અંતર્ગત છાત્રવૃત્તિ મેળવનારા અન્ય કોઈ છાત્રવૃત્તિ/વૃત્તિકા લઈ શક્શે નહીં.
- અરજી કેવી રીતે કરશોઃ અરજી કરનારે ઓનલાઈન (www.nhfdc.nic.in) આવેદન કર ભરેલ આવેદન પત્રની છપાયેલી નકલને પોતાના સંસ્થાના વડાની ભલામણ લઈને તમામ સંબંધિત દસ્તાવેજોની સાથે નેશનલ હેન્ડીકેપ્ટ ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન(એનએચએફડીસી) ત્રીજો માળ, પીએચ.ડી હાઉસ, ૪/૨, સીરી ઈન્સ્ટીટ્યુશનલ એરીયા, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, નવી દિલ્હી-૧૧૦૦૧૬ને મોકલો. છપાયેલ આવેદનપત્ર વગર આવેદક દ્વારા મોકલેલ ઓનલાઈન આવેદન ઉપર વિચાર કરવામાં આવશે નહિં. આ યોજના હેઠળ, આવેદક શૈક્ષણિક સત્ર ૧ જુલાઈ ૨૦૧૬ થી ૩૦ જૂન ૨૦૧૭ દરમિયાન કોઈપણ સમયે અરજી કરી શકે છે.

**આવેદનની હાર્ડ કોપીની સાથે સંલગ્નકોની યાદી :**

(૧) શૈક્ષણિક રેકોર્ડ- પાત્રતા પરીક્ષા માટે પ્રાસંગિકલ પ્રમાણપત્ર/માર્કશીટની મૂળ નકલ.

(૨) વાર્ષિક આવકનું પ્રમાણ : માતાપિતા/આવેદન કરનારની આવકનું પ્રમાણપત્ર/પગાર-વેતનની છેલ્લામાં છેલ્લી પહોંચ/ આવકવેરાની પહોંચ અથવા રાજસ્વ અધિકારી/ રાજપિત્રત અધિકારી/ લોકપ્રતિનિધિ ઉદાહરણ માટે સંસદસભ્ય, ધારાસભ્ય, વિધાન પરિષદના સભ્ય, પંચાયત અધિકારીઓ વગેરે દ્વારા અપાયેલ આવકનું પ્રમાણપત્ર.

(૩) વિકલાંગતા પ્રમાણપત્રની રાજપત્રિત અધિકારી અધિકૃત હસ્તાક્ષરકર્તા દ્વારા સર્ટિફાઈડ નકલ અથવા પ્રમાણિત નકલ.

(૪) કોર્ષ ફીની રસીદ, જો કોઈ હોય તો તે વિધિવત્ત શૈક્ષણિકસત્રની વચ્ચે ચૂકવવામાં આવેલ હોય તેની વિધિવત્ સંસ્થાના અધિકૃ ત હસ્તાક્ષરકર્તા દ્વારા કરાયેલ પ્રમાણિત નકલ.

(૫) વિધિવત્ સંસ્થાના અધિકૃત હસ્તાક્ષરકર્તા દ્વારા પ્રતિ હસ્તાક્ષરીત પાત્ર સહાયક ઉપકરણોની રસીદ/ચલણ.

(૬) એક સફળ વર્ષમાં છાત્રવૃત્તિની નિરંતરતાની બાબતમાં પાછલા વર્ષના ગુણયાદીની રાજપત્રિત અધિકારી દ્વારા અધિકૃત હસ્તાક્ષરકર્તા દ્વારા પ્રમાણિત નકલ.

(૭) બેંક બચત ખાતાની પાસબુકની નકલ અથવા રદ્દ્ થયેલ ચેક.

- અન્ય જાણકારી માટે એનએચએફડીસીની વેબસાઈટ (www.nhfdc.nic.in) જુઓ. અથવા ટેલીફોન નં. ૦૧૧-૪૦૫૪૧૩૫૫, ૪૫૦૮૮૬૩૮, ફેક્સ નંબર ૦૧૧-૪૫૦૮૮૬૩૬ ઈમેઈલ nhfdc@gmail.com પર સંપર્ક કરો.

## ૨૪. શ્રવણમંદોને શિષ્યવૃત્તિ :

ઘરેથી શ્રવણમંદની શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સરકારની શિષ્યવૃત્તિનો લાભ નીચે પ્રમાણે મળે છે :

(૧) પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં મૂક-બધિરોને વાર્ષિક રૂા.૫૦૦-૦૦

(૨) ધોરણ ૧૨ તથા તેની ઉપરના શ્રવણમંદ વિદ્યાર્થીને વાર્ષિક રૂા.૧,૨૦૦-૦૦

(૩) બોર્ડિંગમાં રહીને અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પાસેથી કોઈ પણ પ્રકારની ફી લેવામાં આવતી નથી અને સંસ્થામાં મફત શિક્ષણ મળે છે.

**વડોદરા નિલમ પટેલ બહુશ્રુત ફાઉન્ડેશન દ્વારા કર્ણા બધિર વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ**

નિલમ પટેલ બહુશ્રુત ફાઉન્ડેશન, કર્ણબધિર વિદ્યાર્થીઓ જેઓએ માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, સ્નાતક યા અનુસ્નાતકની પરીક્ષા નિયમિત શાળા, કોલેજ યા કોઈ શૈક્ષણિક સંસ્થામાં ઉર્તીણ કરેલ હોય તેઓને શિષ્યવૃત્તિ મેળવવા માટેની અરજી કરી શકે છે. ગુજરાતના જે કર્ણબધિર વિદ્યાર્થીઓએ, ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા કર્ણબધિર શાળામાંથી ઉર્તીણ કરી હોય પરંતુ કોલેજ અથવા યુનિવર્સિટીમાં દાખલો મળી ગયો હોય તે વિદ્યાર્થીઓ પણ'' શિષ્યવૃત્તિ માટે અરજી કરી શકે છે. આ માટેનું અરજીપત્રક સંસ્થાની નીચે જણાવેલ વેબસાઈટના સરનામેથી મેળવવાનું રહેશે. વેબસાઈટ : www.bahushrutfoundation.org

નીલમ પટેલ,
બહુશ્રુત ફાઉન્ડેશન, એસ.એફ.૨૦૫, હીવરડેલ એપાર્ટમેન્ટ,
અતમુનપાર્કની સામે, અકોટા-વડોદરા.

## ૨૫. કર્મયોગીઓનાં ૧૬ વર્ષ સુધીનાં સંતાનોને 'કોકલીયર ઇમ્પ્લાન્ટ'ની સારવારના ખર્ચનું વળતર મળશે :

જે બાળકો જન્મજાત સાંભળી શકતા નથી તેવા બાળકોની બહેરાશ દૂર કરવા માટે 'કોકલીયર ઈમ્પ્લાન્ટ' કરવામાં આવે છે. કોકલીયર ઈમ્પ્લાન્ટ સિસ્ટમ બેસાડવાના ઓપરેશનની સારવાર કરાવવાથી જન્મજાત વિકલાંગતા દૂર કરી બીજા બાળકોની જેમ સામાન્ય જિંદગી જીવી શકે છે. આ સારવાર ઘણી મોંઘી હોઇ રાજ્ય સરકારે કર્મચારીઓના સંતાનોને આ સારવારના ખર્ચનું વળતર આપવાનો નિર્ણય કર્યો છે, એમ આરોગ્ય વિભાગના ઠરાવમાં જણાવાયું છે.

ઠરાવમાં વધુમાં જણાવ્યાનુસાર કોકલીયર ઈમ્પ્લાન્ટની સારવાર કર્મચારીઓએ સરકારી હોસ્પિટલમાં લીધેલી હોવી જરૂરી છે. આ માટે કર્મચારીના ૧ થી ૧૬ વર્ષના બાળકોને જ ખર્ચ મળવાપાત્ર થશે. સરકારી હોસ્પિટલ / સિવિલ હોસ્પિટલ અમદાવાદના ઇ.એન.ટી.ના તજજ્ઞ ડૉકટર દ્વારા ભલામણ થઇ હોય તેવા મલ્ટીચેનલ કોકલીયર ઈમ્પ્લાન્ટ માન્ય રહેશે. ઓપરેશન કરાવતા પહેલાં પ્રિ-ઈન્વેસ્ટીગેશન, જરૂરી ટેસ્ટ કરાવવાના રહેશે અને તેના આધારે માન્યતા, મંજૂરી મેળવવાની રહેશે.

આ ઓપરેશન માટેની કિંમત મર્યાદા રૂ.૫,૩૫,૦૦૦ની રહેશે. જેમાં ઉંમર અને દવાને ધ્યાને લઇ ખર્ચ મંજૂર કરવામાં આવશે. જેમાં સંતાનની ઉંમર ૧ થી ૫ વર્ષ હોય ત્યારે થયેલા ખર્ચ અથવા રૂ.૫,૩૫,૦૦૦ બેમાંથી જે ઓછું હોય તે, ઉંમર ૫ થી ૧૦ વર્ષ હોય તો માન્ય ખર્ચના ૮૦ ટકા અથવા થયેલ ખર્ચ બેમાંથી જે ઓછું હોય તે, ઉંમર ૧૦ થી ૧૬ વર્ષની અંદરના સંતાનો માટે માન્ય ખર્ચના ૫૦ ટકા અથવા થયેલ ખર્ચ બેમાંથી જે ઓછું હોય તે મંજૂર કરવામાં આવશે. ૧૬ વર્ષથી ઉપરની વયના બાળકોને કોકલીયર ઈમ્પ્લાન્ટની સારવારનો ખર્ચ-વળતર મળવાપાત્ર રહેશે નહીં.

અત્રે ઉલ્લેખનીય છે કે, કોકલીયર ઈમ્પ્લાન્ટનું ઓપરેશન કરાવ્યા બાદ ૩ વર્ષ પછી સ્પીચ પ્રોસેસ, માઇક્રોફોન વગેરે જેવા કમ્પોનન્ટસ માટે અપગ્રેડેશન માટે સમિતિની પૂર્વ મંજૂરીથી નિયત થયેલ કિંમત મર્યાદાના ૫૦ ટકા વળતર મળવાપાત્ર રહેશે. કોકલીયર ઈમ્પ્લાન્ટ એ પૂર્વ આયોજીત ઓપરેશન હોઇ, પૂર્વ મંજૂરી સિવાયના ઓપરેશન માટે કોઇ પણ રકમ રીએમ્બર્સમેન્ટને પાત્ર રહેશે નહીં. ફકત યુનિલેટર્સ ઈમ્પ્લાન્ટસને જ મંજૂરી મળવાપાત્ર રહેશે.

## ૨૬. શ્રવણમંદો માટે હાઇસ્કૂલ કક્ષાનું શિક્ષણ :

(૧) બહેરા-મૂંગાની શાળા, આશ્રમ રોડ, અમદાવાદ. ફોન. (૦૭૯) ૨૬૫૮૬૧૩૮

(૨) શ્રી એસ.જી. બ્રહ્મભટ્ટ બધિર વિદ્યાવિહાર, ડભાણ રોડ, નડિયાદ. ફોન. (૦૨૬૮) ૨૮૧૯૮૧

(૩) સમર્પણ મૂક-બધિર વિદ્યામંદિર, સેક્ટર-૨૮, ચ-૧૧૧, ગાંધીનગર ફોન. (૦૭૯) ૨૩૨૧૧૩૩૨

(૪) શ્રીમતી કમળાબહેન બધિર માધ્યમિક વિદ્યાલય (મુકધ્વનિ ટ્રસ્ટ, વોટર ટેન્ક રોડ, કારેલીબાગ, વડોદરા)
ફોન. (૦૨૬૫) ૨૪૬૧૧૦૫, ૨૪૬૨૩૮૨

(૫) ગ.કી.નાયક બધિર કન્યા વિદ્યાલય, પ્રાથમિક અને માધ્યમિક વિભાગ
(ગાંધીધર કછોલી, મુ.પો. કછોલી-૩૯૬૩૭૦) ફોન. (૦૨૬૩૪) ૨૭૨૨૫૯

(૬) બળવંતરાય અને ઈંદુબેન નાયક બહેરા-મૂંગાની શાળા પ્રાથમિક અને માધ્યમિક વિભાગ,
રેલ્વે સ્ટેશન, અમલસાડ તા. ગણદેવી, જિ. નવસારી ફોન : (૦૨૬૩૪) ૨૭૨૨૫૯, ૨૭૦૭૫૯, ૨૭૦૬૪૪

## ૨૭. દૃષ્ટિહીન/હાથ કપાયેલ વિકલાંગ પરીક્ષાર્થીને લહિયાની મદદ-નિર્ધારિત સમય કરતાં ત્રીસ મિનિટનો વધુ સમય :

અંધત્વ ધરાવતા, શારીરિક પંગુતા ધરાવતા, ચામડીની બીમારીવાળા, Dyslexic, કિડનીના રોગો, કેન્સર, થેલેસેમિયા, muschular dystrothy, myopathieth, parkinson, hemophilia કે dominent upper limbમાં ફેક્ચર કે સ્નાયુઓની ઇજાના જેવી ગંભીર પ્રકારની બીમારીથી પીડાતા હોય તેવા કે, અન્ય કોઈ કારણસર લખવાને અસમર્થ હોય તેવા ઉમેદવારોને લહિયાની સેવા જિલ્લા શિક્ષણાધિકારીની મંજૂરીથી કેન્દ્ર સંચાલકે સિવિલ સર્જન/આર.એમ.ઓ./આસી. સર્જનથી ઉતરતા હોદ્દાની ન હોય તેવા તબીબી અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવ્યેથી પૂરી પાડવાની રહેશે.

આકસ્મિક સંજોગોમાં લખવાને અસમર્થ બનેલ ઉમેદવારને પણ લહિયાની સેવા પૂરી પાડવાની જોગવાઈ છે.



- જે ઉમેદવારો માટે લહિયાની વ્યવસ્થા થઈ હોય તેના માટે નિયત કરેલા અથવા ફાળવાયેલા કેન્દ્ર અને ખંડમાં પરીક્ષા આપવાની રહેશે.
- વિનિમય-૨૬(૩) મુજબ લહિયાની સેવા લેનાર ઉમેદવારે લહિયાને નિયત કરેલ શુલ્ક ચૂકવવાનું રહેશે. આ માટેના દર પ્રતિ કલાક રૂપિયા ૫૦/- રહેશે. એટલે કે ત્રણ કલાકના પ્રશ્નપત્ર માટે લહિયાને રૂપિયા ૧૫૦/- શુલ્ક (મહેનતાણું) ચૂકવવાનું રહેશે.
- લહિયાની સેવા મેળવનાર ઉમેદવારને પરીક્ષાના નિયત સમયગાળા ઉપરાંત અડધો કલાક (૩૦ મિનિટ)નો સમય વધારાનો મળવાપાત્ર રહેશે.

**વિકલાંગોની રજૂઆત હતી કે તેઓની નાણાકીય સ્થિતિ સદ્ધર ન હોવાથી અને મોટાભાગના બીપીએલ હેઠળ આવતા હોવાથી સર્વે શિક્ષણાધિકારીઓને લહિયાની યાદી તૈયાર કરતી વખતે આ બાબતે કાળજી લઈ સમાજ સેવા કરવા માગતા ઉમેદવારને પ્રાથમિકતા આપવા અને ગરીબ ઉમેદવારને શુલ્ક રહિત લહિયાની સેવા મળે તે જોવા જણાવવામાં આવે છે.**

## ૨૮. ધોરણ ૮થી ૧૨ના વિકલાંગ વિદ્યાર્થીઓને અભ્યાસમાં કન્સેશન :

ફક્ત નાપાસ થતા વિદ્યાર્થીએ નાપાસ થતા વિષય / વિષયોમાં ઓછામાં ઓછા ૨૦ ગુણ પાસ થવા મેળવવાના રહેશે. લેખિત કસોટીઓમાં અડધો કલાક વધારે, ધોરણ ૧૦ અને ૧૨ની જાહેર પરીક્ષામાં આ બાળકોને તેમના રહેઠાણની નજીકનું કેન્દ્ર પસંદ કરવાની છૂટ આપવામાં આવે, આકૃતિ, નકશાને ગ્રાફ દોરવાના હોય તેમાંથી મુક્તિ આમ તેના ગુણ જે તે વિષયમાં રૂપાંતરિત કરવામાં આવે છે.

## ૨૯. 'પંગુમિત્ર' દ્વારા ગુજરાતના તેજસ્વી વિકલાંગ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે સ્કોલરશિપ :

હાયર સેકન્ડરી પછીના કોઈ પણ અભ્યાસક્રમમાં અભ્યાસ કરનાર અને બોર્ડ કે યુનિવર્સિટીની પરીક્ષામાં ૬૦ ટકા કે તેથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર વિકલાંગ વિદ્યાર્થી ભાઈ-બહેનોને વિકલાંગોના વિકાસ માટેના મેગેઝીન 'પંગુમિત્ર' દ્વારા અમદાવાદના સેવાભાવી શેઠ શ્રી પારસ પંડિતના સહયોગથી ૨૦૦૮-૦૯ના વર્ષથી સ્કોલરશીપ આપવામાં આવે છે. તેની મુખ્ય શરતો નીચે મુજબ છે.

(૧) વિકલાંગ વિદ્યાર્થીએ એચ.એસ.સી. કે યુનિવર્સિટીની પરીક્ષામાં ૬૦ ટકા કે તેથી વધુ ગુણ પ્રાપ્ત કરેલ હોવા જોઈએ.

(૨) વિકલાંગ વિદ્યાર્થીના કુટુંબની કુલ આવક રૂા.૧ લાખ કે તેથી ઓછી હોવી જોઈએ. તે અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર મોકલવાનું રહેશે.

(૩) વિદ્યાર્થી ઓછામાં ઓછી ૪૦ ટકા કે તેથી વધુ વિકલાંગતા ધરાવતો હોવો જોઈએ તેમજ તે બાબતનું નિયત મેડિકલ સર્ટિફિકેટ મોકલવાનું રહેશે.

(૪) જે તે અભ્યાસક્રમની ટ્યુશન ફીની રકમની મર્યાદામાં સ્કોલરશિપ મળવાપાત્ર થશે.

રૂા.૫ની ટિકિટ લગાવેલું કવર મોકલીને આગામી નવા વર્ષમાં જે તે સંસ્થાઓમાં પ્રવેશ મેળવી લીધા પછી ફોર્મ ભરીને જે તે જરૂરી દસ્તાવેજો સાથે 'પંગુમિત્ર'ના સરનામે ફોર્મ દર વર્ષના ઓગસ્ટ મહિનામાં મોકલી આપવાના રહેશે.

સંપાદકશ્રી, 'પંગુમિત્ર' B-૩૧૩, સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨, કુડાસણ, ગાંધીનગર. મો : ૯૯૭૮૪૦૫૮૧૦

## ૩૦. S.S.C. તેમજ H.S.C.માં રાજ્યમાં પ્રથમ ત્રણ ક્રમ પ્રાપ્ત કરનાર વિકલાંગ વિદ્યાર્થીઓને પંગુમિત્ર એવોર્ડ :

એસ.એસ.સી. તેમજ એચ.એસ.સી. પરીક્ષાઓમાં ગુજરાતભરના વિકલાંગ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોમાંથી પ્રથમ ત્રણ ક્રમાંક પ્રાપ્ત કરનારને 'પંગુમિત્ર' મેગેઝીન દ્વારા અમદાવાદના સેવાભાવી શેઠ શ્રી પારસ પંડિતના સહયોગથી 'પંગુમિત્ર' એવોર્ડ એનાયત કરવામાં આવશે. જેમાં અનુક્રમે રૂા.૫૦૦૦, ૩૦૦૦ અને ૨૦૦૦ રોકડા તેમજ શિલ્ડ અને પ્રમાણપત્ર આપી જાહેર સમારંભમાં સન્માન કરવામાં આવશે.

Download Source - haridpatel.blogspot.comt



આ એવોર્ડ મેળવવા માટે એસ.એસ.સી. તેમજ એચ.એસ.સી.ની પરીક્ષાઓમાં ૬૦ ટકા કે તેથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર વિકલાંગ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ પોતાના ગુણપત્રકની ખરી નકલ તેમજ પોતાના પાસપોર્ટ સાઈઝના ફોટા અને વિકલાંગતાના પ્રમાણપત્ર સાથે સાદા કાગળમાં પોતાનું પૂરું નામ સરનામું અને ટેલિફોન નંબર વગેરેની વિગતો દર્શાવી ‘પંગુમિત્ર’ મેગેઝીનના સરનામે દર વર્ષના ઓગસ્ટ મહિનામાં ફોર્મ ભરવાનું રહેશે.

સંપાદકશ્રી, ‘પંગુમિત્ર’ B-૩૧૩, સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨, કુડાસણ, ગાંધીનગર. મો : ૯૯૭૮૪૦૫૮૧૦

## ૩૧. અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ કેળવી રોજગારી માટે તકો મેળવવા વિકલાંગો માટે વિના મૂલ્યે તાલીમની સગવડ :

ગુજરાત સરકાર દ્વારા રચાયેલી સોસાયટી ફોર ક્રીએશન ઓફ ઓપોર્ચ્યુનીટી થ્રુ પ્રોફીસીયન્સી ઈન ઈંગ્લીશ (SCOPE) દ્વારા ગુજરાત રાજ્ય યુવાધનમાં અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ કેળવીને તેમના માટે રોજગારીની ઉજળી તકો ઉભી કરવાનો છે. સ્કોપ દ્વારા અત્યાર સુધીમાં રાજ્યના ૪૧૫૦૦૦થી વધુ યુવક-યુવતીઓને વ્યવસાયલક્ષી અંગ્રેજીની તાલીમ તથા પરીક્ષણ ૪૫૦ થી વધુ પ્રાઈવેટ કેન્દ્રો અને ૬૦૦થી વધુ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ હેઠળ તાલીમ અપાયેલ છે. રૂ. ૧૫૦૦/ થી રૂ. ૨૦૦૦/ સુધીની રાહત દરની ફીની સગવડ આપવાની કામગીરી કરે છે.

સ્કોપ રાજ્યના ૪૦૧ કોલેજોનાં Digital Education and Learning Lab (DELL) ડેલ લેબની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. આ અંગ્રેજી ભાષાના કોર્સમાં વિકલાંગો પણ જોડાય અને પોતાનું ભાવી ઉજ્જવળ બનાવી શકે તે માટે રાજ્ય સરકારે વિકલાંગો માટે વિના મૂલ્યે (મફત) તાલીમની જોગવાઈ કરી છે. આ જોગવાઈ હેઠળ કુલ વિદ્યાર્થી સંખ્યાના મહત્તમ રીતે અશ્કતોને વિના મૂલ્યે તાલીમ મળે છે.

Contact details of Zonal Training Partners :

1. Mr. Harpreer Singh, Director, Mob : 9825073216
   Academy for Computer Training (Guj.) Prv. Ltd.
   2nd Floor, Sillicon Tower, Law Garden, Ahmedabad, Gujarat-380008
   Phone No. 079-26468536, Fax No. 079-25464495
   Email : scope@actuniv.com

2. Mr. Hitesh Parikh, CEO, Mob : 9979540852
   Tripada Multicourse Pvt. Ltd.
   4th Floor, Vishwa Arcade, Nr. Akhbarnagar Circle, Nava Vadaj, Ahmedabad.
   Phone : 079-27476636, 27436931, Fax No. 079-27477632, 27435480
   Email id : ceo@tripada.com

3. Ketan Rathod Mob No. : 9824528101
   Devkishan Computer Pvt. Ltd.
   3, Kotecha Complex,
   Jayshree Road, Junagadh-362001
   Phone : 0285-264791, 3203314
   Email id : devkishancomputer@yahoo.co.in.

center_manager@yahoo.com

4. Komal Shah, Mob No. 9099081376
V. S. Shah Institute of Computer Science,
Opposite Golwad Gate Police Station.
Main Road, Navsari-396445
Phone No : 02637-329749, 233633
Email id : vssics.scope@email.com:patelco.1985@gmail.com, vssics@gmail.com

**વધુ માહિતી તથા માર્ગદર્શન માટે રાજ્ય સરકારની નીચેની કચેરીનો સંપર્ક કરવા વિનંતી.**

SCOPE : Society for Creation of Opportunity through proficiency in English.
"Prajna Puram" campus, KCG Building,
Faculty Block, Frst Floor, Nr. L. D. Engineering College,
Navrangpura, Ahmedabad-380015.
Phone No : 079-26300593, 079-26300956
Email : ceo.scope@gmail.com URL : www.scopegujarat.org

## ૩૨. વિકલાંગ-દષ્ટિહીન વ્યક્તિઓને ઘેર બેઠાં અભ્યાસ કરવાની તક પૂરી પાડતી યુનિવર્સિટીઓ :



ભારતભરમાં વસતાં એવા નાગરિકો કે જેઓ સામાજિક, આર્થિક, ભૌગોલિક કે વ્યાવસાયિક કારણોસર ઉચ્ચ શિક્ષણથી વંચિત રહી ગયા હોય... પછી તે ગૃહિણી-મહિલા હોય કે નોકરી-ધંધા-રોજગાર-ખેતીમાં રોકાયેલી વ્યક્તિ હોય, અધૂરું ભણેલી વ્યક્તિ હોય કે અંતરિયાળ ગામડામાં વસતી વ્યક્તિ હોય, સૌને એક સમાન રીતે, એક સમાન શિક્ષણ પૂરું પાડી, વ્યક્તિને પોતાનું અધૂરું સપનું પૂરું કરવાની તક ઉપરોક્ત બંને યુનિવર્સિટીઓ આપે છે.

પોતાની પસંદગીનો અભ્યાસક્રમ, પોતાની અનુકૂળતાએ ઘેર બેઠાં-બેઠાં પૂર્ણ કરવાની ભરપૂર સવલતો આમાં છે.

- **ડૉ. બાબાસાહેબ ઓપન યુનિવર્સિટીમાં દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટેના નીચે મુજબના ખાસ અભ્યાસક્રમો છે જેમાં તેઓ પ્રવેશ મેળવી શકે છે. તેઓને ફીમાં પણ ઘણી રાહત અપાય છે**

(૧) ડિપ્લોમા ઈન ફિઝિયોથેરાપી ફોર ધી બ્લાઈન્ડ (DIP) (૨) સર્ટિફિકેટ ઈન હેન્ડલૂમ વિવર (CIHV) (૩) સર્ટિફિકેટ ઈન કેન વર્કર (CINC) (૪) સર્ટિફિકેટ ઈન મોટર રિવાઈન્ડર (CIMR) (૫) સર્ટિફિકેટ ઈન કારપેન્ટર (CICP) (૬) સર્ટિફિકેટ ઈન મિકેનિક (CIJM)

**માહિતી અને માર્ગદર્શન માટે સંપર્ક :**

નિયામકશ્રી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપનયુનિવર્સિટી, સરખેજ-ગાંધીનગર હાઈવે, આર.સી. ટેકનિકલ સ્કૂલ કંપાઉન્ડ, ગુજરાત હાઈકોર્ટની સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૩, ફોન નં : (૦૭૯) ૨૨૮૬૯૬૯૦-૯૧, ફેક્સ : (૦૭૯) ૨૨૮૬૯૬૯૧. E-mail feedback@baou.org website : www.baou.org

- **ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીમાં અંધ વ્યક્તિઓ માટે સર્ટિફિકેટ ઈન એમ્પાવરિંગ વૂમન થ્રુ સેલ્ફ હેલ્પ ગ્રુપ** (CWDL) બ્રેઈલ લિપિમાં ચાલે છે.

**વધુ માહિતી માટે સંપર્ક :**

નિયામકશ્રી, ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી, (પ્રાદેશિક કેન્દ્ર), સરખેજ-ગાંધીનગર હાઈવે, નિરમા ઈન્સ્ટિટ્યૂટની સામે, છારોડી, અમદાવાદ-૩૮૨ ૪૮૧ ફોન : (૦૨૭૧૭) ૨૪૨૯૭૫, વેબ સાઈટ : www.ignou.ac.in સોમ થી શુક્ર સવારે ૯:૩૦થી સાંજે ૬:૦૦

## ૩૩. વિકલાંગ બાળકો માટે વિશિષ્ટ તાલીમી શિક્ષકો તૈયાર કરવાના કોર્સ ચલાવતી સંસ્થાઓ :

માનસિક વિકલાંગતા ધરાવતા મૂક, બધિર અથવા દૃષ્ટિહીન બાળકોને શિક્ષણ આપવા માટે ખાસ પ્રકારની આવડત અને કૌશલ્ય જોઈએ. મંદ બુદ્ધિનાં બાળકો અને વિકલાંગોની સંસ્થામાં ધગશવાળા અને પ્રેમાળ યુવાનો અને યુવતીઓની શિક્ષકો તરીકે માંગ રહે છે. આવા કોર્સ માટે ભારત સરકારના નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર ધ મેન્ટલી હેન્ડીકેપ્ડ, સિકંદરાબાદ તથા રિહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, ન્યુ દિલ્હી તરફથી માર્ચ મહિનામાં, વિસ્તૃત નીચેના સેન્ટરોમાં એડમિશન મેળવવા માટે જાહેરાત આવે છે. ૧૨ પાસ થયેલ વિદ્યાર્થી/વિદ્યાર્થિની આમાં દાખલ થઈ શકે છે, પરંતુ ગ્રેજ્યુએટ હોય તો અગ્રતા મળે અને બી.એડ. હોય તો વધુ અગ્રતા મળે. વધુ માહિતી માટે જે તે સંસ્થાનો ફોનથી સંપર્ક કરી માર્ગદર્શન મેળવવા વિનંતી.

૧. **દૃષ્ટિની ક્ષતિ-દૃષ્ટિહીન બાળકો માટે : (ટ્રેનિંગ કૉલેજ ફોર ધ ટીચર્સ ઓફ ધી બ્લાઈન્ડ)**

   ૧. બ્લાઈન્ડ પિપલ્સ એસોસિએશન, ડૉ. વિક્રમ સારાભાઈ રોડ, અટિરા પાસે, વસ્ત્રાપુર રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫, ફોન : ૨૬૩૦૪૦૭૦, ૨૬૩૦૫૦૮૨

   ૨. અંધ શાળા (બહેરા-મૂંગાની શાળા સોસાયટી) આશ્રમ રોડ, ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સામે, અમદાવાદ ફોન : ૨૬૫૮૬૧૩૮.

   ૩. ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ ફોર ધી બ્લાઈન્ડ, C/o કે.કે. અંધ ઉદ્યોગ શાળા, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪૦૦૧

૨. **મૂક-બધિર બાળકો માટે** (ટ્રેનિંગ કૉલેજ ફોર ધી ટીચર્સ ઓફ ડેફ) :

   ૧. બહેરા-મૂંગાની શાળા,
   આશ્રમ રોડ, ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સામે, અમદાવાદ ફોન : ૨૬૫૮૬૧૩૮

   ૨. કે.એલ. ઈન્સ્ટિટ્યૂટ ફોર ધ ડેફ,
   ૫૧, વિદ્યાનગર, ભાવનગર, ફોન : (૦૨૭૮) ૨૪૨૦૮૩૬, ૨૪૨૯૩૨૬, ૨૪૨૧૧૧૫

   ૩. અક્ષર ટ્રસ્ટ, મેઘદૂત, આર.સી.દત્ત રોડ, વડોદરા.

૩. **માનસિક ક્ષતિના બાળકો માટે** (ડિપ્લોમા ઈન સ્પેશ્યલ એજ્યુકેશન ફોર મેન્ટલી રીટાયર્ડ) :

   ૧. બી.એમ.ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેન્ટલ હેલ્થ-
   આશ્રમ રોડ, નહેરુ બ્રિજ પાસે, અમદાવાદ- ૩૮૦ ૦૦૯, ફોન : (૦૭૯) ૨૬૫૭૦૨૫૬-૫૭-૫૮-૫૯.

   ૨. ગુજરાત કેળવણી ટ્રસ્ટ, મંગલ પ્રભાત બિલ્ડિંગ,
   સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ પાસે, મિરઝાપુર, અમદાવાદ, ફોન : (૦૭૯) ૨૫૫૦૦૩૦૯

   ૩. મેડિકલ કેર સેન્ટર ટ્રસ્ટ, ચિલ્ડ્રન હોસ્પિટલ, કારેલી બાગ, વડોદરા.

   ૪. બ્લાઈન્ડ વેલ્ફેર કાઉન્સિલ, મિશન રોડ, રેલવે ઓવર બ્રીજ પાસે, દાહોદ. ફોન. (૦૨૬૭૩)૨૪૩૩૮૯

   ૫. ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ ફોર ધી મેન્ટલી રીટાર્ડેડ,
   C/o અંકુર મંદબુદ્ધિવાળા બાળકોની શાળા, વર્કિંગ વૂમેન હોસ્ટેલની પાછળ, સરદારનગર સર્કલ, સરદારનગર, ભાવનગર. ફોન : (૦૨૭૮) ૨૫૬૬૯૫૬, ૨૫૭૩૦૩૮

   ૬. આ ઉપરાંત ઘેર બેઠાં બ્લાઈન્ડ, ડેફ, મેન્ટલી રીટાર્ડેડ વિભાગ માટેનો તાલીમી સ્નાતક માટેનો અભ્યાસક્રમ મધ્યપ્રદેશ ભોજ યુનિવર્સિટી, ભોપાલના અનુક્રમે નીચેના સ્ટડી સેન્ટરો ઉપર ચાલી રહ્યો છે.

## ૩૪. વી.આઈ. (અલ્પ દૃષ્ટિ-દૃષ્ટિહીન) માટે :

૧. બ્લાઈન્ડ પિપલ્સ એસોસીએશન, વિક્રમ સારાભાઈ રોડ, વસત્રાપુર, અમદાવાદ- ૩૮૦૦૧૫.

**એચ.આઈ. (મૂકબધિર) માટે :**

૧. બ્લાઈન્ડ પિપલ્સ એસોસિએશન, વિક્રમ સારાભાઈ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ- ૩૮૦૦૧૫.

૨. કે.એલ. ઈન્સ્ટિટ્યૂટ ફોર ધી ડેફ, ૫૧, વિપનગર, ભાવનગર - ૩૬૪૦૦૨

**એમ.આર. (મંદબુદ્ધિ) માટે :**

૧. બ્લાઈન્ડ પિપલ્સ એસોસિએશન, વિક્રમ સારાભાઈ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ- ૩૮૦૦૧૫. ફોન-(૦૭૯) ૨૬૩૦૪૦૪૦, ૨૬૩૦૩૫૧૩

૨. મેડિકલ કેર સેન્ટર ટ્રસ્ટ, ચિલ્ડ્રન હોસ્પિટલ, કારેલી બાગ, વડોદરા-૩૯૦૦૦૧૮.

૩. બી.એમ. ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેન્ટલ હેલ્થ, નહેરૂ બ્રિજ, આશ્રમ રોડ, નવરંગપુરા, અમદાવાદ- ૩૮૦૦૦૯ ફોન-(૦૭૯) ૨૬૫૮૬૮૨૦, ૨૬૫૭૮૨૫૬

૪. ગુજરાત કેળવણી ટ્રસ્ટ, મંગલ પ્રભાત બિલ્ડિંગ, સેન્ટર ઝેવિયર્સ હાઈસ્કૂલની સામે, મિરઝાપુર, અમદાવાદ- ૩૮૦૦૦૧. ફોન-(૦૭૯) ૨૫૫૦૦૩૦૯

૫. રાષ્ટ્રીય સ્વાભિમાન ઈન્દ્રપ્રસ્થ તા. અંજાર જિ. કચ્છ ખાતે બી.એડ (સ્પે) એજ્યુકેશન (એમ.આર.) (એચ.આઈ) તથા ડિપ્લોમા કોર્સ પણ ચાલે છે.

આ ઉપરાંત એચ.આઈ. માટે તાલીમી સ્નાતકનો પૂર્ણ સમયનો અભ્યાસક્રમ નીચેના સેન્ટર પર ચાલી રહ્યો છે.

**એચ.આઈ. (મૂકબધિર) માટે :**

૧. કે.એલ. ઈન્સ્ટિટ્યૂટ ફોર ધી ડેફ, ૫૧ વિદ્યાનગર, ભાવનગર- ૩૬૪૦૦૨. ફોન-(૦૨૭૮) ૨૪૨૦૮૩૫, ૨૪૨૯૩૨૫

**નટરાજ રિસર્ચ સેન્ટર એન્ડ ટ્રેનિંગ કૉલેજ (પી.એન.આર. સોસાયટી) દુઃખી શ્યામ બાપાના આશ્રમ પાસે, કાળવીબીડ ભાવનગર-૩૬૪૪૦૦૨, ફોન : ૦૨૭૮-૩૨૦૨૪૭૦, ૨૫૭૦૧૨૭, ફેક્સ : ૨૫૬૨૬૦૭**

email-ignou972gns@ignorajkot.org

આ ટ્રેનિંગ કૉલેજનું મકાન વિકલાંગોની સવલતોને ધ્યાનમાં રાખીને બેરીયર ફ્રી તૈયાર કરવામાં આવેલ છે. વિશાળ બગીચો તથા ભવ્યતા સભર બિલ્ડિંગમાં રિહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (RCI) ન્યુ દિલ્હી દ્વારા માન્યતા પ્રાપ્ત નીચેના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે.

**વિકલાંગ બાળકોના શિક્ષકોના તાલીમી કોર્સ**

**૧. શ્રવણમંદ** : ૨ વર્ષનો ડિપ્લોમા ઈન એજ્યુકેશન ઈન સ્પેશિયલ એજ્યુકેશન D.Ed.S.E. (H.I.)

**૨. પ્રજ્ઞાચક્ષુ** : ૨ વર્ષનો ડિપ્લોમા ઈન એજ્યુકેશન ઈન સ્પેશ્યિલ એજ્યુકેશન D.Ed.S.E. (V.I.)

૩. **મંદબુદ્ધિ** : ૨ વર્ષનો ડિપ્લોમા ઈન એજ્યુકેશન ઈન સ્પેશ્યિલ એજ્યુકેશન D.Ed.S.E. (M.R.)

**૪. મગજનો લકવો** : ૧ વર્ષનો ડિપ્લોમા ઈન એજ્યુકેશન ઈન સ્પેશૉયલ એજ્યુકેશન D.Ed.S.E. (C.P.)

**૫. લેન્ગ્વેજ એન્ડ સ્પીચ** : ૧ વર્ષનો ડિપ્લોમા ઈન લેન્ગ્વેજ એન્ડ સ્પીચ D.H.L.S.

આ ઉપરાંત કૉલેજમાં ઈગ્નો-સ્પેશયલ સ્ટડી સેન્ટરમાં (૧) બેચલર્સ પ્રિપેરેટરી પ્રોગ્રામ (૨) સર્ટિફિકેટ ઈન ઈન્ફર્મેશન ટેકનોલોજી (૩) સર્ટિફિકેટ ઈન ફંકશન ઈંગ્લિશ વગેરે જેવા ૧૯ કોર્સિસ ચાલે છે. જેમાં **વિકલાંગ તાલીમાર્થીઓને ફીમાં ખાસ રાહત આપવામાં આવે છે.** બહારગામના વિદ્યાર્થી ભાઈઓ-બહેનો માટે **અલગ હોસ્ટેલ સુવિધા પણ ઉપલબ્ધ છે.**

## ૩૫. ઇન્દિરા ગાંધી નેશનલ ડીસએબિલિટી પેન્શન સ્કીમ (સંત સુરદાસ યોજના) :

- **લાભ કોને મળવાપાત્ર થાય છે.**

૧. અરજદારની ઉંમર ૭૯ વર્ષ કરતા ઓછી વયજૂથની હોવી જોઈએ.

૨. ૮૦ ટકા કે તેથી વધારે વિકલાંગતા ધરાવતી વ્યક્તિને અથવા જે કૃત્રિમ અંગથી પણ સ્વતંત્ર રીતે હલનચલન કે હરીફરી શકતા નથી તેવા વિકલાંગને, ૭૧% ડેસીબલ કે તેથી વધુ શ્રવણમંદ, ૮૦% કે તેથી ઉપર દૃષ્ટિહીન, ૪૯ કે તેથી ઓછો બુદ્ધિઆંક ધરાવતા મંદબુદ્ધિનાને ૧૦ વર્ષથી ગુજરાત રાજ્યમાં કાયમી વસવાટ ધરાવતા હોવા જોઈએ.

૩. વિકલાંગ વ્યક્તિનું નામ ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબની યાદીમાં સમાવિષ્ટ હોવું જોઈએ. (કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરેલ ધોરણો મુજબની બી.પી.એલ. યાદી નંબર સાથે અરજી કરેલ હોય)

૪. રાજ્ય સરકારશ્રી તરફથી આપવામાં આવતું વિકલાંગ ઓળખકાર્ડ ધરાવતા હોવા જોઈએ.

- **લાભ શું મળે ?**

૧. ૦ થી ૧૭ વર્ષથી નીચેના વિકલાંગ વ્યક્તિને માસિક રૂ.૪૦૦/-

૨. ૧૮ થી ૭૯ વર્ષની વય જૂથના વિકલાંગ વ્યક્તિને માસિક રૂ.૬૦૦/-

૩. અરજદારને સહાય મનીઓર્ડર મારફત રહેઠાણના સરનામે મોકલવામાં આવે છે. ૧૮ થી ૭૯ વર્ષની વયજૂથના લાભાર્થીઓને સહાયની રકમ તેમના બેન્ક ખાતામાં જમા કરાવવામાં આવે છે.

- **અરજીપત્રક સાથે સામેલ કરવાના પુરાવા.**

૧. વિકલાંગ ઓળખકાર્ડની ઝેરોક્ષ નકલ

૨. ઉંમરનો દાખલો

૩. બી.પી.એલ. યાદી નંબર - રેશનકાર્ડની ઝેરોક્ષ નકલ

- **સહાય ક્યારે બંધ થાય ?**

**૧. અરજદારની ઉંમર ૭૯ વર્ષ પૂરી થતાં તથા અરજદારની તેમજ તેમના કુટુંબની વાર્ષિક આવક નિયત આવક કરતાં વધુ થાય ત્યારે**

આ અંગેના નિયત અરજીપત્રક જે-તે જિલ્લાની જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીમાંથી તથા તાલુકા જનસેવા કેન્દ્રમાંથી વિનામૂલ્યે મળશે. અરજીપત્રક ઉપર પાસપોર્ટ સાઈઝનો ફોટો લગાવવાનો રહેશે. ઓળખકાર્ડની ઝેરોક્ષ નકલ તથા રેશનકાર્ડ (બી.પી.એલ) દાખલા સહિતની ઝેરોક્ષ નકલ બીડવાની રહેશે. ગ્રામ્ય વિસ્તાર માટે બી.પી.એલ. યાદીમાં નામ હોવા અંગેનો સક્ષમ અધિકારીનો સ્કોર સાથેનો (૦ થી ૧૬ સુધીનો) દાખલો આપવાનો રહેશે. શહેરી વિસ્તાર માટે કેન્દ્ર સરકારના શહેરી વિકાસ વિભાગની ગાઈડ લાઈન મુજબ લાભાર્થી ગુણાંક ધરાવતા બી.પી.એલ. લાભાર્થીઓની અલગ યાદી દરેક મ્યુનિસિપાલિટી, નગરપાલિકા દ્વારા તૈયાર થયેલ છે. તેમાં નોંધાયેલ લાભાર્થીને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.

## ૩૬. નિરાધાર વૃદ્ધો માટેની આર્થિક સહાયની યોજના :



**(અ) લાભ કોને મળી શકે ?**

- ૬૦ વર્ષ કે તે કરતાં વધુ ઉંમરના નિરાધાર વૃદ્ધ વ્યક્તિ સ્ત્રી કે પુરુષને આનો લાભ મળી શકશે.
- ૨૧ વર્ષની વય કે તેથી વધુ ઉંમરનો પુત્ર ન હોય તેવા નિરાધાર વૃદ્ધ વ્યક્તિને આ સહાય મળી શકશે.
- પુત્ર હોય, પરંતુ અપવાદરૂપ કિસ્સામાં માનસિક અસ્થિર હોય, કેન્સર કે ટી.બી. જેવી ગંભીર માંદગીથી પીડાતા હોય તેવા નિરાધાર વૃદ્ધોને આ સહાય મળવા પાત્ર છે.
- અરજદારની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૪૭,૦૦૦ની અને શહેરી વિસ્તાર માટે રૂ. ૬૮,૦૦૦થી વધુ ન હોવી જોઈએ.
- અરજદાર ઓછામાં ઓછા ૧૦ વર્ષથી ગુજરાતમાં કાયમી વસવાટ કરતા હોવા જોઈએ.

**(બ) મળવાપાત્ર સહાય :**

- અત્યાર સુધી નિરાધાર વૃદ્ધોને દર મહિને રૂ. ૨૦૦ની સહાય આપવામાં આવતી હતી, તેમાં હવે તા. ૦૯-૫-૨૦૧૨થી વધારો કરી દર મહિને રૂ. ૪૦૦ની સહાય આપવાનું નક્કી કરેલ છે.
- આ સહાયની ચૂકવણી મની ઓર્ડર દ્વારા થાય છે. પોસ્ટ એકાઉન્ટ અથવા બેંક એકાઉન્ટ મારફત પણ સહાય મેળવવા વિકલ્પ છે.

**(ક) અરજીપત્રક ક્યાંથી મળે ?**

જે તે જિલ્લાની કલેક્ટરશ્રીની કચેરી (જનસેવા કેન્દ્ર)માંથી, પ્રાંત અધિકારીશ્રીની કચેરીમાંથી, તાલુકા કક્ષાએ મામલતદારશ્રીની કચેરીમાંથી પણ નિયત અરજીપત્રક વિના મૂલ્યે મળી શકે.

**(ડ) અરજીપત્રક સાથે કયા કાગળો (આધાર-પુરાવા) બિડવાના ?**

(૧) નિયત ફોર્મમાં સંપૂર્ણ વિગતો ભરી ફોર્મ ઉપર નિયત જગ્યાએ પાસપોર્ટ સાઈઝનો પોતાનો ફોટો લગાડવો.

(૨) ઉંમરનો પુરાવો. (સ્કૂલ લીવિંગ સર્ટીફિકેટ કે જન્મના દાખલાની ઝેરોક્ષ નકલ).

(૩) રહેઠાણનો પુરાવો.

(૪) આવકનો દાખલો.

(ઈ) ફોર્મ ભરીને ક્યાં આપવાનું ?

(૧) પોતાના તાલુકાની મામલતદારશ્રીની કચેરીમાં નિયત ફોર્મ ભરી બિડાણો સહિત આપવાનું રહેશે.

(૨) ચકાસણી બાદ આવેલ અરજીપત્રક મંજૂર/નામંજૂર કરવાની સત્તા મામલતદારશ્રીને આપવામાં આવેલ છે.

## ૩૭. ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન (વયવંદના) યોજના :

**(અ) લાભ કોને મળી શકે ?**

(૧) ૬૦ વર્ષ, કે તે કરતાં વધુ ઉંમરના સ્ત્રી કે પુરુષને આનો લાભ મળી શકશે.

(૨) અરજદાર ભારત સરકારની ગાઈડલાઈન મુજબના બી.પી.એલ. લાભાર્થી હોવા જોઈએ અને ગરીબી રેખાની યાદીમાં ૦થી ૧૬ના સ્કોરમાં નામ નોંધાયેલ કુટુંબના સભ્ય હોવા જોઈએ. (અરજદાર જો ગ્રામ્ય વિસ્તારમાં રહેતા હોય તો તેઓના ગામની પંચાયતમાં અને નગરપાલિકા કે મહાનગરપાલિકા વિસ્તારમાં રહેતા હોય તો નગરપાલિકા કે મહાનગરપાલિકાની કચેરીમાં બી.પી.એલ. લાભાર્થી તરીકે નોંધાયેલ હોવા જોઈએ.)

**(બ) મળવાપાત્ર સહાય :**

(૧) ૬૦થી ૭૯ વર્ષની વયની વ્યક્તિને દર મહિને રૂ. ૪૦૦.

(૨) ૮૦થી વધુ વર્ષની વયની વ્યક્તિને દર મહિને રૂ. ૭૦૦ મળે.

આ સહાયની ચૂકવણી પોસ્ટ એકાઉન્ટ / બેંક એકાઉન્ટ મની ઓર્ડર દ્વારા ચૂકવાય છે.

**(ક) અરજીપત્રક ક્યાંથી મળે ?**

જે તે જિલ્લાની કલેક્ટરશ્રીની કચેરી (જનસેવા કેન્દ્ર)માંથી સંબંધિત તાલુકાના મામલતદારશ્રીની કચેરીમાંથી પણ નિયત અરજીપત્રક વિના મૂલ્યે મળી શકે.

**(ડ) અરજીપત્રક સાથે કયા કાગળો (આધાર-પુરાવા) બિડવાના ?**

(૧) નિયત ફોર્મ સંપૂર્ણ વિગતો ભરી, ફોર્મ ઉપર નિયત જગ્યાએ પાસપોર્ટ સાઈઝનો પોતાનો ફોટો લગાડી.

(૨) ઉંમરનો પુરાવો.

(૩) ગરીબી રેખાની યાદીમાં ૦થી ૧૬ના સ્કોરમાં નામ હોવા બાબતનો પુરાવો.

(ઈ) **ફોર્મ ભરીને ક્યાં આપવાનું ?**

(૧) પોતાના તાલુકાની મામલદારશ્રીની કચેરીમાં ફોર્મ બિડાણો સહિત આપવાનું.

(૨) ચકાસણી બાદ આવેલ અરજીપત્રક મંજૂર/નામંજૂર કરવાની સત્તા મામલતદારને આપવામાં આવેલ છે.

## ૩૮. વરિષ્ઠ નાગરિકો (સિનિયર સિટિઝન્સ) માટેની યોજના :



ભારતના વરિષ્ઠ નાગરિકો માનભેર સંતોષપૂર્વક જીવન જીવી શકે તે માટે ગુજરાત સરકાર તથા ભારત સરકાર કાર્યરત છે અને તેઓ માટે તબક્કાવાર યોજનાઓ તૈયાર કરી તેની અમલવારીનું કામ હાથ ધરાય છે. આ માટે ભારત સરકારે :

૧. વરિષ્ઠ નાગરિક માટેની રાષ્ટ્રીય નીતિ - ૧૯૯૯ (N.P.O.P.)

૨. ખરડો નંબર : ૪૦-સી : મા-બાપ અને વરિષ્ઠ નાગરિકોના નિભાવ અને કલ્યાણ માટેના ખરડો - ૨૦૦૭.

(વૃદ્ધોના ભરણપોષણ, સારસંભાળ અને રક્ષણ માટે કેન્દ્ર સરકારે 'ધ મેઈન્ટેન્સ એન્ડ વેલફેર ઓફ પેરેન્ટસ એન્ડ સિનિયર સિટિઝન્સ એક્ટ-૨૦૦૭' બહાર પાડેલ છે.)

ગુજરાત સરકારે આ કાયદાના અમલ માટેનું તા.૭-૧૦-૨૦૦૮ના રોજ જાહેરનામું બહાર પાડ્યું છે. જેથી ગુજરાતમાં આ કાયદો અમલમાં આવી ગયો છે. સરકાર કાયદાના અમલની જોગવાઈ અંગેના નિયમો ઘડી કાઢ્યા છે અને ટ્રીબ્યુનલની રચના કરી છે. જેથી તરછોડાયેલા વૃદ્ધો તેમના સંતાનો વિરુદ્ધ ફરિયાદ કરી શકે. ટ્રીબ્યુનલ સંતાનોને તેમના માતા-પિતાના ભરણપોષણ અને સારસંભાળ માટેના આદેશો કરી શકશે અને જવાબદારી ન સંભાળે તો દંડ અને સજા થઈ શકશે.

વરિષ્ઠ નાગરિકો માટેની ટોલ ફ્રી હેલ્પ લાઈન : ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦

## ૩૯. હેલ્પેજ ઇન્ડિયા :

**સદ્‌વિચાર પરિવાર કેમ્પસ, શ્રી નારાયણગુરુ વિદ્યાલય નજીક, સેટેલાઈટ રોડ, રામદેવનગર, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : ૦૭૯-૨૩૮૬૦૭૫૮,**

**E-Mail : helpage_ahd@sancharnet.in Website : www.helpageindia.org**

હેલ્પેજ ઈન્ડિયા એ ૧૯૭૮માં રજિસ્ટર્ડ થયેલી બીન સાંપ્રદાયિક સ્વૈચ્છિક સંસ્થા છે. સંસ્થાના સંરક્ષક દેશના ભૂતપૂર્વ્ રાષ્ટ્રપતિ શ્રી આર. વેંકટરામન છે. સંસ્થાનો ધ્યેય **દેશના વંચિત રહેલા વૃદ્ધજનોનું જીવનસ્તર ઊંચું લાવવા માટે કાર્ય કરવું.'** ઉપરાંત સંસ્થા આજના યુગના વૃદ્ધોમાં જોવા મળતી મુશ્કેલીઓ જેવી કે, એકલાપણું, ગરીબી અને અવગણના સામે લડત આપે છે. આ સંસ્થાનું વડું મથક દિલ્હીમાં છે અને ૩૩ રાજ્યોમાં ઓફિસ છે. હેલ્પેજ ઈન્ડિયા સંસ્થાએ રૂા.૨૦૦ કરોડના ખર્ચે કુલ ૪,૬૫૩ પ્રોજેક્ટ કર્યા છે. સંસ્થાના ગુજરાત રાજ્યમાં ચાલતાં મુખ્ય કાર્ય નીચે પ્રમાણે છે.

- અમદાવાદ, વડોદરા અને સુરત જેવાં શહેરોમાં હરતાં-ફરતાં દવાખાનાની સેવા ચાલુ છે. જે દર વર્ષે આશરે ૨૦,૦૦૦ વૃદ્ધોને વિના મૂલ્યે તબીબી સેવા પૂરી પાડે છે.
- ભૂજમાં ૪,૦૦૦ મહિલાઓને 'માઈક્રો ફાઈનાન્સ' (નાની નાણાકીય સહાય) પૂરી પાડી છે.
- ૧૨ પાર્ટનર હોસ્પિટલની મદદથી દર વર્ષે આશરે ૫,૦૦૦ હજાર મોતિયાના ઓપરેશન કરે છે.
- રાજ્યનાં ૨૫૦ ગરીબ વૃદ્ધોને પોતાનાં સ્પોન્સર એ ગ્રાન્ડ પેરેન્ટ (એડોપ્શન પ્રોગ્રામ) (દત્તક) અન્વયે દર મહિને રૂા.૬૦૦ની મદદ કરે છે. સંસ્થા રાજ્યનાં ૧૧ વૃદ્ધાશ્રમ, બે ડે-કેર સેન્ટર અને ૧૨ હોસ્પિટલોને મદદ કરે છે.
- વૃદ્ધજનોના કલ્યાણ અર્થે 'આર્થિક પુનર્વસન કાર્ય' હેઠળ રાજ્યમાં ૫ પ્રોજેક્ટ ચાલું છે.

- ૨૦૦૧નાં ભયંકર ભૂકંપના રાહત-કાર્યમાં સંસ્થાએ આશરે ૧૨,૦૦૦ વૃદ્ધજનોને પુનર્વસન માટે નવા મકાન બાંધી આપી, તબીબી સહાય તેમજ ચાર મહિના સુધી ફૂડ-રાશનની સંપૂર્ણ સહાય કરી હતી.
- સંસ્થાએ ભૂજમાં એક મલ્ટીસ્પેશ્યાલિટી કમ્યુનિટી હેલ્થ સેન્ટરનું બાંધકામ કરી આપ્યું છે, તેમજ ૧ જીરિયાટ્રીક સેન્ટર, ૧ ટ્રોમા-કાઉન્સિલ સેન્ટર, ૧ પેથોલોજી લેબોરેટરી, ૧ ફીજીયોથેરાપી સેન્ટર, ૧ સંપૂર્ણ સાધન-સહિત ઓપ્થેલ્મિક ઓપરેશન થિયેટર અને હરતા-ફરતા દવાખાનાની સુવિધા વૃદ્ધજનોના કલ્યાણ અર્થે પૂરી પાડી છે.
- ઉપરાંત સંસ્થા દેશનાં અન્ય રાજ્યોમાં પણ વૃદ્ધજનોનાં કલ્યાણ અર્થે આ જ રીતે કાર્યરત છે.
- લોકોમાં વડીલો પ્રત્યે સંવેદના અને તેમની સંભાળ રાખવાની જાગૃતિ આવે તે અને તેમાંયે ખાસ કરીને સ્કૂલમાં વિદ્યાર્થીઓમાં અવેરનેસ કેમ્પેન ચલાવે છે. જેથી વૃદ્ધો તરફ લોકોની સદ્‌ભાવના બની રહે.

## ૪૦. નિરાધાર વિધવા બહેનો માટેની આર્થિક સહાયની યોજના :



જો ૨૧ વર્ષથી ઉપરની ઉંમરનો પુત્ર ન હોય તો નિરાધાર વિધવાઓને દર માસે રૂ. ૭૫૦/- અને બાળકદીઠ રૂ. ૧૦૦ પ્રમાણે સહાય (૨ બાળકોની મર્યાદામાં) ચૂકવવાનું રાજ્ય સરકારે નક્કી કર્યું હતું. **તેમાં હવે રાજ્ય સરકારે સુધારો કરી હવેથી તા. ૧-૧૧-૨૦૧૬થી વિધવા લાભાર્થી મહિલાઓને એક સરખા દરે રૂ. ૧૦૦૦-૦૦ની સહાય દર માસે ચૂકવવાનું ઠરાવ્યું છે. (તા. ૧૯-૧૦-૨૦૧૬નો મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ) (નોંધ - તા. ૪-૩-૨૦૧૬ના ઠરાવની અન્ય સર્વે બાબતો/શરતો યથાવત રહેશે.)**

અરજદાર વિધવાની પોતાની જંગમ તથા સ્થાવર મિલકતના રોકાણમાંથી વ્યાજ સહિત બધા સાધનોમાંથી (૧) ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક આવક રૂ. ૪૭,૦૦૦/- અને (૨) શહેરી વિસ્તાર માટે વાર્ષિક આવક રૂ. ૬૮,૦૦૦/-થી ઓછી હોય તેવી નિરાધાર વિધવા મહિલા (કોઈનું ઘરકામ કરતી હોય તેની આવક ગણવાની નથી.) આ સહાય મેળવવા પાત્ર ગણાશે.

વિધવા થયાની તારીખથી ૨ (બે) વર્ષની સમયમર્યાદામાં વિધવા સહાય મેળવવા ફોર્મ ભરવાની સમય મર્યાદા જે હતી તે હવે તા. ૧-૪-૨૦૧૨ની અસરથી રદ કરવામાં આવી છે પરંતુ સહાયનો લાભ ફક્ત ફોર્મ ભર્યાની તારીખથી મળવાપાત્ર થશે. આમ ગુજરાત રાજ્યમાં વસવાટ કરતી અને ૨૧ વર્ષથી વધુ ઉંમરનો પુત્ર ન હોય તેવી નિરાધાર વિધવા બહેનો આ યોજનાનો લાભ લઈ શકશે.

તા. ૧-૪-૨૦૧૨થી જે વિધવા મહિલા લાભાર્થીઓએ ૧૮ વર્ષની ઉંમર પૂર્ણ કરી હશે અને તેઓ જો નિયમોનુસાર પાત્રતા ધરાવતા હશે તો મળવાપાત્ર થશે. જે લાભાર્થીઓની ઉંમર ઠરાવના અમલની તારીખે ૧૮થી ૪૦ વર્ષની વયજુથના એટલે કે ૪૦ વર્ષ કરતા ઓછી ઉંમર હોય તેવા તમામ લાભાર્થીઓએ બે વર્ષની અંદર તાલીમમાં જોડાવવાનું રહેશે અને બે વર્ષની અંદર તાલીમ પૂર્ણ કરી લેવાની રહેશે. આ સહાય અરજદારની નજીકની પોસ્ટ ઓફિસના બચતખાતા (ડબલ્યુએફએ-વિડો ફાઈનાન્સિસ આસિસ્ટન્ટ) દ્વારા ચૂકવવામાં આવશે.

આ યોજનાના લાભાર્થી વિધવા બહેનોએ દર વર્ષે જુલાઈ માસમાં તેમણે પુનઃ લગ્ન કર્યા નથી તે મતલબનું મામલતદાર અથવા તાલુકા વિકાસ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કર્યા પછી જ બીજા વર્ષની સહાય મળવાપાત્ર થશે.

આ અંગેના અરજીપત્રકો તાલુકા મામલતદારશ્રીઓની કચેરીઓમાંથી વિના મૂલ્યે મળી શકશે. અરજી પત્રકો સંપૂર્ણરીતે ભરી માગ્યા મુજબના જરૂરી બિડાણો એટલે કે રેશનકાર્ડની ઝેરોક્ષ નકલ, પતિના મરણના દાખલાની ઝેરોક્ષ નકલ, પોતાના તથા બાળકોના ઉંમરના દાખલાના ઝેરોક્ષ નકલ, મામલતદારશ્રી અથવા તાલુકા વિકાસ અધિકારીશ્રી તરફથી મળેલ આવકનો તથા પુનઃલગ્ન કર્યા નથી તે બાબતનો દાખલો તથા ફોર્મ ઉપર અરજદારનો પાસપોર્ટ સાઈઝનો ફોટો લગાડી અરજીપત્રક પોતાના તાલુકાના મામલતદારશ્રીની કચેરીમાં આપવાનું રહેશે.

**નોંધ : કોઈ નિરાધાર વિધવા બહેનનો પુત્ર ૨૧ વર્ષનો હોય પરંતુ તે માતાનું ભરણપોષણ કરવા માટે સક્ષમ ન હોય જેમ કે, પાગપણ, શારીરિક અપંગતા, આજીવન કારાવાસ(કેદ), અથવા પુત્રનું મૃત્યુ થાય વગેરે કિસ્સામાં પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.**

## ૪૧. વિધવા લાભાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા વીમા કવચ :



૧. તા.૧-૪-૨૦૦૮થી યોજનાના લાભાર્થીઓને વિના મૂલ્યે રાજ્ય સરકારની જૂથ વીમા યોજના હેઠળ રૂા.૧,૦૦,૦૦૦/-નું વીમા કવચ ઉપલબ્ધ કરવામાં આવ્યું છે.

૨. આ અકસ્માત જૂથ વીમા યોજના હેઠળ લાભાર્થીનું અકસ્માતથી અવસાન થયેથી અથવા અકસ્માતથી કાયમી અપંગતા થવાથી આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

૩. આ અકસ્માત જૂથ વીમા યોજના હેઠળ લાભ મેળવવા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

## ૪૨. નિરાધાર વિધવા બહેનોને તાલીમ દ્વારા પુનઃસ્થાપન કરવાની યોજના :

રાજ્ય સરકારના મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા નિરાધાર વિધવાઓના પુનઃસ્થાપન માટે આર્થિક સહાયની યોજના હેઠળ ૧૮ થી ૪૦ વર્ષની ઉંમરના લાભાર્થીઓને સ્વરોજગારલક્ષી તાલીમ આપી, સ્વનિર્ભર બનાવી, પુનઃ સ્થાપન કરવાના પ્રયત્નો કરવામાં આવે છે.



**લાભ કોને મળી શકે ?**

૧. ૧૮ થી ૪૦ વર્ષની ઉંમરની વિધવા લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળી શકે.

૨. નિરાધાર વિધવા સહાય યોજના હેઠળ સહાય મેળવતા હોવા જોઈએ.

૩. ટૂંકાગાળાનો સ્વરોજગારલક્ષી તાલીમ ટ્રેડ સફળતા પૂર્વકનો પૂર્ણ કરવાનો રહેશે.

૪. સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરતાં સાધન સહાયની કીટ રૂ. ૫૦૦૦/-ની મર્યાદામાં આપવામાં આવશે.

**તાલીમ મેળવવા ક્યાં સંપર્ક કરવો ?**

વિધવા સહાય મેળવતા ૧૮ થી ૪૦ વર્ષની ઉંમરના લાભાર્થીઓએ તથા સહાય ન મેળવતી વિધવા બહેનો તેઓએ તાલીમ મેળવવા જે તે જિલ્લાના દહેજ પ્રતિબંધક અધિકારીની કચેરીનો સંપર્ક કરવો.

## ૪૩. વિકલાંગ વિધવા બહેનોને મકાન બાંધકામ માટે સહાય :

ગુજરાત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અને અધિકારિતા વિભાગના તા.૩૧-૩-૦૮ના ઠરાવ ક્રમાંક અપગ ૧૦-૧૦-૦૦૭-નબા ૨૧/છ-૧ દ્વારા વિકલાંગ વિધવા બહેનોને મકાન બાંધકામ સહાય પેટે રૂા.૪૦,૦૦૦/- આપવાની નવી યોજના ચાલુ કરેલ હતી, તેમાં સુધારો કરી હવે નીચેના કોઠા મુજબ આપવાનું નક્કી કરેલ છે.

| ક્રમ | યોજનાનું નામ | અમલીકરણ વિભાગ | લાભાર્થી ગ્રુપ | યુનિટ કોસ્ટ | |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૬ | |
| ૧૧ | વિકલાંગ વિધવા આવાસ યોજના | સામાજિક ન્યાય અને અધિકરિતા વિભાગ | વિકલાંગ વિધવા હોવા જોઈએ. | રાજ્ય સરકારની સહાય<br>+ શ્રમફાળો<br>કુલ રૂપિયા<br>+ ટોઇલેટ બ્લોક<br>+ ટોઇલેટ બ્લોક શ્રમફાળો | રૂા. ૪૫,૦૦૦/-<br>રૂા. ૭,૦૦૦/-<br>રૂા. ૫૨,૦૦૦/-<br>રૂા. ૨,૨૦૦/-<br>રૂા. ૩૦૦/- |
| | | | | **કુલ યુનિટ કોસ્ટ** | **રૂા. ૫૪,૫૦૦/-** |

૧. ૧૮ થી ૬૦ વર્ષ સુધીની વિકલાંગ વિધવા મહિલા કે જે ૪૦ ટકા કે તેથી વધુની વિકલાંગતા ધરાવતી હોય તેને

ફક્ત એક જ વખત આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર રહેશે.

૨. ગ્રામ પંચાયતના ચોપડે મકાન તરીકે નોંધાયેલ હોય તો પણ તદ્દન કાચું, ગાર-માટીનું ઘાસ પૂળાનું કૂબા ટાઈપનું મકાન જે રહેઠાણ માટે યોગ્ય ન હોય તે ધરાવનાર વિકલાંગ વિધવા મહિલાને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.

૩. અરજદાર વિકલાંગ વિધવા મહિલાના નામે કે તેમના સ્વર્ગસ્થ પતિના નામે ગ્રામ પંચાયત/રેવન્યુ સિટી સર્વેના અથવા અન્ય સક્ષમ કચેરીના દફતરે જમીનનો પ્લોટ નોંધાયેલ હોવો જોઈએ અને અરજદાર મહિલા તેનો કબજો ભોગવટો ધરાવતી હોવી જોઈએ.

૪. રેવન્યુ/સિટી સર્વે વગેરેમાં જમીનનો પ્લોટ નોંધાયેલ ન હોય તો પણ જો રજિસ્ટર દસ્તાવેજથી નોંધાયેલ હોય તો મિલકત તબદીલ થઈ હોય તેવા જમીનના પ્લોટના કબજેદાર વિકલાંગ વિધવા મહિલાને આ સહાય મળવાપાત્ર થશે.

૫. અરજદાર જે સ્થળે મકાન બનાવવાના હોય તે શહેરી/ગ્રામ વિસ્તારમાં સળંગ ૫ વર્ષથી વસવાટ કરતા હોવા જોઈએ.

૬. સરકારની આવાસો માટેની કોઈ પણ ખાતાની યોજના હેઠળ લાભ મેળવેલ હોવો જોઈએ નહીં.

૭. વિકલાંગ વિધવા એટલે પતિના અવસાન અંગેનો દાખલો જેમાં પતિના મૃત્યુની તારીખ દર્શાવેલ હોય તેવો સક્ષમ અધિકારીનો દાખલો રજૂ કરવાનો રહેશે.

૮. વિકલાંગતા અંગે જિલ્લા સિવિલ સર્જનશ્રી દ્વારા કાઢી આપવામાં આવેલ અધિકૃત વિકલાંગતાનું પ્રમાણપત્ર અને તેના આધારે જિલ્લા સમાજ સુરક્ષા કચરીએ કાઢી આપેલ વિકલાંગ ઓળખપત્ર માન્ય રહેશે.

૯. આ યોજનામાં કુટુંબની વ્યાખ્યામાં પોતે, પોતાના બાળકો અથવા સાવકાં બાળકો તેમજ માતા, પિતા કે સાસુ, સસરા જેઓ તેમની સાથે રહેતા હોય તેનો સમાવેશ થાય છે.

ઉપર મુજબની શરતો જે વિકલાંગ વિધવા મહિલા પરિપૂર્ણ કરતી હોય તેઓએ જે તે જિલ્લાની જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી ખાતેથી નિયત કરેલ ફોર્મ વિના મૂલ્યે મેળવી લેવા તેમજ સદર ફોર્મમાં વિગતો ભરી માંગ્યા મુજબના જરૂરી પૂરાવાઓ સાથે તે જ કચેરી ખાતે જમા કરાવવાનું રહેશે.

## ૪૪. નિરાધાર વિધવા તથા વિકલાંગ વ્યક્તિઓના કુટુંબીજનને વીમા સહાય યોજના :

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક : અપગ/૧૦૨૦૦૫/ન.બા.૪/છ.૧,તા.૨૮-૦૩-૦૭થી વિકલાંગ વ્યક્તિઓના કુટુંબીજનો માટે વીમા સહાય યોજના મંજૂર કરવામાં આવી છે.

નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : જવય-૧૦૦૪-૬૮૧(૨૧)-ઝ, તા.૨૫-૬-૨૦૦૭થી વિવિધ ખાતા મારફત ચાલતી જૂથ અકસ્માત વીમા યોજનાઓનું એકત્રિકરણ કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારે પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબની યોજના મંજૂર કરી છે.

**૧. યોજનાનું નામ.**

ગુજરાત સામૂહિક જૂથ (જનતા) અકસ્માત વીમા યોજના

**૨. ઓળખવિધિ**

દરેક લાભાર્થીઓની ઓળખવિધિ જુદા જુદા ખાતાઓ દ્વારા હાલની યોજનાના ઠરાવની પ્રવર્તમાન જોગવાઈ મુજબ જે તે વિભાગના અમલીકરણ કરતા નોડલ ઓફિસરે કરવાની રહેશે.

**૩. અકસ્માતની વ્યાખ્યા.**

આપઘાત કે કુદરતી મૃત્યુ સિવાય બીજી કોઈ પણ રીતે લાભાર્થીનું મૃત્યુ થાય કે કાયમી અપંગ બને તો આ યોજનાનો લાભ વીમા પૉલિસીની શરતોને આધીન રહીને મળવાપાત્ર થાય. વીમા રક્ષણ હેઠળના લાભાર્થીનું મૃત્યુ અથવા

કાયમી અપંગતાના કિસ્સામાં લાભાર્થીને વીમા સહાય ચૂકવવા બાબતે વિવાદ ઉપસ્થિત થાય તો તે અંગે સરકારશ્રીના અધિકૃત સત્તાધીશ/કમિટિનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

**૪. મૃત્યુ કે કાયમી વિકલાંગતાના કારણે મળવાપાત્ર લાભ.**

આ યોજના હેઠળ આવરી લેવાયેલ વિકલાંગ લાભાર્થીઓને રૂા.૧,૦૦,૦૦/- વીમા રાશિની મહત્તમ મર્યાદામાં આ યોજના હેઠળ વળતર ચૂકવવા પાત્ર રહેશે. સામાન્ય જૂથ અકસ્માત વીમા પૉલિસીની શરતોને ધ્યાનમાં રાખી વીમા રકમ નીચે મુજબના સંજોગોમાં મળવાપાત્ર થશે.

(અ) અકસ્માતના કારણે મૃત્યુ/કાયમી, સંપૂર્ણ વિકલાંગતાના કિસ્સામાં ૧૦૦ ટકા.

(બ) અકસ્માતને કારણે બે આંખ કે બે અંગ અથવા હાથ/પગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦ ટકા

(ક) અકસ્માતને કારણે એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦ ટકા

(ડ) અકસ્માતને કારણે એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૫૦ ટકા.

**૫. વારસદારો.**

આ વીમા યોજના હેઠળ લાભાર્થીઓના વારસદાર તરીકે નીચે મુજબની વ્યક્તિઓ ક્રમાનુસાર રહેશે.

અ. પતિ અથવા પત્ની — તેમની ગેરહયાતીમાં

બ. તેમના બાળક પુત્ર/પુત્રી — તેમની ગેરહયાતીમાં

ક. તેમના મા-બાપ — તેમની ગેરહયાતીમાં

ડ. તેમના પૌત્ર/પૌત્રી — ઉક્ત અ,બ,કની ગેરહયાતીમાં

ઈ. લાભાર્થી ઉપર આધારિત અને તેમની સાથે રહેતા અપરિણિત અથવા વિધવા અથવા ત્યક્તા બહેન.

ફ. ઉપરોક્ત કિસ્સા સિવાયના તથા વિવાદાસ્પદ કેસમાં સંબંધિત લાભાર્થીને લાગુ પડતા વારસા ધારા હેઠળ જાહેર થયેલ વારસદારો.

ઉપરોક્ત કિસ્સામાં જો વારસદાર સગીર હોય તો તેમના નેચરલ ગાર્ડિયન/કાયદેસરના વાલીને વીમા રકમનું ચૂકવણું કરવાનું રહેશે.

**૬. દાવા રજૂ કરવાની પ્રક્રિયા.**

આ વીમા રક્ષણના લાભાર્થીના વારસદારે ઉપસ્થિત થયેલ દાવા માટે નીચે મુજબની કાર્યવાહી અનુસરવાની રહેશે. લાભાર્થીના મૃત્યુના કિસ્સામાં ઉપરોક્ત કિસ્સામાં જણાવ્યા મુજબના વારસદાર અથવા કાયમી વિકલાંગતાના કિસ્સામાં લાભાર્થીએ પોતે અકસ્માત તારીખના ૯૦ દિવસમાં નોડલ અધિકારી/સક્ષમ અધિકારીને આ યોજના હેઠળ નિયત કરેલ નમૂનામાં લેખિતમાં જાણ કરવાની રહેશે.

- **દાવા અરજીની સાથોસાથ નીચે મુજબના દસ્તાવેજો બીડવાના રહેશે.**

૧. વિકલાંગ ઓળખકાર્ડ

૨. એફ.આઈ.આર.

૩. અધિકૃત તબીબનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ

૪. જન્મ-મરણ નોંધણી અધિકારી દ્વારા અપાયેલ મરણનું પ્રમાણપત્ર.

૫. કાયમી અપંગતાના કિસ્સામાં સંબંધિત જિલ્લાના સિવિલ સર્જન/સ્થાનિક અધિકૃત તબીબી અધિકારીનું પ્રમાણપત્ર

૬. જરૂર હોય ત્યાં ઉંમરનો પુરાવો. (શાળા, કૉલેજનું પ્રમાણપત્ર)

૭. અસાધારણ કેસમાં પોસ્ટમોર્ટમ રિપોર્ટની અશક્યતાના કિસ્સામાં જિલ્લા કલેક્ટરશ્રીનું પ્રમાણપત્ર.

**૭. નોડલ અધિકારીની જવાબદારી.**

નિયત નમૂનાની અરજી ઉપરોક્ત જરૂરી પુરાવા સાથે અરજીની ચકાસણી કરી નિયત પ્રમાણપત્ર સહિત અરજી વીમા કંપનીને મોકલી આપવાની રહેશે.

## ૮. દાવા પતાવવાની કાર્યવાહી.

મૃત્યુ અથવા કાયમી અપંગતાના કિસ્સામાં (સક્ષમ/નોડલ અધિકારીશ્રીએ) અરજી મળ્યા તારીખથી ૩૦ દિવસની અંદર જરૂરી ચકાસણી અને નિયત પ્રમાણપત્ર સાથે ચૂકવણીના હેતુસર વીમા કંપનીને મોકલી આપવાની રહેશે.

### પરિશિષ્ટ - ૧

### ગુજરાત સામૂહિક જૂથ (જનતા) અકસ્માત વીમા યોજના હેઠળ આવરી લેવાયેલ વિવિધ યોજનાઓ

| ક્રમ | યોજનાના લાભાર્થી | લાભાર્થીની યોગ્યતા | વીમા કવચ | કયા રિસ્ક આવરી લેવાય છે ? |
|---|---|---|---|---|
| ૧. | નિરાધાર/વિધવા સહાય યોજના | નિરાધાર/વિધવા | ૧,૦૦,૦૦૦ | અકસ્માત મૃત્યુ અગર સંપૂર્ણ અગર કાયમી-આંશિક અપંગતા |
| ૨. | વિકલાંગ અકસ્માત વીમા યોજના | રાજ્યના ૨.૫ લાખથી ઓછી આવક ધરાવતા વિકલાંગો | ૧,૦૦,૦૦૦ | ઉપર મુજબ.. |

આ ઉપરાંત બીજા ૧૧ પ્રકારના લાભાર્થીઓને આવો લાભ અપાય છે, પરંતુ આ પુસ્તિકા વિકલાંગો તથા નિરાધાર વિધવાઓ માટેની હોઈ તે બે માટેનો જ ઉલ્લેખ કરેલ છે. (ખાતેદાર ખેડૂત, અસંગઠિત જમીન વિહોણા મજૂર વગેરે..)

**અરજદાર વિકલાંગે કોઈ પ્રિમિયમ ભરવાનું હોતું નથી. જેઓ પાસે ઓળખપત્ર છે તે તમામને આ યોજનામાં આવરી લેવામાં આવ્યા છે.**

## ૪૫. રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના (સંકટ મોચન યોજના) :

આ યોજના હેઠળ કુટુંબ પરિવારની મુખ્ય કમાનાર વ્યક્તિ સ્ત્રી કે પુરુષનું કુદરતી સંજોગોમાં કે અકસ્માતને કારણે મૃત્યુ થાય તો નીચે પ્રમાણેની કેન્દ્રીય સહાય મળવાપાત્ર થશે.

૧. કુદરતી સંજોગોને કારણે મૃત્યુ થયું હોય તેવા કિસ્સામાં રૂા.૨૦,૦૦૦/-

૨. અકસ્માતને કારણે મૃત્યુ થયું હોય તેવા કિસ્સામાં રૂા.૨૦,૦૦૦/-

કુટુંબ ઉપર આવેલ આફતમાં તે કુટુંબને સહાયરૂપ થઈ શકાય તે માટે ઉચ્ચક રોકડ સહાય આપવાની જોગવાઈ આ યોજનામાં કરવામાં આવી છે. અગાઉ આ યોજના હેઠળ રૂ. ૧૦,૦૦૦/-ની સહાય અપાતી હતી તે તા. ૧૫-૨-૨૦૧૪ના ઠરાવથી રકમ વધારીને રૂ. ૨૦૦૦૦/- કરવામાં આવી છે.

૧. આવુ મૃત્યુ થાય ત્યારે મુખ્ય કમાનાર વ્યક્તિ (તે અથવા તેણીની) વય ૧૮ વર્ષથી વધુ અને ૭૦ વર્ષથી ઓછી હોવી જોઈએ.

૨. મૃત્યુ પછીના બે વર્ષની મર્યાદામાં નિયત ફોર્મમાં અરજી કરવાની રહેશે. આ યોજના હેઠળ સહાયની પાત્રતા માટે અરજદાર લાભાર્થી ભારત સરકારની ગાઈડલાઈન મુજબ BPL લાભાર્થી હોવા જોઈએ. અરજદાર ગ્રામ વિસ્તારમાં રહેતા હોય તો તેઓને ગામની પંચાયતમાં નગરપાલિકા કે મહાનગરપાલિકા વિસ્તારમાં રહેતા હોય તો નગરપાલિકા કે મહાનગર પાલિકાની કચેરીમાં BPL લાભાર્થી તરીકે નોંધાયેલા હોવા જોઈએ.

૩. અકસ્માત પામનાર વ્યક્તિનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ, પોલીસ ફરિયાદ, પંચનામાની કોપી અરજીપત્રક સાથે સામેલ કરવાની હોય છે.

૪. મૃત્યુ પામનાર કુટુંબની મુખ્ય વ્યક્તિ તરીકે કોઈ પણ એક જ વ્યક્તિએ અરજદાર તરીકે અરજી કરવાની હોય છે અને કુટુંબના તમામ સભ્યોએ સંમતિ આપવી પડે છે. આ સહાય કુટુંબના દરેક સભ્યોને અલગ અલગ મળવાપાત્ર નથી.

૫. આ યોજના હેતુ માટે કુટુંબની વ્યાખ્યામાં પતિ-પત્ની, સગીર બાળકો, અપરિણિત પુત્રીઓ અને આશ્રિત માતા પિતાનો સમાવેશ થાય છે.

**અરજી ક્યાં કરશો ?**

૧. શહેરી વિસ્તાર માટે જે તે વિસ્તારની પ્રાંત કચેરીમાં અરજી કરવાની રહેશે.

૨. ગ્રામ પંચાયત વિસ્તાર માટે - આ યોજના હેઠળ નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને અરજી કરવાની રહેશે.

૩. મહાનગર પાલિકા વિસ્તાર માટે - કમિશનર મહાનગરપાલિકાની કચેરીમાં યુ.સી.ડી. શાખામાં અરજી કરવાની રહેશે. આ યોજના હેઠળ સહાય મંજૂર કરવાની સત્તા ઉપરોક્ત અધિકારીશ્રીને હસ્તક છે તથા અરજી ફોર્મ પણ તેઓની કચેરીમાંથી મળશે.

## ૪૬. અનાથ બાળકોને માસિક રૂ. ૩૦૦૦ની સહાયની યોજના :



ગુજરાતમાં વસતા ૦ થી ૧૮ વર્ષની ઉંમરના તમામ જ્ઞાતિના અનાથ બાળકો કે જેના માતા-પિતા હયાત નથી. (અવસાન પામ્યા છે) તેવા બાળકોને સંસ્થાકીય વાતાવરણમાં રાખી ઉછેરવાને બદલે કુટુંબમાં રાખી પ્રાકૃતિક વાતાવરણમાં ઉછેર કરવાથી તેઓનો સ્વસ્થ અને સંતુલિત વ્યક્તિનારૂપે વિકાસ થઈ શકે તે દૃષ્ટિએ પાલક માતા-પિતાની યોજના સરકારે અમલમાં મૂકી છે. અને અનાથ બાળકની સારસંભાળ રાખતા નજીકના સગાંને માસિક રૂ. ૩૦૦૦ની સહાય તા. ૨૯-૪-૨૦૧૬થી આપવાનું નક્કી કર્યું છે. (અગાઉ આ સહાય દર મહિને રૂ. ૧૦૦૦ આપવામાં આવતી હતી તેમાં રૂ. ૨૦૦૦નો વધારો તા. ૨૯-૪-૨૦૧૬થી કરવામાં આવેલ છે.)

પાલક માતા-પિતાની વાર્ષિક આવક :

(૧) ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક રૂ. ૨૭,૦૦૦થી વધુ

(૨) શહેરી વિસ્તારમાં વાર્ષિક આવક રૂ. ૩૬,૦૦૦થી વધુ હશે,

તેવા પાલક માતા-પિતા અરજી કરવાને પાત્ર છે. (આ અંગે પોતાના તાલુકાના મામલતદારશ્રી પાસેથી મેળવેલો આવકનો દાખલો રજૂ કરવાનો રહેશે.)

આ અંગેના નિયત અરજીપત્રક પોતાના જિલ્લાના ચિલ્ડ્રન હોમ (ઓબ્ઝર્વેશન હોમ)ની કચેરીએથી મળશે અને તેમાં વિગતો ભરી બાળકની ઉંમરનો દાખલો, બાળકના માતા-પિતાના મરણના દાખલાની નકલ, વાલી થનારનો બાળક સાથેનો પાસપોર્ટ સાઈઝનો ફોટો બિડવાનો રહેશે. અને સહાયની રકમ મંજૂર થતાં એકાઉન્ટ-પે ચેકથી નાણાં ચૂકવવામાં આવશે. આ માટે બાળકના નામ સાથેનું સંયુક્ત નામનું બેન્કમાં એકાઉન્ટ ખોલાવવાનું રહેશે. સહાય મંજૂર થતાં આંગણવાડીથી લઈ ફરજિયાત શાળાનું શિક્ષણ આપવાનું રહેશે અને દર વર્ષે શાળાના આચાર્યશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. વધુ વિગતો : વેબસાઈટ-www.sie.gujarat.govt.in પરથી મળી રહેશે. અનાથ બાળક અભ્યાસ બંધ કરે (છોડી દે) અથવા રાજ્યની કે કેન્દ્રની આવી જ કોઈ યોજનાનો લાભ મેળવતા હશે તો આ સહાય બંધ કરવામાં આવશે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક--જજઅ/૧૦૨૦૧૫/૮૪૧૫૦૫/નબ.૦૭/છ તા. ૨૯-૪-૨૦૧૬

## ૪૭. રક્તપિત નિર્મૂલન કાર્યક્રમ :



રક્તપિત્ત રોગનો દરદી એ છે કે જેની ચામડી પર ચાઠાં અથવા ચાઠાંઓ હોય અને તે ભાગમાં સંવેદનાનો સંપૂર્ણ અભાવ ચોક્કસ હોય છે અને તેણે બહુ ઔષધિય સારવારનો સંપૂર્ણ કોર્સ કર્યો હોતો નથી. રાજયમાં આવેલા તમામ આરોગ્ય કેન્દ્ર પર રક્તપિત્ત રોગનું નિદાન અને સારવાર કોઈ પણ જાતના નાણાં લીધા વિના, કામકાજના પ્રત્યેક દિવસે વિના મૂલ્યે મળે છે.

**રક્તપિત્તના દર્દીઓને મદદરૂપ થતી સંસ્થાઓના નામ - સરનામાં, ટેલિફોન નંબર**

૧. **ગુજરાત રક્તપિત્ત નિવારણ સેવા સંઘ.**

પુનઃસ્થાપન કેન્દ્ર, સેવાતીર્થ, સ્વામિનારાયણ ગુરૂકુળ વિદ્યાલયની પાછળ તરસાલી બાયપાસ-ધનયાવી રોડ, વડોદરા, ફોન : ૦૨૬૫-૨૯૭૪૧૮૭, મોબાઈલ :૯૮૨૫૪૦૭૬૫૪

**મુખ્ય કાર્યાલય :** યાકૂતપુરા, જૂની ગઢી, મ્યુ. સ્લમ ક્વાટર્સની પાસે, વડોદરા-૩૮૦૦૦૬, ફોન : ૨૫૧૧૨૩૦, મો. ૯૮૨૫૪૦૭૬૫૪

**કૃષ્ઠસેવા - કાર્યાલય :** સી/૨, સુરેશા એપાર્ટમેન્ટ, ઈશિતા ફલેટસની સામે, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦૦૦૯, ફોનઃ ૨૬૪૩૧૮૮૪, મો. ૯૯૨૫૯૭૧૧૭૬

૨. **સ્વાવલંબન ટ્રસ્ટ :** હિમાવન- પાલડી ચાર રસ્તા, અમદાવાદ, ફોન : ૦૭૯-૨૬૫૮૭૬૨૩, મોબાઈલ : ૯૮૭૯૨૩૮૦૪૪

૩. **શ્રમ મંદિર ટ્રસ્ટ :** સિંધ રોડ તા. જિ. : વડોદરા, ફોન : ૦૨૬૫-૬૪૫૨૬૬૦, ૬૪૫૧૬૫૯, મોબાઈલ : ૯૯૨૫૧૪૭૫૮૩

૪. **સહયોગ કૃષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ :** રાજેન્દ્રનગર ચોકડી તા. હિંમતનગર,જિ. સાબરકાંઠા ફોન : ૦૨૭૭૨-૨૫૪૩૩૭, મોબાઈલ : ૯૮૨૫૦૧૧૧૮૫

**વધુ માહિતી/ માર્ગદર્શન માટે :** સ્ટેટ લેપ્રસી સેલ, કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આરોગ્ય વિભાગ), બ્લોક નં. ૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, (જૂના સચિવાલય) ગાંધીનગર

## ૪૮. આઈ.ટી.આઈ.માં ત્રણ ટકા બેઠકો અનામત :

વિકલાંગ ઉમેદવારો માટે કુલ ભરવાપાત્ર બેઠકોના ૩ ટકા બેઠકો અનામત રાખવામાં આવેલ છે. વિકલાંગ ઉમેદવારો માટેની અનામત બેઠકો ઉપર પ્રવેશ મેળવવા અરજી કરતાં ઉમેદવારોએ વોકેશનલ રીહેબીલીટેશન સેન્ટર ફોર હેન્ડિકેપ્ડ (વી. આર.સી.) ઈન્સ્ટિટ્યૂટ આઈ.ટી.આઈ. હોસ્ટેલ કેમ્પસ, કુબેરનગર, અમદાવાદ તરફથી જે તે વ્યવસાય માટે યોગ્યતાનું સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેશે.

વિકલાંગ ઉમેદવારો માટે પ્રવેશ આપવામાં અનામત રાખવામાં આવતી ત્રણ બેઠકોનો મહત્તમ ઉપયોગ થઈ શકે તે માટે મહાનિર્દેશાલય, શ્રમ અને રોજગાર, નવી દિલ્હી દ્વારા ઈજનેરી તથા બિન ઈજનેરી વ્યવસાયોમાં પ્રવેશ આપવા માટે વિવિધ પ્રકારની શારીરિક ક્ષતિ ધરાવતાં ઉમેદવારો માટે નીચેની વિગતે વ્યવસાયોની ભલામણો કરવામાં આવેલ છે, જે અંગેની માહિતી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાંથી મળી શકશે.

**વધુ માહિતી માટે ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ/કેન્દ્રો : પ્રવેશ માહિતી પુસ્તિકા જોવા વિનંતી**

રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, (ISO 9001:2000 Certified Organisation) બ્લોક નં. ૧, ત્રીજો માળ,

ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦. ફોન : ૦૭૯-૨૩૨૫૩૮૧૨, ફેક્સ : ૦૭૯-૨૩૨૫૩૮૩૫

Website : www.talimrojgar.org E-mail : jddir-det@gujarat.gov.in

## ૪૯. દિવ્યાંગો માટેના ફક્ત ટેકનિકલ અભ્યાસક્રમોને લગતી તાલીમ એસ.પી.પી.ડબલ્યુ.ડી. સ્ટડી સેન્ટરનો પરિચય :

**SCHEME OF POLYTECHNICS FOR PERSONS WITH DISABILITIES**

**(Under Ministry of HRD, New Delhi)**

**SP, PWD Study Centre,**

**Workshop Building Governemt Polyechnic, Ambawadi, Ahmedabad : 380015**

**Ph : 079-26309922**

ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલય, નવી દિલ્હી દ્વારા ગુજરાત રાજ્યમાં સરકારી પોલિટેકનિક આંબાવાડી, અમદાવાદ : ૧૫ ખાતે **'સ્કીમ ઓફ પોલિટેકનિક ફોર પર્સન વીથ ડીસએબિલિટીઝ'** (એસ.પી.પીડબલ્યુ)નો પ્રોજેક્ટ વર્ષ : ૧૯૯૯-૨૦૦૦થી શરૂ કરવામાં આવ્યો છે.

આ પ્રોજેક્ટના નેજા હેઠળ તાલીમાર્થીઓ માટે તાલીમ સાથે તેને લગતી આર્થિક સહાયની પણ જોગવાઈ છે.
આ પ્રોજેક્ટ અન્વયે બે પ્રકારના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. (૧) ફોર્મલ અભ્યાસક્રમો અને (૨) નોન ફોર્મલ અભ્યાસક્રમો.

| પ્રકાર | ફોર્મલ | નોન ફોર્મલ |
|---|---|---|
| અભ્યાસ | ડિપ્લોમા (લાંબાગાળા) | સર્ટિફિકેટ કોર્સ (ટૂંકાગાળા) |
| અભ્યાસક્રમની મુદ્દત | ૦૩ વર્ષ કે તેથી વધુ | ત્રણ માસ |
| લાયકાત | ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી સાથે ધોરણ : ૧૦ પાસ | સામાન્ય વાંચન લેખન |
| પ્રવેશ પ્રક્રિયા | ધોરણ : ૧૦નું પરિણામ જાહેર થાય બાદ કેન્દ્રીય ડિપ્લોમા પ્રવેશ સમિતિ દ્વારા આપવામાં આવતી જાહેરાત મુજબ અરજીપત્રક સમયમર્યાદામાં ભરવાનું રહેશે. | સેન્ટર ખાતેથી ગમે ત્યારે ફોર્મ મેળવીને ભરવાનું રહેશે |

| | | |
|---|---|---|
| અરજીપત્રકની કિંમત | કેન્દ્રીય ડિપ્લોમા પ્રવેશ સમિતિ દ્વારા નક્કી કર્યા મુજબની | ● વિના મૂલ્યે – |
| પ્રવેશ આપવાની કાર્યવાહી | કેન્દ્રીય ડિપ્લોમા પ્રવેશ સમિતિ તથા V.R.C. દ્વારા સંયુક્ત કાર્યવાહી | S.P.P.W.D. સેન્ટર તથા V.R.C. દ્વારા સંયુક્ત કાર્યવાહી |
| આર્થિક સહાય અને તેનું સ્વરૂપ | સ્કોલરશિપ, ટ્રાવેલિંગ એલાઉન્સ, ફ્રી બોર્ડિંગ બુક અને યુનિફોર્મ | સ્કોલરશિપ બુક્સ/રીસોર્સ મટિરિયલ સ્ટેશનરી અને ટ્રાન્સપોર્ટ એલાઉન્સ, ટુલ કીટ, મીડ-ડે-મીલ વિગેરે. |
| સંસ્થા ખાતે ચલાવવામાં આવતા અભ્યાસક્રમો | ૧. સિવિલ<br>૨. મિકેનિકલ<br>૩. ઈલેક્ટ્રિકલ<br>૪. ઓટોમોબાઈલ<br>૫. પ્લાસ્ટિક<br>૬. ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કંટ્રોલ<br>૭. ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન<br>૮. કમ્પ્યૂટર એન્જિનિયરિંગ<br>૯. ઈન્ફોરમેશન ટેકનોલોજી | ૧. મોબાઈલ રિપેરિંગ<br>૨. વીસીડી રિપેરિંગ<br>૩. મોટર રીવાઈન્ડિંગ<br>૪. ઓફિસ ઓટોમેશન<br>૫. ટીવી એન્ડ રેડિયો રિપેરિંગ<br>૬. એ.સી. અને ફ્રીજ રિપેરિંગ<br>૭. ટુ વ્હીલર મેઈન્ટેનન્સ<br>૮. ઘડિયાળ રિપેરિંગ<br>તથા અન્ય ટેકનિકલ અભ્યાસક્રમો |

| | | |
|---|---|---|
| અભ્યાસક્રમનું સ્થળ | સરકારી પોલિટેકનિક, અમદાવાદ-૧૫<br>અભ્યાસક્રમ મુજબના વિભાગોમાં | S. P. PWD Study Centre<br>વર્કશોપ બિલ્ડિંગ સરકારી પોલિટેકનિક, અમદાવાદ-૧૫ |
| સર્ટિફિકેટ | ટેકનિકલ પરીક્ષા બોર્ડ, ગાંધીનગર, ગુજરાત રાજ્ય દ્વારા | સરકારી પોલિટેકનિક, અમદાવાદ દ્વારા |
| ખાસ નોંધ | જ્યાં સુધી એક ડિપ્લોમાં પૂર્ણ ન કરે ત્યાં સુધી બીજા ડિપ્લોમામાં પ્રવેશ આપવામાં આવતો નથી. નોકરી મળ્યે કે સ્વરોજગાર શરૂ કર્યા બાદ તુરત જ અત્રે જાણ કરવાની રહેશે. | બીજા ઉમેદવારોને તક મળે તેને ધ્યાનમાં લેતા સામાન્યતઃ એક જ વાર વિદ્યાર્થીને લાભ આપવામાં આવે છે. નોકરી મળ્યે કે સ્વરોજગાર શરૂ કર્યા બાદ તુરત જ અત્રે જાણ કરવાની રહેશે. |
| એમ્પ્લોયમેન્ટ માટે નોંધણી (અમદાવાદ ખાતે) | ૧. સુપરિટેન્ડન્ટ, વોકેશનલ રીહેબીલાઈઝેશન સેન્ટર, આઈ.ટી.આઈ. સામે, કુબેરનગર.<br>૨. રોજગાર વિનિમય કચેરી, ફિઝીકલ હેન્ડિકેપ્ડ, ઓ-૪, ન્યુ મેન્ટલ હોસ્પિટલ કેમ્પસ, મેઘાણીનગર<br>૩. સંસ્થા ખાતે કંપનીઓ દ્વારા કેમ્પસ ઈન્ટરવ્યુ. | ૧. સુપરિટેન્ડન્ટ, વોકેશનલ રીહેબીલાઈઝેશન સેન્ટર, આઈ.ટી.આઈ. સામે, કુબેરનગર.<br>૨. ફિઝીકલ હેન્ડીકેપ્ડ, ઓ-૪, ન્યુ મેન્ટલ હોસ્પિટલ કેમ્પસ, રોજગાર વિનિયમ કચેરી, મેઘાણીનગર. |
| સેન્ટરના હોદ્દેદારો સંપર્ક | આચાર્ય અને પ્રોજેક્ટ ચેમ્પિયન<br>ફોન : ૦૭૯-૨૬૩૦૧૨૮૫ Ext. No. ૩૧૫ | ચીફ કોઓર્ડિનેટર/આચાર્ય અને પ્રોજેક્ટ ચેમ્પિયન ફોન : ૦૭૯-૨૬૩૦૯૯૨૨, ૨૬૩૦૧૨૮૫ Ext No. ૩૧૫ |

**અંગ્રેજી શબ્દોની સમજ**

HI - Hearing Impaired
VI - Visually Impaired
OH - Orthopedically Hindicpped
MR - Mentally Retarded.
MD - Multi Disability

VRC - Vocational Rehabilitation Centre, Ahemedabad

CDAC - Central Diploma Admission Committee, Ahmedabad

– વિનામૂલ્યે વિવિધ રોજગારલક્ષી તાલીમ (ટેકનિકલ) પૂરી પાડીએ છીએ.

– તાલીમ દરમ્યાન તેઓને યોજના અંતર્ગત સ્ટાઈપેન્ડ આપીએ છીએ.

– તાલીમ બાદ તેઓને સ્વરોજગાર શરૂ કરવા બાબતે જરૂરી સંપૂર્ણ માર્ગદર્શન આપીએ છીએ.

– તેઓને રોજગારી અપાવવા સતત પ્રયત્નશીલ રહીએ છીએ.

## ૫૦. દૃષ્ટિહીન-વિકલાંગો માટે વ્યવસાયિક તાલીમ આપતા કેન્દ્રોના નામ/સરનામાં :



૧. સંચાલકશ્રી, અંધજન મંડળ, (માત્ર અંધજન/અપંગો માટે) ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર, ડૉ. જગદીશ પટેલ ચોક, ૧૩૨ ફૂટ રિંગ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ પીન.નં. ૩૮૦૦૧૫. ટે.નં. (૦૭૯)૨૬૩૦૫૦૮૨, ૨૬૩૦૪૦૭૦

૨. સંચાલકશ્રી, બહેરા-મૂંગા શાળા, નવરંગપુરા, આશ્રમરોડ અમદાવાદ-૩૮૦૦૦૯, ટે.નં. ૬૫૮૬૧૩૮

૩. ધી સોસાયટી ફોર ફિઝીકલી હેન્ડીકેપ્ડ, લવકુશ કોમ્પલેક્ષ, સુખરામનગર, ગોમતીપુર, અમદાવાદ.

૪. સંચાલકશ્રી, લાયન્સ કલબ સોસાયટી, લાયન્સ ઈન્ડ્રસ્ટ્રિયલ ટ્રેનિંગ સેન્ટર ફોર ડિસેબલ, શ્રી વાડીલાલ હીરાલાલ ગાંધી બહેરા-મૂંગા શાળા, એસ.ટી. બસ સ્ટેન્ડ પાછળ, મુ.પો. મોડાસા, જિ. સાબરકાંઠા. પી.નં. ૩૮૩૩૧૫ ટે.નં. (૦૨૭૭૪) ૨૪૬૮૦૧

૫. સંચાલકશ્રી, સરસ્વતી એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ, સંચાલિત સમર્પણ મુકબધિર શિશુ વિદ્યામંદિર, કૃષ્ણભવન મોટેરા, સાબરમતિ, અમદાવાદ-૩૮૦૦૦૫

૬. સંચાલકશ્રી, સરસ્વતી એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ મુકબધીર શિશુ વિદ્યામંદિર, ૧૧૧/ચ ટાઈપ સેક્ટર-૨૮, ગાંધીનગર, ટે.નં. (૦૭૯) ૨૩૨૧૧૩૩૨

૭. સંચાલકશ્રી, ગુજરાત રક્તપિત્ત નિવારણ સેવા સંઘ જૂની ગઢી, ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર, સેવાતીર્થ, તરસાલી બાયપાસ પાસે, આદર્શનગર, વડોદરા-૩૯૦૦૦ ટે.નં. (૦૨૬૫) ૨૬૩૬૩૬૧

૮. સંચાલકશ્રી, ડિસેબલ વેલ્ફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા, ૮૨૫, સુમન દેસાઈની વાડી, ખટોદરા, ઉધના દરવાજા, સુરત-૩૯૫૦૦૨, ટેનં. (૦૨૬૧) ૨૬૩૪૭૦૩, ૨૬૩૭૬૭૭/૨૪૬૪૯૨૭

૯. સંચાલકશ્રી, ગાંધીઘર-કછોલી, મુ.પો. કછોલી, સ્ટે. અમલસાડ, તા. ગણદેવી, જિ. નવસારી. ટે.નં. (૦૨૬૩૪) ૨૭૦૭૫૯/૨૭૦૬૪૪

૧૦. વોકેશનલ રીહેબિલીટી સેન્ટર ફોર હેન્ડીકેપ્ડ, હોસ્ટેલ બિલ્ડિંગ, આઈ.ટી.આઈ., સામે, કુબેરનગર, અમદાવાદ

૧૧. વોકેશનલ રીહેબિલીટી સેન્ટર ફોર હેન્ડીકેપ્ડ વૂમન, એમ.આઈ. એસ્ટેટ, જલારામ મંદિર રોડ, કારેલીબાગ, વડોદરા- ૩૯૦૦૧૮

૧૨. સંચાલકશ્રી, પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવા કુંજ, નિર્મળ નગર સોસાયટી, દાલમિલ રોડ, સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૧ટે. નં. (૦૨૭૫૨) ૨૯૩૧૦૦/૨૯૩૪૦૦

૧૩. સંચાલકશ્રી, શ્રી કૃષ્ણકુમારસિંહજી, અંધ ઉદ્યોગ શાળા ટ્રસ્ટ સંચાલિત, શ્રીમતી પી.એન.આર.શાહ પ્રજ્ઞા ચક્ષુ વિદ્યાલય, વિપનગર, ભાવનગર. પી.નં. ૩૬૪૦૦૨ ટે.નં. (૦૨૭૮) ૨૪૨૩૯૧૭

**ઉપરોક્ત સંસ્થાઓમાં પ્રવેશ અંગેની કામગીરી સંસ્થા કક્ષાએ જ કરવામાં આવે છે. તેથી વધુ વિગતો માટે જે તે સંસ્થાનો સંપર્ક સાધવા વિનંતી**

## ૫૧. પી.ટી.સી. પ્રવેશમાં વિકલાંગો માટે ત્રણ ટકા બેઠકો અનામત :

હવે પછી દર્શાવ્યા મુજબની વિષયક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો માટે જે તે કેટેગરીમાં (અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક પછાત વર્ગ, બિનઅનામત) સરકારશ્રીની નીતિ મુજબ - ૩ ટકા. વિકલાંગ ઉમેદવારો સિવિલ સર્જન અને જ્યાં સિવિલ સર્જન ન હોય, ત્યાં રેસિડેન્સિયલ મેડિકલ ઓફિસરની કાઉન્ટર સહી કરાવેલું પોતાના પાસપોર્ટ સાઈઝના ફોટા સાથેનું વિકલાંગતા અંગેનું પ્રમાણપત્ર નિયત નમૂનામાં મેળવી રજૂ કરવાનું રહેશે.

**વિકલાંગ ઉમેદવારે વિકલાંગતા ચકાસણી સમિતિ સમક્ષ વિકલાંગતાની ચકાસણી માટે રજૂ થવાનું રહેશે. ઉમેદવારની વિકલાંગતા અંગે ચકાસણી સમિતિનો નિર્ણય આખરી ગણાશે.**

**૧. મૂક-બધિર ઉમેદવારો :**

**મૂક-બધિર ઉમેદવારો માટે સૌ પ્રથમ અગ્રતા તેમના સ્પષ્ટ ઉચ્ચારણો અને સ્પષ્ટ સાંભળી શકવાની ક્ષમતા હોવી જરૂરી. મૂક-બધિરનું પ્રમાણ નીચે મુજબ હોવું જરૂરી છે.**

| Sr. No | Category | Type of Impairment and or | dB Level | Speech descrimination | Percentage of Impairment |
|---|---|---|---|---|---|
| 1. | II | Moderate hearing impairment | 41 to 55 db in better ear | 50 to 80% better ear | 40% to 50% |
| 2. | III | Serverre hearing | 56 to 70 db in better ear | 40 to 50% better ear | 50% to 75% |
| | | (શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક ટીસીએમ. ૧૪૦૨/૩૫૪/ન, તા. ૨-૯-૨૦૦૩ મુજબ impairment | | | |

**૨. અંધત્વ અથવા અલ્પ દૃષ્ટિ ધરાવતા ઉમેદવારો :**

**શાળાના વર્ગખંડોમાં નિરીક્ષણ કરી શકે તેવી દૃષ્ટિ-ક્ષમતા હોવી જરૂરી, અંધત્વ અથવા અલ્પદૃષ્ટિનું પ્રમાણ નીચે મુજબ હોવું જરૂરી છે.**

| Sr. No | Category | Bettet eye | Worse eye and or | Percentage of Impairment |
|---|---|---|---|---|
| 1. | I<br>II<br>III | 6/18 to 6/36<br>6/60 to 4/60<br>3/60 to 1/60 | 6/60 to Nil<br>3/60 to Nil<br>F.C. 1 fit to Nil | 75 %<br>75 % |

**૩. અસ્થિવિષયક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો :**

૪૦ ટકા અથવા તેનાથી વધારે પ્રમાણિત વિકલાંગતા સાથે આપમેળે સરળ રીતે હરીફરી શકવાની ક્ષમતા જરૂરી.

**૪. અનામત ઉમેદવારોને પ્રવેશ :**

અનામત કેટેગરીના ઉમેદવારને ગુણવત્તા અનુસાર બિનઅનામત બેઠક ઉપર તેમની પસંદગીના સ્થળે પ્રવેશ મળતો હશે તો તે મુજબ પ્રથમ બિનઅનામત બેઠક ઉપર પ્રવેશ આપવામાં આવશે. તે માટે ઉમેદવાર જે કેટેગરીમાં હોય તે કેટેગરીની અનામત બેઠક ઉપર તેનો પ્રવેશ ગણવામાં આવશે નહિ અને સંબંધિત અનામત કેટેગરીમાં આવતા ઉમેદવારોની મળવાપાત્ર બેઠકોની સંખ્યા જાળવી રાખવામાં આવશે. **આમ છતાં તમામ અનામત કેટેગરીના ઉમેદવારોને સરકાર તરફથી જે કોઈ લાભ મળવાપાત્ર હોય છે તે લાભો આવા બિનઅનામત બેઠકો ઉપર પ્રવેશ મેળવવા પાત્ર ઉમેદવારોને પણ મળવાપાત્ર રહેશે.** અનામત કેટેગરીના ઉમેદવારને પસંદગીના સ્થળે જો બિનઅનામત બેઠક ઉપલબ્ધ ન હોય તેવા સંજોગોમાં ઉમેદવાર ઈચ્છે તો પોતાની કેટેગરીની અનામત બેઠક ઉપર પ્રવેશ મેળવી શકશે. જે અંગેની સંમતિ ઉમેદવારે આપવાની રહેશે.

**૫. અનામત બેઠકો અન્ય કેટેગરીના ઉમેદવારોથી ભરવા :**

ઉપરોક્ત અનામત બેઠકો જે તે કક્ષાથી ભરાયા બાદ જો બેઠક ખાલી રહે તો તે પ્રવાહ બદલીને જે તે કેટેગરીના ઉમેદવારોથી ભરી શકાશે. તેમ છતાં જો બેઠકો ખાલી રહેશે તો આવી બેઠકો બિનઅનામત ઉમેદવારોથી ભરી શકાશે.

વધુ માહિતી માટે દર વર્ષે કેન્દ્રીય પ્રવેશ સમિતિ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, બ્લોક નં.૧૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફથી બહાર પડતી પી.ટી.સી. પ્રવેશ માટેના નિયમો તથા ફોર્મ સાથે મળતી માહિતી પુસ્તિકાનો અભ્યાસ કરવો.

## ૫૨. ઇજનેરી, ફાર્મસીના ડિગ્રી/ડિપ્લોમા અભ્યાસક્રમોમાં વિકલાંગો માટે અનામત જગ્યાઓ :

૪૦ ટકાથી ૬૦ ટકા વચ્ચેની વિકલાંગતા ધરાવતા વિકલાંગ ઉમેદવારો માટે ૩ ટકા બેઠકો અનામત રાખવામાં આવશે. વિકલાંગ ઉમેદવારે સિવિલ સર્જન અને સિવિલ સર્જન ન હોય તો રેસિડેન્શિયલ મેડિકલ ઓફિસરની કાઉન્ટર સહી કરાયેલું વિકલાંગતા અંગેનું પ્રમાણપત્ર નિયત નમૂનામાં મેળવી રજૂ કરવાનું રહેશે. વિકલાંગ તેમજ લશ્કરી સૈનિકોનાં બાળકો માટેની અનામત બેઠકોની જોગવાઈ સ્વનિર્ભર સંસ્થાઓને લાગુ પડશે નહીં.

(ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના ઈજનેરી અને ફાર્મસીના ડિગ્રી/ડિપ્લોમા અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં પ્રવેશ અંગેની માહિતી પુસ્તિકામાંથી)

## ૫૩. તબીબી શિક્ષણમાં વિકલાંગો માટે અનામત જગ્યાઓ :

બધી મળીને ૪૦ ટકાથી ઓછી વિકલાંગતા ન હોય, એક પગ તથા હાથની અંશતઃ વિકલાંગતા ધરાવતા હોય તથા યોગ્ય તબીબી અધિકારીએ તે ફિઝિશીયન/ડેન્ટલ/ફિઝિયોથેરાપીસ્ટનું સ્વતંત્ર કામ કરી શકવા સક્ષમ છે તેવું પ્રમાણપત્રમાં સ્પષ્ટ દર્શાવ્યું હોય તો સરકારી મેડિકલ/ડેન્ટલ/ફિઝિયો થેરાપીની કૉલેજમાં તમામ વર્ગોમાં ત્રણ ટકા અનામત જગ્યાઓ ઉપર પ્રવેશ મળે છે. આ અંગેની વધુ માહિતી જે તે વર્ષના પ્રવેશ નિયમોની પુસ્તિકામાં આપવામાં આવે છે.

## ૫૪. વિકલાંગોને રોજગારલક્ષી તાલીમ આપતી સંસ્થાઓ :

(૧) **અંધજન મંડળ ડૉ. જગદીશ પટેલ ચોક, સુરદાસ માર્ગ, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૧૫.**

ફોન : ૦૭૯-૨૬૩૦૫૮૫૦, ૨૬૩૦૫૦૮૨, ૨૬૩૦૪૦૭૦, ૨૬૩૦૩૫૧૩, ફેક્સ : ૦૭૯-૨૬૩૦૦૧૦૬,

ઈ-મેલ blinabad1@sanchamet.in bpaindia@satya.net.in વેબ સાઈટ : www.bpaindia.org

અંધજન મંડળ (બીપીએ), દૃષ્ટિહીન, શારીરિક રીતે વિકલાંગ શ્રવણમંદ, મંદ-બુદ્ધિના અને વિકલાંગ વૃદ્ધો જોડે, અભ્યાસ, પુનર્વસન, સલાહ-સૂચના અને વ્યાવસાયિક માર્ગદર્શન માટે કામ કરે છે અને મદદરૂપ થવા પ્રયત્ન કરે છે. અંધજન મંડળમાં કાર્ય કરતાં કાર્યકરોએ વ્યાવસાયિક અભ્યાસ અને તાલીમ લીધેલી છે. ૧૯૫૪માં શરૂ થયેલી એક નાનકડી રિક્રિએશન કલબ આજે ઘટાદાર વટ-વૃક્ષની માફક આંતરરાષ્ટ્રીય કક્ષાની સંસ્થા થઈ છે. અંધજન મંડળ વિવિધ પ્રકારનાં વિકલાંગોને જેમ કે દૃષ્ટિહીન, શારીરિક ક્ષતિ ધરાવતાં, શ્રવણમંદ, મંદ-બુદ્ધિનાં કે એક કરતાં વધુ અપંગતા ધરાવતી વ્યક્તિઓનાં અભ્યાસ, ઉચ્ચ અભ્યાસ, સલાહ-સૂચના, પુનર્વસન અને રોજગાર-સ્વરોજગાર અનુલક્ષી વ્યાવસાયિક માર્ગદર્શન પૂરું પાડે છે. જેમાં નીચે મુજબના અલગ અલગ વિભાગો આવેલા છે.

- **શ્રી કે. એન. દેસાઈ પુખ્ત અંધ કેળવણી કેન્દ્ર :** આ કેળવણી કેન્દ્રમાં દૃષ્ટિહીન વિદ્યાર્થીઓને સલાહ-સૂચન અને માર્ગદર્શનની સાથે પ્રાથમિક શાળાનો અભ્યાસ પૂરો પાડવામાં આવે છે.
- **મીની કામા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા :** આ વિભાગમાં દૃષ્ટિહીન વિદ્યાર્થીઓને ઉચ્ચતર માધ્યમિક સુધીના શિક્ષણની સાથે વિના મૂલ્યે હોસ્ટેલની સુવિધા પણ પૂરી પાડવામાં આવે છે.
- **રાજેશ મહેતા ટેકનિકલ સ્કૂલ :** આ વિભાગમાં જનરલ મિકેનિક, મોટર રિવાઈન્ડિંગ, સુથારી, વણાટકામ, કેનિંગ અને બુક-બાઈન્ડિંગનો એક વર્ષનો અભ્યાસક્રમ છે. જેને ડાયરેક્ટર ઓફ ટેકનિકલ એજ્યુકેશનની માન્યતા પ્રાપ્ત થયેલી છે.

- **નંદિની રમેશ ગાંધી સ્કૂલ ફોર ફિઝિયોથેરાપી :** ફિઝિયોથેરાપી કોર્સમાં દૃષ્ટિહીન વિદ્યાર્થીઓને બે વર્ષ સુધી અભ્યાસ સાથે તાલીમ આપવામાં આવે છે. જેને એચ.એસ.સી. બોર્ડ ગુજરાતે માન્યતા આપેલી છે.
- **લાયન્સ મેટ્રોપોલિટન શકરીબહેન મંગલદાસ મ્યુઝિકલ સ્કૂલ ફોર ધી બ્લાઈન્ડ :** લાયન્સ મેટ્રોપોલિટન શકરીબહેન મંગલદાસ ટીચર્સ ટ્રેનિંગ કોર્સ ચલાવવામાં આવે છે.
- **સંકલિત શિક્ષણ કાર્યક્રમ :** સામાન્ય શાળાઓમાં સામાન્ય વિદ્યાર્થીઓ સાથે ભણતાં દૃષ્ટિહીન અને અપંગ વિદ્યાર્થીઓને સ્પે. સંકલિત શિક્ષકો દ્વારા અભ્યાસમાં મદદ અને માર્ગદર્શન પૂરાં પાડવામાં આવે છે.
- **વ્યાવસાયિક તાલીમ કેન્દ્ર :** વ્યવસાયલક્ષી તાલીમ આપી વિકલાંગ લોકોને રોજગારી/સ્વરોજગાર પ્રાપ્ત થાય એવો અંધજન મંડળનો અભિગમ છે. અંધજન મંડળમાં અપંગ અને અંધજનો માટે સૌ પ્રથમ આઈ.ટી.આઈ. માન્ય અભ્યાસક્રમની શરૂઆત થયેલી છે
- **કામા કોમ્પ્યુટર સેન્ટર ફોર ધી બ્લાઈન્ડ એન્ડ ડિસેબલ્ડ :** આઈ.ટી.આઈ. માન્યતા પ્રાપ્ત કોમ્પ્યુટર સેન્ટરમાં બે વર્ષનો ડિપ્લોમા કોર્સ ચલાવવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓને અદ્યતન કોમ્પ્યુટરની સાથે વોઈસ સિન્થેસાઈઝરની પણ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે છે. (બ્રેઈલ કોમ્પ્યુટર તેમજ બ્રેઈલ પ્રિન્ટર પણ પૂરાં પાડવામાં આવે છે.)
- **ડાહીબહેન સ્ટેનોગ્રાફી કોર્સ ફોર ધી બ્લાઈન્ડ :** આઈ.ટી.આઈ. માન્ય સ્ટેનોગ્રાફી કોર્સમાં અંધ વિદ્યાર્થીઓને વ્યાવસાયિક તાલીમ પૂરી પાડવામાં આવે છે.
- **શિરીન સાયરસ દલાલ ટેલિફોન ઓપરેટર અને રિસેપ્શનિસ્ટ કોર્સ :** આ કોર્સમાં ટેલિફોન ઉપર વાત કરવાની રીતભાત શીખવવામાં આવે છે. જ્યાં તેઓને સાદા અને ઈલેક્ટ્રોનિક્સ મશીન ઉપર કામ કરતાં શીખવી વ્યાવસાયિક તાલીમ આપવામાં આવે છે.

**જાગૃતિ અને પુનર્વસન :**

- **સેન્સ ઈન્ટરનેશનલ ઈન્ડિયા સર્વિસ ફોર ધી ડેફ :** જ્યાં કાનની તપાસ કરવામાં આવે છે અને જરૂરિયાત પ્રમાણે શ્રવણ યંત્ર વિના મૂલ્યે આપવામાં આવે છે. તેમજ સ્પષ્ટ બોલવાની તાલીમ અપાય છે.
- **શ્રીમતી ચંદ્રિકાબહેન નટવરલાલ કિનારીવાલા મંદ-બુદ્ધિના બાળકોનું તાલીમ કેન્દ્ર (શ્રીમતી ચંદ્રિકાબહેન એન. કિનારીવાલા મેન્ટલ હાઈજીન કિલનિક) :** આ વિભાગમાં માનસિક રોગોના નિષ્ણાંતો દ્વારા સલાહ-સૂચના અને તાલીમ આપવામાં આવે છે. જેને ચલાવવા સમાજ સુરક્ષા ખાતાનું અનુદાન પ્રાપ્ત થયું છે.
- **રતનલાલ લલ્લુભાઈ સેન્ટર ફોર મલ્ટી હેન્ડીકેપ્ડ :** એક કરતાં વધુ ક્ષતિ ધરાવતી વ્યક્તિ તાલીમ કેન્દ્રને શરૂઆતના ત્રણ વર્ષ માટે હિલ્ટન/પાર્કિન્સ ઈન્ટરનેશનલની સહાય પ્રાપ્ત થયેલ છે.
- **એક કરતાં વધુ વિકલાંગતા ધરાવતી વ્યક્તિનું સમુદાય આધારિત પુનર્વસન :** હાલમાં આ યોજના હેઠળ લીંબડી અને કપડવંજ તાલુકામાં પંદર બાળકોને પુનર્વસન આધારિત તાલીમ આપવામાં આવે છે.
- **સી.એન.કિનારીવાલા બધિરાંધ કેન્દ્ર :** એક વર્ષનાં કાર્ય બાદ આ કેન્દ્રમાં લગભગ ૪૩ દૃષ્ટિહીન/શ્રવણમંદ બાળકોનું મૂલ્યાંકન કરવામાં આવે છે.
- **વિકલાંગતા માટેની જાગૃતિ :** અમદાવાદ અને તેની આસપાસનાં ઝૂંપડપટ્ટી અને આર્થિક રીતે પછાત લોકોને આ કાર્યક્રમ દ્વારા પ્રાથમિક સારવાર, આંખના ઓપરેશન, આર્થિક સહાય, વૃદ્ધોને પેન્શન, કન્સેશન ફોર્મ અને અન્ય પ્રાથમિક માહિતી અને સહાય પૂરી પાડવામાં આવે છે.
- **શ્રી રંગ અવધૂત રોજગાર અને સ્વરોજગાર માહિતી અને સહાય કેન્દ્ર :** બેકાર દૃષ્ટિહીન અને અપંગોને આ કાર્યક્રમ હેઠળ રોજગાર-સ્વરોજગારની માહિતી અને તક પૂરી પાડવામાં આવે છે.

- **આશા મંદીર :** આ એક સ્વરોજગાર અભિગમ દ્વારા, દૃષ્ટિહીન-અપંગોને ટેલિફોન બૂથ, દૂધ વિતરણ કેન્દ્ર તેમજ નાનીસી હાટ દ્વારા રોજગારી પ્રાપ્ત કરવામાં મદદરૂપ થાય છે.

- **નંદિની અને પ્રિયકાન્ત મુન્સી પેરન્ટ ટીચર્સ ટ્રેનિંગ કાર્યક્રમ :** આ કાર્યક્રમ દ્વારા દૃષ્ટિહીન વિદ્યાર્થીના વાલીઓને તાલીમ આપી તેમનાં બાળકોને સ્પે. શિક્ષકની ગરજ સારવામાં આવે છે.

- **સાધન સહાય :** વિના મૂલ્યે વિતરણ થતાં સાધનો, ૧. શ્રવણ યંત્ર, ૨. ટ્રાઇસિક્લ (ત્રણ પૈડાંની સાયકલ), ૩. શૈક્ષણિક સાધનના દફતર, ૪. ઘોડી, ૫. સળિયાવાળા બૂટ, ૬. નાઈટ સ્પ્લિન્ટ, ૭. ઊંચી-નીચી થતી એલ્યુ. લાકડી. ૮ પૈડાંવાળી ખુરશી (વ્હીલચેર), ૯. સર્જિકલ શૂઝ અને સ્પિલન્ટ, ૧૦. કૃત્રિમ અવયવો, ૧૧. સી.પી.ચેર. ૧૨. ટેપરેકોર્ડર, આવકમર્યાદા તથા અપંગતા ધ્યાને લઈ આપવામાં આવે છે.

**વ્યાવસાયલક્ષી તાલીમ :**

- **અંધજન મંડળ ઈલેક્ટ્રોનિક તાલીમ કેન્દ્ર :** આ કેન્દ્રમાં ૩૦ દૃષ્ટિહીન-વિકલાંગ લોકોને કોઈલ બાંધવી અને નવી તૈયાર કરવી, એસેમ્બલિંગ કરવું વગેરેની વ્યવસાયલક્ષી તાલીમ આપવામાં આવે છે. જેથી કરી કારખાનાઓમાં તેમને માટે નોકરીની તક ઊભી થાય.

- **સોમાભાઈ લાલભાઈ મલ્ટી કેટેગરી વર્કશોપ :** વાસ્તવિક જિંદગીમાં વ્યવસાયિક તાલીમ પ્રાપ્ત થાય અને નોકરીની તક ઝડપવામાં ઉપયોગી થાય તેવો અભિગમ અપનાવવામાં આવ્યો છે, જેમાં તેઓને લાઈટ-એન્જિનિયરિંગ, કોમર્શિયલ ડિઝાઈન, ફાઈલ અને સ્ટેશનરી બનાવવી, ટેલરિંગ, પ્રિન્ટિંગ અને બુક-બાઈન્ડિંગ વગેરે વ્યવસાયલક્ષી તાલીમ આપવામાં આવે છે. વર્ષ દરમિયાન લગભગ ૩૫૦ જેટલા અંધ-અપંગોને આનો લાભ મળે છે. આ તાલીમ દરમિયાન રૂા.૨૫૦/-થી રૂા.૫૦૦/- સુધીનું સ્ટાઈપેન્ડ તાલીમાર્થીઓને આપવામાં આવે છે. આ તાલીમના અંતે તાલીમને આધારિત કે સમકક્ષ રોજગાર કે સ્વરોજગાર મેળવવા લાભાર્થી સક્ષમ થાય છે.

- **પ્રીતિ જગમોહન ભોગીલાલ નેશનલ રિહેબિલિટેશન એન્જિનિયરિંગ સંસ્થા :** શારીરિક રીતે વિકલાંગ લોકો માટે સાધનોનું ઉત્પાદન કરવામાં આવે છે. ઉત્પાદનની સાથે વિકલાંગોને તાલીમ પણ પ્રાપ્ત થાય છે સાથે સાથે આ સાધનો દ્વારા હલન-ચલનની પણ તાલીમ આપવામાં આવે છે. વ્યાવસાયિક કાર્યકરોની ટીમ આખા ગુજરાતમાં ઠેક-ઠેકાણે ફરી કેમ્પનું આયોજન પણ કરે છે અને જરૂરિયાતમંદોને સાધન-સહાયનું વિતરણ પણ કરે છે. જેમાં કેલીપર્સ/નાયલોટિક કેલીપર્સ, વ્હીલચેર, ટ્રાયસિક્લ, અંધજનોની લાકડી, કૃત્રિમ અવયવો વગેરનો સમાવેશ થાય છે.

**શિક્ષણ સહાયક પ્રવૃત્તિઓ :**

- **સી. એન. બ્રેઈલ સરક્યુલેટિંગ લાયબ્રેરી (પુસ્તકાલય) :** આ પુસ્તકાલય દ્વારા લગભગ ૧૩,૦૦૦ પુસ્તકોનો લાભ દૃષ્ટિહીન વિદ્યાર્થીઓને મળે છે, જેમાં અભ્યાસને અનુલક્ષીને વાર્તાઓ, નવલકથાઓ, સામાન્ય જ્ઞાનની ચોપડીઓ વગેરેનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે આ પુસ્તકો ગુજરાતીમાં હોય છે.

- **અર્ચના નટવરલાલ ટોકિંગ-બુક લાયબ્રેરી (બોલતું પુસ્તકાલય) :** લગભગ ૧૦,૦૦૦ કેસેટોથી સુસજ્જ એવી આ લાયબ્રેરીનો લાભ લગભગ ૪૦૦ દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ લે છે. સાહિત્યને લગતી, બ્રેઈલમાં અપ્રાપ્ય પુસ્તકોને કેસેટમાં રૂપાંતર કરી વિદ્યાર્થીઓને પૂરી પાડવામાં આવે છે.

- **લાયોનેસ કર્ણાવતી હોસ્ટેલ ફોર ધી બ્લાઈન્ડ એન્ડ ડિસેબલ્ડ વિમન્સ :** આ હોસ્ટેલમાં ૫૦ દૃષ્ટિહીન-વિકલાંગ બહેનોને વિના મૂલ્યે રહેવા જમવાની સગવડ પૂરી પાડવામાં આવે છે તથા આ હોસ્ટેલ દ્વારા બહારગામથી આવતા ટીચર્સ ટ્રેનિંગ કોર્સના શિક્ષકો અને મહેમાનોને પણ રહેવા-જમવાની સગવડ પૂરી પાડવામાં આવે છે.

- **બી.એમ.એ.રીસર્ચ એન્ડ ન્યૂઝ લેટર્સ :** બી.પી.એ. દ્વારા ત્રિમાસિક ન્યૂઝ લેટર બહાર પાડવામાં આવે છે. જેની આવૃત્તિ ગુજરાતી અને અંગ્રેજીમાં પણ છે. આના દ્વારા તેના ૨૫૦૦ વાચકોને નેત્રહીન તથા વિકલાંગો અંગેના સમાચારો અને સંસ્થાની વિવિધ માહિતીથી માહિતગાર કરવામાં આવે છે.

- **બી.પી.એ.માં મળતી સગવડો :** સલાહ-સૂચન અને માર્ગદર્શન (આસ-પાસનાં વાતાવરણમાં) દૃષ્ટિહીન માટે, સ્વતંત્ર રીતે ચાલવાની તાલીમ, ફિઝિયોથેરાપિસ્ટ, રોજગાર ઓફિસર, કૃત્રિમ અવયવો અને સાધન સહાય, નહિવત્ દૃષ્ટિ માપન અને મૂલ્યાંકન, હોમિયોપેથી દવા.

(૨) **અંધ કન્યા પ્રકાશ ગૃહ,** કંચનગૌરી મંગળદાસ અંધકન્યાશ્રમ તાલીમ કેન્દ્ર, ડ્રાઈવ ઈન રોડ, માનવ મંદિર પાસે, મેમનગર, અમદાવાદ- ૫૨ ટે.નં. : ૨૭૪૯૦૧૪૭ website : www.akpgschool.org E-mail : info@akgshoool.org

ધોરણ ૧થી ૭ તથા નર્સરીનું શિક્ષણ સ્પેશ્યલ તાલીમાર્થીઓ દ્વારા ૨૦૫ બહેનો છાત્રાલયમાં રહીને પોતાનો સર્વાંગી વિકાસ સાધી રહી છે. વિસારદ સુધીનું સંગીત શિક્ષણ આપવામાં આવે છે. છાત્રાલયમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક કે કૉલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ આ તાલીમ કેન્દ્રની તાલીમાર્થીઓ બની રહે છે.તાલીમ કેન્દ્રમાં બુક બાઈન્ડિંગ તથા વણાટ, નેતર કામ, હોમ મેનેજમેન્ટની તાલીમ આપવામાં આવે છે. હોમ સાયન્સ વિભાગ ધોરણ ૨થી શરૂ કરી ધોરણ ૧૨. કૉલેજ તથા લગ્ન ઉત્સુક યુવતીઓને રસોઈની તેમજ ઘરની તમામ જવાબદારી ઊઠાવવા તૈયાર કરવામાં આવે છે. દૃષ્ટિહીન બહેનોને એક જગ્યાએથી બીજી જગ્યાએ મુક્ત રીતે જવા આવવા માટે મોબીલીટીની તાલીમ આપવામાં આવે છે અને સંસ્થાના કેમ્પસમાં આધુનિક મોબીલીટી પાર્ક તૈયાર કરવામાં આવેલ છે. દૃષ્ટિહીન બહેનો સમાજમાં બોજ ન બનતાં આદર્શ યુગલના સ્વરૂપે કુટુંબની જવાબદારી લે તે માટે સંસ્થા યોગ્ય જીવન સાથી શોધીને લગ્નમેળા યોજે છે.

**(૩) અંધ કલ્યાણ કેન્દ્ર, પરમસુખ સોસાયટીની પાછળ, વિહાર કોલોની સામે, રાણીપ, અમદાવાદ-૩૮૨૪૮૦**

દૃષ્ટિહીન બહેનોને હોસ્ટેલની સગવડ આપી તેમને સ્વાવલંબી બનાવવા પગ લૂછણિયાં, ઓફિસ ફાઈલ, ગૃહ સુશોભન, ચોકસ્ટીક, અગરબત્તી, મીણબત્તી, એનવેલપ, બોક્સ મેકિંગ વગેરેની સ્વ-રોજગાર વિષયક તાલીમ આપવામાં આવે છે. તેમજ હોમ સાયન્સ, ફિઝિયોથેરેપીની તાલીમ તથા સંગીતનું શાસ્ત્રીય વિશારદ સુધીનું શિક્ષણ પુરું પાડવામાં આવે છે. જેમાં ૧૮ વર્ષથી ઉપરની બહેનોને પ્રવેશ આપવામાં આવે છે.

**(૪) અપંગ માનવ મંડળ, ડૉ. વિક્રમ સારાભાઈ રોડ, અટીરા પાછળ, વસ્ત્રાપુર રોડ, અમદાવાદ ૩૮૦૦૧૫ ફોન : (૦૭૯) ૨૬૩૦૨૩૪૩, ફેક્સ : ૦૭૯-૨૬૩૦૮૧૫૬**

વિકલાંગ ભાઈઓ તથા બહેનોને પ્રિન્ટિંગ પ્રેસની, મશીનમેન, કંપોઝ, બુક બાઈન્ડિંગની તાલીમ, સીલાઈ, રેકઝીન વર્ક અને એમ્બ્રોઈડરી, કોમ્પ્યૂટર વગેરેની તાલીમ આપવામાં આવે છે. સંસ્થા હેલ્પ લાઈન ચલાવી શિક્ષણ, તાલીમ, સારવાર, સાધન સહાય તથા રોજગારી અંગે માર્ગદર્શન આપે છે. કુમાર છાત્રાલયમાં ફિઝિયોથેરાપી સેન્ટર, સ્પોકન ઈંગ્લિશ ક્લાસ, ફેશન ડિઝાઈન સેન્ટર ચલાવવામાં આવે છે. E-mail : apangmanavmanda@yahoo.com. website : www.apangmanavmandal.org. **હેલ્પલાઈન ટેલિફોન નંબરો: ૨૬૩૦૨૬૪૩, ૨૬૩૦૪૪૦૧**

અપંગ માનવ મંડળની કન્યા છાત્રાલય, કન્યા કામધેનુ હોલ, ડ્રાઈવ-ઈન રોડ, અમદાવાદ-૩૮૦૦૫૨ ફોન નં. ૦૭૯ ૨૭૯૧૩૨૫૨ ખાતે આવેલ છે, જ્યાં કાલીન્દી કાજિ ફેશન એન્ડ એપરલ ડિઝાઈન સેન્ટર, ડે કેર સેન્ટર, સ્પીચ થેરાપી સેન્ટર વગેરેની વ્યવસ્થા છે.

**(૫) ધી સોસાયટી ફોર ફિઝિકલી હેન્ડીકેપ્ડ, ૬, સુદામા હાઉસ, પ્રિતમનગરનો પહેલો ઢાળ, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬ ટે. નં. ૨૬૫૭૬૫૧૯, ૨૬૫૭૫૨૭૩**

સંસ્થાનું નવું માલિકીનું મકાન 'પાવન ધામ' વિનસ એપાર્ટમેન્ટ સામે, સંદેશ પ્રેસ રોડ, શ્રીજી પાર્લરના ખાંચામાં, વસ્ત્રાપુર, બોકડદેવ, અમદાવાદ-૫૪ ખાતે બાંધેલું છે. (ટે.નં. ૨૬૮૪૦૫૧૭, ૨૬૮૫૮૭૮૦) જ્યાં વિકલાંગ ભાઈઓ અમદાવાદ ખાતે ધંધો-રોજગાર કે નોકરી કરતા હોય અને તેઓ પાસે રહેવાની સગવડ ન હોય તો ટોકન દરથી રહેવાની સગવડ આપવામાં આવે છે. સેરીબ્રલ પાલ્સીના બાળકોને ફિઝિયોથેરાપીની સવલત વિના મૂલ્યે આપવામાં આવે છે.

પ્રિન્ટિંગ મશીન, ટ્રેડલ, અંગ્રેજી-ગુજરાતી કમ્પોઝ, બાઈન્ડિંગ તથા કલેરિકલ જોબની તાલીમ વિના મૂલ્યે અપાય છે. અપંગોના લગ્ન મેળવડા યોજે છે. વિકલાંગ રમતોત્સવનું આયોજન કરે છે. જુઓ બાબત ૧૨૩.

(૬) **વિકલાંગ વ્યાવસાયિક પુનર્વાસ કેન્દ્ર આઈ.ટી.આઈ કેમ્પસ સામે કુબેરનગર, અમદાવાદ-૩૮૨૩૪૦. ફોન : ૨૨૮૧૧૬૨૯ (આ ભારત સરકારની કચેરી છે)**

આ કેન્દ્રમાં નીચે જણાવેલ વ્યવસાયોની તાલીમની વ્યવસ્થા ઉપલબ્ધ છે.

| | |
|---|---|
| ૧. હેન્ડ કંપોઝિંગ અને બુક બાઈન્ડિંગ | ૨. આર્મેચર અને કોઈલ વાઈન્ડિંગ |
| ૩. ઓટો રિપેરિંગ | ૪. ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક |
| ૫. ઈલેક્ટ્રોનિક ઈક્વિપમેન્ટ અને સર્વિસિઝ | ૬. સ્ક્રીન પ્રિન્ટિંગ અને કોમર્શિયલ પ્રિન્ટિંગ |
| ૭. રેફ્રીજરેશન અને એરકન્ડિશનિંગ | ૮. કોમર્શિયલ અને સેક્રેટરિયલ પ્રેક્ટિસ |
| ૯. કટિંગ અને ટેલરિંગ | ૧૦. રેડિયો અને ટીવી મિકેનિક |
| ૧૧. મેટલ (ટર્નર, ફીટર વગેરે) | ૧૨. સ્ટેનોગ્રાફી અને કોમર્શિયલ પ્રેક્ટિસ |
| ૧૩. કારપેન્ટરી અને ચેરકેનિંગ | |

આ તાલીમમાં જોડાનારે કોઈ પણ પ્રકારની ફી આપવાની હોતી નથી. તાલીમ દરમિયાન શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. બારે માસ પ્રવેશ મળી શકે છે. મર્યાદિત સંખ્યામાં છત્રાલયમાં રહેવાની સગવડ ભાઈઓ પૂરતી આપવામાં આવે છે.

તે ઉપરાંત આ સંસ્થા ભારત સરકારની કચેરીઓમાં, જાહેર સાહસોની કચેરીઓમાં, ખાનગી ક્ષેત્રોમાં રોજગારી મેળવી આપવામાં તેમજ સ્વતંત્ર રોજગાર વિકસાવવામાં અને તેના આયોજન અને નાણાકીય સહાયતા મેળવી આપવામાં મદદરૂપ થાય છે.

(૭) **મહિલા વિકલાંગ વ્યાવસાયિક પુનર્વાસ કેન્દ્ર, નિઝામપુરા બસ સ્ટેન્ડની ગલીમાં, પેન્શનપુરા, વડોદરા - ફોન નં. (૦૨૬૫) ૨૭૮૨૮૫૭**

આ ભારત સરકારનું ફક્ત વિકલાંગ મહિલાઓ માટેનું પુનર્વાસ કેન્દ્ર છે, જેમાં નીચે જણાવેલ કોર્સની તાલીમ આપવામાં આવે છે.

૧. સીલાઈ કામ ૨. કોમ્પ્યુટર પ્રોગ્રામિંગ (ટેલિ સહિત) ૩. કોમર્શિયલ (ટાઈપિંગ અને સ્ટેનોગ્રાફી)

| | | |
|---|---|---|
| વય મર્યાદા | : | ૧૬થી ૪૦ વર્ષ |
| શૈક્ષણિક લાયકાત | : | શિક્ષિત/ અર્ધશિક્ષિત-પ્રવેશ મનોવૈજ્ઞાનિક તેમજ વ્યાવસાયિક મૂલ્યાંકનના આધારે વહેલા તે પહેલાંના ધોરણે આપવામાં આવશે. |
| અપંગતા | : | ૪૦ % કે તેથી વધુ પ્રમાણિત અપંગતા ધરાવતી અંધ/બહેરી/મૂંગી વિકલાંગતાવાળી કે મંદબુદ્ધિવાળી કોઈ પણ મહિલા. |
| ફી | : | નિઃશુલ્ક |
| તાલીમ-સમયગાળો | : | ત્રણથી બાર માસનો અંશતઃ કે પૂર્ણ કાલીન |
| પ્રવેશપ સત્ર | : | વર્ષ પર્યંત ગમે ત્યારે |
| છાત્રાલય | : | બહારગામ સ્થિત ઉમેદવાર માટે રાજ્ય સરકાર સંચાલિત નારી સંરક્ષણ ગૃહ, નિઝામપુરા, વડોદરા ખાતે રહેવા-જમવાની મફત સગવડતા જગાની ઉપલબ્ધતાના આધારે આપવામાં આવશે. |

(૮) **શ્રી શાહ ખીમચંદ લક્ષ્મીચંદ બહેરાં-મૂંગા શાળા-ટ્રસ્ટ,** ૫૧, વિપનગર, ભાવનગર - ૩૬૪૦૦૨, (ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ધી ડેફ સાથે સંલગ્ન) ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬, ફેક્સ : (૦૨૭૮) ૨૪૩૧૧૬૦

E-mail : klinstitytedeal@gmail.com/pnr@snacharonline.net. Visit use : www.pnrsssociety.org

**શ્રવણમંદો માટે :** (૧) શિક્ષણ : પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક (ગ્રાન્ટેડ), માધ્યમિક શાળા (નોન ગ્રાન્ટેડ) (૨) વોકેશનલ

ટ્રેનિંગ : સીવણ, કોમ્પ્યુટર ગ્રાફિક્સ DTP, સ્ક્રીન પ્રિન્ટિંગ, કોમ્પ્યૂટર ફેશન ડિઝાઈનિંગ (૩) છાત્રાલય : રહેવા-જમવાની ઉત્તમ સગવડ, હવા ઉજાસ, આરોગ્યપ્રદ જગ્યા (૪) અદ્યતન પુસ્તકાલય : બાળકો, શિક્ષકો, ટ્રેનિંગ માટે (૫) રમકડાં ઘર (૬) ઈન્ડોર - આઉટડોર ગેઈમ્સ, યોગાસન પ્રવૃત્તિ (૭) ચિત્રકામ વિભાગ (૮) નૃત્યનાટ્ય સાંસ્કૃતિક એક્ટિવીટી (૯) પ્રવાસ-પર્યટન (૧૦) વાસ્તવિક સેવાઓ અને પ્રોજેક્ટ ઉજવણી (૧૧) શ્રવણવાણી કેન્દ્ર ઓડિયોલોજી એન્ડ સ્પીચ : ક્લિનિક: અદ્યતન કમ્પ્યૂટરરાઈઝ્ડ સાધનો સાથેનું ક્લિનિક જેમાં ઓડિયોગ્રામ, ઈમ્પિડન્સી ઓડિયોમેટ્રી, BERA સેન્ટર, સ્પીચ ટ્રેનિંગ, હીયરિંગ એઈડ વિતરણ સેન્ટર, સર્વિસ સેન્ટર, ઈયર મોલ્ડ સેન્ટર. (૧૨) ઈન્ફન્ટ ટ્રેનિંગ એન્ડ અર્લી આઈડેન્ટિફિકેશન એન્ડ ઈન્ટરવેન્શન સેન્ટર (૧૩) શ્રવણમંદોનાં સ્વજનો માટેનો છ માસનો તાલીમ કોર્સ, હોસ્ટેલ સુવિધા સહિત તથા પેરેન્ટ કાઉન્સેલિંગ સુવિધા (૧૪) શ્રવણમંદોનાં શિક્ષકો માટેની તાલીમ કૉલેજ, B.ED. (HI) એક વર્ષ, D.SE. (HI) બે વર્ષ, RCI, માન્ય (ભાવનગર યુનિ. એફિલીએશન) B.ED. (SEDE) પત્રકાર અભ્યાસક્રમ આંબેડકર ઓપન યુનિવર્સિટી (૧૫) મેરેજ બ્યૂરો.

ઉપરની અનેકવિધ પ્રવૃત્તિઓ શ્રવણમંદોના ક્ષેત્રે આ સંસ્થા દ્વારા થઈ રહી છે.

**(૯) તાતા એગ્રિકલ્ચર ઍન્ડ રૂરલ ટ્રેનિંગ સેન્ટર ફોર ધ બ્લાઈન્ડ 'તાસેબ', તાતા વાડી, પોસ્ટ ફણસા, જિ. વલસાડ, પિનકોડ-૩૯૬૧૪૦ (ગુજરાત) ફોન નંબર : ૦૨૬૦-૨૭૧૬૭૬૯, ૨૭૧૬૨૨૯, ૨૩૦૯૩૯૯**

દમણથી ૫-૬ કિ.મી. દૂર ગુજરાતના સાગરકાંઠાના કિનારા ઉપર આવેલા ફણસા ગામે સને ૧૯૬૦થી ઉપરોક્ત સંસ્થા કાર્યરત છે. ઉદ્યોગપતિ જમશેદજી તાતાએ પોતાની માલિકીની નાળિયેરીના, હાફૂસ કેરીના તથા ચીકુ વગેરેના ઝાડો સાથેની ૨૪૦ એકર જમીન તથા તેમાં બનાવેલો નાનો બંગલો (રેસ્ટ હાઉસ) તથા તે જમીનની બંને બાજુએ ૬૦ એકર તથા ૪૦ એકરના બે મીઠા પાણીના તળાવો, તાતા ટ્રસ્ટને દાન કરેલ છે. જ્યાં ભારત ભરમાંથી નાતજાતના ભેદભાવ વિના નિરક્ષર-ગરીબ ૧૬ થી ૩૫ વર્ષની વયના નેત્રહીનોને અહીં લાવી શાકભાજીની વાવણી - ઘઉ - ડાંગર - જુવાર - બાજરીની ખેત ઉત્પાદનની તથા ઘાસચારાની વાવણી તથા ગાયોની સાચવણી - મરઘા ફાર્મની તાલીમ આપવામાં આવે છે, તાલીમ દરમ્યાન નેત્રહીનોના નિવાસ-ભોજન-કપડાં-દવા અને પુનવર્સનની તમામ સગવડ વિનામૂલ્યે આપવામાં આવે છે. ૨ થી ૩ વર્ષમાં ખેતીવાડી ડિપ્લોમાની તાલીમ બાદ જે-તે અંધ વ્યક્તિને તેના વતનમાં સરકારના સહયોગ દ્વારા કે તાતા ટ્રસ્ટ દ્વારા દોઢ-બે એકર જમીન વેચાણ લઈ ઈલેક્ટ્રિક મોટર કે ઓઈલ એન્જિન પંપની સગવડ કરી, સિંચાઈની સવલત સાથે તેમજ ગાય, બળદ કે બકરીઓ - પશુ સહાય આપી એમને પગભર કરવા સઘન પ્રયત્નો કરવામાં આવે છે.

ટ્રેનિંગ લીધેલ નેત્રહીન વ્યક્તિ પોતાના વતનમાં સ્થાયી ન થઈ શકે તેમ હોય તો તેઓને 'તાસેબ કો-ઓ.ફાર્મિંગ સોસાયટી લિમિટેડ' કે જે ફણસા ગામની નજીક કલગાંવ ખાતે ૫૦ એકર જમીન ધરાવે છે ત્યાં રાખી બીજી અંધ વ્યક્તિઓ સાથે ખેતી-પશુપાલનનું કામ કરી પોતાનો નિભાવ કરી શકે તેવી સવલત ટ્રસ્ટે કરી છે.

બંને પ્રકારની વ્યવસ્થા આખા એશિયા ખંડમાં ફક્ત ફણસા ખાતે છે. તે આપણા સૌ માટે ખૂબ આનંદ અને ગૌરવની બાબત છે.

**(૧૦) સદ્‌વિચાર પરિવાર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર : મું - ઉવારસદ, વાયા-અડાલજ તા.જિ. ગાંધીનગર - ૩૮૨૪૨૨ ફોન : ૦૭૯-૨૩૨૮૯૦૦૯**

**ટેકનીકલ પરીક્ષા બોર્ડ, ગાંધીનગર.**

સંસ્થામાં શિક્ષણ તેમજ રોજગારલક્ષી તાલીમ આપવામાં આવે છે અને નીચે મુજબના કોર્સિસ પણ ચાલે છે.

| અ.નં. | કોર્સ - અભ્યાસ | મુદત | પ્રવેશ લાયકાત |
|---|---|---|---|
| ૧. | સર્ટિફીકેટ કોર્સ ઈન-ગ્રાફિક આર્ટસ (ડી.ટી.પી. કોમ્પ્યુટર, સ્ક્રીન પ્રિન્ટિંગ ઓફસેટ પ્રિન્ટિંગ | ૧ વર્ષ | ધોરણ ૧૦ પાસ |
| ૨. | સર્ટિફીકેટ કોર્સ ઈન-પ્રિન્ટ ફિનિશીંગ એન્ડ પેકેજિંગ | ૧ વર્ષ | ધો. ૯ પાસ |

વિકલાંગ ભાઈઓને છાત્રાલયની સગવડ સંસ્થા તરફથી મળે છે.

**(૧૧) ગાંધીઘર કછોલી સંચાલિત દેવબાળ છાપશાળા, કછોલી, સ્ટેશન-અમલસાડ, તાલુકો-ગણદેવી, જિ. નવસારી**

બીબાં ગોઠવણી (કંપોઝ) છાપકામ, બાઈન્ડિંગ કામ, સ્ક્રિન પ્રિન્ટિંગ, રૂલિંગ, પ્લાસ્ટિક વેલ્ડિંગ, સ્ટેશનરી આર્ટિકલ કોરૂગેટેડ કાર્ડ બોક્ષ, ફિલ્મ લેમિનેશન, ડોક્યુમેન્ટ લેમિનેશન વગેરેની તાલીમ આપી, જરૂરતમંદોને તાલીમ પૂરી થયા પછી કામે પણ રાખવામાં આવે છે.

## ૫૫. રાજ્યમાં ચાલતા તાલીમ કેન્દ્રો :

૧. પુખ્તવય અંધ તાલીમ કેન્દ્ર, વિક્રમ સારાભાઈ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ
૨. પુખ્તવય બહેરા-મૂંગા તાલીમ કેન્દ્ર, બહેરા-મૂંગા સ્કૂલ, આશ્રમ રોડ, અમદાવાદ
૩. અપંગ માનવ મંડળ સંચાલિત તાલીમ કેન્દ્ર, ડૉ. વિક્રમ સારાભાઈ રોડ, વસ્ત્રાપુર, અટિરા પાછળ, અમદાવાદ
૪. મંદબુદ્ધિનું શેલ્ટર્ડ વર્કશોપ, ઉત્થાન તાલીમ કેન્દ્ર, પાલડી, અમદાવાદ
૫. શ્રમ મંદિર ટ્રસ્ટ સંચાલિત શેલ્ટર્ડ વર્કશોપ, મુ.પો.સિંધરોટ, જિ. વડોદરા.
૬. શેઠ ખુશાલચંદ ટ્રેનિંગ સેન્ટર, સુભાનપુરા, વડોદરા
૭. અપંગોનું શેલ્ટર્ડ વર્કશોપ, સોનગઢ, જિ. સુરત.
૮. ટાટા એગ્રિકલ્ચરલ રૂરલ ટ્રેનિંગ સેન્ટર ફોર ધી બ્લાઈન્ડ, ફણસા, જિ. વલસાડ
૯. પુખ્તવય ચક્ષુવિહીન તાલીમ કેન્દ્ર, વલસાડ
૧૦. પંડિત સુખલાલજી અંધજન તાલીમ કેન્દ્ર, વિસનગર
૧૧. પુખ્તવય અંધજન તાલીમ કેન્દ્ર, એરોડ્રામ રોડ, જામનગર.
૧૨. પુખ્તવય અંધજન તાલીમ કેન્દ્ર, મિતલ રોડ, અમરેલી.
૧૩. ગાંધીઘર, કછોલી સંચાલિત બહેરા-મૂંગા શાળા, સ્ટે. અમલસાડ, કછોલી, જિ. નવસારી.
૧૪. શ્રી ડી.એસ. પારેખ સંચાલિત બહેરા-મૂંગા શાળા, સુરેન્દ્રનગર.
૧૫. મંદબુદ્ધિના બાળકો માટેનું વર્કશોપ, મંગલમૂર્તિ વિકલાંગ ટ્રસ્ટ, જૂનાગઢ.

રાજ્યના તમામ જિલ્લાઓમાં વિકલાંગો, નેત્રહીનો, શ્રવણમંદોને શિક્ષણ તેમજ ઔદ્યોગિક તાલીમ આપતી આવી સંસ્થાઓ પોતાના જિલ્લામાં ક્યાં આવેલી છે તથા કેવા પ્રકારનું શિક્ષણ તાલીમ આપે છે. તેની માહિતી પોતાના જિલ્લાના સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીમાંથી પત્ર દ્વારા મેળવી શકાશે.

## ૫૬. એપ્રેન્ટિસશીપ એક્ટ મુજબ ૩ ટકા વિકલાંગ વ્યક્તિઓ માટે અનામત :

એપ્રેન્ટિસશિપ એક્ટ મુજબની યોજનાના અમલમાં વિવિધ હુન્નર ઉદ્યોગ, ફેક્ટરીઓમાં 'એપ્રેન્ટિસ' તરીકે લેવાતી કુલ વ્યક્તિઓમાંથી ૩ ટકા જેટલી વિકલાંગ વ્યક્તિઓનો સમાવેશ અપંગ વ્યક્તિઓને અનુકૂળ થાય તેવા હુન્નર ઉદ્યોગ/ફેક્ટરીમાં કરવાનો રહે છે.

**એપ્રેન્ટિસશીપ એક્ટ, ૧૯૬૧ મુજબ નેશનલ કાઉન્સિલ ફોર ટ્રેનિંગ ધ વોકેશનલ ટ્રેડર્સ દ્વારા લેવાતી 'ઓલ ઈન્ડિયા ટ્રેડ' ટેસ્ટમાંથી ટાઈપના ટેસ્ટ માટે શારીરિક અપંગ વ્યક્તિઓને મુક્તિ મળી શકે છે.**

## ૫૭. સરકારી નોકરીઓમાં ૩ ટકા અનામત જગ્યાઓ :

રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૫-૨-૨૦૦૧ના ઠરાવ ક્રમાંક : સી.આર.આર.૧૦૨૦૦૦-જીઓઆઈ-૭-ગ.૨થી વિકલાંગો માટે ૩ ટકા જગાઓ અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં નીચેની વિકલાંગતા ધરાવનાર માટે પ્રત્યેક કેટેગરીવાર એક ટકા અનામતની જોગવાઈ કરવામાં આવી છે.

૧. અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ (bindness or low vision)
૨. શ્રવણની ખામી (hearing impairment)
૩. હલનચલન વિકલાંગતા અથવા મગજનો લકવો (Locomotor disability or cerebral palsy)

વિકલાંગતાની દરેક કેટેગરીને નીચે મુજબ ચાર જૂથમાં વહેંચવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| a. | Mild | .. | less than 40% of disability |
| b. | Moderate | .. | 40% and above disability |

c. Severe .. 75% and above disability

d. Profound/Total .. 100%

ભારત સરકારના ધારા હેઠળ અનામતનો લાભ/છૂટછાટ મેળવવા વિકલાંગતાની ઓછામાં ઓછી માત્રા ૪૦ ટકા નક્કી કરવામાં આવી છે ઉપર (એ) આગળ દર્શાવેલ (Mild - less than 40% disability))માં આવતી વ્યક્તિ આ કાયદા હેઠળ અનામતનો લાભ કે છૂટછાટ મેળવવા પાત્ર થશે નહીં. જ્યારે ઉપર (બી) (સી) અને (ડી) આગળ દર્શાવેલ કેટેગરીમાં આવતી વ્યક્તિ આ કાયદા હેઠળની અનામતનો લાભ/છૂટછાટ મેળવવાપાત્ર થશે.

હાલની જોગવાઈ અનુસાર કોઈ પણ અનામત જગ્યા માટે પૂરતા પ્રમાણમાં વિકલાંગ ઉમેદવારો એક ભરતી પ્રસંગે ઉપલબ્ધ ન થાય તો તેવી જગ્યાઓ તે પછીના બે ભરતી પ્રસંગો સુધી આગળ ખેંચવાની જોગવાઈ છે, તેમાં ફેરફાર કરીને હવે વિકલાંગ માટેની આવી અનામત જગ્યાઓ જે-તે ભરતી પ્રસંગ પછી તે જગ્યાઓ પછીના ત્રણ પ્રસંગો સુધી આગળ ખેંચીને ભરવાની રહેશે. ત્યાર બાદ તે રદ થયેલી ગણાશે. આ પ્રક્રિયામાં એક કેટેગરીનો વિકલાંગ ઉમેદવાર ન મળે અને અન્ય કેટેગરીનો વિકલાંગ ઉમેદવાર મળે તો તેમાંથી અનામત જગ્યા ભરી શકાશે. દા.ત., અંધત્વ અથવા ઓછી દૃષ્ટિની કેટેગરીવાળા ઉમેદવાર માટેની અનામત જગ્યા માટે તે કેટેગરીનો ઉમેદવાર ન મળે તો યોગ્યતાને આધીન શ્રવણની ખામીવાળી કેટેગરીના ઉમેદવારથી ભરી શકાશે. આમ કુલ અનામતની ૩%ની મર્યાદામાં રહીને એક કેટેગરીની અનામતને બીજી કેટેગરીની અનામતમાં અસરપરસ અદલાબદલીથી ઉપલબ્ધ કેટેગરીવાળા અનામતના ઉમેદવારથી જગ્યા ભરી શકાશે આ રીતે અનામતની ‘ઈન્ટર ચેન્જેબિલિટી’થી અનામત જગ્યાઓ ભરી શકાશે. (સા.વ.વિ.નો ઠરાવ ક્રમાંક : સીઆરઆર-૧૦૨૦૦૦-જીઓઆઈ-૭-ગ.ર.તારીખ : ૧૫-૨-૨૦૦૧ તથા ૧૫-૧૨-૨૦૦૧નો તથા આ બાબતે વધુ સ્પસ્ટિકરણ કરતો તા.૪/૫/૦૨નોઠરાવ ક્રમાંક સીઆરઆર-૧૦૨૦૦૦-જીઓઆઈ-૭-ગ.ર. ઉપર જોવા વિનંતી.

આ ઠરાવ રાજ્ય સેવા/પંચાયત સેવા તેમજ રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ/કોર્પોરેશનો, જાહેર સાહસો, વૈધાનિક સંસ્થાઓ, શાળા-મહાશાળાઓ અને વિશ્વ વિદ્યાલયો, સરકાર પાસેથી ગ્રાન્ટ/લોન/આર્થિક સહાય મેળવતી તમામ સંસ્થાઓ, સહકારી સંસ્થાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશનો, મ્યુનિસિપાલિટીઓ અને નગરપાલિકાઓની સેવાઓને સેવાઓને પણ લાગુ પડે છે, એટલે તેમણે પણ આનો ચૂસ્ત અમલ કરવાનો રહે છે.

આ ઉપરાંત સા.વ.વિ.ના તા. ૩-૮-૨૦૧૧ના ઠરાવ ક્રમાંક સીઆરઆર/૧૦૨૦૦૯/૯૩૧૨૭/ગ.રથી વિકલાંગ વ્યક્તિઓ માટે રાજ્ય સરકારની સેવાઓ/જગ્યાઓમાં સીધી ભરતી માટેના રોસ્ટર ક્રમાંક મે રોસ્ટરર રજિસ્ટર નિભાવવા અંગે હુકમો કરવામાં આવેલ છે.

કેન્દ્ર સરકારના ગ્રપુ ‘એ’ અને ‘બી’ પદ અને સેવાઓ પર, નિમણૂંક વખતે દિવ્યાંગોને અનામતનો લાભ આપવા સુપ્રિટકોર્ટે ચુકાદો આપેલ છે. સરકાર માત્ર ગ્રુપ ‘સી’ અને ‘ડી’ ની પદની નિમણૂંક વખતે જ આપ્રકારની અનામતનો લાભ આપતી. સુપ્રિમકોર્ટે, ગ્રુપ ‘એ’ અને ‘બી’માં સીધી કે બઢતીથી નિમણૂંક, તે પ્રકારના ભેદભાવ વિના જ, દિવ્યાંગોને ૩ ટકાની અનામતનો લાભ આપવા ફરમાન કર્યું છે.

## ૫૮. વય મર્યાદામાં છૂટછાટ :

સરકારી નોકરી માટે નિયત થયેલ વય મર્યાદમાં વર્ગ-૧, વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ માટે વિકલાંગો માટે ૧૦ વર્ષની છૂટછાટ આપવામાં આવી છે. (સા.વિ.નો તારીખ : ૧૧-૧૧-૯૪નો ઠરાવ ક્રમાંક : સીઆરઆર-૧૦૮૪-યુઓ-૧૨૫૦-ગ.ર.) જોવા વિનંતી, જેમાં શારીરિક ક્ષતિ ધરાવતા ઉમેદવારોની વ્યાખ્યાની પણ વિગત છે.

## ૫૯. વિકલાંગોને રોજગારી માટે મદદરૂપ થતી કચેરીઓ :

બધા જિલ્લાઓની રોજગાર અધિકારીઓની કચેરીમાં વિકલાંગો માટે અલગ નોંધણી રજિસ્ટર રાખવામાં આવે છે. જેથી જે તે જિલ્લાના વિકલાંગ ઉમેદવારોએ ત્યાં નોંધણી કરાવવી હિતાવહ છે. વળી તાજેતરમાં ખાનગી કંપનીઓમાં વિકલાંગોની ભરતી માટે કેન્દ્રની નવી યોજના જાહેર કરી છે, તેથી નોંધણી કરાવવાથી ફાયદો થઈ શકે છે.

## ૬૦. ખાનગી કંપનીઓમાં વિકલાંગોની ભરતી માટે કેન્દ્રની યોજના :

**(કુલ સંખ્યાના પાંચ ટકા કર્મચારીઓ વિકલાંગ હોય તેવી કંપનીઓને પ્રોત્સાહન અપાશે)**

કેન્દ્ર સરકારે ખાનગી કંપનીઓમાં વિકલાંગો માટે રોજગારની વધુ તકો પેદા કરવા માટે એક યોજનાને મંજૂરી આપી છે. જે અંતર્ગત તે કંપનીઓને પ્રોત્સાહન આપવામાં આવશે, જે કારખાનામાં કુલ કર્મચારીઓના પાંચ ટકા જેટલા વિકલાંગ કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડ અને વીમાનો ખર્ચ ત્રણ વર્ષ સુધી કેન્દ્ર સરકાર ભોગવશે. કેન્દ્ર સરકારે ૧૧મી પંચવર્ષીય યોજના અંતર્ગત ખાનગી કંપનીઓમાં વાર્ષિક ૧ લાખ વિકલાંગોને નોકરી અપાવવાનું લક્ષ્ય નક્કી કર્યું છે.

**કોને લાભ મળશે ? :**

વિકલાંગતા કાયદો ૧૯૯૫ના દાયરામાં આવનારા અને ઓટિઝમ, સેરિબ્રલ પાલ્સી, મંદ બુદ્ધિ અને મલ્ટિપલ ડિસેએબિલિટીઝ એક્ટ-૧૯૯૯ અંતર્ગત વિકલાંગનો દરજ્જો મેળવેલ કર્મચારી, જેનો માસિક પગાર રૂા.૨૫ હજાર સુધીનો છે એવા કર્મચારી કે જેમની ૧લી-એપ્રિલ ૨૦૦૮થી નિમણૂંક કરાઈ છે તેમને કેન્દ્રની આ યોજનાનો લાભ મળશે.

**ફાયદો કોને ? :**

યોજનાનો લાભ લેવા માગતી કંપનીઓએ તેમના વિકલાંગ કર્મચારીઓની વિકલાંગતા સાબિત કરવા માટે જવાબદાર અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. આ આધારે કંપનીઓ વિકલાંગ કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડ અને વીમા સંબંધિત કેન્દ્રીય સહાયતાનો દાવો કરી શકશે.

**વધુ વિગતો માટે નીચેની નજીકની કચેરીઓનો સંપર્ક કરો :**

- કર્મચારી ભવિષ્યનિધિ સંગઠન (ઈપીએફઓ)/ કર્મચારી રાજ્ય વીમા નિગમ (ઈએસઆઈસી)
- કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ/શ્રમ અને રોજગાર મંત્રાલય
- રાજ્યોના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ / સમાજ સુરક્ષા / શ્રમ વિભાગ અથવા નીચે ઉલ્લેખિત વેબસાઈટ જુઓ :

www.socialjuctice.nic.in | ww.labour.inc.in. | www.epfindia.nic.in | www.esic.nic.in

## ૬૧. સખી મંડળ, દિવ્યાંગને વીજ બિલ કલેક્શન સેન્ટર આપવા નિર્ણય :

રાજ્યના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગે, ગુજરાત સરકારની માલિકીની ચારેય વીજ કંપનીઓને, પોતાના ‘બિલ કલેક્શન સેન્ટર’, મહિલાઓના સખી મંડળો અને દિવ્યાંગ નાગરિકોને આપવા નીતિ વિષયક નિર્ણય કર્યો છે. મહિલા અને દિવ્યાંગ કેટેગરીને અન્ય કલેક્શન સેન્ટર કરતાં બે રૂપિયા વધારે એટલે કે રૂ. ૭નું કમિશન એક બિલ દીઠ કંપનીઓ ચૂકવશે. જેનો અમલ ૧લી જૂનથી કરવામાં આવશે. ગુજરાતના ૧.૨૧ કરોડ વીજગ્રાહકોના બિલની ચૂકવણી માટે અત્યારે માત્ર ૫૫૦ જેટલાં જ કલેક્શન સેન્ટર છે.

## ૬૨. સ્પર્ધાત્મક પરીક્ષા ફી તથા ફોર્મ ફીમાંથી મુક્તિ :

**૧. રાજ્ય સરકાર તરફથી :**

શારીરિક વિકલાંગતા ધારવતા ઉમેદવારોને રાજ્ય સરકારની સીધી ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા અથવા સેવા કે જગા પર પસંદગી માટે નિયત કરવામાં આવેલ પરીક્ષા ફી તથા અરજી પત્રક માટેની ફીમાં ૫૦% રાહત આપવાનું નક્કી કરેલ છે.

**૨. કેન્દ્ર સરકાર તરફથી :**

કેન્દ્ર સરકારે શારીરિક વિકલાંગ ઉમેદવારોને ‘એ’ અને ‘બી’ વિભાગના હોદ્દાઓ માટેની સ્પર્ધાત્મક પરીક્ષામાં બેસવા માટે લેવાતી અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપી છે.

- ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વર્ગ -૧ અને વર્ગ -૨ની સ્પર્ધાત્મક પરીક્ષામાં અને સૈક્ષણિક પરીક્ષાઓમાં અંધ પરીક્ષાર્થીઓને વધારાની ૩૦ મિનિટ આપવામાં આવે છે. અંધ વ્યક્તિ તથા જાતે લખી ન શકે તેવા ઉમેદવારોને પરીક્ષા માટે લહિયાની સગવડ પણ આપવામાં આવે છે.

## ૬૩. ૧૦૦થી વધુ કારીગર ધરાવતા કારખાનાં / મિલોમાં વિકલાંગો માટે અનામતની જોગવાઈ :

ગુજરાત વિકલાંગ વ્યક્તિ (કારખાનામાં રોજગારી) કાયદો, ૧૯૮૨ હેઠળ ૧૦૦થી વધુ સંખ્યામાં કામદારો ધરાવતાં કારખાનામાં / મિલોમાં વિકલાંગો માટે ૧ ટકાની અનામતની જોગવાઈ છે. રોજગાર અને તાલીમ વિભાગનો તારીખ ૭-૦૫-૨૦૦૪નો નોટિફિકેશન નંબર કેએચઆર-૨૦૦૪-૪૭-એફએસી-૨૦૦૩-૭૬૮-એમ (ત્રણ)

## ૬૪. પ્રાથમિક શાળામાં નેત્રહીનોની શિક્ષક તરીકેની પસંદગીમાં અગ્રતા :

પ્રાથમિક શાળાઓમાં નેત્રહીનોને સંગીત શિક્ષક તરીકે પસંદગી આપવા માટે સરકારે ઠરાવ્યું છે. જો બીજી બધી રીતે

યોગ્ય હોય તો ફક્ત સંગીત શિક્ષકની જગ્યા માટે નેત્રહીનોને પ્રાથમિક શાળાઓમાં પસંદગી આપવા અગ્રતા આપવી.

આ જ રીતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની પ્રાથમિક શાળાઓમાં સંગીત શિક્ષક તરીકે નેત્રહીનોને પસંદ કરવા તેમ ઠરાવ્યું છે. અંધ શિક્ષકને પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે નોકરી આપવા છેલ્લી વય મર્યાદા ૪૦ વર્ષની છે.

## ૬૫. 'દૃષ્ટિહીન' વ્યક્તિને ટેલિફોન અગ્રતાથી અને ટેલિફોન ભાડામાં ૫૦ ટકા રાહત :

કોઈ પણ નેત્રહીન વ્યક્તિને ટેલિફોનની જરૂરિયાત હોય અને તે અરજી કરે તો તેને ટેલિફોન અગ્રતાના ધોરણે આપવાની તેમજ ટેલિફોનના માસિક ભાડામાં ૫૦ ટકા રાહત આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

નિયત ફોર્મ (અરજી સાથે) સરકારી હોસ્પિટલના સીએમઓ/એમએસ/ઓપ્થેલ્મિક સર્જનના સર્ટિફિકેટની પ્રમાણિત નકલ બીડવી. (ડિપાર્ટમેન્ટ ઓફ ટેલી કોમ્યુનિકેશનનો તા.૨૩-૯-૯૩૯નો પત્ર નં.૯-૨૧/૯૩ પી.એચ.એ.)

## ૬૬. શ્રી વાજપાઈ બેંકેબલ યોજના :

**કુટિર ઉદ્યોગના કારીગરોને રાષ્ટ્રીયકૃત બેંકો, સહકારી બેંકો, પબ્લીક સેકટર બેંકો મારફતે નાણાકીય લોન સહાય આપવાની યોજના**

(૧) હેતુ : આ યોજના હેઠળ ગુજરાતના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના રોજગાર વ્યક્તિઓને સ્વરોજગારી પુરી પાડવાનો આશય રહેલો છે. અપંગ કે અંધ વ્યક્તિ પણ આ યોજનાનો લાભ લઈ શકશે.

**(૨) યોજનાની પાત્રતા :**

૧. ૧૮ થી ૬૫ વર્ષ

૨. શૈક્ષણિક લાયકાત ઓછામાં ઓછું ધોરણ-૪(ચાર) પાસ અથવા

તાલીમ અનુભવ : વ્યવસાયને અનુરૂપ ખાનગી સંસ્થામાંથી ઓછામાં ઓછા ૩ માસની તાલીમ અથવા સરકાર માન્ય સંસ્થામાંથી એક માસની તાલીમ લીધેલી હોવી જરૂરી છે અથવા એક વર્ષના ધંધાને લગતો અનુભવ હોવો જોઈએ અથવા વારસાગત કારીગર હોવા જોઈએ.

**(૩) બેંક મારફત લોનધિરાણની મહત્તમ મર્યાદા :**

(૧) ઉદ્યોગ ક્ષેત્ર માટે મહત્તમ ૮ લાખ.

(૨) સેવાક્ષેત્ર માટે મહત્તમ ૬ લાખ.

(૩) વેપાર ક્ષેત્ર માટે ૩ લાખ.

**(૪) ધિરાણની રકમ ઉપર સહાયના દર :**

આ યોજના હેઠળ ઉદ્યોગ, સેવા અને વેપારક્ષેત્ર માટે સહાયના દર નીચે મુજબ રહેશે.

| વિસ્તાર | જનરલ એકેડેમી | અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ / માજી સૈનિક /મહિલા / ૪૦% કે તેથી વધુ અંધ કે અપંગ |
|---|---|---|
| ગ્રામ્ય | ૨૫% | ૪૦% |
| શહેરી | ૨૦% | ૩૦% |

**(૫) સહાયની મહત્તમ મર્યાદા :**

| ક્રમ | ક્ષેત્ર | સહાયની રકમની મર્યાદા (રકમ રૂપિયામાં) |
|---|---|---|
| ૧ | ઉદ્યોગ | ૧,૨૫,૦૦૦/- |
| ૨ | સેવા | ૧,૦૦,૦૦૦/- |
| ૩ | બીએફઆર | ૮૦,૦૦૦/- |

નોંધ : અપંગ કે અંધ લાભાર્થીના કિસ્સામાં કોઈપણ ક્ષેત્ર માટે મહત્તમ સહાય ૧,૨૫,૦૦૦/- રહેશે.

**(૬) અરજદાર નવા એકમ તેમજ ચાલુ ધંધાના વિસ્તરણ માટે નીચેના પૈકી કોઈપણ અથવા બધા માટે. આ યોજના હેઠળ લોન મેળવી શકે છે.**

(૧) સુચિત ધંધા માટે કેબિન-ફર્નિચર બનાવવા.

(૨) સાધન ઓજાર અને મશીનરી ખરીદવા

(૩) ઈલેક્ટ્રીફિકેશન કરવા

(૪) વર્કિંગ કેપીટલ માટે

નોંધ : (૧) ફક્ત કાચા માલ, તૈયાર માલની ખરીદી કે વર્કિંગ કેપીટલ માટે ધિરાણ મળી શકશે નહિં. જ્યારે વિસ્તરણ માટે હયાત રોકાણ ધ્યાનમાં લઈને રોકાણ મળી શકશે.

(૨) ઉદ્યોગ અને સેવા ક્ષેત્રે પ્લાન્ટ મશીનરી સાધન ઓજાર/ફર્નિચરની કિંમત કુલ લોન ધિરાણના ૧૦%થી ઓછી ના થવી જોઈએ અને વેપાર ક્ષેત્રે મશીનરી/સાધન ઓજાર/ફર્નિચરની કિંમત કુલ લોન ધિરાણના ૫% થી ઓછી ના થવી જોઈએ.

**(૭) લાભાર્થી ફાળો :**

જનરલ કેટેગરી માટે કુલ લોન ધિરાણના ઓછામાં ઓછા ૧૦% તેમજ અનુસૂચિત જાતિ અનુસૂચિત જનજાતિ / માજી સૈનિક /મહિલા / ૪૦% કે તેથી વધુ અંધ કે અપંગ માટે કુલ લોન ધિરાણના ઓછામાં ઓછા ૫% મુજબ લાભાર્થીનો ફાળો રહેશે. આ લાભાર્થી ફાળા ઉપર સહાય મળવાપાત્ર થશે નહીં.

**(૮) અમલીકરણ એજન્સી :**

ગ્રામ્ય અને શહેરી વિસ્તારની તમામ અરજીઓ માટે જે તે જિલ્લાના જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનો સંપર્ક સાધવાનો રહેશે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં કુટિર ઉદ્યોગ શરૂ કરવા ૫૦,૦૦૦ની લોન મેળવવા માટે તાલુકા કક્ષાના વિકાસ અધિકારીને તથા ૧,૦૦,૦૦૦ સુધી પ્રોજેક્ટ અધિકારી વર્ગ-૧ ને પણ સત્તા આપવામાં આવેલ છે.

**કમિશ્નર કુટિર ગ્રામોદ્યોગની કચેરી**
બ્લોક નં. ૭/૨, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯-૨૩૨ ૫૯૫૯૪

## ૬૭. સ્વરોજગારી માટે સાધન સહાય આપવાની માનવકલ્યાણ યોજના

આ યોજનામાં આર્થિક રીતે પછાત વર્ગોના સમુહને પુરતી આવક અને સ્વરોજગાર ઊભા કરવા માટે વધારાનાં ઓજારો/ સાધનો આપવામાં આવે છે. આ યોજના ગરીબી રેખાની નીચે જીવતી વ્યક્તિઓ/કારીગરોની આર્થિક સ્થિતિ સુધારવા ફેરીયા, શાકભાજી વેચનાર, સુથારીકામ વગેરે જેવા ૭૯ ટ્રેડમાં નાના કદના વેપાર/ધંધા કરવા સમાજના નબળા વર્ગોના લોકો કે જેની કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૩૬,૦૦૦/- ની હોય તેવા લોકોને આર્થિક આવકમાં વધારો કરવા માટે વ્યવસાય માટે રૂ. ૫૦૦૦-ની મર્યાદામાં જરૂરી સાધન/ઓજારના સ્વરૂપમાં સહાય આપવામાં આવે છે.

**(૧) પાત્રતા :**

૧. ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીઓ માટે જિલ્લા ગ્રામ વિકાસ વિભાગની ગરીબી રેખા નીચેની યાદીમાં સમાવેશ થયેલ હોવો ફરજિયાત છે. ૦ થી ૧૬ સ્કોરના લાભાર્થીએ આવકનો દાખલો રજૂ કરવાનો રહેતો નથી.

**અથવા**

૨. અરજદારના કુટુંબની વાર્ષિક આવક શહેરી વિસ્તાર માટે રૂ. ૩૬,૦૦૦/-/ હોવી જોઈએ તે અંગેનો મામલદાર અથવા નગરપાલિકા ચીફ ઓફિસર અથવા મહાનગરોમાં મહાનગરપાલિકાના અધિકૃત અધિકારીનો આવકનો દાખલો રજૂ કરવાનો રહેશે. બી.પી.એલ. લાભાર્થીને અગ્રતા આપવામાં આવશે.

(૨) **નાણાકીય સહાય :**

લાભાર્થી દીઠ રૂ. ૫૦૦૦/-ની મર્યાદામાં સાધન-ઓજારના સ્વરૂપમાં.

(૩) **અરજી સાથે બિડવાના જરૂરી કાગળો :**

નિયત અરજીપત્રક, પાસપોર્ટ સાઈઝનો ફોટો (પાછળ નામ, સરનામું, ધંધો અવશ્ય દર્શાવવો), રેશનકાર્ડની પ્રથમ પાનાની તથા બીજા પાનાની પ્રમાણિત નકલ જેમાં આપના નામનો સમાવેશ થયેલ હોય, ઉંમરનો પુરાવો, જાતિનો દાખલો (સરકારશ્રી દ્વારા અધિકૃત કરેલ અધિકારીનો), આવકનો દાખલો (કલેકટર / જિલ્લા વિકાસ અધિકારી / મદદનીશ કલેકટર / નાયબ કલેકટર / નાયબ જિલ્લા વિકાસ અધિકારી / મામલતદાર / તાલુકા વિકાસ અધિકારી / મહાલેખાકારી / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી / નાયબ મામલતદાર / મદદનીશ સમાજકલ્યાણ અધિકારી (વિ.જા.) / વોર્ડન / અધિકારી / નાયબ તાલુકા વિકાસ અધિકારી / વિસ્તરણ અધિકારી (પંચાયત) (આ અધિકારીઓ પૈકી કોઈ એકનો દાખલો (પ્રમાણપત્ર) માન્ય રાખવો), ચાલચલગતનો દાખલનો, ચૂંટણીનાં ઓળખપત્રની નકલ

**અરજી ફોર્મ અને વધુ માહિતી માટે સંપર્ક :**

૧. આપના જિલ્લાના જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર/ATVT સેન્ટર

૨. વેબસાઈટ (૧) http://portal.gujarat.gov.in/St_GovtSchm/Manavkalyan.html

(૨) http://imd-gujarat.gov.in/schemes/01-002.html

ઉપરથી પણ ફોર્મ ડાઉનલોડ કરી મેળવી શકાય છે.

**સંપર્ક : કમિશનર કુટિર અને ગ્રામોદ્યોગ**

બ્લોક નં. ૭/૨, ઉદ્યોગ ભવન, ગાંધીનગર,

ફોન : ૦૭૯-૨૩૨ ૫૯૫૭૩, ૨૩૨ ૫૯૫૮૭

email : adbnkcci@gujarat.gov.in

## ૬૮. વિકલાંગ વ્યક્તિઓને વિવિધ હેતુઓ માટે સરકારી પડતર જમીન : (વિના હરાજીએ રાહત દરથી)

ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક : જમન- ૩૯૯-૩૩૮-અ તા : ૨૦-૪-૨૦૦૧ અન્વયે વિકલાંગ વ્યક્તિઓને વિવિધ હેતુઓ માટે સરકારી પડતર જમીન વિના હરાજીએ રાહત દરથી આપવાનું ઠરાવેલ છે જેથી વિકલાંગોને નીચે મુજબના હેતુઓ માટે જમીનનો લાભ મેળવી શકશે.

૧. રહેણાંકનું ઘર બાંધવા માટે

૨. વ્યવસાય શરૂ કરવા માટે

૩. અપંગોની શાળા શરૂ કરવા માટે

૪. અપંગો માટેના સંશોધન કેન્દ્ર માટે

૫. અપંગ ઉદ્યોગ સાહસિકોને ઉદ્યોગ કેન્દ્રની સ્થાપના માટે

૬. આનંદ પ્રમોદના હેતુ માટે તા. ૯-૯-૨૦૦૪ના ઠરાવથી ઉમેરેલ છે.

વિકલાંગની વાર્ષિક આવક મર્યાદા રૂા.૬૦,૦૦૦/- (સાઈઠ હજાર)થી ઓછી હોય તેવી જ વ્યક્તિ લાભ મેળવવા પાત્ર ઠરે છે.

ઉપરના હેતુઓ માટે સરકારી પડતર જમીન હાલની જમીનના પ્રવર્તમાન બજાર કિંમત ૫૦ ટકા રાહત દરથી વિકલાંગોને મળી શકે છે.

જો કોઈ વિકલાંગ વ્યક્તિને પોતાના નામે રહેઠાણનું મકાન ન હોય તો તેવી વ્યક્તિને જે તે ગામે સરકારી પડતર પ્લોટ કે ગામતળની સરકારી જમીન રહેણાંકના મકાનના હેતુ માટે મળી શકે. આવી જમીન મેળવવા માટે નીચે પ્રમાણે પ્રાથમિક તપાસ કરવી.

૧. જો ગ્રામ્ય વિસ્તાર હોય તો તલાટી-કમ-મંત્રી પાસેથી ગામતળના સરકારી પ્લોટ કે, સરકારી પડતર જમીનની માહિતી મળી શકે.

૨. સિટી સરવે થયેલ ગામોમાં સિટી સરવેની ઓફિસમાંથી મેઈન્ટેન્સ સર્વેયર પાસેથી જમીનની માહિતી મળી શકે.

૩. નગરપાલિકા અગર નગર પંચાયતમાં નકશા ઉપરથી સરકારી પડતર પ્લોટ સરકારી પડતર જમીન અગર નગરપાલિકામાં ખાલી પ્લોટની વિગત મળી શકે.

૪. મોટા શહેરી વિસ્તારમાં જે તે વિસ્તારના મેઈન્ટેન્સ સર્વેયર પાસેથી માહિતી મળી શકે. આવી જમીન મેળવવા માટે અરજદારે નીચે પ્રમાણે કાર્યવાહી કરવાની રહે.

૫. જમીન પ્લોટ કે વિસ્તારના નંબર, સિટી સરવે વિસ્તારમાં પ્રોપર્ટી રજિસ્ટર્ડ કાર્ડની સહી સિક્કાવાળી નકલ મેળવવી તથા સ્થળ સ્થિતિ દર્શાવતો નકશો મેળવવો.

૬. ગ્રામ્ય વિસ્તારમાં તલાટી-કમ-મંત્રી પાસેથી પ્લોટ નંબર તથા સ્થળ સ્થિતિનો નકશો મેળવવો.

૭. સરકારી પડતર જમીન હોય તો તલાટી-કમ-મંત્રી પાસેથી ૭-૧૨નો ઉતારો મેળવવો.
આવી જમીન પૈકી જેટલી જમીનની માગણી કરવી હોય તેટલી જમીનની માંગણી કરી શકાય.

**અરજી સાથે રજૂ કરવાની વિગતો :-**

(૧) વિકલાંગતા અંગેના સિવિલ સર્જને આપેલા સર્ટિફિકેટની ખરી નકલ. (૨) અરજદારનો બાયોડેટા. (૩) કૌટુંબિક રેશન કાર્ડનો રહેણાંકનો દાખલો (૪) વિકલાંગતા અંગેના ઓળખકાર્ડની ઝેરોક્ષ નકલ (૫) અરજદારની આવકનો દાખલો (૬) અરજદારની જમીન માંગણીનો ઉદ્દેશ્ય. (૭) કલેક્ટર કચેરી/ મામલતદાર કચેરી તરફથી વધુ વિગતો માંગવામાં આવે તે.

ઉપર મુજબની અરજી જે તે જિલ્લામાં કલેક્ટરશ્રીને કરી શકાય.

## ૬૯. વિકલાંગ વ્યક્તિઓને રોજગારી આપવા બાબતે જિલ્લા સમિતિ :

જિલ્લા કક્ષાએ દરેક જિલ્લાઓમાં શારીરિક ક્ષતિ ધરાવનાર વ્યક્તિઓને રોજગારી આપવા બાબતે જિલ્લા સમિતિની (ડિસ્ટ્રિક્ટ કમિટી) રચના કરવામાં આવી છે. જેના ચેરમેન તરીકે જિલ્લા કલેક્ટર અને સેક્રેટરી તરીકે જિલ્લા રોજગાર અધિકારી હોય છે. જે જિલ્લાના અપંગોને રોજગારી આપવા બાબત સંકલન કરી તેમના પ્રશ્નોમાં મદદરૂપ થાય છે.

## ૭૦. રાષ્ટ્રીય વિકલાંગ નાણાં અને વિકાસ નિગમ - લોન આપવા અંગેની રૂપરેખા :

રાષ્ટ્રીય વિકલાંગ નાણા વિકાસ નિગમ - National Handicaped finance & Development Corporation (NHFDC) ભારત સરકારના માનવ સંશાધન મંત્રાલય દ્વારા કંપની ધારા હેઠળ ૧૯૯૭માં સ્થાપના કરવામાં આવી છે. આ નિગમ રાજ્ય સરકારે અધિકૃત કરેલ એજન્સી મારફત લોન/સહાય પૂરી પાડે છે.

**હેતુઓ :**

- વિકલાંગો દ્વારા ચલાવવામાં આવતા વ્યવસ્થાપક ધંધા તથા સ્વરોગારીને ઉત્તેજન (પ્રોત્સાહન) પૂરું પાડવું.
- ચાલુ સ્વરોજગારી વ્યવસાય/ધંધા માટે કુશળતા વધારવા લોન પૂરી પાડવી.
- રોજગાર/વ્યવસાય/સ્વરોજગારીલક્ષી ધંધાકીય/ટેકનિકલ અભ્યાસ માટે લોન
- શૈક્ષણિક લોન
- ઉત્પાદિત માલનું બજાર પૂરું પાડવું.

**યોજનાઓ :**

- નાના ધંધા/વેચાણ કેન્દ્ર/પ્રોજેક્ટ સ્થાપવા માટે રૂા.૧ લાખ અને સેવાકીય ક્ષેત્ર માટે રૂા. ૫ લાખ સુધીની લોન એ શરતે કે વિકલાંગ ચલાવતો હોય અથવા ૧૫% જેટલા વિકલાંગ નોકરી કરતા હોય.
- ઓટોરિક્ષા સહિત ભાડૂતી વાહન ખરીદવા રૂા.૫ લાખ સુધી લોન.
- વિકલાંગ દ્વારા અથવા તે જેમાં મુખ્ય વહીવટકર્તા હોય અને જેમાં ૧૫ ટકા જેટલા વિકલાંગો કામ કરતા હોય તો રૂા.૫ લાખ સુધી લોન.
- ખેતીવાડી પ્રવૃત્તિ જેવી કે, પાક, સિંચાઈ, બાગાયતી, ખેત ઓજારો/મશીનરી ખરીદવા રૂા.૫ લાખ સુધી લોન.
- માનસિક નબળાઈ/લકવો/વિકૃતિ ધરાવતા માટે સ્વરોજગાર હેતુ માટે તેમના વાલી/વારસો (પુત્રો) કાયદેસરના પાલક મારફત રૂા.૩ લાખ સુધી લોન.
- વ્યવસાયિક/ધંધાકીય શિક્ષણ માટે ભારતમાં રૂા.૭.૫૦ લાખ અને વિદેશમાં અભ્યાસ માટે રૂા. ૨૦ લાખ સુધી લોન.

– કુશળતા તથા ઉદ્યોગ સાહસિકતા વિકસાવવા નાણા સહાય.
– સ્વૈચ્છિક સંસ્થાએ ($NGO_s$) દ્વારા ચલાવાતી અને આ માટે રાજ્ય સરકારે અધિકૃત કરેલ એજન્સી દ્વારા દરેક NGOને રૂા.૫ લાખ તથા દરેક લાભાર્થીને રૂા.૨૫,૦૦૦ સુધી નાણાકીય ઋણ.
– માનસિક વિકલાંગ વાલી મંડળોને રૂા.૫ લાખ સુધી લોન.

**પાત્રતા/યોગ્યતા લાયકાત :**

– અરજદાર ગુજરાત રાજ્યનો નિવાસી હોવો જોઈએ.
– ૪૦ ટકા અથવા વધારે વિકલાંગતા ધરાવતો ભારતીય નાગરિક.
– ૧૮ વર્ષ ઉપરની ઉંમર.
– જેની વાર્ષિક આવક રૂા. ૫ લાખ (શહેરી વિસ્તાર) અને રૂા.૩ લાખ (ગ્રામ્ય વિસ્તાર)થી ઓછી હોવી જોઈએ.
– અરજદાર જરૂરી શિક્ષણ/તાંત્રિક જ્ઞાન/વ્યાવસયિક લાયકાત/અનુભવ અને પૂર્વવૃતાંત ધરાવતો હોય.

**લોનના વ્યાજદર :**

– રૂા.૫૦,૦૦૦ સુધી - ૫ ટકા વાર્ષિક
– રૂા.૫૦,૦૦૦થી વધુ પણ રૂા.૫ લાખ સુધી - ૬ ટકા વાર્ષિક
– રૂા.૫ લાખ ઉપર - ૮ ટકા વાર્ષિક
– મહિલા વિકલાંગો માટે ૧ ટકાની વ્યાજ રાહત

**લોન ભરપાઈ :**

– દરેક લોન ૫ વર્ષમાં ભરપાઈ કરવાની રહેશે.

**અરજીની પ્રક્રિયાની રીત :**

– નિયત અરજીની પ્રક્રિયાની રીત નમૂનામાં રાજ્ય સરકારે અધિકૃત કરેલ એજન્સીને અરજી કરવી.
– રૂા.૧.૫૦ લાખ સુધીના પ્રોજેક્ટ રાજ્ય અધિકૃત એજન્સી અને તેનાથી વધારાની લોન રાષ્ટ્રીય નિગમ મંજૂર કરશે.
– વધુ વિગતો માટે અધિકૃત એજન્સી/ઉપર દર્શાવેલ બેંકોની શાખાઓ, રાષ્ટ્રીય વિકલાંગ નાણાં અને વિકાસ નિગમનો સંપર્ક કરવો.
– ગુજરાતના વિકલાંગોને લોન આપવા માટેની ચેનલાઈઝીંગ એજન્સી ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમિટેડ છે.

**ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમિટેડ**
બ્લોક નંબર : ૧૧ બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦,
ફોન નંબર : ૦૭૯-૨૩૨૫૪૫૮૧૨૩૨૫૪૫૮૩, ૨૩૨૫૩૭૫૭,
ફેક્સ : ૦૭૯-૨૩૨૫૪૧૫૨, ૨૩૨૫૭૦૪૫
e-mail : md-gmfdcl@gujarat.gov.in
website : http//sjc.gujarat.gov.in/gmfdc

**રાષ્ટ્રીય વિકલાંગ નાણાં અને વિકાસ નિગમની યોજના હેઠળ સ્વરોજગારી માટે ધિરાણ મેળવવા માટેનું અરજીપત્રક**

ઉપરોક્ત યોજના અંતર્ગત સ્વરોજગારી મેળવવા માંગતા નીચેની લાયકાત ધરાવતા વિકલાંગ અરજદારો પાસેથી નીચેની વિગતે નિયત નમૂનામાં અરજીપત્રકો મંગાવવામાં આવે છે.

**૧. અરજદાર નીચેની લાયકાત ધરાવતા હોવા જોઈએ.**

૧. અરજદાર ગુજરાતના રહેવાસી હોવા જોઈએ.
૨. અરજદારને ઓછામાં ઓછી ૪૦% વિકલાંગતા હોવી જોઈએ. વિકલાંગતા અર્થાત અંધત્વ, ઓછી દ્દષ્ટિ, મટી ગયેલ રક્તપિત્ત, શ્રવણ ખામી, હાડકાંની ખોડખાંપણ, માનસીક ખોડ, માનસિક બીમારી.
૩. અરજદારની ઉંમર : નિયત કરેલ તારીખે ૧૮ વર્ષથી વધુ અને ૫૫ વર્ષ સુધીની હોવી જોઈએ.

૪. અરજદારના કુટુંબની વર્ષ : જેતે નાણાંકીય વર્ષની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૩,૦૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા.૫,૦૦,૦૦૦/-થી વધુ ન હોવી જોઈએ.

૫. જે તે વ્યવસાયનો લઘુત્તમ એક વર્ષનો અનુભવ હોવો જોઈએ. વ્યવસાયલક્ષી વિશિષ્ટ શૈક્ષણિક લાયકાત મેળવેલ હોય તો પ્રમાણપત્ર રજૂ કરનારને અગ્રિમતા આપવામાં આવશે.

૬. માનસિક ખોડ અથવા તો માનસિક બીમારી ધરાવતા વિકલાંગતાના કિસ્સામાં તેના માતા-પિતા અથવા જીવનસાથી (પતિ/પત્ની) અરજી કરી શકશે.

૨. ધિરાણનો આશય નવી અસ્કાયામતો/સાધન-સામગ્રી ઊભી કરવા સાથે નવી રોજગારી/આજીવિકા ઊભી કરવાનો હોવાથી સાચા અને પોતાની જાત માટે હોય તેવા લાભાર્થી/ઉમેદવારોએ જ અરજી કરવાની રહેશે.

૩. આ સાથેની યાદીમાંથી કોઈ એક યોજના પસંદ કરી તેનું નામ, અરજી પત્રકના પહેલા પાના ઉપર રાખેલી ખાલી જગ્યામાં ભરવાનું રહેશે. દા.ત. પગરખાં વેચાણ.

૪. લોન ૬૦ હપ્તામાં વ્યાજ સહિત પરત કરવાની રહેશે. વાર્ષિક વ્યાજનો દર ૫ ટકા રહેશે. સ્ત્રી અરજદારને વ્યાજમાં ૧% રાહત આપવામાં આવશે. નિયમિત હપ્તા ન ભરનાર લાભાર્થીએ ૧૮% ટકા દંડનીય વ્યાજ ઉપરાંત નોટિસ ફી/કોર્ટ ફી/દાવાઓનો ખર્ચ ભોગવવાનો રહેશે.

૫. આ યોજનાઓમાં સબસિડી આપવામાં આવતી નથી.

૬. અરજદાર કે તેના કુટુંબની કોઈ વ્યક્તિએ રાષ્ટ્રીય વિકલાંગ નાણાં અને વિકાસ નિગમ સહિત રાજ્ય કે કેન્દ્ર સરકારના કોઈ નિગમ/બેંક/સંસ્થામાંથી સબસિડાઈઝડ ધિરાણ મેળવેલ હોવું જોઈએ નહીં.

૭. રાષ્ટ્રીય નિગમે મંજૂર કરેલ યુનિટની કિંમત કરતાં વધુ કિંમત થશે તો તે ભરવાની જવાબદારી લાભાર્થીની રહેશે.

**૮. અરજદારે લોન અરજી સાથે જોડવાની વિગતો તથા સર્ટિફિકેટ્સ/દાખલાઓની પ્રમાણિત નકલો.**

૧. અપંગતા અંગેનું સિવિલ સર્જનનું સર્ટિફિકેટ (ટકાવારી દર્શાવતું)

૨. સમાજ સુરક્ષા અધિકારીશ્રીએ આપેલ ઓળખપત્રની ઝેરોક્ષ નકલ.

૩. ઉંમરના આધાર પુરાવા તરીકે નોંધણી પ્રમાણપત્ર અથવા શાળા છોડ્યાના દાખલાની નકલ.

૪. જે તે વર્ષની અરજદારના કુટુંબની વાર્ષિક આવક અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર (ફોર્મમાં દર્શાવ્યા સિવાયના અધિકારીનો દાખલો ચાલશે નહીં)

૫. રેશનિંગ કાર્ડની ઝેરોક્ષ અથવા રહેઠાણનો અન્ય પુરાવો.

૬. અરજદાર અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કે લઘુમતિના હોય તો સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવું.

૭. અનુભવના સર્ટિફિકેટ (અરજદાર જે વ્યવસાય કરવા માંગે છે તે અંગેના)

૮. શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો.

૯. ટેકનિકલ લાયકાતના પ્રમાણપત્રો (અરજદાર જે વ્યવસાય કરવા માંગે છે તેને અનુરૂપ ટેકનિકલ તાલીમ લીધેલ હોય તો )

૧૦. જે જગ્યાએ વ્યવસાય કરવાનો હોય તે જગ્યાના માલિકનો સંમતિપત્ર અથવા ભાડાચિઠ્ઠી (ઓરિજિનલ)

૧૧. પાસપોર્ટ સાઈઝના ફોટા-૨ અને વિકલાંગતા દર્શાવતા ફૂલ સાઈઝના ફોટા-૨

**નોંધ : ઉપરોક્ત પુરાવાઓની સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરેલ નકલ સામેલ કરવી.**

૯. સંપૂર્ણ વિગતો ભરેલા અરજીપત્રકો પરત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીમાં જે તે સમયે નક્કી થાય તે તારીખ સુધીમાં કચેરી સમય દરમિયાન આર.પી.એ.ડી.થી અથવા રૂબરૂમાં સ્વીકારવામાં આવશે. ત્યાર બાદ ટપાલ કે રૂબરૂમાં આવેલ ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં કે ગણતરીમાં લેવામાં આવશે નહીં. ટપાલ દ્વારા અરજી મોકલનારે કવર ઉપર જેના માટે લોનની માંગણી કરી હોય તે લોન મેળવવા માટેની અરજી તેવું મોટા અક્ષરે લખવાનું રહેશે.

૧૦. અરજદારની લોન અરજી મંજૂર થયે અરજદારે રાષ્ટ્રીય વિકલાંગ નાણાં અને વિકાસ નિગમના ધોરણો મુજબની રકમ લાભાર્થી ફાળા તરીકે તેમજ એક એડવાન્સ હપ્તાની રકમ ભરવાની રહેશે. આ રકમ એકાઉન્ટ ડિમાન્ડ ડ્રાફ્ટથી 'મેનજિંગ ડિરેક્ટર, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિ, ગાંધીનગર'ના નામથી ભરવાની રહેશે. (ચેક/રોકડા સ્વીકારવામાં આવતા નથી.)

૧૧. આ અરજી ફોર્મ સાથે કોઈ રકમ ભરવાની રહેતી નથી તેમજ નિગમે કોઈ સંસ્થા/કર્મચારી કે એજન્ટને નાણાં સ્વીકારવા અધિકૃત કરેલ નથી.

૧૨. લાભાર્થીને લોન મંજૂર થયા બાદ લોનના હપ્તાની રકમ રોકડેથી સ્વીકારવામાં આવતી નથી, પરંતુ લાભાર્થીએ એકાઉન્ટ પે ડિમાન્ડ ડ્રાફ્ટથી 'મેનેજિંગ ડિરેક્ટર, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિ, ગાંધીનગર'ના નામથી ભરવાની રહેશે.

૧૩. લોન મંજૂર થયેથી અરજદારે નિગમના પ્રવર્તમાન નિયમો મુજબના બીજા જામીન તથા સ્યોરિટી રજૂ કરવાના રહેશે, જે અંગે ધિરાણ મંજૂરી યોજનાઓ માટે લોન મંજૂરી આદેશમાં વિગતે જણાવવામાં આવશે.

૧૪. જાહેરાતમાં જણાવ્યા પ્રમાણેની યોજનાઓ માટે લોન મંજૂરીનો આધાર એન.એચ.એફ.ડી.સી, નવી દિલ્હી તરફથી મળનાર ફંડને આધિન હોઈ કેન્દ્રીય નિગમ પાસેથી જ્યારે ફંડ ઉપલબ્ધ થશે ત્યારે ધિરાણ કરવામાં આવશે. કેન્દ્રીય નિગમ પાસેથી ફંડ ન મળતાં અરજીઓ દફતરે પણ થઈ શકે છે.

૧૫. લોન અરજીમાં પૂરેપૂરી વિગતો, સૂચનાઓ, શરતો વગેરે વાંચી, સમજીને લોન અરજી કરવાની રહેશે. **અધૂરી વિગતોવાળી તથા જરૂરી દાખલાઓની પ્રમાણિત નકલ સિવાયની લોન અરજીઓ મંજૂરી માટે વિચારણામાં લેવાશે નહીં.**

૧૬. નિયમ મુજબના જામીન આપવાના રહેશે.

૧૭. સાચી હકીકતો છુપાવી કે ખોટી વિગતો રજુ કરીને ધિરાણની મૂળભૂત ભાવનાની વિરુદ્ધ બદઈરાદાથી નિગમ પાસેથી લોન મેળવ્યાનું ધ્યાને આવશે તો ફોજદારી રાહે પગલાં લેવામાં આવશે.

**યોજનાઓની યાદી**

(યુનિટ કિંમત રૂા. લાખમાં)

| અનુ.નં. | પ્રોજેક્ટનું નામ | યુનિટ કિંમત |
|---|---|---|
| ૧. | દૂધાળા જાનવર (બે જાનવર) (ગ્રામ્ય વિસ્તાર માટે) | ૦.૪૦ |
| ૨. | પાન, ઠંડા પીણાં, આઈસ્ક્રીમ પાર્લર | ૦.૨૫ |
| ૩. | પગરખાં વેચાણ | ૦.૪૦ |
| ૪. | જનરલ પ્રોવિઝન સ્ટોર્સ | ૦.૪૦ |
| ૫. | પ્લાસ્ટિક આઈટમ વેચાણ | ૦.૩૦ |

અન્ય આવા ૩૦ પ્રકારના પ્રોજેક્ટો છે જેના માટે લોન મળે છે. વધુ માહિતી-માર્ગદર્શન માટે પોતાના જિલ્લાના જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીનો સંપર્ક સાધવા વિનંતી.

## ૭૧. વિકલાંગ-દૃષ્ટિહીન મહિલાઓ માટેની ઘરદીવડા યોજના (ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ.) :

ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ. મહિલાઓના આર્થિક તેમજ સામાજિક ઉત્થાન માટે જરૂરિયાત મુજબની સવલતો/સહાય તાલીમ આપી મહિલા વર્ગનો સામાજિક અને આર્થિક વિકાસ કરવાનો ઉદ્દેશ છે. આ ઉદ્દેશમાં સામાજિક ક્ષેત્રે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી સંકલિત પ્રવૃત્તિઓનો ઝડપભેર અમલ કરવાનો ઉદ્દેશ સમાવિષ્ટ છે.

**ઘર દિવડા યોજના :** આ યોજનાનો મુખ્ય હેતુ ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબની ગ્રામ્ય અને શહેરી મહિલાઓના આર્થિક વિકાસ માટે સહાય કરવાનો છે. આ યોજના હેઠળ આર્થિક પ્રવૃત્તિ માટે રૂા.૫૦,૦૦૦/-ની મર્યાદામાં લોન બેંકો દ્વારા આપવામાં આવે છે.

**પાત્રતા :** શહેરી વિસ્તાર તથા ગ્રામ્ય વિસ્તારમાં જેમના કુટુંબની વાર્ષિક આવક શહેરી વિસ્તારમાં રૂા.૬૮,૦૦૦/- તથા ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૪૭૦૦૦/- થી ઓછી હોય તેવી ૧૮ થી ૫૦ વર્ષની કોઈ પણ મહિલાને આ યોજનાનો લાભ મળી શકે છે.

**લોનની સબસિડીનું ધોરણ :**

| લોનની રકમ | અ.જા. | અ.જ.જા. | અન્ય |
|---|---|---|---|
| રૂા.૨૦,૦૦૦/-સુધી | ૪૦% | ૪૦% | ૨૫% |
| રૂા.૨૦,૦૦૦/- થી ૫૦,૦૦૦/- | ૨૫% | ૩૦% | ૨૦% |
| સબસિડીની વધુમાં વધુ રકમ ધંધાક્ષેત્ર માટે-૭,૫૦૦/- | | | |
| સેવા ક્ષેત્ર માટે રૂા.૧૦,૦૦૦/- તથા ઉદ્યોગ ક્ષેત્ર માટે રૂા.૧૫,૦૦૦/- રહેશે. | | | |

**વિકલાંગ/દષ્ટિહીન મહિલાઓમાટે સબસિડીના ધોરણ :**

| લોનની રકમ | ૪૦%થી ઓછી વિકલાંગતા | ૪૦%થી વધુ વિકલાંગતા |
|---|---|---|
| રૂા.૨૦,૦૦૦/-સુધી | ૫૦% | ૫૦% |
| રૂા.૨૦,૦૦૧/-થી ૫૦,૦૦૦/- | ૩૦% | ૪૦% |
| સબસિડીની મહત્તમ મર્યાદા | ૧૨,૫૦૦ | ૧૫,૦૦૦ |

**લોન મેળવવા માટે :** આ યોજનાનું નિયત અરજીફોર્મ વિના મૂલ્યે દરેક જિલ્લાના ફિલ્ડ ઓફિસર પાસેથી મેળવવાનું રહેશે. તેમાં રેશનકાર્ડ, આવકનો દાખલો, જાતિ, ઉંમર અંગેનો દાખલો વગેરે સંબંધિત આધારો સાથે ફોર્મ ભરવાનું રહેશે.

વેપાર-ધંધા, જંગલ પેદાશ-એન્જિનિયરિંગ ઉદ્યોગ-કેમિકલ સૌંદર્ય પ્રસાધન ઉદ્યોગ વગેરે અનેક પ્રકાર વ્યવસાયો માટે લોન મળે છે.

**વધુ માર્ગદર્શન માટે :** ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી, બ્લો નં.૮, ૮ મે માળે, ઉદ્યોગભવન, ગાંધીનગર ફોન નં. : ૨૩૨૨૭૨૮૦, ૨૩૨૩૦૭૧૩, ૨૩૨૨૨૬૪૪, ૨૩૨૨૭૧૧૯, ફેક્સ : ૦૭૯-૨૩૨૨૭૨૮૦નો સંપર્ક સાધવો. e-mail : mdgwede@yahoo.com, www.gwede.gov.in

## ૭૨. દષ્ટિહીન મહિલાઓ માટેની સૂક્ષ્મ-શાખ (માઇક્રો-ક્રેડિટ) પરિયોજના - 'સ્વયંસિદ્ધા' :

'સ્વયંસિદ્ધા' સૂક્ષ્મ-શાખ પરિયોજના ક્રિસ્ટોફેલ બ્લાઈન્ડેનમિશનની ભંડોળ સહાયથી દષ્ટિક્ષતિ પામેલી મહિલાઓને તેઓના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પુનર્વસન મારફતે આત્મનિર્ભર બનાવવા માટે શરૂ કરવામાં આવી છે.

આ પરિયોજના હેઠળ ગુજરાત રાજ્યની રહેવાસી, ૧૮થી ૬૦ વર્ષની વયની અને દષ્ટિક્ષતિ પ્રમાણપત્ર ધરાવતી કોઈ પણ મહિલાને રૂા.૧૫૦૦૦/- અને ખાસ કિસ્સામાં રૂા.૨૫,૦૦૦/- સુધીની સૂક્ષ્મ-શાખ (નાણાં કરજે) આપી તેઓને સ્વાવલંબી બનાવવા માટે સક્રિય પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

'સ્વયંસિદ્ધા' સૂક્ષ્મ-શાખ પરિયોજના નીચે પ્રમાણેના હેતુઓ માટે દષ્ટિક્ષતિ પામેલી અને દષ્ટિવિહીન મહિલાઓને ધિરાણ કરવા મદદરૂપ છે.

૧. ધંધાકીય કે કોઈ પણ આર્થિક પ્રવૃત્તિ શરૂ કરવા/વિકસાવવા/સદ્ધર કરવા બનાવવા મૂડી અને અથવા કાર્યશીલ મૂડી પૂરી પાડવા.

૨. નિયોજકીય અને સંચાલકીય/પ્રશિક્ષણ મેળવવા.

૩. દષ્ટિહીન મહિલાઓમાં ઉચ્ચ શિક્ષણ, વ્યાવસાયિક અને તકનિકી તાલીમને ઉત્તેજન આપવા.

૪. તેઓમાં બહુ-કૌશલ્ય વિકસાવવા.

૫. તેઓમાં હુન્નર, મનોરંજન કળાઓ અને કારીગરને પ્રોત્સાહન આપવા.

૬. તેઓ સ્વરોજગાર અને નોકરીઓ મેળવવાને લાયક બને તેવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા,

૭. તેઓના રહેઠાણ કે ધંધાના મકાનોના બાંધકામને/સમારકામ/સુધારા-વધારા કરવામાં સહાય કરવા,

૮. વિશેષ જ્ઞાન અથવા વિશિષ્ટીકૃત તજજ્ઞતાનું જ્ઞાન મેળવવાના નિષ્ણાંત પ્રશિક્ષકો કે રમત-ગમત નિષ્ણાંત વ્યક્તિગત પ્રશિક્ષકો રાખી શકાય તે માટે તેમજ...

૯. તેઓ સામાજિક મુખ્ય પ્રવાહમાં એકરૂપ થવા તરફ દોરી જતી કોઈ પણ પ્રવૃત્તિ કરવા માટે.

ઉપરોક્ત કોઈ પણ માન્ય હેતુ(ઓ) માટે દરેક દષ્ટિક્ષતિ પામેલી મહિલાઓને વધુમાં વધુ રૂા.૧૫૦૦૦/-નું કરજ એક સરખા ૩૬ હપ્તાઓમાં તેના ઉપર ૬%ના પ્રતિ વર્ષ વ્યાજના દરે પરત કરવાની શરતે અને ખાસ કિસ્સામાં તે વધુમાં વધુ રૂા.૨૫,૦૦૦નું કરજ એક સરખા હપ્તાઓમાં ૬ ટકાના પ્રતિ વર્ષ વ્યાજના દરે આપવામાં આવે છે. ખાસ કિસ્સાઓમાં સૂક્ષ્મ-શાખ વ્યવસ્થાપક સમિતિની પૂર્વ સંમતિથી વિકલાંગતા ધરાવતી બે કે વધુ મહિલાઓ જેમાંથી એક દષ્ટિક્ષતિ પામેલી હોય તેઓ પણ માન્ય હેતુઓ મુજબની પ્રવૃત્તિઓ કરવા માટે સંયુક્ત રીતે કરજ અરજી કરી શકે છે.

'સ્વયંસિદ્ધા' સૂક્ષ્મ-શાખ પરિયોજના હેઠળ દૃષ્ટિક્ષતિ પામેલી મહિલાઓને નિયમો અને શરતોને માટે નીચેની સંસ્થાનો સંપર્ક કરવો.

બ્લાઈન્ડ પીપલ્સ એસોસીએશન (ઈન્ડિયા)-અંધજન મંડળ (જગદીશ પટેલ ચોક, સુરદાસ ચોક, વસ્ત્રાપુર. અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૩૦૩૫૧૨, ૨૬૩૦૪૦૭૦, ૨૬૩૦૫૦૮૨

## ૭૩. એવોર્ડ (પારિતોષિક) (રાજ્ય સરકાર તથા ભારત સરકાર તરફથી આપવામાં આવતા પારિતોષિકો) :

**વિકલાંગોના કલ્યાણ ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રવૃત્તિ કરતી વ્યક્તિ/સંસ્થાને રાજ્ય પારિતોષિક આપવાની યોજના**

(અ) છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન વિકલાંગોના કલ્યાણ ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રવૃત્તિ કરતી વ્યક્તિ/સંસ્થાને રાજ્ય પારિતોષિક આપવાની યોજના અંતર્ગત દર વર્ષે નીચેની વિગતે રાજ્ય પારિતોષિક આપવામાં આવે છે.

| ક્રમ | વિગત | રકમ |
|---|---|---|
| ૧. | સંસ્થાગત | પ્રથમ રૂા.૫૦,૦૦૦/- રોકડા અને પ્રશસ્તિપત્રક<br>દ્વિતીય રૂા.૪૫,૦૦૦/- રોકડા અને પ્રશસ્તિપત્રક |
| ૨. | વ્યક્તિગત | પ્રથમ રૂા.૨૦,૦૦૦/- રોકડા અને પ્રશસ્તિપત્રક<br>પ્રથમ રૂા.૧૫,૦૦૦/- રોકડા અને પ્રશસ્તિપત્રક |

આ માટે સમાજ સુરક્ષા ખાતાની કચેરી દ્વારા દર વર્ષે વર્તમાનપત્રોમાં જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેના સંદર્ભે એવોર્ડ મેળવવા ઈચ્છિત વ્યક્તિ/સંસ્થાએ જાહેરાતમાં દર્શાવ્યા મુજબ નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે.

આ યોજના સંબંધમાં રાજ્ય સરકારે તારીખ ૨૩-૦૮-૨૦૧૦ના ઠરાવથી માપદંડ કરેલ છે. જે અનુસંધાને સમાજ સુરક્ષા નિયામકશ્રી તરફથી દૈનિક પેપરમાં વિગતવાર જાહેરાત આવવાથી વાલી-માબાપ ફોર્મ ભરી શકશે.

**(બ) વિકલાંગ બાળકના વાલી/મા-બાપને રાજ્ય પારિતોષિક આપવાની યોજના**

| ક્રમ | વિકલાંગતાનો પ્રકાર | પુરસ્કારની વિગત |
|---|---|---|
| ૧. | માનસિક ક્ષતિ માટે (ઓટીઝમ, સી.પી. બહુવિકલાંગતા અને મંદબુદ્ધિ) કોઈ પણ એક સંવર્ગ માટે | વાલી-મા બાપને રૂા. ૧૦,૦૦૦ રોકડ પુરસ્કાર અને પ્રશસ્તિપત્ર |
| ૨. | મુકબધિર માટે (મુક અને બધિર બંને વિકલાંગતા સાથે હોય તેવા) | વાલી-મા-બાપને રૂા. ૧૦,૦૦૦ રોકડ પુરસ્કાર અને પ્રશિસ્તપત્ર |
| ૩. | અંધ માટે (લઘુ દૃષ્ટિ, પૂર્ણ અંધ બંનેમાંથી કોઈ એક સંવર્ગને) | વાલી-મા બાપને રૂા. ૧૦,૦૦૦ રોકડ પુરસ્કાર અને પ્રશિસ્તપત્ર |
| ૪. | અસ્થિવિષયક વિકલાંગ (૬૦ ટકાથી ઉપરની અસ્થિવિષયક વિકલાંગતા ધરાવતા હોય તેવા એક વિકલાંગ માટે) | વાલી-મા-બાપને રૂા. ૧૦,૦૦૦ રોકડ પુરસ્કાર અને પ્રશિસ્તિપત્રક |

## ૭૪. વિકલાંગોના કલ્યાણ ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રવૃત્તિ કરતી વ્યક્તિ/સંસ્થાને રાષ્ટ્રીય પારિતોષિક આપવાની યોજના :

છેલ્લા દસ વર્ષ દરમ્યાન વિકલાંગોના કલ્યાણ ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રવૃત્તિ કરતી વ્યક્તિ/સંસ્થાને ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય પારિતોષિક આપવાની યોજના અમલમાં છે. જે અંતર્ગત દર વર્ષે નીચેની વિગતે રાષ્ટ્રીય પારિતોષિક આપવામાં આવે છે.

| ક્રમ | વિગત | રકમ |
|---|---|---|
| ૧. | **સંસ્થાગત** | **રૂા.૧,૦૦,૦૦૦/- રોકડા, સ્મૃતિચિન્હ અને પ્રશસ્તિપત્ર તથા વધારાની પાંચ સંસ્થાને રૂા.૨૫,૦૦૦/- રોકડા અને પ્રશિસ્તપત્ર (કુલ ૬ એવોર્ડ પૈકી ૩ એવોર્ડ વિકલાંગોના પુનઃવસન માટે કામગીરી કરતી સંસ્થાને અને બાકીના ૩ એવોર્ડ વિકલાંગોના શિક્ષણ (ટેકનિકલ શિક્ષણ આપતી તથા રોજગારલક્ષી તાલીમ આપતી સંસ્થા માટે રહેશે.)** |

| | | |
|---|---|---|
| ૨. | વ્યક્તિગત | **રૂા.૧,૦૦,૦૦૦/- રોકડા, સ્મૃતિચિન્હ અને પ્રશસ્તિપત્ર તથા વધારાના ચાર પારિતોષિક, પ્રત્યેકને રૂા. ૨૫,૦૦૦/- રોકડા અને પ્રશસ્તિપત્ર. ૧ એવોર્ડ મહિલા અરજદાર માટે અનામત છે. જો મહિલા અરજદાર ન મળે તો તે પુરુષ અરજદારને આપવામાં આવશે.** |
| ૩. | રોલ મોડેલ | **રોલ મોડેલની સંખ્યા-૫, દરેકને રૂા.૫૦,૦૦૦/- રોકડા, સ્મૃતિચિન્હ અને પ્રશસ્તિપત્ર, ૨ એવોર્ડ મહિલા અરજદાર માટે અનામત છે. જો મહિલા અરજદાર ન મળે તો પુરુષ અરજદારને આપવામાં આવશે.** |

આ માટે ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા/સમાજ સુરક્ષા ખાતાની કચેરી દ્વારા દર વર્ષે વર્તમાનપત્રોમાં જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેના સંદર્ભે એવોર્ડ મેળવવા ઇચ્છિત વ્યક્તિ/સંસ્થાએ જાહેરાતમાં દર્શાવ્યા મુજબ નિયત નમૂનામાં અરજી કરવાની હોય છે.

### રાજ્ય કક્ષાના પારિતોષિક

સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ વિકલાંગોના પુનઃસ્થાપન તથા સમાજ સાથે અનુકૂલન સાધે તે માટે ઘનિષ્ઠ પ્રયત્નો કરવામાં આવ્યા છે. વિકલાંગ વ્યક્તિને રોજગારી મળે અને તેમને રોજગારી આપતા નોકરીદાતા પ્રોત્સાહિત થાય તે હેતુને લક્ષ્યમાં રાખી કેન્દ્ર સરકારની પારિતોષિક આપવાની યોજનાની જેમ ગુજરાત સરકાર દ્વારા ૧૯૭૭-૭૮ના વર્ષથી વિકલાંગ કાર્યક્ષમ કર્મચારીઓ તથા તેમને કામે રાખતા શ્રેષ્ઠ નોકરીદાતાઓને તથા ૧૯૮૩થી વિકલાંગોને થાળે પાડતા શ્રેષ્ઠ સ્થાન ભરતી અધિકારી (પ્લેસમેન્ટ ઓફિસર) તથા સ્વરોજગાર કરતાં વિકલાંગ વ્યક્તિઓને રાજ્ય પારિતોષિક આપવામાં આવેછે. જેના અધ્યક્ષ માન. શ્રમ અને રોજગાર મંત્રીશ્રી હોય છે. આ યોજના અન્વયે કુલ : ૩૨ પારિતોષિક આપવામાં આવે છે. જેની વિગતો નીચે મુજબ છે.

**(અ) નોકરીદાતા માટે :**

શ્રેષ્ઠ નોકીરદાતા માટે નેત્રહીન, બહેરા-મૂંગા,શારીરિક ક્ષતિવાળા તથા મંદબુદ્ધિવાળા/રક્તપિત્તમુક્ત કર્મચારીઓની કેટેગરી પ્રમાણે ૪ જાહેર ક્ષેત્રના તથા ૪ ખાનગી ક્ષેત્રના નોકરીદાતા માટે કુલ : ૮ પારિતોષિકો છે. વિજેતા નોકરીદાતાને શિલ્ડ તથા સન્માન આપવામાં આવે છે.

**(બ) કર્મચારીઓ માટે :**

શ્રેષ્ઠ કર્મચારીઓ માટે નેત્રહીન, બહેરા-મૂંગા, તથા મંદબુદ્ધિવાળા/રક્તપિત્તમુક્ત કર્મચારીઓની કેટેગરી પ્રમાણે ૨-૨ પારિતોષિકો એમ કુલ ૧૨ પારિતોષિકો છે, જેમાં ૬ પારિતોષિકો જાહેર ક્ષેત્ર તથા ૬ પારિતોષિકો ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે તથા સ્વરોજગાર કરતી વ્યક્તિઓ માટે છે. જાહેર ક્ષેત્રમાં નોકરી કરતા શારીરિક ક્ષતિવાળા કર્મચારીઓ માટે ૫ તથા ખાનગી નોકરી/સ્વરોજગારી કરતા વ્યક્તિઓ માટે ૬ પારિતોષિકો છે. આમ, આ કેટેગરીમાં કુલ : ૨૩ પારિતોષિકો આપવામાં આવે છે. વિજેતા કર્મચારીઓ તથા સ્વરોજગારી કરતી વ્યક્તિને રૂા.૫૦૦૦/- રોકડા તથા પ્રમાણપત્ર આપવામાં આવે છે.

**(ક) પ્લેસમેન્ટ ઓફિસર માટે :**

શારીરિક ક્ષતિવાળી વ્યક્તિઓને નોકરી અપાવવાની કામગીરી કરતા શ્રેષ્ઠ પ્લેસમેન્ટ ઓફિસર માટે ૧ પારિતોષિક છે, જેમાં શિલ્ડ તથા સન્માન આપવામાં આવે છે.

આ પ્રમાણે, નોકરીદાતાઓને ૦૮, કર્મચારી/સ્વરોજગારી કરતા વ્યક્તિઓને ૨૩ તથા પ્લેસમેન્ટ ઓફિસનો ૦૧ મળી કુલ : ૩૨ પારિતોષિકો માટે પસંદગી કરવામાં આવે છે.

- વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે ઉત્તમ પ્રદાન કરનાર વ્યક્તિઓને પ્રતિ વર્ષ રાજ્ય સરકાર દ્વારા અપાતા એવોર્ડ ઉપરાંત સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પણ સ્વ. નિલકંઠરાય છત્રપતિ એવોર્ડ, સ્વ. જગદીશ પટેલ પ્રજ્ઞાચક્ષુ પ્રતિભા પારિતોષિક, સ્વ. ભીખાભાઈ સી. શાહ તેમજ બાબવાણી પ્રેરણા પારિતોષિક આપવામાં આવે છે.

### રાષ્ટ્રીય પારિતોષિકો

કેન્દ્ર સરકારના એવોર્ડ માટે કેન્દ્ર સરકાર દ્વારા અપંગતાની વિવિધ કેટેગરી મુજબ અંધ, બહેરા-મૂંગા, અપંગ (ઓર્થો), અને મંદબુદ્ધિના, સેરીબ્રલ પાલ્સી તથા રક્તપિત્તગ્રસ્ત કેટેગરી મુજબ નોકરીદાતા તથા કર્મચારીઓને તથા પ્લેસમેન્ટ ઓફિસરને એવોર્ડ આપવામાં આવે છે.

(અ) **નોકરીદાતાઓ માટે :**

શ્રેષ્ઠ નોકીરદાતાઓ માટે નેત્રહીન, બેહરા-મૂંગા, વિકલાંગ, મંદબુદ્ધિના, તથા રક્તપિત્તગ્રસ્તની કેટેગરી મુજબ જેમાં અપંગતાના દરેક પ્રકાર માટે ૧ મુખ્ય તથા ૫ આશ્વાસન ઈનામો મળી કુલ : ૬ પારિતોષિકો આપવામાં આવે છે. જેમાંથી મુખ્ય પારિતોષિક વિજેતા ૧ને રૂા.૫૦,૦૦૦/- તથા શિલ્ડ, પ્રશસ્તિપત્ર તથા પ્રમાણપત્ર આપવામાં આવે છે. અન્ય ૫ આશ્વાસન ઈનામ વિજેતાઓને દરેકને રૂા.૧૫,૦૦૦/- તથા શિલ્ડ તથા પ્રમાણપત્ર આપવામાં આવે છે.

(બ) **કર્મચારીઓ માટે :**

શ્રેષ્ઠ કર્મચારીઓ તથા સ્વરોજગાર કરતી વિકલાંગ વ્યક્તિઓ માટે નેત્રહીન, બહેરા-મૂંગા, શારીરિક ક્ષતિવાળા, મંદબુદ્ધિના તથા રક્તપિત્ત મુક્ત કેટેગરી મુજબ દરેકને એક મુખ્ય એવા કુલ ૪ ઈનામો તથા અન્યને ૧૬ આશ્વાસન ઈનામો મળી કુલ : ૨૦ પારિતોષિકો આપવામાં આવે છે. જેમાંથી કુલ-૭ પારિતોષિકો વિકલાંગ સ્ત્રીઓને અપાશે. જો વિકલાંગ સ્ત્રી ઉમેદવારો ન મળે તો પુરુષ વિકલાંગ ઉમેદવારોને કેટેગરી અનુસાર પારિતોષિકો આપી શકાશે.

દરેક ગ્રુપના એક એવા ૪ મુખ્ય પારિતોષિક વિજેતાઓને રૂા.૨૫,૦૦૦/- તથા પ્રશસ્તિપત્ર, પ્રમાણપત્ર તથા મેટલ મેડલ આપવામાં આવે છે. અન્ય ૧૬ આશ્વાસન પારિતોષિક વિજેતાઓને દરેકને રૂા.૧૫,૦૦૦/- તથા મેટલ મેડલ આપવામાં આવે છે.

(ક) **પ્લેસમેન્ટ ઓફિસર માટે :**

શારીરિક ક્ષતિવાળા વ્યક્તિઓને રોજગારી અપાવવામાં મદદરૂપ થતા શ્રેષ્ઠ પ્લેસમેન્ટ ઓફિસર માટે ૧ મુખ્ય પારિતોષિક તથા ૩ **આશ્વાસન ઈનામો** મળી કુલ : ૪ પારિતોષિકો આપવામાં આવે છે.

મુખ્ય ૧ પારિતોષિક વિજેતાને રૂા.૨૫,૦૦૦/- તથા શિલ્ડ અને પ્રમાણપત્ર આપવામાં આવે છે. અન્ય ૩ આશ્વાસન પારિતોષિક વિજેતાઓને રૂા.૧૫,૦૦૦/- તથા શિલ્ડ અને પ્રમાણપત્ર આપવામાં આવે છે.

આમ આ યોજના હેઠળ રાષ્ટ્રીય કક્ષાએ કુલ : ૩૦ પારિતોષિક આપવામાં આવે છે.

કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા અપાતા એવોર્ડ માટે રાજ્ય કક્ષાની પસંદગી સમિતિની રચના રાજ્ય સરકારે કરેલ છે. જેમાં માનનીય મંત્રીશ્રી, શ્રમ અને રોજગાર અધ્યક્ષ તરીકે છે. જેમાં સરકારી સભ્યો ૦૯ અને બિનસરકારી સભ્યો ૦૪ છે.

સૂચના : વધુ વિગતો માટે નિયામકશ્રી, શ્રમ અને રોજગાર, જૂના સચિવાલય, ગાંધીનગરનો સંપર્ક સાધવો.

## ૭૫. નેશનલ ટ્રસ્ટ તરફથી અપાતા એવોર્ડ :



(સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકાર)

બુદ્ધિ કૌશલ્યને ઉજાગર કરવાના શ્રેષ્ઠ પ્રયાસના ભાગરૂપે વાર્ષિક એવોર્ડ-૨૦૧૦ માટે બાળકોની તલ્લીનતાની માનસિક વિકૃતિ, મગજનો પક્ષઘાત, માનસિક મંદતા અને વિવિધલક્ષી વિકલાંગ વ્યક્તિઓના કલ્યાણ માટે નીચેની કક્ષામાં કામ કરતી વ્યક્તિ/સંસ્થા પાસેથી આવેદનપત્રો સ્વીકારવામાં આવે છે.

૧. **શ્રેષ્ઠ વ્યક્તિ**
   - (અ) વિકલાંગ
   - (બ) વિકલાંગ વ્યક્તિના વાલી
   - (ક) વ્યવસાયિક

૨. શ્રેષ્ઠ ડિઝાઈન સંશોધક અથવા સહાયક સાધનોનો અંગીકાર

૩. વિકલાંગ વ્યક્તિઓના આશ્રયસ્થાન કાર્યશાળા દ્વારા શ્રેષ્ઠ ઉત્પાદકીય સાધનનો વિકાસ

૪. શ્રેષ્ઠ સ્થાનિક કક્ષાની સમિતિ

૫. **શ્રેષ્ઠ નોકરી દાતા**
   - (અ) શ્રેષ્ઠ સંસ્થા (બ) વાલી મંડળ
   - (ક) વિકલાંગોનું મંડળ

આવેદનપત્રો પહોંચાડવાની છેલ્લી તારીખ, આવેદનપત્રનો નમૂનો, વિશેષ માહિતી અને શરતો વગેરે વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. આવેદનપત્ર ઓન લાઈન પણ મોકલી શકાશે. વધુ જાણકારી માટે મદદનીશ કાયદાકીય સલાહકારનો સંપર્ક કરવાનો રહે છે.

**નેશનલ ટ્રસ્ટ,** ૧૬-બી, બડા બઝાર, જૂના રાજીન્દરનગર, નવી દિલ્હી-૧૧૦૬૦૦
ફોન -૧૧-૪૩૧૮૭૮૦૪, ૪૩૧૮૭૮૭૮, ફેક્સ-૦૧૧-૪૩૧૮૮૮૦૭, ૪૩૧૮૭૮૮૧
wwwthenationaltrust.in, e-mail-nationaltrust@nic.in



## ૭૬. વિકલાંગ સરકારી કર્મચારીને વ્હીલચેરની સહાય :

રાજ્ય સરકારના શારીરિક ક્ષતિવાળા કોઈ પણ આવક જૂથના વિકલાંગ અધિકારી/કર્મચારીને જો તેઓ જમીન ઉપર ઘસડાઈને ચાલતા હોય તો તેઓને આવક મર્યાદા સિવાય સમાજ સુરક્ષા ખાતા મારફતે રૂા.૪૨૦૦/-ની કિંમતની ફોલ્ડિંગ વ્હીલચેર વિના મૂલ્યે આપવામાં આવે છે.

## ૭૭. પરિવહન ભથ્થું (ટ્રાન્સપોર્ટ એલાવન્સ) :

નોકરી કરતા નેત્રહીન તથા વિકલાંગ સરકારી કર્મચારીઓ જેઓને કન્વેયન્સ એલાવન્સ મળવા પાત્ર છે. તેવા કર્મચારીઓને તેમના પગાર ધોરણ તેમજ શહેરોના વર્ગીકરણ મુજબ નાણાં વિભાગના તારીખ : ૨૦-૫-૯૮ના ઠરાવ ક્રમાંકઃ પીજીઆર-૧૦૯૮-૩૬-મ થી નક્કી થયા પ્રમાણે તારીખ : ૧-૪-૯૮થી પરિવહન ભથ્થું મળવા પાત્ર થાય છે. આવા કર્મચારીના ફરજના સ્થળેથી રહેઠાણ વચ્ચે ૧ કિ.મી.થી વધુ અંતર હોય તો બમણા દરે અને એક કિ.મી. થી ઓછું અંતર હોય તો સિંગલ દરે ભથ્થું મળવાપાત્ર છે. નાણાં વિભાગના તા.૧-૨-૨૦૦૦ના ઠરાવથી તા.૧-૨-૨૦૦૦ની અસરથી એકવડા દરે પરિવહન ભથ્થું મંજૂર કરતા હુકમો કરેલ હતા. આ હુકમો તા.૨૪-૫-૨૦૦૦ના ઠરાવ અન્વયે તા.૧-૨-૨૦૦૦નો ઠરાવ મૂળ અસરથી રદ કરીને તા.૨૦-૫-૯૮થી નિયત દરે પરિવહન ભથ્થું મળવા પાત્ર છે. આમ વિકલાંગ કર્મચારીઓને તા.૧-૪-૯૮થી ૨૦-૫-૯૮થી નિયત દરે પરિવહન ભથ્થું મળવાપાત્ર છે.

## ૭૮. વ્યવસાય વેરામાંથી મુક્તિ :

જે કોઈ વિકલાંગ વ્યક્તિ ધંધો રોજગાર કે નોકરી કરતી હોય તેને વ્યવસાય વેરો ભરવામાંથી મુક્તિ આપવામાં આવે છે.

આ માટે જે તે વિકલાંગ વ્યક્તિએ જે કચેરીમાં નોકરી કરતા હોય, તે કચેરીના ડ્રોઈંગ ઓફિસર મારફતે/જાતે વ્યવસાય કરતા હોય તો, સીધો જે તે જિલ્લાના વ્યવસાય વેરા અધિકારીશ્રીને સાદા કાગળ ઉપર વ્યવસાય વેરો ભરવામાંથી મુક્તિ મેળવવા અરજી કરવાની રહે છે. સાથે વિકલાંગતાનું સિવિલ સર્જનનું પ્રમાણપત્ર બીડવાનું હોય છે. જોગવાઈ આ મુજબ છે.

૧. પોતે નેત્રહીન વ્યક્તિ છે તે મતલબનું સરકારી હોસ્પિટલના નેત્ર રોગ ચિકિત્સા વિભાગના વડાનું પ્રમાણપત્ર સદરહુ અંધ વ્યક્તિ રજૂ કરે તો.

૨. પોતાને શરીરના ઉપરના અથવા નીચેના અવયવોમાં કાયમ માટે ઓછામાં ઓછી ૪૦ ટકાની આંશિક વિકલાંગતા છે અથવા શરીરના ઉપરના અને નીચેના અવયવો એ બંનેમાં કાયમ માટે ૫૦ ટકાની આંશિક વિકલાંગતા છે એ મતલબનું સરકારી સિવિલ હોસ્પિટલના ઓર્થોપેડિક્સ વિભાગના વડાનું પ્રમાણપત્ર સદરહુ શારીરિક વિકલાંગ વ્યક્તિ રજૂ કરે તો (તા.૩૧-૩-૮૯ના એક્સ્ટ્રા ઓર્ડિનરી ગેઝેટમાં છપાયેલ નાણા વિભાગના નોટીફિકેશન નં. (GHN-20) PFT-1089 (S.26A) (9)/THI.) મુજબના લાભ મળવાપાત્ર છે.

## ૭૯. દૃષ્ટિહીન, વિકલાંગ કરદાતાઓ તથા વિકલાંગોના સંદર્ભમાં આવકવેરાના કાયદા હેઠળ લાભદાયી કપાતો :

**અગત્યનો સુધારો :** આકારણી વર્ષ ૨૦૦૩-૦૪ સુધીની જોગવાઈઓ અનુસાર આવકવેરા નિયમ ૧૧-ડી હેઠળ 'ડીસએબિલિટી'ની આપવામાં આવેલી વ્યાખ્યાને ૨૦૦૩ના નાણાકીય ધારા અન્વયે આકારણી વર્ષ ૨૦૦૪-૦૫થી અમલી બને તેમ, ૧૯૯૫ના વિકલાંગો માટેના કાયદા (Disability Act.1995) હેઠળ ડીસએબિલિટીની ગણતરી માટે નિયત કરાયેલ ધોરણો સાથે સુસંગત કરવામાં આવી છે. પરિણામે પ્રવર્તમાન આવકવેરા નિયમો હેઠળ ૫૦%થી વધુ ડીસએબિલિટી ધરાવતા વિકલાંગોના સ્થાને **હવે ૪૦%થી વધુ ડીસએબિલિટી ધરાવતાં વિકલાંગના સંદર્ભમાં પણ આવકવેરામાં કપાતનો લાભ મળી શકે.**

**૧. કલમ ૮૦ ડીડી : શારીરિક કે માનસિક રીતે વિકલાંગ (મંદબુદ્ધિ) આશ્રિતો માટેના ખર્ચ કે રોકાણ સંબંધી કપાત :**

આ જોગવાઈનો હેતુ શારીરિક કે માનસિક રીતે વિકલાંગ એવા આશ્રિતોના કેસમાં તબીબી સારવાર માટેના ખર્ચ અથવા ભરણપોષણ માટે મુકેલ ડિપોઝીટના સંદર્ભમાં તેમના માતા-પિતા કે વાલીને યોગ્ય લાગે તે પ્રમાણમાં ખર્ચ અથવા રોકાણ કરવા માટેની પસંદગીની તક આપવાનો છે. કલમ -૮૦ ડીડી હેઠળ રૂા.૫૦,૦૦૦/-ની કપાતની જોગવાઈ કરવામાં આવી છે. રહીશ હોય તેવી વ્યક્તિ કે હિન્દુ અવિભક્ત કુટુંબના કેસમાં કલમ-૮૦ ડીડી હેઠળ પોતાના ઉપર આશ્રિત હોય તેવી કોઈ શારીરિક કે માનસિક રીતે વિકલાંગ વ્યક્તિની સારવાર, તાલીમ કે પુનઃ વસવાટ માટે કરવામાં આવેલ ખર્ચ અથવા આવી વ્યક્તિના ભરણપોષણ માટે જીવન વીમા નિગમ કે યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા દ્વારા પ્રાયોજિત અને આ હેતુસર સી.બી.ડી.ટી. દ્વારા માન્ય કરવામાં આવેલી રોકાણના સંદર્ભમાં કુલ રૂા.૫૦,૦૦૦/-ની મર્યાદામાં કપાત બાદ આપવામાં આવશે. આ કપાત મજરે માંગવા માટે પુરાવા સ્વરૂપે કરદાતાએ સરકારી અથવા સ્થાનિક સંસ્થા સંચાલિત હોસ્પિટલના ડૉક્ટરનું નિયત સર્ટિફિકેટ પણ રજૂ કરવું જરૂરી રહેશે. શારીરિક કે માનસિક રીતે વિકલાંગ અવસ્થા નક્કી કરવા માટેના માર્ગદર્શક ધોરણો આવકવેરાના નિયમ-૧૧ એ હેઠળ જણાવવામાં આવ્યા છે. આવી અશક્તિના કારણે કરદાતા ઉપર આશ્રિત વ્યક્તિની સામાન્ય કામ કરવાની ક્ષમતામાં ઘટાડો થયો હોવો જોઈએ. અતિ તીવ્ર શારીરિક અગર માનસિક ક્ષતિના સંદર્ભમાં આ કપાત રૂા.૭૫,૦૦૦/-ની રહેશે.

ઉપરોક્ત સંદર્ભમાં જો કરદાતાએ પાછલા વર્ષ દરમિયાન કોઈ પણ ખર્ચ અથવા રોકાણ કર્યું હશે તો તેને ખરેખર કરેલા ખર્ચની મર્યાદામાં નહીં, પરંતુ રૂા.૫૦,૦૦૦/-ની અગર ૭૫,૦૦૦/-ની જે લાગુ પડતું હોય તે (શારીરિક ક્ષતિ ૮૦% ઉપર અને માનસિક ક્ષતિ માટે આઈ.ક્યુ.૨૦ નીચેનો હોય તો તેને અતિ તીવ્ર કહી શકાય)

**૨. શારીરિક કે માનસિક રીતે વિકલાંગ (મંદબુદ્ધિ) વ્યક્તિઓને મળી શકતી ખાસ કપાત :**

**કલમ ૮૦-યુ શારીરિક કે માનસિક રીતે વિકલાંગ માટે**

કલમ-૮૦-યુ હેઠળ નેત્રહીન અથવા કાયમી સ્વરૂપે શારીરિક રીતે વિકલાંગ અથવા મંદબુદ્ધિ ધરાવતી (અને જેને કારણે તેમની ધંધા-વ્યવસાય કે નોકરી-રોજગારમાં લાભકારક કામ કરવાની ક્ષમતામાં ઘટાડો થતો હોય) એવી ભારતની રહીશ હોય તેવી વ્યક્તિઓ માટે ખાસ રાહત કારક કપાતની જોગવાઈ કરવામાં આવી છે. આવકવેરા નિયમ-૧૧ ડી હેઠળ કલમ-૮૦-યુના હેતુસર ક્યા સંજોગોમાં વ્યક્તિ કાયમી સ્વરૂપે અપંગ ગણાય તે બાબતે સમજૂતી આપવામાં આવી છે.

આ અન્વયે આવી વ્યક્તિ જો (પોતે આવી રાહત માંગે તેવા પ્રથમ આકારણી વર્ષ માટે) આવકવેરા અધિકારી સમક્ષ પોતાના અંધપણા અંગેનું, અપંગતાનું કે મંદબુદ્ધિપણાનું સરકારી કે સ્થાનિક સંસ્થા સંચાલિત હોસ્પિટલના ડૉક્ટરનું નિયત સર્ટિફિકેટ રજૂ કરે તો તેને તેની ગ્રોસ આવકમાંથી રૂા.૫૦,૦૦૦/-ની અગર ૭૫,૦૦૦/-ની જે લાગુ પડતું હોય તે સંપૂર્ણ કપાત બાદ આપવામાં આવશે.

## ૮૦. વિકલાંગ સરકારી કર્મચારીઓને ફરજના સ્થળની નજીકના સ્થળે ભોંયતળિયાનું મકાન ફાળવવા અંગે :

અમદાવાદ/ગાંધીનગર તથા અન્ય સ્થળોએ ફરજ બજાવતા વિકલાંગો સરકારી કર્મચારીઓને ફરજના સ્થળેથી નજીકના સ્થળે આવેલ સરકારી રહેણાંકનું આવાસ શક્ય હોય ત્યાં સુધી ભોંયતળિએ ફાળવવા માર્ગ-મકાન વિભાગના તારીખ : ૨૧-૪-૯૪ના ઠરાવ ક્રમાંક : એસીડી/૧૧૯૪/મુ.૮/૧૦/ન.૧માંની શરતો મુજબ જોગવાઈ થયેલી છે. વિકલાંગતાવાળા અપંગ કર્મચારીને એવા પ્રકારની ખોડ હોય કે જેનાથી તે મકાનના પગથિયાં ચડી શકે તેમ ન હોય અથવા ઘસડાઈને ચાલતા હોય, તદ્દન અંધ હોય, ઘોડીના સહારે ચાલતા હોય.

સરકારી કર્મચારીના કુટુંબના કોઈ સભ્ય (મુલ્કી સેવાના નિયમાનુસાર) જો ઉપર જણાવ્યા મુજબ ખૂબ જ વિકલાંગ હોય તો તેવા કર્મચારીને પણ ભોંયતળિયાનું મકાન ક્રમાનુસાર ફાળવવા/બદલી આપવાની જોગવાઈ છે.

આ માટે સંબંધિત કર્મચારીએ અપંગતાના દાખલાની ઝેરોક્ષ નકલ સાથે મકાન ફાળવણીનું કામ કરનાર અધિકારીશ્રીને અરજી કરવાની હોય છે.

## ૮૧. વિકલાંગ સરકારી કર્મચારીઓને મકાન બાંધકામ પેશગી :

વિકલાંગ કર્મચારીઓ કે જેમણે સળંગ બે વરસની સેવા પૂરી કરેલ હોય તેઓ મકાન બાંધકામ પેશગી મેળવવા પાત્ર ઠરે છે તેમજ આવા કર્મચારીઓને મકાન બાંધકામ પેશગી માટેના ક્રમ ગોઠવવા માટે નાણાં વિભાગના તારીખ : ૧૩-૭-૭૬ના

ઠરાવ અનુસાર જે તે વર્ષમાં વર્ગ-૪ના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના કર્મચારીઓને આપવામાં આવતા અગ્રતાક્રમ અનુસાર અગ્રતાક્રમ આપવાનો રહેશે.

– આ લાભ મેળવવા ઓછામાં ઓછી ૪૦ ટકા વિકલાંગતા હોય તેવા કર્મચારીઓને આ લાભ મળવાપાત્ર થશે.

– આ જોગવાઈનો અમલ નાણાકીય વર્ષ શરૂ થવા તારીખથી એટલે કે એપ્રિલથી કરવાનો રહેશે.

## ૮૨. માનસિક આરોગ્ય/મંદબુદ્ધિના બાળકો/વ્યક્તિઓ માટે સારવારની સવલતો :



જ્યારે કોઈ વ્યક્તિ બીમાર પડે છે ત્યારે તે ડૉક્ટર પાસે જાય છે અને સારવાર લે છે. તે રીતે

શરીરની જેમ મનને પણ રોગો થઈ શકે છે. જેને માનસિક રોગો કહેવાય છે. આ રોગોમાં વિવિધ માનસિક ક્રિયાઓ જેમને વિચાર, લાગણી, બુદ્ધિ, નિર્ણયશક્તિ, યાદશક્તિ વગેરેમાં ફેરફાર થાય છે. વાણી અને વર્તન પણ સામાન્ય બની શકે છે. આવી વ્યક્તિ યોગ્ય રીતે પોતાના કામકાજ કરી શકતી નથી.

આપણે શરીરની સંરચના કે દેહધાર્મિક ક્રિયાઓમાં થતા ફેરફારથી થતા રોગો વિશે સહેલાઈથી સમજી શકીએ છીએ. દા.ત. જો કોઈને તાવ આવે, ફેક્ચર થઈ જાય કે અંધાપો આવે તો તેને શારીરિક તકલીફ છે તેમ આપણે સમજીએ છીએ અને સહાનુભૂતિ ધરાવીએ છીએ. માનસિક રોગીની પીડા મોટા ભાગે લોકો સમજી શકતા નથી અને પરિણામે માનસિક રોગીઓને કાં તો અવગણવામાં આવે છે અથવા તો તેમની સાથે ખરાબ વર્તન કરવામાં આવે છે. સહાનુભૂતિ દર્શાવવામાં આવતી નથી. માનસિક રોગીને તરત જ યોગ્ય સારવાર માટે દવાખાને લઈ જવામાં આવતો નથી. સારવાર માટેની સવલતો જૂજ મર્યાદિત છે. આવી સારવાર મોટાં શહેરોમાં જ મળે છે.

**મંદબુદ્ધિ :** મંદબુદ્ધિ એ મગજના વિકાસના અભાવે ઊભી થયેલી સ્થિતિ છે. તે કોઈ ગાંડપણ નથી. જે બાળકમાં શીખવાની કે સમજવાની શક્તિ ઓછી હોય તેને મંદબુદ્ધિનું બાળક કહે છે. મંદબુદ્ધિવાળું બાળક જગતના દરેક સમાજ કે દેશમાં જોવા મળે છે. વસ્તીના ૩ ટકા મંદ બુદ્ધિવાળા હોય છે. મંદબુદ્ધિ એ કોઈ બીમારી નથી તે મગજના વિકાસના અભાવે ઊભી થયેલી સ્થિતિ છે.

**મંદબુદ્ધિનાં સામાન્ય લક્ષણોમાં**

બેસવાની, ઊભા થવાની કે ચાલવાની ક્રિયા શીખવવામાં વિલંબ. બાળક હંમેશાં પોતાનાથી ખૂબ જ નાની ઉંમરના બાળક સાથે રમતો હોય. બાળકોની યાદશક્તિ ખૂબ જ નબળી હોય. બાળક શીખવામાં નબળું હોય. બાળક ખૂબ જ મોડું બોલવા અને સમજવા લાગે. બાળક ભણવામાં ખૂબ જ નબળું હોય, વારંવાર નાપાસ થતું હોય. બીજાની મદદ વિના કપડાં પહેરી શક્તું ન હોય અને ભોજન લઈ શકતું ન હોય, સામાજિક ક્રિયામાં નબળું હોય.

**મંદબુદ્ધિના બાળક માટે શું કરવું જોઈએ ?**

વહેલી તકે નિદાન (મગજનો વિકાસ બાળપણમાં વધારેમાં વધારે થાય છે.) મંદબુદ્ધિવાળી વ્યક્તિને શરૂઆતથી જ યોગ્ય તાલીમ અપાય તો તે સારો વિકાસ કરી શકે છે. મંદબુદ્ધિવાળી વ્યક્તિ માટે કુટુંબ એ સર્વોત્તમ છે. નિયમિત સલાહ-સહાયતા અને દેખરેખ દ્વારા તેની ક્ષમતાઓનો વધુમાં વધુ ઉપયોગ કરવામાં મદદરૂપ બની શકો છો.

**સારવાર માટે ઉપલબ્ધ સ્થળો :**

માનસિક રોગની સારવાર માટે ગુજરાત સરકાર દ્વારા સંચાલિત ઉપલબ્ધ સુવિધાઓ નીચે મુજબ છે.

- માનસિક આરોગ્ય હોસ્પિટલ, દિલ્હી દરવાજાની બહાર, શાહીબાગ રોડ, અમદાવાદ, ફોન : ૦૭૯-૨૫૬૨૪૫૮૩, ૨૫૬૨૨૪૮૫
- માનસિક આરોગ્યની હોસ્પિટલ, કારેલી બાગ, વડોદરા, ફોન : ૦૨૬૫-૨૪૬૧૪૯૩, ૨૪૬૨૦૭૮
- માનસિક આરોગ્યની હોસ્પિટલ, ટી.બી. હોસ્પિટલ રોડ, જામનગર, ફોન : ૦૨૮૮-૨૭૫૦૨૧૮
- માનસિક આરોગ્યની હોસ્પિટલ જનરલ હોસ્પિટલ પાસે, ભૂજ, ફોન : ૦૨૮૩૨-૨૨૫૦૫૪

**રાજ્યની તબીબી મહાવિદ્યાલયના માનસિક રોગના વિભાગ**

- માનસિક રોગનો વિભાગ, સિવિલ હોસ્પિટલ, અસારવા, અમદાવાદ
- માનસિક રોગનો વિભાગ, સર સયાજી જનરલ હોસ્પિટલ, વડોદરા
- માનસિક રોગનો વિભાગ, નવી સિવિલ હોસ્પિટલ, સુરત
- માનસિક રોગનો વિભાગ, ઈરવિન ગ્રુપ જનરલ સિવિલ હોસ્પિટલ, જામનગર
- માનસિક રોગનો વિભાગ, સર તખ્તસિંહજી હોસ્પિટલ, ભાવનગર
- માનસિક રોગનો વિભાગ, સિવિલ હોસ્પિટલ, રાજકોટ

**રાજ્યની જિલ્લા જનરલ હોસ્પિટલના માનસિક રોગોના વિભાગ**

માનસિક રોગોનો વિભાગ, જનરલ હોસ્પિટલ (હિંમતનગર, પાલનપુર, મહેસાણા, ગોધરા, જૂનાગઢ, પોરબંદર, અમરેલી, ભરૂચ, નવસારી) વધુ માહિતી - માર્ગદર્શન માટે માનસિક રોગની હોસ્પિટલ દિલ્હી દરવાજા બહાર શાહીબાગ રોડ, વિશ્રામગૃહ પાસે, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૫૬૨૪૫૮૩નો સંપર્ક કરવો.

## ૮૩. મગજનો લકવો, ઓટિઝમ, મંદબુદ્ધિ અને બહુ વિકલાંગ બાળકોને પંદર દિવસ કે મહિના સુધી રાખવાની વ્યવસ્થા :

'સમર્થ' નિવાસી શાળા અને રીસ્પાઈટ સેન્ટર ઓટિઝમ મગજનો લકવો, મંદબુદ્ધિ અને બહુ વિકલાંગતા માટેનું સંકુલ એમ.એસ.એમ-અંધજન મંડળ, ગામ-નાઝ ટેકરા, પીરાણા ગામ પાસે, પી.ઓ. નાઝ. તા. દસક્રોઈ, જિ. અમદાવાદ.

**ફોન :** ૦૨૭૧૮-૨૯૮૬૩૦૮, (મો.) ૯૩૨૭૫૪૭૨૦૬ **ઈ-મેલ :** dishijyoti@yahoo.com

**મુખ્ય કાર્યાલય :** અંધજન મંડળ, જગદીશ પટેલ ચોક, સુરદાસ માર્ગ, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૧૫.

ફોન : (ઓ) +૯૧-૦૭૯-૨૬૩૦૫૦૮૨, ૨૬૩૦૩૫૧૩, ૨૬૩૦૪૦૭૦ ફેક્સ : +૯૧-૦૭૯-૬૩૦૦૧૦૬

ઈ-મેઈલ : blinabad1@sancharnet.in, વેબસાઈટ : www.bpaindia.org

મગજનો લકવો, ઓટિઝમ, મંદબુદ્ધિ અને બહુ વિકલાંગ બાળકોના વાલીઓને મદદરૂપ થવા તથા આવા બાળકો-વ્યક્તિઓના માતા-પિતાનું અવસાન થતાં આવા નિરાધાર બાળકોના ખાવા-પીવાની, રહેવાની તથા શિક્ષણની ખાસ વ્યવસ્થા ભારત સરકારની સહાયથી અંધજન મંડળ, અમદાવાદ ખાતે ઉપરના સ્થળે ચલાવે છે.

**૧. રીસ્પાઈરીટ સેન્ટરની વ્યવસ્થા**

જેમાં આવી અપંગતા ધરાવતા પાંચ વર્ષથી ઉપરની વયના દીકરા-દીકરીઓના વાલીઓને પોતાની અંગત સમસ્યા કે અંગત પ્રવાસ, લગ્ન પ્રસંગોએ કે નજીકના સગાના અવસાનના પ્રસંગોએ ઘરને તાળું મારી બહારગામ જવાનો પ્રસંગ, ઊભો થાય ત્યારે આવા બાળકોની સારસંભાળ લેવા કે રાખવા કોઈ તૈયાર થતું નથી. તેથી આવા સમયે ઉપરના કારણોસર આ સંસ્થામાં પોતાના દીકરા-દીકરીને પાંચ-પંદર દિવસ કે મહિના સુધી રાખવાની જવાબદારી આ સંસ્થા ઉપાડે છે.

**૨. રેસિડેન્સિયલ સેન્ટર**

ઉપર જણાવેલ વિકલાંગતાવાળા બાળકોના વાલીઓને તેઓનાં બાળકોને નાહવા, ધોવા તથા અંગત કાળજી માટેની તાલીમ (વોકેશનલ વ્યવસાય તાલીમ) તથા રમત-ગમત કે વ્યક્તિ વિકાસની તાલીમ આપવાની જોગવાઈ છે. આ સેન્ટરમાં ૧૮ વર્ષથી મોટી ઉંમરની અને ૩૦ વ્યક્તિઓની મર્યાદામાં છોકરા-છોકરીઓને દાખલ કરવામાં આવે છે.

ઉપર મુજબની સગવડ રાજ્યમાં નીચેની સંસ્થાઓ તરફથી પણ પૂરી પાડવામાં આવે છે.

૧. અંધજન કલ્યાણ ટ્રસ્ટ : ધોરાજી, જિ. રાજકોટ, ૨. હરિ આશરો ટ્રસ્ટ : જિ. કચ્છ,

૩. બ્લાઈન્ડ વેલ્ફેર કાઉન્સિલ : દાહોદ

## ૮૪. પેન્શનો લાભ મેળવતા કર્મચારીઓના માનસિક અસ્થિર વારસદારને ફેમિલી પેન્શન :

ગુજરાત સરકારના પેન્શનનો લાભ મેળવતા કર્મચારીઓના માનસિક અસ્થિરતા (ક્ષતિવાળા) પુત્ર-પુત્રી માટે "Grant of family pension for life time to the son or daughter of deceased Government employee suffering form disorder or disability of mind etc."ની જોગવાઈ અંગે વધુ સ્પષ્ટતા કરી છે. (નાણાં વિભાગનો તારીખ : ૨૪-૬-૯૭નો પરિપત્ર ક્રમાંક : એનવીટી-૧૩૯૫-૧૨૦પી)

પેન્શનરના માનસિક, શારીરિક રીતે વિકલાંગ બાળકોને આજીવન કુટુંબ પેન્શન આપવા અંગે તેમનું નામ પેન્શનરની હયાતી દરમિયાન જ તેમના પી.પી.ઓ.માં સામેલ કરવા અંગેનો નાણાં વિભાગનો તારીખ : ૬-૧૦-૯૯નો ઠરાવ ક્રમાંક : નવત ૧૨૯૯-૧૧૬૦-પી. બહાર પડ્યો છે. ખરેખર આવા બાળકો માટે તે ઘણો જ ઉપકારક છે. તા. ૫-૫-૨૦૧૬ના નાણા

વિભાગના ઠરાવ નં. પરચ/૧૦૨૦૧૩/ઓ/૮૯-મ થી પ્રવર્તમાન નિયમોમાં આથી આંશિક રીતે નીચે મુજબનો ઉમેરો-સુધારો કરવાનું ઠરાવવામાં આવેલ છે.

(૧) નોકરી દરમિયાન અથવા નિવૃત્તિ પછી સરકારી કર્મચારી/અધિકારીના અવસાન બાદ, જો તેમના દીકરા-દીકરીને પચીસ વર્ષની વય પ્રાપ્ત કર્યા બાદ શારીરિક/માનસિક વિકલાંગતા કે અંધત્વ પ્રગટ થયેલ હોય, ત્યારે વંચાણે લીધેલ ક્રમાંક (૪) ના નિયમો હેઠળ, તેઓને કુટુંબ પેન્શનર ગણવામાં આવશે, પરંતુ, આ માટે કટુંબ પેન્શનની રકમ તરીકે સરકારશ્રીના વખતો-વખતના ઠરાવથી નિયત થયા મુજબની લઘુતમ કુટુંબ પેન્શનની રકમ જ કુટુંબ પેન્શન તરીકે મળવાપાત્ર થશે.

(૨) શારીરિક/માનસિક/વિકલાંગ અંધત્વ પ્રાપ્ત કરેલ પુત્ર/પુત્રીઓને તેઓના પરિણિત દરજ્જાને ધ્યાને લીધા વગર આજીવન કુટુંબ પેન્શન/લઘુત્તમ કુટુંબ પેન્શન મળવાપાત્ર થશે.

(૩) જો પુત્ર/પુત્રીએ ૨૫ (પચીસ) વર્ષ પહેલા શારીરિક/માનસિક વિકલાંગ/અંધત્વ પ્રાપ્ત કરેલ હોય અને કુટુંબ પેન્શન મેળવતા હતા પરંતુ પરિણિત દરજ્જાના કારણે કુટુંબ પેન્શન બંધ થયેલ હતું ત્યારે તેઓને હવેથી પરિણિત દરજ્જાને ધ્યાને લીધા વગર તા. ૧-૪-૧૬થી નિયમોનુસાર મળવાપાત્ર (એફ.પી.-૧ અથવા એફ.પી.-૨) કુટુંબ પેન્શનની ચૂકવણી કરવાની રહેશે. વચ્ચેના સમયગાળા માટે કોઈ તફાવત મળવાપાત્ર થશે નહીં.

(૪) જો કુટુંબમાં શારીરિક/માનસિક વિકલાંગતા/અંધત્વ ધરાવતા પુત્ર/પુત્રીઓની સંખ્યા એક કરતાં વધુ હોય તો કુટુંબ પેન્શન/લઘુત્તમ કુટુંબ પેન્શન આવા તમામ પુત્ર/પુત્રીઓને સરખા ભાગે વહેંચવાનું રહેશે

**શરતો :**

(૧) આ ઠરાવનો અમલ તા. ૧-૪-૨૦૧૬થી કરવાનો રહેશે એટલે કે, ઠરાવ બહાર પડ્યા પહેલાં જો કર્મચારીના સંતાનને ૨૫ (પચીસ) વર્ષ બાદ વિકલાંગતા/અંધત્વ આવેલ હોય/પરિણિત દરજ્જો મેળવેલ હોય તો પણ તેઓને કુટુંબ પેન્શન/લઘુત્તમ કુટુંબ પેન્શનની રકમની ચુકવણી તા. ૧-૪-૨૦૧૬થી કરવાની રહેશે. નાણાં વિભાગના તા. ૮-૪-૨૦૦૯ના પરિપત્રથી આપેલ સૂચનાઓ તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના છે.

(૨) અન્ય વિગતો માટે ઠરાવોનો અભ્યાસ કરવો.

આ જોગવાઈનો લાભ મેળવવા માટે પેન્શનરે ઉપરોક્ત ઠરાવનું પરિશિષ્ટ -૧ (ત્રણ નકલમાં) તેઓ જે કચેરીમાંથી નિવૃત્ત થયા હોય તે કચેરીને મોકલવાનું રહેશે. તે કચેરીના અધિકારીએ આ અરજીની વિગતની ખાતરી કરી તે અરજીની બે નકલ તિજોરી અધિકારીને મોકલવાની રહેશે. આ માટેના પરિશિષ્ટ-૨માં થયેલ જોગવાઈ મુજબ આવા બાળકને આજીવન પેન્શન મળવા પાત્ર છે. તેની ખાતરી કરી જરૂરી પ્રમાણપત્રો સાથે અરજી મોકલવાની રહેશે.

## ૮૫. દૃષ્ટિહીન અને વિકલાંગ કર્મચારીઓને રજા પ્રવાસ રાહતમાં છૂટછાટ :

તા. ૫-૧-૭૯ના ઠરાવમાં જણાવ્યા મુજબનું શારીરિક ક્ષતિ અંગેનું તબીબી પ્રમાણપત્ર ધરાવતા હોય તથા વાહન-ભથ્થું મેળવતા હોય તેવા દૃષ્ટિહીન અને વિકલાંગ કર્મચારીઓને રજા પ્રવાસ રાહત ભોગવવા માટે નાણાં વિભાગના તારીખ: ૨૨-૧-૮૭ના ઠરાવની જોગવાઈમાં છૂટછાટ મૂકીને આવા દૃષ્ટિહીન અને વિકલાંગ કર્મચારીઓને રજા પ્રવાસ રાહત હેઠળ ભાડાના ખાનગી વાહનમાં પ્રવાસ કરવાની છૂટ આપવામાં આવે છે. પરંતુ આવા વાહનો દ્વારા કરવામાં આવેલ મુસાફરી માટે તેઓને મળવાપાત્ર રેલવે ભાડાની મર્યાદામાં ચૂકવણી કરવાની રહેશે.

તા.૫-૧-૧૯૭૯ના ઠરાવની જોગવાઈ મુજબ જે દૃષ્ટિહીન કે વિકલાંગ કર્મચારીઓ વાહન ભથ્થું મેળવવાને પાત્ર હોય, પરંતુ આવા કર્મચારીઓ ઓફિસ કોમ્પલેક્ષમાં રહેતા હોવાને કારણે નાણાં વિભાગના તા.૨૭-૧-૮૮ના ઠરાવ મુજબ તેમને વાહન ભથ્થું ન મળતું હોય તેવા કર્મચારીઓને આ હુકમો હેઠળ ભાડાના ખાનગી વાહનમાં પ્રવાસ રાહત હેઠળ પ્રવાસ કરવાની છૂટ આપવામાં આવે છે.

## ૮૬. જેઓ વ્હીલચેર દ્વારા જ હરી-ફરી શક્તા હોય તેવા સરકારી કર્મચારીઓને L.T.C. રોકડમાં :

તદ્દન વિકલાંગ (પેરાપ્લેજિકની ક્ષતિ ધરાવતા) જેઓ વ્હીલચેર દ્વારા જ હરી-ફરી શક્તા હોય તેવા સરકારી કર્મચારીઓને તથા જેઓને રાજ્ય સરકારના એલ.ટી.સી.ના નિયમો લાગુ પાડેલ છે તેવા કર્મચારીઓને લાગુ પડશે. રજા પ્રવાસ રાહતનું રોકડમાં રૂપાંતર વધુમાં વધુ બે આખી ટિકિટની મર્યાદામાં તારીખ : ૧૬-૬-૨૦૦૧ના નાણાં ખાતાના ઠરાવ નં. મસભ-૧૦૨૦૦૧-૭૬૫ ચ માં નિયત થયેલ અન્ય શરતોને આધીન કરવામાં આવશે.

## ૮૭. નેશનલ ટ્રસ્ટ-ભારત સરકાર :

વિકલાંગ વ્યક્તિઓના હકોનું રક્ષણ તેમજ સમાન તકોનું રક્ષણ કરવાના હેતુથી વિકલાંગ ધારો ૧૯૯૫ અમલમાં મૂકવામાં આવ્યો છે. આ ધારાથી વિકલાંગ વ્યક્તિઓને વિકાસની સમાન તકો મળતી થઈ, પંરતુ આ ધારામાં સાત પ્રકારની વિકલાંગતાનો સમાવેશ થતા બીજા પ્રકારની વિકલાંગતા જેવી કે ઓટિઝમ, સેરિબ્રલ પાલ્સી, મંદબુદ્ધિ, બહુવિકલાંગતાનો સમાવેશ થતો ન હોવાથી, આવા પ્રકારની વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓના માતા-પિતા તેમજ કુટુંબના સભ્યોની ચિંતાના પ્રતિભાવ રૂપે સરકારે નેશનલ ટ્રસ્ટની સ્થાપના કરીને, આવી વ્યક્તિઓના હક્કોનું રક્ષણ કરી વિકાસની તક પૂરી પાડવામાં આવે છે.

**નેશનલ ટ્રસ્ટ શું છે ?**

નેશનલ ટ્રસ્ટ ભારત સરકારના સામાજિક ન્યાય અને સક્ષમીકરણ મંત્રાલય હેઠળની કાનૂની સંસ્થા છે, કે જે ઓટિઝમ, સેરિબ્રલ પાલ્સી, માનસિક મંદતા અને બહુ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના કલ્યાણ માટેના ધારો ૧૯૯૯નો ધારા ૪૪૧ હેઠળ સ્થપાયું છે.

**નેશનલ ટ્રસ્ટના હેતુઓ :**

- વિકલાંગ વ્યક્તિઓ જે સમુદાયમાં હોય તેની સાથે શક્ય એટલી સ્વતંત્ર રીતે ગાઢ સંપર્કમાં રહી જીવી શકે તેટલી સક્ષમ બનાવવી.
- વિકલાંગ વ્યક્તિઓના માતા-પિતા કે સંરક્ષકનું અવસાન થયાના સંજોગોમાં તેમની કાળજી અને રક્ષણનાં પગલાં વધારવાં.
- વિકલાંગ વ્યક્તિઓ જેમને રક્ષણની જરૂર હોય તેમના માટે સંરક્ષક અને વાલીઓ નીમવા કાર્ય પદ્ધતિ ઊભી કરવી.

**નેશનલ ટ્રસ્ટની કામગીરી :**

નેશનલ ટ્રસ્ટ કાયદો હોવા છતાંય ટ્રસ્ટ તરીકે તેની સ્થાપના થઈ છે. આ ટ્રસ્ટ કાયદાકીય અમલ અંગેના નિર્ણયો તેમજ સેરિબ્રલ પાલ્સી, માનસિક મંદતા અને બહુ વિકલાંગ વ્યક્તિઓના કલ્યાણ માટે રાહત કાર્યની યોજના ઘડે છે અને તે યોજના તેમના સુધી પહોંચે તે માટે કાળજી લેનાર સંસ્થાઓને તાલીમ આપે છે. આ ટ્રસ્ટની અન્ય કામગીરી આ મુજબ છે.

- વિકલાંગ વ્યક્તિ માટે સમુદાયમાં સારુ વાતાવરણ ઊભું કરવું.
- વિકલાંગ વ્યક્તિઓના કુટુંબના સભ્યોને તાલીમ અને સેવા પૂરી પાડવી.
- પુખ્તવયના વિકલાંગ વ્યક્તિ માટે તાલીમ એકમો, વ્યક્તિગત અને જૂથો માટે ઘરો ઊભા કરવા.
- વિકલાંગ વ્યક્તિઓ માટે નિવાસી રહેણાંકો ઊભા કરવા જેનો લાંબાગાળા તેમજ ટૂંકાગાળાની રાહત માટે ઉપયોગ થઈ શકે.
- ડે કેર સેન્ટર શરૂ કરવા.
- વિકલાંગ વ્યક્તિઓના સ્વ-મદદ જૂથોના વિકાસ તેમજ તેમના હક્ક અંગે સભાન કરવા.
- સંરક્ષણ મંજૂર કરવા સ્થાનિક સ્તરની સમિતિઓ ઊભી કરવી.
- નેશનલ ટ્રસ્ટ જિલ્લા અધિકારીઓ, વાલીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, પત્રકારો માટે જનજાગૃતિ અને તાલીમ કાર્યક્રમો જિલ્લા, રાજ્ય તેમજ રાષ્ટ્ર કક્ષાએ યોજે છે.
- નેશનલ ટ્રસ્ટ દ્વારા નેશનલ ટ્રસ્ટમાં સમાવેલા વિકલાંગ વ્યક્તિઓના હકોનું રક્ષણ કરતા વિવિધ પુસ્તકો બનાવવાનું તેમજ લોકો સુધી પહોંચાડવાનું કામ કરે છે.

**સંરક્ષણપણું શા માટે ?**

૧૯૯૫ના વિકલાંગ ધારામાં જે વિકલાંગતાનો સમાવેશ કરવામાં આવ્યો છે તે વિકલાંગ વ્યક્તિઓ ૧૮ વર્ષની ઉંમર બાદ પોતાના નિર્ણય જાતે લઈ શકે છે અને મિલકતની જાળવણી અંગેના નિર્ણય જાતે લઈ શકે તેટલા સક્ષમ હોય છે. જ્યારે નેશનલ ટ્રસ્ટમાં સમાવેલા આ વિકલાંગ વ્યક્તિઓ કાનૂની નિર્ણય લેવા માટે તેમજ કાનૂની રીતે ક્યાંય ઉપસ્થિત થઈ શકે તેટલા સક્ષમ હોતા નથી. આવી વ્યક્તિઓને રક્ષણ પૂરું પાડવા, તેમના સંરક્ષક અને વાલીઓ નીમવા પડે છે જેથી તેમના હક્કોનું રક્ષણ થઈ શકે અને આ વિકલાંગ બાળકોના મા-બાપને હંમેશા એક જ ચિંતા સતાવે છે કે અમારા પછી આ બિચારાનું શું ? આ ચિંતા દૂર કરવા નેશનલ ટ્રસ્ટમાં સંરક્ષકની જોગવાઈ કરવામાં આવી છે.

**સંરક્ષક કોણ બની શકે ?**

સંરક્ષક એવી વ્યક્તિ છે કે જે બીજી વ્યક્તિની કાળજી લે છે અને રક્ષણ આપે છે સંરક્ષક આ વ્યક્તિ અને એની સંપત્તિ વતી તમામ કાનૂની નિર્ણયો લે છે. નેશનલ ટ્રસ્ટના કાયદા અનુસાર માતા, પિતા અથવા સગા-સંબંધી અથવા જે વિકલાંગતાના

ક્ષેત્રમાં કામ કરતી હોય, રજિસ્ટર માતા-પિતાનું એસોસિએશન, રજિસ્ટર્ડ સંસ્થાઓ વિકલાંગ વ્યક્તિની ૧૮ વર્ષની વય પછી સંરક્ષક બની શકે છે.

**સંરક્ષણપણું મેળવવાની કાર્યવાહી**

સંરક્ષક બનવા ઇચ્છિત વ્યક્તિએ સંરક્ષકપણાનું ફોર્મ ભરવાનું રહે છે. આ ફોર્મ નીચેની સંસ્થામાંથી મેળવી શકાય છે, જ્યારે વ્યક્તિ સંરક્ષક બનવાની ઇચ્છા દર્શાવે છે ત્યારે તેની ઇચ્છા જાહેર કરવાની રહે છે કે તે વ્યક્તિના સંરક્ષક બનવા માંગે છે કે વ્યક્તિ અને સંપત્તિના સંરક્ષક બનવા ઇચ્છે છે. ફોર્મની સાથે નીચેના દસ્તવેજો રજૂ કરવાના રહે છે.

૧. સંરક્ષકના બે પાસપોર્ટ સાઈઝના ફોટા
૨. વ્યક્તિની વિકલાંગતાનું પ્રમાણપત્ર
૩. વ્યક્તિના પાસપોર્ટ સાઈઝના ફોટા

**નેશનલ ટ્રસ્ટમાં વાલીમંડળનું મહત્ત્વ :**

નેશનલ ટ્રસ્ટમાં વિકલાંગ વ્યક્તિઓના માતા-પિતા પોતાનું એક મંડળ બનાવી, જેની નોંધણી કરવાથી નેશનલ ટ્રસ્ટમાંથી મળતા બધા લાભ સીધા જ વાલીમંડળને મળી શકે છે, તેથી વાલીમંડળને નેશનલ ટ્રસ્ટમાં ખૂબ જ મહત્ત્વ આપવામાં આવ્યું છે.

**સ્ટેટ નોડલ એજન્સી સેન્ટર :**

નેશનલ ટ્રસ્ટના કાર્યક્રમોના અમલીકરણ માટે દરેક રાજ્યમાં સ્ટેટ નોડલ એજન્સી સેન્ટરની નિમણૂંક કરે છે. આ સેન્ટર નેશનલ ટ્રસ્ટની પ્રવૃત્તિઓ જેવી કે ડે કેર સેન્ટર શરૂ કરાવવા, સંરક્ષણપણું અપાવવા, સ્થાનિક સ્તરની સમિતિ માટે કાર્યરત રહે છે. ગુજરાત રાજ્યમાં અંધજન મંડળ, અમદાવાદની સ્ટેટ નોડલ એજન્સી સેન્ટર તરીકે નિમણૂંક કરેલી છે.

**વધુ માહિતી અર્થે સંપર્ક સાધો : અંધજન મંડળ સ્ટેટ નોડલ એજન્સી સેન્ટર**

જગદીશ પટેલ ચોક, સુરદાસ માર્ગ, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૧૫ ફોન : ૦૭૯-૨૬૩૦૪૦૭૦, ૨૬૩૦૫૦૮૨
ફેક્સ : ૦૭૯- ૨૬૩૦૦૧૦૬ ઈ-મેઈલ : blinabad1@sancharnet.in. વેબસાઈટ : www.bpaindia.org

## ૮૮. માનસિક વિકલાંગ વ્યક્તિ માટે વાલી નિમવાની સરળ જોગવાઈ :



માનસિક વિકલાંગ બાળકો, મા-બાપ માટે આજીવન વિકટ સમસ્યારૂપ છે.

અમારા પછી આ બાળકની સંભાળ કોણ રાખશે ? તેનું શું થશે ? એ હૈયાસગડી સમો પ્રશ્ન મા-બાપને હંમેશા સતાવતો હોય છે અજંપો, ઉદ્વેગ અને હતાશાથી ઘેરાયેલા ભગ્ન વાલીઓ માટે ભારત સરકારનું સામાજિક ન્યાય અને સક્ષમીકરણ મંત્રાલય અપંગોના પ્રશ્ને મદદરૂપ થવા કટિબદ્ધ બન્યું છે. પરિણામ સ્વરૂપ નેશનલ ટ્રસ્ટ એક સ્વાયત બૉડી તરીકે અપંગોના અંગ તરીકે કાર્યાન્વિત થયું છે.

નેશનલ ટ્રસ્ટે પુખ્તવયના માનસિક વિકલાંગ બાળકો (જેમાં ઓટીઝમ, સેરેબ્રલ પાલ્સી, મંદબુદ્ધિ અને બહુવિધ અપંગતાનો સમાવેશ થાય છે) માટે કાયદેસર વાલી (સંરક્ષક-ગાર્ડિયન) નિમવાની જોગવાઈ અમલમાં મૂકી છે. જે માતા-પિતાની ચિંતા કંઈક અંશે હળવી કરે છે તેમજ વિકલાંગ બાળકો તથા તેની મૂડી-મિલકત, રોકાણના વહીવટ માટે કાયદાકીય અધિકારો પૂરા પાડે છે. સંરક્ષક (ગાર્ડિયન)ની જોગવાઈઓ નીચે મુજબ છે.

૧૮ વર્ષની વય સુધી કુદરતી વાલી તરીકે મા-બાપ આ બાળકો વતી કાર્ય કરી શકે છે, પરંતુ ૧૮ વર્ષ પૂરાં થતાં 'પુખ્તવય' પ્રાપ્ત થતા વાલી તેના બાળક વતી કાયદેસર કાર્ય કરી શકતા નથી.

માનસિક વિકલાંગ વ્યક્તિ તેમના આર્થિક-નાણાકીય, બેંકિંગ, ઈન્વેસ્ટમેન્ટ, કાયદાકીય કામો પોતે કરી શકવા સમર્થ હોતા નથી. એટલું જ નહીં પરંતુ પોતાની જિંદગી માટે પણ તેમને કાયમી આધારની જરૂર હોય છે.

નેશનલ ટ્રસ્ટ એક્ટ (૧૯૯૯) અંતર્ગત માનસિક વિકલાંગો માટે સંરક્ષક (ગાર્ડિયન) નિમવાનો હક્ક આપવામાં આવ્યો છે, જેની મુખ્ય વિગત આ મુજબ છે.

૧. ૧૮ વર્ષ કે તેથી વધુ વયની અપંગ વ્યક્તિ (ઓટીઝમ, સેરેબ્રલ, પાલ્સી, મંદબુદ્ધિ, બહુવિધ અપંગતા) માટે વાલી નિમવાની માંગણી થઈ શકે છે.
૨. બે પ્રકારના સંરક્ષકપણાની જોગવાઈ છે.
(એ) વ્યક્તિ માટે (બી) વ્યક્તિ અને સંપત્તિ માટે

**વાલી તરીકે કોની નિમણૂંક થઈ શકે ?**

માતા-પિતા એક કે બંને સંયુક્ત, માતા-પિતા ન હોય અથવા તેઓ પોતે ઉંમર-બીમારી કે અન્ય કારણે સક્ષમ ન હોય તો નજીકના સગા, રજિસ્ટર્ડ સંસ્થા, માન્ય રજિસ્ટર્ડ પેરેન્ટ એસોસિએશન.

**વાલી નિમણૂંક (ગાર્ડિયનશીપ) મેળવવાની કાર્યવાહી :**

માતા-પિતા અથવા સગા-સંબંધીએ ફોર્મ (એ) ભરીને સ્થાનિક લોકલ લેવલ કમિટીને આપવાનું રહેશે.

**ફોર્મ (એ)માં ભરવાની વિગત :**

૧. (જેને માટે વાલી નિમવા છે તે) માનસિક વિકલાંગ વ્યક્તિનું નામ, ઉંમર, સરનામું અને તેની અપંગતાનો પ્રકાર.

૨. ગાર્ડિયન (સંરક્ષક) તરીકે જેને નિમવા છે તેનું નામ, ઉંમર, સરનામું, વિકલાંગ સાથે સંબંધ.

૩. ક્યા પ્રકારનું સંરક્ષકપણું જોઈએ છે ?

(એ) વ્યક્તિ

(બી) વ્યક્તિ અને સંપત્તિ

**ફોર્મ-એ સાથે બીડવાની વિગત (ઝેરોક્ષ) :**

સરકારી હોસ્પિટલનું અપંગતાનું મેડિકલ સર્ટિફિકેટ, સમાજ સુરક્ષા ખાતાનું અપંગ કાર્ડ, રેશન કાર્ડ, ઉંમરનો દાખલો.

ફોર્મમાં બે સાક્ષીઓની સહી (નામ સાથે) હોવી જોઈએ. વાલી નિમાનાર સૂચિત વ્યક્તિની સંમતિ અને કુદરતી સંરક્ષકોની સંમતિ.

માતા-પિતા પૈકી એક અથવા જોઈન્ટ વાલીની નિમણૂક થઈ શકે છે. અરજીની ચકાસણી બાદ કેસની યોગ્યતા મુજબ લોકલ લેવલ કમિટી નિર્ણય કરશે, જેના અધ્યક્ષ જે તે જિલ્લા કલેક્ટરશ્રી હોય છે.

નિમણૂક પામેલ વાલીએ (ગાર્ડીયને) વિકલાંગ વ્યક્તિની દેખભાળ અને તેની મૂડી-મિલકતનો વહીવટ યોગ્ય રીતે કરવાનો રહેશે. તેનો પદ્ધતિસર હિસાબ જાળવવો પડશે, તેમજ દર વર્ષે તેના સ્ટેટમેન્ટ નિયત ફોર્મમાં લોકલ લેવલ કમિટીને ફાઈલ કરવાના રહેશે.

ગેરવર્તણૂકના કારણોસર ગાર્ડિયનને લોકલ લેવલ કમિટી દૂર કરી શકે છે.

**માનસિક વિકલાંગ બાળકોના વાલીઓએ આ વ્યવસ્થાનો ચોક્કસ લાભ લેવો જોઈએ.**

## ૮૯. નેશનલ ટ્રસ્ટ, નવી દિલ્હી દ્વારા વિકલાંગો માટેની કેટલીક યોજનાઓ :

કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા ઓટિઝમ, સેરીબ્રલ પાલ્સી, મેન્ટલ રીટાર્ડેશન અને મલ્ટીપલ ડીસએબીલીટીઝ ધરાવતી વ્યક્તિઓના કલ્યાણ માટે રચવામાં આવેલ નેશનલ ટ્રસ્ટ દ્વારા આ પ્રકારની વિકલાંગ વ્યક્તિઓ માટે યોજનાઓ બનાવવામાં આવેલ છે. જેની ટૂંકી વિગતો અત્રે પ્રસ્તુત છે.

**ઉદ્યમ પ્રભા યોજના :**

ઉપર દર્શાવ્યા પ્રમાણેની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓમાં સ્વરોજગારીને પ્રોત્સાહન આપવા આ યોજનાનો અમલ કરવામાં આવેલ છે. જેમાં સરકાર માન્ય નાણાંકીય સંસ્થાઓ-બેંકો પાસેથી મેળવવામાં આવતી લોનમાં બી.પી.એલ. કાર્ડ ધારક વ્યક્તિઓને દર વર્ષે લોનની રકમના ૫% અને અન્ય વ્યક્તિઓને ૩%ની પ્રોત્સાહક રાહત રૂા.૧ લાખ સુધીની લોન માટે પાંચ વર્ષ સુધી આપવામાં આવે છે.

**જ્ઞાન પ્રભા યોજના :**

ઉપર દર્શાવ્યા પ્રમાણેની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને શાળાકીય અભ્યાસ પછી ધંધાકીય તાલીમ, ધંધાકીય અભ્યાસક્રમ અને સ્વરોજગારી કે રોજગારી માટેની બીજી રચનાત્મક પ્રવૃત્તિઓ માટે દર મહિને રૂા.૭૦૦ની સ્કોલરશીપ આપવામાં આવે છે.

**નિરામય હેલ્થ ઈન્સ્યોરન્સ સ્કીમ :**

ઉપર દર્શાવ્યા પ્રમાણે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને આ યોજના હેઠળ વીમાનો લાભ આપવામાં આવે છે. જેની ટૂંકી વિગતો નીચે પ્રમાણે છે.

૧. રૂા. ૧ લાખ સુધીનું હેલ્થ ઈન્સ્યોરન્સ મળે છે.

૨. ઓ.પી.ડી.થી લઈને હોસ્પિટલમાં સારવાર લેવા સુધીની આરોગ્ય સુવિધા વિના મૂલ્યે મળે છે.

૩. માસિક રૂા.૧૫,૦૦૦/- સુધીની આવક ધરાવનારે પ્રિમિયમ ભરવું નહીં પડે. જ્યારે અન્ય વ્યક્તિઓ પેમેન્ટના ધોરણ જોડાઈ શકે છે.

૪. આ યોજના સમગ્ર દેશમાં અમલમાં છે.

ઉપરોક્ત યોજનાઓ અંગે વિગતવાર માહિતી મેળવવા નેશનલ ટ્રસ્ટની અમદાવાદ ખાતેની ગુજરાત સ્ટેટ નોડલ એજન્સી અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદનો સંપર્ક સાધવાનો રહેશે. તેનો ટેલિફોન નંબર ૨૬૩૦૮૧૭૪ અને ૨૬૩૦૫૦૮૨, ૨૬૩૦૪૦૭૦ છે.

## ૯૦. સરકારી કર્મચારી/અધિકારીઓની બદલીઓ અને નિયુક્તિઓના ફેરફારયુક્ત માર્ગદર્શક સિદ્ધાંતો :

સામાન્ય વહીવટ વિભાગના સરખા ક્રમાંકનો તા.૨૫-૧૧-૨૦૦૫ના ઠરાવ અનુસંધાને તા.૨-૨-૨૦૧૦ના ઠરાવ ક્રમાંકઃ ટીઆરએફ-૧૦૯૮-૧૪૩૨-ગ.૨ તથા તા. ૧૬-૧૨-૨૦૧૬ના ઠરાવ ક્રમાંક-ટીઆરએફ/૧૦૨૦૧૬/૩૯૯૦૩૮/ગ-૨ થી રાજ્ય સરકારના કર્મચારીઓ/અધિકારીઓની બદલીઓ અને નિયુક્તિઓના ફેરફાયુક્ત માર્ગદર્શક સિદ્ધાંતો નિયત કરવામાં આવેલ છે. ઉક્ત ઠરાવ સાથેના પરિશિષ્ટ-૧ના ફકરા-૮(૧)માં બદલી અને નિયુક્તિઓમાં વિચારવામાં લેવામાં કૌટુંબિક અને તબીબી કારણો અંતર્ગત સરકારી અધિકારી/કર્મચારીના મંદબુદ્ધિના બાળકની સારવાર/સારસંભાળ બાબતે જે જોગવાઈઓ કરવામાં આવેલ છે, તેમાં ફેરફાર કરીને હવે નીચે મુજબ નવી ફકરા-૮ (૧)માં અને ૮(૧-અ)ની જોગવાઈ દાખલ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

**"૮(૧) :** જે અધિકારી/કર્મચારીને મંદ બુદ્ધિવાળુ (મનો દિવ્યાંગ) બાળક હોય તેમને તેમના આવા બાળકની સારવાર / સાર સંભાળ માટે તબીબી સુવિધા અને શિક્ષણ ઉપલબ્ધ હોય તેવા પસંદગીના સ્થળે નિયુક્તિ આપવાની માંગણી દાકતરી પ્રમાણપત્રોને આધારે ચકાસીને તથા વહીવટી અનુકૂળતા ધ્યાને લઈને અગ્રતાના ધોરણે વિચારણામાં લેવી."

**"૮(૧-અ) :** સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ/સિવિલ સર્જનના વિકલાંગતા અંગેના નિયત નમૂનાના પ્રમાણપત્ર મુજબ ૪૦ ટકાથી ઓછી ન હોય તેવા વિકલાંગતા ધરાવતા વર્ગ-૧, વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ના સરકારી અધિકારીઓ/કર્મચારીઓને વહીવટી જરૂરિયાતોને આધીન, જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી, તેઓના વતનના સ્થળની નજીક તેઓની માંગણીઓ ધ્યાનમાં લઈને નિમણૂંક / નિયુક્તિ આપવાની યોગ્ય વિચારણા કરવી."

## ૯૧. વિકલાંગ સરકારી કર્મચારીઓને વાહન પેશગી :

રૂા.૩૦૦૦/- કે તેથી વધારે બેઝિક (મૂળ પગાર) ધરાવતા વિકલાંગ સરકારી કર્મચારીઓને પેટ્રોલ-ડીઝલ સંચાલિત મોટરાઈઝડ ટ્રાઈસિકલ ખરીદવા માટે, મોટર સાયકલ, સ્કૂટર સાઈડકાર સહિતના સાધનો અને મોપેડ પેશગી માટેની મહત્તમ મર્યાદા રૂા.૩૦,૦૦૦ અથવા વાહનની અપેક્ષિત કિંમત પૈકી જે ઓછી હોય તેટલી રકમની પેશગી મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે (નાણાં વિભાગનો તા.૩-૩-૯૯નો ઠરાવ ક્રમાંક : નનમ-૧૦૯૯-ઓ-૧૬૫-ઝ.૧.)

આવા કર્મચારીઓ પૈકી ૩ ટકા કર્મચારીઓને પેશગી માટેની અગ્રતા યાદીમાં અગ્રતા આપી સમાવવાની પણ જોગવાઈ છે.

## ૯૨. વાહન કર ભરવામાંથી મુક્તિ :

ગૃહ વિભાગના તા.૧-૮-૭૨ના જાહેરનામા અન્વયે કોઈ પણ વિકલાંગ વ્યક્તિ પોતાના ધંધા, રોજગાર કે નોકરી માટે ખાસ ડિઝાઈન કરેલ વાહન જો પોતે જ ચલાવતા હોય તો તેઓને મોટર વાહન કર ભરવામાંથી મુક્તિ મળે છે. પરંતુ હવે બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૫-૬-૨૦૦૭ના જાહેરનામા અન્વયે જો આવું વાહન પોતે જાતે ન ચલાવતા હોય તો પણ પોતાના નામે રજિસ્ટર્ડ થયેલ હોય અને તે વાપરતા હોય તો પણ કર મુક્તિને પાત્ર છે. પરંતુ આવા એક જ વાહન માટે વિકલાંગ વ્યક્તિને કરમુક્તિ મળશે.

## ૯૩. મોટરકારને સંપૂર્ણપણે હાથથી ચલાવી શકાય તેવી બનાવવાની સવલત :

બંને પગથી વિકલાંગ શ્રી સમીર કક્કડે સામાન્ય વ્યક્તિઓ (કે જેઓ વિકલાંગ નથી) દ્વારા ચલાવાતી મોટરકારને સંપૂર્ણ પણે હાથથી ચલાવી શકાય તે રીતે કન્વર્ટ કરી ૫૦૦ જેટલી મોટરકારો હાથથી ચલાવી શકાય તેવી બનાવી આપી છે. આમ કરવાથી મોટર કારના ઓરીજીનલ બોડી કે એન્જિનમાં કોઈ તબદીલી કરવામાં આવતી નથી. વધુ માહિતી માટે સંપર્ક કરો.

૧. શ્રી સમીર કક્કડ (સાઈકા હેન્ડ ઓપરેટિંગ સિસ્ટમ) ૨૫-ગોયલ પ્લાઝા, પ્રેમચંદ નગર રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫. e-mail-samirkakkad@yahoo.com, webside : www.handicap.co.in

૨. વિકલાંગ વ્યક્તિ કાર ચલાવી શકે તે માટે ફોર વ્હીલરમાં કીટ ફીટ કરી અપાશે. ૧. વિકલાંગોને ફોર વ્હીલનું આરટીઓ દ્વારા લાયસન્સ પણ નિયત શરતોએ મળી શકે છે. સામાન્ય માણસની જેમ હવે વિકલાંગો પણ કાર ચલાવી શકે છે. જે માટે કારમાં થોડાઘણાં ફેરફાર કરવા પડતા હોય છે. જે રીતે વિકલાંગો હાલ એક્ટિવા, સ્કૂટર, લ્યૂના ચલાવે છે તે

રીતે હવે કાર પણ ચલાવતા નજરે ચડશે. જમણા પગે વિકલાંગ હોય તેમણે કારમાં લીવર અને બ્રેકનો ઉપયોગ હાથ વડે કરી શકે તે માટે ફેરફાર કરી આપવામાં આવે છે. જ્યારે ડાબા પગે વિકલાંગ હોય ત્યારે તેમની કારમાં ઓટોમેટિક ક્લચ કરી આપવામાં આવશે. જે માટે રૂા. ૩૫,૦૦૦ જેટલો ખર્ચ થાય છે. જ્યારે બંને પગે વિકલાંગ હોય તેની કારમાં ફેરફાર કરવાનો ખર્ચ ૪૦,૦૦૦ રૂપિયા થાય છે. તેથી હવે વિકલાંગો પણ મારૂતિ, વેગનઆર, એસ્ટીમો, અલ્ટો, મારૂતિ ઝેન, ફ્રન્ટી ૮૦૦, વેરના, આઈકોન, એસેન્ટ, એક્ટિવિયા વગેરે જેવી કાર ચલાવી ફરી શકશે.

જયદીપ એન્જિનિયરિંગ વર્ક્સ, બ્લોક નં. ૧૧, ઉત્સવ ફ્લેટ, યશવંતરાય નાટ્યગૃહ પાછળ, આંબાવાડી, ભાવનગર. મો. ૯૮૨૫૪૨૮૪૨૧

યશ એન્જિનિયરિંગ વર્ક્સ તરૂણનગર સોસાયટી, ઈન્દુચાચા હોલની પાછળ, ટીપી ૧૩ રોડ, છાની જકાતનાકા, વડોદરાનો સંપર્ક કરવો. યશપાલ ચૌહાણ મો. ૯૭૨૫૭૫૩૭૭૭, ૯૮૨૫૪૨૮૪૨૧

૩. રાજ આર્થો કેર એન્ડ હેલ્પ લિંક સમૃદ્ધિ ભવન, ગોંડલ રોડ, બોમ્બે ગેરેજ પેટ્રોલ પંપની સામે, રાજકોટ. મો. ૯૮૯૮૩૯૮૭૭૨. પણ આવી કામગીરી કરે છે.

## ૯૪. વાહન વીમા પ્રીમિયમમાં ૩૩.૩૩ ટકા રાહત :

વિકલાંગ વ્યક્તિ જાતે ચલાવી શકે તે રીતનું ડિઝાઈન કરેલ વાહન હોય અને આર.ટી.ઓ. ઓથોરિટીએ નક્કી કરેલ નીતિ મુજબ લાયસન્સ ધરાવતા હોય તો ટુ-થ્રી વ્હીલર, પ્રાઈવેટ વ્હીકલ માટે સમાન્ય વીમો ઉતારનારી કંપનીઓ (નેશનલ/ ઓરિએન્ટલ/યુનાઈટેડ કે ન્યુ ઈન્ડિયા ઈન્સ્યુરન્સ કંપનીમાં) આવા વાહનના વીમા લેવાના પ્રીમિયમમાં ૩૩.૩૩ ટકા રાહત આપે છે.

## ૯૫. ફક્ત અમદાવાદમાં રોડ ટેક્ષમાં રાહત :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી વિકલાંગ વ્યક્તિઓને તેમનાં વાહનો માટે રોડ ટેક્સ ભરવામાંથી મુક્તિ આપવામાં આવી છે.

## ૯૬. ગેસ-પેટ્રોલ ડીલરશીપ :

પેટ્રોલ-ડીઝલ-ગેસની એજન્સીમાં ૧૫ ટકા અનામત વિકલાંગો માટે રાખવાનું કેન્દ્ર સરકારે ઠરાવ્યું છે. આ માટે જે તે સમયે છાપામાં આવી ડીલરશીપો આપવાની જાહેરાતો આવે છે તેને ધ્યાનથી જોવી.

## ૯૭. મકાન માટે અનામતની જોગવાઈ :

૧. ગુજરાત હાઉસિંગ બોર્ડ તરફથી ૩ ટકા ફ્લેટસ વિકલાંગો માટે અનામત રાખવામાં આવે છે, જેમાં ૧ ટકો નેત્રહીનો માટે, ૧ ટકો શ્રવણમંદ માટે અને ૧ ટકો વિકલાંગો માટે. વધુ વિગતો જે તે સમયે વર્તમાનપત્રોમાં આવતી જાહેરાતોમાંથી મળી શકે.

૨. ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનાં મકાનોમાં ૨ ટકા મકાનો નેત્રહીનો માટે અનામત રાખવામાં આવે છે. જેમાં નેત્રહીનોએ સિવિલ સર્જનશ્રીનો દાખલો અરજી સાથે રજૂ કરવાનો હોય છે. વધુ વિગતો જાહેરાત આવ્યેથી તેમાંથી અથવા નિયત ફોર્મમાંથી મળી શકે.

## ૯૮. દૃષ્ટિહીન ભાઈઓ માટેની હોસ્ટેલ :

દૃષ્ટિહીન ભાઈઓ, જેઓ અમદાવાદમાં નોકરી મેળવી શક્યા હોય પરંતુ અમદાવાદમાં મકાનની સગવડ ન હોય તેઓ માટે રહેવાની હોસ્ટેલ નીચેના સરનામે છે, જો ખાલી જગા હોય તો કન્સેશન ચાર્જથી રહેવાની સવલત મળે છે.
(૧) સાલ્વેશન આર્મી હોસ્ટેલ, અંધ પુરુષ છાત્રાલય, રાજપુર, હીરપુર, રેલવે વર્કશોપ સામે, રોડ નં. ૨૧, અમદાવાદ.
(૨) કૉલેજમાં અભ્યાસ કરતા દૃષ્ટિહીન ભાઈઓ માટે એ-૧૨, નિરવ એપાર્ટમેન્ટ, જ્યોતિ આંખની હોસ્પિટલ પાસે, શાંતિવન ચાર રસ્તા, પાલડી, અમદાવાદ ખાતે સુરેન્દ્રનગરની પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ ચલાવે છે. ફોન. ૨૬૬૩૩૨૩૭.

## ૯૯. વિકલાંગો માટે અમદાવાદમાં શેલ્ટર હોમ (હોસ્ટેલ) :

અમદાવાદ ખાતે નોકરી-ધંધો-ટ્રેનિંગ-ઉચ્ચ અભ્યાસ કે કોલેજ કરતા વિકલાંગો માટે તેઓની વિકલાંગતા ધ્યાનમાં રાખીને

તમામ ફેસેલીટી સાથેની હોસ્ટેલ **ધી સોસાયટી ફોર ફિઝીકલી હેન્ડિકેપ, અમદાવાદ-૯, સુદામા હાઉસ, પ્રિતમનગર, પહેલો ઢાળ, એલીસબ્રિજ, અમદાવાદ, ફોન (ઓફિસ) ૨૬૫૭૫૨૭૩** દ્વારા બોડકદેવ ખાતે પાવન ધામ, વીનલ એપાર્ટમેન્ટ સામે, પ્રકાશ હાયર સેકન્ડરી સ્કૂલના ખાંચામાં, સંદેશ પ્રેસ રોડ, બોડકદેવ, અમદાવાદ ખાતે (ફોન નં. ૨૬૮૪૦૫૧૬) ચલાવવામાં આવે છે. જેમાં રોજના રૂા.૧૦ની નોમિનલ ફી થી રહેવાની સગવડ મળે છે. રસોઈ જાતે બનાવે અને તેનો ખર્ચ રહેનારા સૌ સરખા ભાગે ભોગવે અને જીવનના ઉત્કર્ષ માટે એક્ટિવ બનાવવાની સાથે સાથે રમત-ગમતની પ્રવૃત્તિઓમાં જોડવામાં આવે છે. રાજ્યભરનાં વિકલાંગો પોતાના શૈક્ષણિક અને સામાજિક વિકાસ તથા ઉજ્જવળ કારકિર્દી માટે શહેરમાં આવે ત્યારે તેમણે રહેઠાણની વિક્ટ સમસ્યાનો સામનો કરવો પડતો હોય છે. ત્યારે આ સવલત ખૂબ ખૂબ આશીર્વાદરૂપ છે.

**દૃષ્ટિહીન વ્યક્તિઓ માટે રહેવા-જમવાની સુવિધાવાળી હોસ્ટેલ**

શ્રી ઈશ્વરભવન કેસેટ લાયબ્રેરી નવજ્યોત અંધજન મંડળ, હરી રાજ બિલ્ડિંગ ૧લો માળ, યતિન ઓટોમોબાઈલના મેડા ઉપર, માળીનો ખાંચો, ખોડિયાર ચોક, પાલડી. અમદાવાદ-૩૮૦૦૦૭, મોબાઈલ : ૯૪૭૯૮૧૯૦૬૯, ૯૯૨૫૩૯૪૦૬૨

અમદાવાદ શહેરમાં અભ્યાસ અર્થે કે નોકરી ધંધાર્થે આવતા દૃષ્ટિહીન પુરુષો માટે હોસ્ટેલની સુવિધા ઉપરના સરનામે છે. રાજ્યભરના દૃષ્ટિહીન ભાઈઓ પોતાના જીવનના વિકાસ માટે કૉલેજ કે વ્યવસાયલક્ષી તાલીમ લે તે આજની તાતી જરૂર છે. દૃષ્ટિહીન વ્યક્તિઓ પણ ઉંચા સફળતાનાં શિખરો સર કરવા શક્તિમાન છે. ત્યારે સંસ્થાની આ કામગીરી પ્રશંસનીય છે. તેનો સૌ અંધ ભાઈઓ લાભ લે તેવો અનુરોધ છે.

## ૧૦૦. નોકરી કરતી દૃષ્ટિહીન બહેનો માટેની હોસ્ટેલ :

અંધ કલ્યાણ કેન્દ્ર ૨૦, નવરૂપ કોલોની આશ્રમરોડ, શાંતિનગર, અમદાવાદમાં ચાલે છે. તેમજ તેનું વિશાળ મકાન પરમસુખ સોસાયટીની પાછળ, વિહાર કોલોનીની સામે, રાણિપ, અમદાવાદ-૩૮૨૪૮૦ ખાતે છે. જ્યાં પુનઃસ્થાપન કેન્દ્ર તથા નોકરી કરતી અંધ બહેનોને રહેવાની-જમવાની સગવડ મળી રહેશે.

## ૧૦૧. વિકલાંગથી વિકલાંગ વ્યક્તિ લગ્ન કરે તો રૂ. ૧,૦૦,૦૦૦/- અને વિકલાંગથી સામાન્ય વ્યક્તિ લગ્ન કરે તો રૂ. ૫૦,૦૦૦/-ની આર્થિક સહાય આપવાની નવી યોજના



વિકલાંગ વ્યક્તિઓ પણ સમાજમાં માનભેર જીવન જીવી શકે, તેઓ પણ શિક્ષણ, તાલીમ, રોજગારી મેળવી શકે તે માટે રાજ્ય સરકારે ઘણી બધી યોજનાઓ અમલમાં મૂકી છે. તેમાં વધારો કરી હવે સમાજ જીવનમાં પણ તેઓ લગ્નગ્રંથિથી જોડાઈ શકે અને તેમાં થતાં ખર્ચ અનુસંધાને તેઓને સરળતા રહે, તે માટે રાજ્ય સરકારે લગ્ન માટે આર્થિક સહાય આપવાનું નક્કી કરેલું છે.

(૧) વિકલાંગથી વિકલાંગ વ્યક્તિ પરસ્પર એકબીજા સાથે લગ્ન કરે ત્યારે યુગલ પૈકી ૧ વ્યક્તિને રૂ. ૨૦,૦૦૦ની આર્થિક સહાય આપવામાં આવતી હતી. તેમાં હવે તા. ૨૧-૫-૨૦૧૬ના ઠરાવથી સુધારો કરી યુગલ દીઠ બંને વ્યક્તિઓને સહાય મળવાપાત્ર થશે તેમજ સહાયની રકમ રૂ. ૨૦,૦૦૦થી વધારી રૂ. ૫૦,૦૦૦ (અંકે રૂપિયા પચાસ હજાર) કરવામાં આવી છે. યુગલની બંને વિકલાંગ વ્યક્તિ હોય તો ૫૦,૦૦૦ + ૫૦,૦૦૦ મળી કુલ રૂ. ૧,૦૦,૦૦૦/- (એક લાખ)ની સહાય મળવાપાત્ર થશે. તેમજ

(૨) વિકલાંગ અને સામાન્ય વ્યક્તિ એકબીજા સાથે લગ્ન કરે તેવા કિસ્સામાં વિકલાંગ વ્યક્તિને રૂ. ૫૦,૦૦૦/- મળવાપાત્ર.

**આ યોજનાનો લાભ મેળવવા માટે અગાઉ ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક આવક રૂ. ૪૭,૦૦૦/- તથા શહેરી વિસ્તાર માટે રૂ. ૬૮,૦૦૦/-ની આવક મર્યાદા હતી તે હવે તા. ૨૧-૫-૨૦૧૬ના ઠરાવથી નાબૂદ કરવામાં આવી છે. તેથી હવે આવક મર્યાદા સિવાય તમામ વિકલાંગોને લગ્નનો લાભ મળશે.**

આ માટે કન્યાની ઉંમર અચૂક રીતે ૧૮ વર્ષથી ઉપર અને છોકરાની ઉંમર ૨૧ વર્ષથી વધુ વયની હોવી જોઈએ. આ યોજનાનો લાભ તમામ જ્ઞાતિના ભાઈ-બહેનોને મળવાપાત્ર છે.

**અરજી સાથે નીચે મુજબના આધાર-પુરાવાઓ સામેલ કરવાના રહેશે.**

(૧) વિકલાંગ ઓળખકાર્ડ અથવા સિવિલ સર્જનશ્રી દ્વારા અપાયેલ વિકલાંગતાના દાખલાની પ્રમાણિત નકલ.

(૨) બંન્નેના શાળા છોડ્યાના પ્રમાણપત્ર (સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ)ની પ્રમાણિત નકલ

(૩) રેશન કાર્ડની પ્રમાણિત નકલ

(૪) બંન્નેના સંયુક્ત ફોટા, લગ્ન કંકોત્રી.

(૫) લગ્ન રજિસ્ટ્રારની કચેરીમાં નોંધાયેલ નોંધણી પ્રમાણપત્રની પ્રમાણિત નકલ

આ અંગે વધુ માહિતી-માર્ગદર્શન પોતાના જિલ્લાના સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીમાંથી પણ મળી શકશે.

## ૧૦૨. વિકલાંગોના લગ્ન અંગેના પ્રશ્નો બાબત મદદરૂપ થતી સંસ્થાઓ :

આ માટે દૈનિક પેપરોમાં જે તે સમયે જુદી જુદી સંસ્થાઓ દ્વારા આપવામાં આવતી જાહેરાતો જોઈ, લાભ લઈ શકાય.

૧. માનવ સેવા ટ્રસ્ટ, વલસાડ 'અખિલ ભારતીય શ્રવણમંદ પરિચય મેળો' યોજે છે.

૨. જુનિયર જેસી વિંગ તથા સુરત મેટ્રો જુનિયર ચેમ્બર તરફથી સુરત ખાતે શ્રવણમંદ ભાઈઓ-બહેનો માટે લગ્ન પરિચય મેળો ભરાય છે.

૩. શ્રી એસ.જી. બ્રહ્મભટ્ટ, બધિર વિદ્યાવિહાર (બહેરા-મૂંગા શાળા) નડિયાદ શ્રવણમંદ વ્યક્તિઓના સુખી લગ્નજીવન માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર કાયમી ધોરણ ચલાવે છે.

૪. ધી સોસાયટી ફોર ફિઝિકલી હેન્ડિકેપ્ડ, પ્રિતમનગર, મારુતિ કોમ્પલેક્ષ, પાલડી, અમદાવાદ વિકલાંગોના લગ્ન પસંદગી મેળાનું આયોજન કરે છે.

૫. રોટરી કલબ, નડિયાદ, રાઉન્ડ ટાઉન, નડિયાદ ખાતે લગભગ દર વર્ષે અખિલ ગુજરાત વિકલાંગ જીવનસાથી સંમેલન યોજે છે.

૬. ખી.લ. બહેરા-મૂંગાની શાળા, પાણીની ટાંકી પાસે, વિદ્યાનગર, ભાવનગર પણ લગ્ન મેળાઓ યોજે છે.

૭. ભારત વિકાસ પરિષદ, ૨૨, જયદીપ ટાવર, શ્રેયસ રેલ્વે ક્રોસિંગ પાસે, અમદાવાદ લગ્ન મેળાઓ યોજે છે.

૮. હક્સ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ૩ પીર કમાલ સોસાયટી, દાણી લીમડા, અમદાવાદ ''મુસ્લિમ સમાજના વિકલાંગો માટે'' દર વર્ષે લગ્ન પરિચય મેળાનું આયોજન કરે છે.

૯. પોલિયો ફાઉન્ડેશન, શામળાની પોળ પાસે, રાયપુર, અમદાવાદ-૧. દર વર્ષે વિકલાંગો માટે લગ્નમેળાનું આયોજન કરે છે. જ્યાં કાયમી મેરેજબ્યૂરો પણ ચલાવે છે. દર શનિવારે સાંજે ૪થી ૬ વાગ્યા સુધી નામ નોંધણી તથા રૂબરૂ મુલાકાત અપાય છે.

૧૦. સોસાયટી ફોર ધ ફિઝિકલી હેન્ડિપેક્ડ, EME રોડ, દુર્ગા મંદિર સામે, ફતેહગંજ વડોદરા, ફોન : ૦૨૬૫-૨૭૯૨૨૪૨

૧૧. બહેરા-મૂંગા કલ્યાણ સોસાયટી C/0., સમેત શિખર એપાર્ટમેન્ટ, મુરલી મસ્જિદની સામે, કાજી મેદાન, ગોપીપુરા, સુરત. મો : ૯૩૭૫૮૦૬૮૭૨, ૯૭૨૩૪૩૩૫૪૭ (SMS)

## ૧૦૩. રાજ્યની હોસ્પિટલોમાં વિકલાંગોને અગ્રતા ક્રમે સારવાર :

સમાજ સુરક્ષા કચેરી દ્વારા આપવામાં આવેલા ઓળખકાર્ડના આધારે વિકલાંગ વ્યક્તિઓને તબીબી સારવાર લેવા માટે લાઈનમાં ઊભા રહેવામાંથી મુક્તિ આપીને સારવારમાં અગ્રતા આપવા તમામ સરકારી હોસ્પિટલો તથા ડિસ્પેન્સરીઓને સૂચના આપવામાં આવી છે. (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તારીખ : ૨૫-૬-૯૯નો પરિપત્ર ક્રમાંક : હસપ-૧૦૯૯-જસક-૭-અ)

## ૧૦૪. ભારતીય સમુદાય આધારિત કાર્યક્રમ માટે A.T.&T. ફાઉન્ડેશનની ૪૦૦૦૦ ડોલરની સહાય :

(દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે કૉમ્પ્યુટર શિક્ષણ તથા બ્રેઈલ લાઈબ્રેરી)

ભાવનગર ખાતે પી.એન.આર. સોસાયટી સંચાલિત એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક (ઈન્સ્ટિટ્યૂટ)માં યુ.એસ.એ. સ્થિત એ.ટી.એન્ડ ટી. ફાઉન્ડેશન અને શેર એન્ડ કેરના આર્થિક સહયોગથી વિકલાંગો માટે કોમ્પ્યૂટરના જુદા જુદા કોર્સ અંગેનું શિક્ષણ કાર્ય વિના મૂલ્યે કાર્યરત છે. આ ટેકનોલોજી પાર્કની શરૂઆત આઠ કોમ્પ્યૂટર અને ૨૩ વિદ્યાર્થીઓથી થયેલી. જ્યારે હાલમાં

આ ટેકનોલોજી પાર્ક ખાતે ૯૦ કોમ્પ્યૂટર દ્વારા ૨૧૭ વિદ્યાર્થીઓ જુદા જુદા કોર્સમાં શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યાં છે.

સંસ્થાનો મુખ્ય હેતુ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ, ઈન્ફર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે સિદ્ધિઓ હાંસલ કરી અને જુદી જુદી કંપનીઓ, સંસ્થાઓ અને ગવર્નમેન્ટ કક્ષાએ પ્લેસમેન્ટ મેળવે છે. ગયા વર્ષે આ ટેકનોલોજી પાર્કમાં અભ્યાસ કરતા વિકલાંગો પૈકી ૬૯% વિકલાંગોને રોજગારીની તકો મળેલી છે.

એ.ટી.એન્ડ ટી. ફાઉન્ડેશન, યુ.એસ.એ. દ્વારા શેર એન્ડ કેર નામની યુ.એસ. એ સ્થિત મોટામાં મોટી ઈન્ડિયન અમેરિકન સખાવતી સંસ્થાને રૂા.૧૭,૬૦,૦૦૦/-ની ઉદાર સખાવત પ્રાપ્ત થયેલ છે. આ દાનની રકમ શેર એન્ડ કેર સંસ્થા દ્વારા ભારત અને અમેરિકામાં સમુદાય આધારિત કાર્યક્રમો માટે ફાળવવામાં આવી છે.

અમેરિકા અને ભારતમાં શેર એન્ડ કેર ફાઉન્ડેશનની પ્રવૃત્તિ ઘણી પ્રચલિત છે અને અગત્યની ભૂમિકા ભજવે છે. એ.ટી. એન્ડ ટી. ફાઉન્ડેશનના પ્રમુખશ્રી ડેવિડ લીન જણાવે છે કે, 'એ.ટી.એન્ડ ટી. ફાઉન્ડેશન' પોતાના સમુદાય આધારિત કાર્યક્રમો માટે કટિબદ્ધ છે. અમારા આ કાર્યક્રમો જરૂરિયાતવાળા માટે યોગ્ય છે અને તેનાથી યોગ્ય સદ્‌ભાવના ઊભી થાય છે. ઉપરાંત સતત જરૂરિયાતમંદોને સહાયભૂત થવાના કાર્યક્રમને લીધે સમાજમાં ઘણી જાગૃતિ ઊભી થઈ છે અને એશિયન સમુદાયને ઘણો ફાયદો થયો છે.'

શેર એન્ડ કેર ફાઉન્ડેશનના શ્રી જયંતભાઈ શ્રોફ જણાવે છે કે, આ ગ્રાન્ટ સમુદાય આધારિત પ્રવૃત્તિઓના વિકાસ માટે વાપરવા અમે આતુર છીએ. છેલ્લાં ત્રણ વર્ષથી અમને આ કાર્યક્રમોમાં અભૂતપૂર્વ સફળતા પ્રાપ્ત થયેલ છે અને વર્ષ ૨૦૦૩ની આખર સુધીમાં અમે અમારા નિર્ધારિત કાર્યક્રમથી પણ આગળ જઈને એક હજાર યુવકોને સ્વનિર્ભર બનાવ્યા છે. અમે સમુદાય આધારિત કાર્યક્રમોમાં વિશ્વાસ ધરાવીએ છીએ. આ યુવાનો ભવિષ્યમાં દેશના ઘડતરમાં ઉપયોગી થશે. આ કાર્યક્રમ યુ.એસ. એ તથા ભારતીય સમુદાય માટે ખૂબ શક્તિશાળી સાબિત થશે.'

શેર એન્ડ કેર ફાઉન્ડેશન માટે જણાવીએ તો તેની સ્થાપના વર્ષ ૧૯૮૨માં થયેલી. તેનો હેતુ ભારતીય ગ્રામ્ય સમુદાય માટે વિકાસના કાર્યો કરવાનો છે. જેનું વડું મથક પારામસ (ન્યુજર્સી) ખાતે છે. તેની પ્રવૃત્તિઓ અમેરિકા તથા ભારતમાં વિસ્તરેલી છે. શેર એન્ડ કેર સંસ્થાએ ભારતીય યુવકો માટે સામાજિક, શૈક્ષણિક વિકાસ માટે પ્રયત્નો હાથ ધર્યા છે, જેથી તેઓ આર્થિક રીતે સ્વાવલંબી બની શકે. આ ઉપરાંત બહેનો અને બાળકોના પ્રાથમિક કલ્યાણકારી કાર્યક્રમો પણ હાથ ધરે છે, જેનાથી દર વર્ષે હજારો વ્યક્તિઓને લાભ પ્રાપ્ત થયા છે.

શ્રી ડેન લોર અને શ્રી અરૂણ ગોયલ જણાવે છે કે, 'એ.ટી.એન્ડ ટી. છેલ્લા ૧૨૫ થી વધુ વર્ષથી સંદેશા વ્યવહાર ક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે. આ કંપનીએ પોતાની પ્રયોગશાળા દ્વારા નવું સંશોધન કરી વિશ્વ ક્ષેત્રે અગ્રગણ્ય સ્થાન પ્રાપ્ત કરેલું છે. આ કંપની ઈન્ટરનેટ ટ્રાન્ઝેકશન બેઈજ વોઈસ એન્ડ ડેટા સર્વિસિઝ માટે જાણિતી છે. એ.ટી.એન્ડ ટી., યુ.એસ.એ. તે સાત પૈકી એ એશિયન પેસિફિક અમેરિકન એસોસિએશન ફોર એડવાન્સમેન્ટ છે. એ.ટી. એન્ડ ટી. નો હેતુ વ્યવસાયિક કળા વિકસાવવા અને નેતૃત્વની તકો તેના મેમ્બરોને તથા એશિયન અમેરિકન સમુદાયને પૂરી પાડવાનો છે' મુરી હીલ, ન્યુ જર્સી બેલ લેબોરેટરી ખાતે વર્ષ ૧૯૭૮માં એ.ટી.એન્ડ ટી.ની. સ્થાપના થઈ. આ સંસ્થાના અત્યારે ૧૦ ચેપ્ટરો છે અને તેની મેમ્બરશિપમાં જે કોઈને રસ હોય તેમના માટે વિશેષ માહિતી વેબસાઈટ www.4a-att.org પર ઉપલબ્ધ છે.

એ.ટી. એન્ડ ટી. ફાઉન્ડેશન વિશ્વસ્તરે લોકભાગીદારીવાળા અને પ્રોજેકટમાં મૂડી રોકાણ કરે છે, અને લોકોની જરૂરિયાત સંતોષાય તેવી લોકઉપયોગી પ્રવૃત્તિઓ હાથ ધરે છે. જેવી કે, શૈક્ષણિક, સામુદાયિક સેવાઓ તથા કળા અને સંસ્કૃતિના કાર્યક્રમોને કેન્દ્ર સ્થાને રાખવામાં આવે છે. એ.ટી.એન્ડ ટી. ફાઉન્ડેશનની વિશેષ માહિતી વેબસાઈટ www.att.com/com/foundation પર ઉપલબ્ધ છે.

ત્રણ વર્ષમાં ભારતીય વિકલાંગો ઈન્ફર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે સિદ્ધિઓ હાંસલ કરે તે માટે રૂપિયા ૩૬ લાખનું અનુદાન પ્રાપ્ત થયેલું છે, જે અભિનંદનીય અને પ્રેરણાદાયી છે.

- **દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે કોમ્પ્યુટર શિક્ષણ**

નેત્રહીન વ્યક્તિ પણ પોતાના દરેક કામમાં કોમ્પ્યુટરનો ઉપયોગ કરી શકે, દુનિયાની દરેક માહિતીથી પરિચિત રહે, આ વાત માત્ર કલ્પના નથી, પરંતુ એક હકીકત છે. નેત્રહીનો કોમ્પ્યૂટરના સહારે હવે કોઈ પણ વાતે બીજાઓ પર આધારિત રહ્યા નથી.

ફ્રીડમ સાયન્ટિફિક કંપનીના ખાસ પ્રકારના સોફટવેર દ્વારા નેત્રહીન વિદ્યાર્થીઓ કોમ્પ્યુટરનું શિક્ષણ મેળવશે એટલું જ નહીં **બ્રેઈલ લિપિમાં લખાણ કર્યા પછી પણ કોમ્પ્યુટર સીધેસીધું અંગ્રેજી કે ગુજરાતીમાં ભાષાંતર થઈ જશે તેવું વિશિષ્ટ પ્રકારનું સોફટવેર વિકસાવવામાં આવ્યું છે.** આ માટે અંધજન મંડળના બે શિક્ષકોને ખાસ તાલીમ આપવામાં આવી છે. હવે અમદાવાદ

બાદ પાલનપુર, ભાવનગર તથા અન્ય અંધ સંસ્થાઓ દ્વારા ચાલતી શાળાઓમાં કોમ્પ્યુટર શિક્ષણનો નેત્રહીન વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવામાં આવશે અને આ અનુસંધાને પોરબંદરમાં ભારતીય પ્રજ્ઞાચક્ષુ ગુરુકુળ સંસ્થામાં અંધજનો અને વિકલાંગો માટે કોમ્પ્યુટર એજ્યુકેશન સેન્ટર ચાલુ કરવામાં આવ્યું છે.

કોમ્પ્યુટર વિકસાવવામાં નવા નવા પ્રયોગોના નિષ્ણાત પ્રજ્ઞાચક્ષુ, સોફ્ટવેર એન્જિનિયર મુંબઈના શ્રી રામ અગ્રવાલે જણાવ્યું કે, ભારતમાં કુલ ૧૪ કોમ્પ્યુટર સેન્ટરો દ્વારા અંધજનોને નિષ્ણાત બનાવવાનાં છે, તેમાં પોરબંદર ૧૫મું સેન્ટરછે.

આ સેન્ટરમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનાં સોફટવેર જેવા કે (૧) જ્યોસ ફોર વિન્ડોસ સોફટવેર ફોર ધી બ્લાઈન્ડ, (૨) ટોકિંગ, ટાઈપિંગ ટીચિંગ સોફટવેર વસાવવામાં આવ્યા છે, જેની વિશિષ્ટતા એ છે કે દષ્ટિહીનો અને વિકલાંગો માટે હેન્ડ ફ્રી આ સોફટવેર અંગ્રેજી અને ગુજરાતીમાંથી બ્રેઈલ લિપિમાં રૂપાંતર થઈ શકે તેવા ખાસ પ્રકારના કોમ્પ્યુટરો મૂકવામાં આવ્યા છે. રૂા. અઢી લાખની કિંમતનું આ બ્રેઈલ લિપિ પ્રિન્ટર આજે દુનિયાભરમાં ફક્ત સ્વિડનમાં આવેલ 'ઈન્ડેક્ષ' નામની કંપની દ્વારા જ બનાવવામાં આવે છે.

કિ-બોર્ડની દરેક સ્વીચ તેમને હિંદીમાં બોલી સંભળાવે, તેઓ પુસ્તકો વાંચી શકે, લખાણ લખી શકે તેવું સોફ્ટવેર 'સાફા' સ્ક્રીન એક્સેસ ફોર ઓલ નેશનલ એસોસિએશન ફોર બ્લાઈન્ડ (દિલ્હી) એ વિકસાવ્યું છે. આ સોફ્ટવેર વિકસાવવામાં જેમનો સિંહ ફાળો છે તે નેત્રહીન શ્રી દિપેન્દ્રભાઈ મનોચા દ્વારા તાજેતરમાં અમદાવાદ ખાતે અંધજન મંડળમાં કેટલીક દષ્ટિહીન વ્યક્તિઓને કોમ્પ્યુટર ટ્રેનિંગ આપવા આવી હતી. શ્રી દિપેન્દ્રભાઈ નેશનલ એસોસિએશન ફોર ધી બ્લાઈન્ડ દિલ્હીમાં ટેકનોલોજી વિભાગના મુખ્ય અધિકારી છે. દિલ્હીમાં રહેતા અને શિક્ષણમાં એમ.ફીલ. સુધીનો અભ્યાસ પૂરો કરી ચૂકેલા શ્રી દિપેન્દ્રભાઈ જન્મથી અંધ છે. તેઓનું કહેવું છે કે, એક દૃષ્ટિહીન વ્યક્તિને ભણવા હંમેશા બીજાઓ ઉપર આધારિત રહેવું પડે છે. કોઈ તેમને લખેલું વાંચી સંભળાવે, તો કોઈ તેમને લખી આપે ત્યારે જ તેઓ આગળ ભણી શકે છે. તેઓ તેમના સાથી શ્રી દિનેશ કૌશલે અને અન્ય સાથીઓની મદદથી હિન્દી વાંચી શકે અને સમજી શકે તેવું નેત્રહીનો માટેનું સોફ્ટવેર વિકસાવ્યું છે. ઉપરાંત ઈન્ટેક્ષ લાઈબ્રેરીનો પણ એક પ્રયોગ નેત્રહીનો માટે શરૂ કર્યો છે, જેમાં હાલમાં ઈન્ટરનેટ ઉપર ન મૂકાયા હોય તેવા ૨,૬૦૦ પુસ્તકો તૈયાર કરેલા છે.

## ૧૦૫. દષ્ટિહીનો (અંધજનો માટે કેસેટ લાયબ્રેરી-સી.ડી.લાયબ્રેરી) :

**શ્રી ઈશ્વરભવન કેસેટ લાયબ્રેરી** નવજ્યોત અંધજન મંડળ, હરી રાજ બિલ્ડિંગ ૧લો માળ, યતિન ઓટોમોબાઈલના મેડા ઉપર, માળીનો ખાંચો, ખોડિયાર ચોક, પાલડી. અમદાવાદ-૩૮૦૦૭, મોબાઈલ : ૯૪૭૯૮૧૯૦૬૯, ૯૯૨૫૩૯૪૦૬૨

નેત્રહીન છાત્રો માટે સમગ્ર રાજ્યમાં ધોરણ ૧ થી ૧૨ સુધીના અભ્યાસ માટે બ્રેઈલ પુસ્તકોની સુવિધા છે, પરંતુ કોલેજમાં અભ્યાસ માટે બ્રેઈલ પુસ્તકોની સવલત ન હોઈ, કોલેજમાં અભ્યાસ કરતા દષ્ટિહીન વિદ્યાર્થી પણ ઓછી સંખ્યામાં હોઈ, કોલેજ છાત્રોને અભ્યાસ માટે કોલેજના પુસ્તકોની અવેજીમાં કેસેટો મળે તેમજ તેની ઓડિયો સી.ડી. મળે તે માટે સંસ્થાએ આવા તમામ પુસ્તકોની કેસેટ લાયબ્રેરી તેમજ સી.ડી.ઓની વ્યવસ્થા કરેલી છે. જે રાજ્યભરના દષ્ટિહીન અભ્યાસ કરતા છાત્રોને ભાડેથી આપવાની વ્યવસ્થા કરેલી છે. આમ આ વ્યવસ્થાનો દષ્ટિહીન ભાઈઓ અને બહેનો બહોળા પ્રમાણમાં લાભ લઈ અને પોતાની શૈક્ષણિક કારકિર્દી ઉજ્જવળ બનાવી શકે છે.

## ૧૦૬. કોલેજમાં અભ્યાસ કરતા દષ્ટિહીન વિદ્યાર્થીઓને રાઈટરની સુવિધા :

**શ્રી ઈશ્વરભવન કેસેટ લાયબ્રેરી** નવજ્યોત અંધજન મંડળ, હરી રાજ બિલ્ડિંગ ૧લો માળ, યતિન ઓટોમોબાઈલના મેડા ઉપર, માળીનો ખાંચો, ખોડિયાર ચોક, પાલડી. અમદાવાદ-૩૮૦૦૭, મોઈબાઈલ : ૯૪૭૯૮૧૯૦૬૯, ૯૯૨૫૩૯૪૦૬૨



દષ્ટિહીન ભાઈઓ-બહેનો કૉલેજ કે ઉચ્ચ અભ્યાસ કરતા હોય તો તેમણે રાઈટરની વ્યવસ્થા પોતાની જાતે કરવાની હોય છે. આ માટે તેમણે ખૂબ જ જહેમત ઉઠાવવી પડે છે અને આવી વ્યક્તિ શોધતાં ખૂબ સમય બગડે છે. આ સંસ્થા આવી સવલત કરી આપે છે. તે ખૂબ આનંદની વાત છે. ચાલુ વર્ષે આવા અંધ ભાઈઓ-બહેનોને ૬૦ રાઈટરોની સેવા પૂરી પાડી હતી તો આ બાબતે મૂંઝવણ અનુભવતા છાત્રોને આ સંસ્થાનો સંપર્ક સાધી લાભ લેવા અનુરોધ છે.

## ૧૦૭. એલ.આઇ.સી.ની વિકલાંગોના લાભાર્થે યોજના :

વિકલાંગ અને માનસિક ખામીવાળા લોકોના લાભાર્થે લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ 'જીવન આધાર' (નફા રહિત) ટેબલ નંબર-૧૧૪ની યોજના અમલમાં મૂકી છે. આ યોજના અન્વયે કોઈ પણ વ્યક્તિ કે હિન્દુ અવિભક્ત કુટુંબના કોઈ સભ્ય તેમના અપંગ આશ્રિતને એક ઉચ્ચક રકમ અને વર્ષાસનની ચૂકવણી કરી શકાય તે માટે તેમનો જીવન વીમો લઈ શકે છે. આ પૉલિસી હેઠળના નાણાંની ચૂકવણી અપંગ આશ્રિત કે અપંગ આશ્રિતના લાભાર્થે કોઈ અન્ય વ્યક્તિ કે ટ્રસ્ટને ચૂકવવામાં આવશે. આ યોજના હેઠળ વીમાની રકમના ૨૦ ટકા જેટલી રકમ ઉચ્ચક આપવામાં આવશે અને બાકીની ૮૦ ટકા જેટલી રકમ વર્ષાસન તરીકે ૧૫ વર્ષ અને તે પછી પણ અપંગ આશ્રિતને આપવામાં આવશે. આ વર્ષાસનની રકમ વીમો લીધાના સમયે અપંગ આશ્રિતની ઉંમરને લક્ષમાં લઈને ગણવામાં આવશે. આ યોજના હેઠળ ભરવામાં આવેલા પ્રિમિયમની રકમ ઈન્કમટેક્સની કલમ-૮૦ ડીડી-એ હેઠળ આવક વેરામાંથી રાહત મેળવવાને પાત્ર છે. આ યોજનાની વધુ વિગતો માટે એલ.આઈ.સી.ની સ્થાનિક કચેરીનો સંપર્ક સાધવા વિનંતી.

## ૧૦૮. વિશિષ્ટ વિકલાંગ દિનોની ઉજવણી :

શું આપણે વિકલાંગોને અસહાય દશામાં જીવન જીવતા જોઈ શકીશું ખરા ? કદાપિ નહીં, ક્યારેય નહીં. પરંતુ આપણે વિકલાંગો જેવા કે દૃષ્ટિહીન, શ્રવણમંદ, માનસિક ક્ષતિ, અસ્થિવિષયક ક્ષતિ વગેરે માટે સમાજમાં એક સ્વસ્થ દૃષ્ટિકોણ કેળવાય, સમાજ તેઓને સાચા અર્થમાં સહર્ષ સ્વીકૃત્તિ આપી સહાનુભૂતિ પ્રદાન કરે તે દિશા તરફના સકારાત્મક પ્રયાસોમાં આપણે સૌએ યતકિંચિત ફાળો આપી, વિકલાંગજનોને સ્વાવલંબનની દિશા તરફ અગ્રેસર કરવા જ રહ્યા.

રાષ્ટ્ર, સમાજ, જાહેર સેવાભાવી સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ, જાહેર નિગમો-સૌએ સાથે મળીને સમગ્ર વર્ષ દરમ્યાન નીચે દર્શાવેલા વિશિષ્ટ દિવસોની ઉજવણી કરીશું તો તેઓનો આત્મવિશ્વાસ વધશે, સમાજમાં તેઓના પ્રશ્ન બાબતે સહાનુભૂતિ વધશે અને તેઓના પ્રશ્નોમાં મદદરૂપ થવાની લોકોમાં ભાવના વધશે.

**(૧) ૪થી જાન્યુઆરી-લૂઈ બ્રેઈલ જન્મજયંતિ દિવસ (બ્રેઈલ ડે)**

લૂઈ બ્રેઈલનો જન્મ ફ્રાન્સમાં એક સાધારણ ફ્રાંસીસ પરિવારમાં થયો હતો. તેમના પિતા શ્રી સિમોન બ્રેઈલ ઘોડાઓ માટેની લગામ તથા જીન બનાવવાનું કામ કરતા હતા. એક વખત બાળક લૂઈ બ્રેઈલ પિતાનું અનુકૂલન કરતા હતા અને તેમાંથી ઓમર (રિપેર કરવાનું સાધન) તેમની આંખમાં વાગવાથી તેઓએ આંખની રોશની ગુમાવી.

દશ વર્ષની ઉંમરે તેમને પેરિસની અંધશાળામાં ભણવા મોકલ્યા બાદ લૂઈ બ્રેઈલે છ ટપકાની ઉપસતી બિંદીઓ પર આધારિત સ્પર્શ લિપિનો વિકાસ કર્યો. જે **બ્રેઈલ લિપિ**ના નામે ઓળખાય છે. તેમનો જન્મ **તા. ૪ જાન્યુઆરી, ૧૮૦૯માં થયો હતો** અને ૧૮૫૨માં ૪૩ વર્ષની ઉંમરે તેઓનું અવસાન થયું હતું.

આમ, બ્રેઈલ લિપિના શોધક અને નેત્રહિનોના જ્યોર્તિધરની સ્મૃતિમાં તેમનો જન્મ દિવસ **બ્રેઈલ-ડે** તરીકે ઉજવાય છે. આ શુભ દિવસે આપણા દૂરદર્શન ચેનલ પરથી પ્રાદેશિક સમાચારમાં સાંજે ૭ વાગે દૃષ્ટિહીન વ્યક્તિને બ્રેઈલ લિપિમાં સમાચાર વાંચન કરવાનું કાર્ય સોંપી એક સાચા અર્થમાં શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવે છે. આ દિવસે સમગ્ર રાષ્ટ્ર અને રાજ્યમાં લૂઈ બ્રેઈલના જીવન કથન આધારિત વકૃત્વ સ્પર્ધા, બ્રેઈલ લેખન-વાંચન સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે.

**(૨) ૨૭મી જુલાઈ-હેલન-કેલર ડે :**

હેલન કેલર અનેકવિધ વિકલાંગતા ધરાવતા મહિલા વિદૂષિ હતા. તેમના જીવનચિત્ર પર આધારિત સંજયલીલા ભણસાલી દિગ્દર્શિત ફિલ્મ 'બ્લેક'માં દૃષ્ટિહીન અને મુકબધીર હેલન-કેલરના પાત્રને બખૂબીથી દર્શાવી, હેલન કેલરના જીવનચિત્રને જીવંતતા બક્ષી છે.

ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ આ મહિલા વિદૂષિની પ્રત્યક્ષ મુલાકાત સમયે તેમની કાર્યક્ષમતાને બિરદાવી હતી. હેલન કેલરે મહાત્મા લૂઈ બ્રેઈલને શ્રદ્ધાંજલિ આપતાં કહ્યું હતું કે, અંધત્વના અસીમ રણને લૂઈની અખૂટ શક્તિ અને આનંદ રમ્યતાને હર્યુ-ભર્યુ કરી દીધું. તેની પદ્ધતિએ નેત્રહીન તરૂણોના શિક્ષણને સરળતા પ્રદાન કરી સ્થિરતા આપી. હેલન-કેલરનું ધ્યેય વાક્ય હતું-

**'મુશ્કેલીઓથી ગભરાઈને ભાગવા કરતાં તેનો સામનો કરવો.'**

**'જીવન એક જંગ છે, જંગ વિનાનું જીવન મૃત્યુ છે.'**

**(૩) ૧૪મી સપ્ટેમ્બર અખિલ હિન્દુ અંધજન ધ્વજ દિન :**

અંધજન ધ્વજદિન-આ દિવસે જુદી-જુદી જગ્યાઓએ શહેરો-નગરોમાં રેલી કાઢીને દષ્ટીહીન વ્યક્તિઓ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. દષ્ટિહીનને મળતા લાભોને સમાજ સુધી માહિતી આપવાનું આયોજન કરવામાં આવે છે. દષ્ટિહીનોના ફલેગ-ડેના ફાળાના નાણા દષ્ટિહીનોના પુનર્વસન તેમજ તેમના વિકાસમાં વાપરવા માટે સમાજને અપીલ કરવામાં આવે છે.

**(૪) ૨૮મી સપ્ટેમ્બર-વિશ્વ બધિર દિન :**

આ દિવસનું મહત્ત્વ એવું છે કે, આખા વિશ્વમાં જે બધિરોએ સમાજના કલ્યાણમાં જે યોગદાન આપેલ તેને યાદ કરી ઉજવવામાં આવે છે. એમાં થોમસ આલ્વા એડિસન જેમણે દુનિયાને અજવાળું આપ્યું, લીપીની શોધ કરી હતી એ રીતે અન્ય બધિર મહાનુભાવોએ સમાજપયોગી કાર્ય કર્યું હોય તેને યાદ કરવામાં આવે છે અને આ દિવસે શ્રવણમંદ બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજી તેમનામાં રહેલી વિશિષ્ટ શક્તિને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

**(૫) ૧૫મી ઓક્ટોબર-વર્લ્ડ કેન ડે (સફેદ લાકડી દિન) :**

સફેદ લાકડી નેત્રહિનો માટે સાચો સાથી છે. નેત્રહિન વ્યક્તિ સ્વતંત્ર રીતે રસ્તો ઓળંગવા, ચોક્કસ સ્થળે પહોંચવા માટે લાકડી ઉપયોગી બને છે. નેત્રહીન વ્યક્તિના હાથમાં સફેદ લાકડી હોવાથી સામી વ્યક્તિને ખ્યાલ આવશે કે નેત્રહિન આવી રહ્યો છે. જેનાથી સલામતી સચવાય છે. સફેદ લાકડીના કારણે હરવા-ફરવાનું કાર્ય સાધારણ અને સરળ બને છે. ચાલવા દરમિયાન આવતા અવરોધો સામે સફેદ લાકડી રક્ષણ આપવાનું કાર્ય કરે છે. આ દિવસે રેલીનું આયોજન કરી સ્વતંત્ર રીતે સંકલન કરી તથા વિવિધ કાર્યક્રમોના આયોજન દ્વારા 'વ્હાઈટ કેન-ડે' ઉજવણી કરવામાં આવે છે.

**(૬) ૩જી ડિસેમ્બર-વિશ્વ વિકલાંગ દિન :**

વિશ્વના વિકલાંગોની સમસ્યાઓને વાચા આપવા અને તેમની સર્વાંગી પ્રગતિને સાચા અર્થમાં ઉજાગર કરવાના હેતુસર ૩જી ડિસેમ્બર વિશ્વ વિકલાંગ દિનની આંતરરાષ્ટ્રીય સ્તરે ઉજવણી કરવામાં આવે છે. વિકલાંગ વ્યક્તિ પણ સમાજનું અભિન્ન અંગ છે અને સામાન્ય નાગરિકની જેમ જ તેને પણ જીવવાનો અધિકાર છે. આ દિવસે વિકલાંગોની રેલીનું આયોજન, ચર્ચા સભા, રમત-ગમત, સાહિત્ય વિતરણ, વકૃત્વ સ્પર્ધા તથા અન્ય પ્રવૃત્તિઓનું સુંદર આયોજન કરવામાં આવે છે અને આ રીતે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

**(૭) ૮મી ડિસેમ્બર-વિશ્વ માનસિક દિવસ (મંદબુદ્ધિ બાળ દિન)**

આજે જ્ઞાન-વિજ્ઞાનની રીતે આપણે ૨૧ મી સદીમાં પ્રવેશી ચૂક્યા છીએ ત્યારે પણ સમાજમાં માનસિક ક્ષતિગ્રસ્ત બાળકોની સંખ્યામાં દિન-પ્રતિદિન વધારો થતો રહ્યો છે. ત્યારે આવા બાળકો અને સમાજમાં જનજાગૃતિ માટે આ દિનની ઉજવણી વિવિધ પ્રવૃત્તિઓના આયોજન દ્વારા કરવામાં આવે છે. આ દિવસે મંદબુદ્ધિ થવાના કારણો, લક્ષણો અને ઉપાયો વિશે સમાજમાં જાગરૂકતા વધે તે માટેના વિવિધ માર્ગદર્શન કાર્યક્રમોનું આયોજન કરી આ દિનની ઉજવણી કરવામાં આવે છે.

## ૧૦૯. શ્રવણમંદ વ્યક્તિ દ્વારા દૂરદર્શન ઉપર સમાચાર :

શ્રવણમંદ વ્યક્તિઓ રાષ્ટ્રીય પ્રવાહમાં જોડાય અને તેઓ પણ સમાજ, રાજ્ય, દેશ, દુનિયાના સમાચારો જાણી શકે, પોતાની શક્તિ, કૌશલ્યતા બતાવી શકે તે માટે ડીડી ન્યુઝ ચેનલ ઉપર દર રવિવારે બપોરે ૧૫-૧૫ કલાકે શ્રવણમંદ વ્યક્તિ દ્વારા સમાચાર આપવામાં આવે છે.

આ સમાચાર ૧૫-૧૫થી ૧૫-૩૦ સુધી એટલે કે ૧૫ મિનિટ સુધી આપવામાં આવે છે. જેથી શ્રવણમંદ ભાઈ-બહેનો પણ દેશ-દુનિયામાં થતા બનાવોથી માહિતગાર થઈ શકે અને નવા નવા ક્ષેત્રોમાં થયેલી પ્રગતિનો ખ્યાલ મેળવી શકે.

## ૧૧૦. દષ્ટિહીન વ્યક્તિ દ્વારા દૂરદર્શન ઉપર સમાચાર :

પ્રજ્ઞાચક્ષુઓ માટેની બ્રેઈલ લિપિના શોધક લૂઈ બ્રેઈલનો તારીખ : **૪થી ડિસેમ્બર, તેના જન્મ દિને,** તેની યાદમાં દર વર્ષે અમદાવાદ દૂરદર્શન (ટી.વી.) ઉપરથી સાંજનું સમાચાર બુલેટિન ૫૦ ટકા જેટલું બ્રેઈલ લિપિમાં તૈયાર કરી, પ્રજ્ઞાચક્ષુ

દ્વારા પ્રસારિત કરવામાં આવે છે. જેનાથી પ્રજ્ઞાચક્ષુઓની કાર્યશક્તિનો સમાજના લોકોને ખ્યાલ આવે અને પ્રજ્ઞાચક્ષુઓને આ દ્વારા પ્રોત્સાહન મળે છે.

## ૧૧૧. ગુજરાતમાં આવેલી બ્રેઈલ લાયબ્રેરીઓ-ટોકિંગ બુક લાયબ્રેરીઓ :



૧. શ્રી સી.એન. બ્રેઈલ પુસ્તકાલય, અંધજન મંડળ, ડૉ. વિક્રમ સારાભાઈ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ. જ્યાં ૧૩,૦૦૦ પુસ્તકો-વાર્તાઓ, નવલકથાઓ, સામાન્ય જ્ઞાનની પુસ્તિકાઓ. ટોકિંગ-બુક લાયબ્રેરી- ૧૦,૦૦૦ કેસેટોથી સુસજ્જ લાયબ્રેરી છે, જેનો ૪૦૦ નેત્રહીન વિદ્યાર્થીઓ લાભ લે છે.

**'લિસનર્સ કલબ' મેગેઝિનની વિશેષતા**

અંગ્રેજી ભાષાનું મહત્ત્વ વૈશ્વિક સ્તર પર વધ્યું છે. પ્રજ્ઞાચક્ષુઓ પણ આ ભાષાનું પૂરક વાચન મેળવે તે માટે આ મેગેઝિન શરૂ કરાયું છે. આના માધ્યમથી પ્રજ્ઞાચક્ષુઓ આ ભાષા પર પ્રભુત્ત્વ મેળવે તે તેનો મુખ્ય હેતું છે. આ મેગેઝિનમાં અંગ્રેજી ભાષાને લગતી તમામ પ્રકારની માહિતી ઉપલબ્ધ છે. જેમાં નોવેલ, કવિતા, જોક્સ, સાહિત્ય, સમાચારને આવરી લેવામાં આવે છે. પ્રજ્ઞાચક્ષુઓને અંગ્રેજી ભાષાના ગ્રામરની જાણકારી મળે તે માટે સ્પેશ્યિલ સિરિઝ શરૂ કરાશે. ભાષાના વૈશ્વિક પ્રવાહોથી વાચકોને વાકેફ રખાશે.

૨. નવચેતન અંધજન મંડળ સંચાલિત જ્ઞાન જ્યોત અંધજન પુસ્તકાલય, કસ્ટમ ચેક પોસ્ટની બાજુમાં, નેશનલ હાઈવે નં.-૮-એ, મુ.-ભચાઉ (જિ. કચ્છ)

૩. શ્રી અંધજન બ્રેઈલ પુસ્તકાલય, કોમર્શિયલ સેન્ટર, દક્ષિણ વિભાગ-ત્રણ દરવાજા, મુ. વિસનગર, જિ. મહેસાણા.

૪. શ્રી અંધજન પુસ્તકાલય, આનંદ ભવન, યુગાન્ડા રોડ, મુ. પોરબંદર. અંધ સર્વોદય મંડળ સંચાલિત લાધીબહેન વાલજીભાઈ લોઢીયા અંધજન પુસ્તકાલયમાં બ્રેઈલ લિપિનાં ૮૦૦૦ પુસ્તકો છે. ગુજરાતભરનાં વિવિધ સ્થળે વસતા પ્રજ્ઞાચક્ષુ ભાઈ-બહેનોને ટપાલ દ્વારા પુસ્તકો મોકલવામાં આવે છે અને વાંચી લીધા પછી લાભાર્થી તે પરત કરે છે. પ્રજ્ઞાચક્ષુ માટેના પુસ્તક લેવડ-દેવડની ટપાલ સેવા વિના-મૂલ્યે પૂરી પાડવામાં આવે છે.

૫. શ્રી અંધજન કલ્યાણ મંડળ સંચાલિત બ્રેઈલ લાયબ્રેરી, કાન્તા સ્ત્રી વિકાસગૃહ સામે, ભક્તિનગર, સોસાયટી રોડ નં.૧ - રાજકોટ.

૬. શ્રી અંધજન બ્રેઈલ પુસ્તકાલય, ૯/ આનંદ સોસાયટી, મુ.-ઈડર (જિ.સાબરકાંઠા)

૭. ભાવનગરમાં વિદ્યાનગર ખાતે અંધ ઉદ્યોગ શાળામાં પ્રજ્ઞાચક્ષુઓ માટેની બ્રેઈલ લાયબ્રેરી ચાલે છે. આ પુસ્તકોમાં બાળ વાર્તાઓ, મહાપુરુષોના જીવન ચરિત્રો, નવલકથા, નવલિકા પાઠ્યપુસ્તકો, બ્રેઈલ મેગેઝિનો પણ છે. આ લાયબ્રેરીમાં હાલ ૭૨૦ બ્રેઈલ પુસ્તકો છે. આ ગ્રંથાલયના ૩૫૦ જેટલા સભ્યો છે. બ્રેઈલ પુસ્તકો તૈયાર કરવા માટે ખાસ લહિયાઓ પણ છે. અત્રે ઓડિયો કેસેટ લાઈબ્રેરી પણ છે. જેના સભ્યોની સંખ્યા ૧૭૫ છે. સંસ્થાએ બ્રેઈલ પુસ્તકો ઝડપથી તૈયાર કરવા બ્રેઈલ કોમ્પ્યુટર પ્રેસ પણ તૈયાર કરેલી છે. આ માટે ડબેરી નામનો પ્રોગ્રામ રૂ.૩ લાખના ખર્ચે સ્વીડનથી આયાત કરવામાં આવ્યો છે. અહીં ખાસ પ્રજ્ઞાચક્ષુ બ્રેઈલ કોમ્પ્યુટર વિભાગ પણ શરૂ કરવામાં આવ્યો છે.

૮. અમદાવાદની શેઠ માણેકલાલ જેઠાભાઈ (એમ.જે.) પુસ્તકાલય, એલીસબ્રીજ પોલીસ સ્ટેશન સામે, ટાઉનહોલની બાજુમાં બ્રેઈલ અને ટોકિંગ બુક લાઈબ્રેરી છે. ચક્ષુવિહીન વિદ્યાર્થીઓ માટેનો આ વિશિષ્ટ વિભાગ ઉપલબ્ધ છે. અભ્યાસલક્ષી અને આનુષંગિક વિષયોની ૪૦૦ જેટલી ઓડિયો કેસેટસ આ વિભાગમાં છે. આ લાયબ્રેરીમાં પંડિત સમલાલજી શ્રાવ્ય વિભાગ શરૂ કરેલ છે જેમાં પ્રજ્ઞાચક્ષુ મિત્રો સાહિત્ય સામગ્રીનો ઉપયોગ કરી શકે છે. શ્રાવ્ય સ્વરૂપે સાહિત્ય સામગ્રી મેળવી શકે તેમજ પુસ્તકાલયમાં આવી પુસ્તકોનું શ્રવણ કરી શકે તે માટે પુસ્તકાલયમાં ઈલેક્ટ્રિક પ્લગ સાથેના ટેબલ,ડીવીડી પ્લેયર, હેડફોન, કોર આઈ-૩ લાયસન્સ વર્ઝન સોફ્ટવેર તેમજ અન્ય જરૂરી સાધન સામગ્રી વસાવવામાં આવી છે.

૯. સુરતના નર્મદ મધ્યસ્થ પુસ્તકાલયમાં એક હજાર જેટલા પુસ્તકો છે, તેમાં અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી એમ ત્રણેય લિપીઓનો સમાવેશ થાય છે સાથે ઓડિયો કેસેટો પણ ઉપલબ્ધ છે.

૧૦. સરકારી મધ્યસ્થ ગ્રંથાલય, સેક્ટર-૧૭, ટાઉન હોલ પાસે, ગાંધીનગર ખાતે બ્રેઈલ પુસ્તકોનો અલગ વિભાગ શરૂ કરવામાં આવેલો છે.

## ૧૧૨. રાજ્યમાં કાર્યરત જિલ્લા પુનર્વસન કેન્દ્રોના સરનામાં અને ટેલિફોન નંબર :

| અ.નં. | કેન્દ્રનું નામ, સરનામું | ટેલિફોન નંબર |
|---|---|---|
| ૧. | સિવિલ હોસ્પિટલ, ઓર્થોપેડિક ડિપાર્ટમેન્ટ, ફિઝીયોથેરાપી, જૂનાગઢ - ૩૬૨૦૦૧ | (૦૨૮૫) ૨૬૫૦૦૦૯,૯૮૨૫૫૯૧૦૦૮, ૯૩૨૮૧૦૬૫૫૭ |
| ૨. | ડીડીઆરસી, બી-૨૯/૩૦, ફિઝિયોથેરાપી સેન્ટર, વોર્ડ પાસે, નવી ઓપીડી બિલ્ડિંગ, સર ટી. હોસ્પિટલ કમ્પાઉન્ડ, ભાવનગર | (૦૨૭૮) ૨૫૧૧૭૧૫, ૯૪૨૭૫૫૯૪૪૩ |
| ૩. | રૂમ નં.૨૭, રેડિયોલોજી ડિપાર્ટમેન્ટ,નવી સિવિલ હોસ્પિટલ, મજુરાગેટ, સુરત-૩૯૫૦૦૧ | (૦૨૬૧) ૨૨૩૩૦૨૯, ૯૩૭૭૭૨૨૮૬૪ |
| ૪. | સી.એસ.એસ. ડિપાર્ટમેન્ટ પાસે, એસ.એચ.જી. સિવિલ હોસ્પિટલ, વડોદરા-૩૯૦૦૦૧ | (૦૨૬૫) ૨૪૨૦૫૦૭, ૯૪૨૭૦૩૨૫૦૬ |
| ૫. | ઓ બ્લોક, સિવિલ એમઆરઆઈ ઓલ્ડ પી.જી.બિલ્ડિંગ, અસારવા સેન્ટર પાસે, અમદાવાદ-૩૮૦૦૧૬ | (૦૭૯) ૨૨૬૮૧૭૪૩, ૯૪૨૬૪૪૮૯૩૯ |
| ૬. | જૂનો ઈમરજન્સી વોર્ડ, પીડીયુ હોસ્પિટલ, રાજકોટ | (૦૨૮૧) ૨૪૭૬૮૧૭, ૯૪૨૬૨૧૬૮૭૮ |
| ૭. | સિવિલ હોસ્પિટલ કેમ્પસ, આઈસોલેશન વોર્ડ, સુરેન્દ્રનગર | (૦૨૭૫૨) ૨૨૦૨૦૧, ૯૪૨૭૬૬૪૦૧૭ |
| ૮. | જી.જી. હોસ્પિટલ કમ્પાઉન્ડ, જામનગર | (૦૨૮૮) ૨૫૫૮૩૭૨, ૯૯૯૮૫૧૭૬૭૮ |
| ૯. | જનરલ હોસ્પિટલ, નડિયાદ કીડની હોસ્પિટલ પાસે, નડિયાદ જિ. ખેડા | (૦૨૬૮) ૨૫૨૭૫૫૩, ૯૮૭૯૧૦૮૪૮૩, ૯૯૭૯૨૬૧૮૩૩ |

## ૧૧૩. મંદબુદ્ધિની બહેનો માટેની એક સરકારી સંસ્થા (યુનિટ) અમદાવાદ ખાતે શરૂ થશે :

અમદાવાદ ખાતે મંદબુદ્ધિની બહેનો માટેની સરકારી સંસ્થા કે જેમાં ૧૮ વર્ષથી નીચે અને ૧૮ વર્ષથી ઉપરની બહેનો માટે ૨૫-૨૫ લાભાર્થીઓ માટેની એક સંસ્થા ઊભી કરવામાં આવશે તો જે લાભાર્થી બહેનો મંદબુદ્ધિની અને અનાથ છે તેઓ અસામાજિક તત્વોનો ભોગ ન બને અને તેઓને કાયદાની જોગવાઈ મુજબ આવી સંસ્થામાં આશ્રય આપી શકાય તે હેતુથી અમદાવાદ ખાતે મંદબુદ્ધિની બહેનો માટેની સંસ્થાનું એક યુનિટ શરૂ કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. આ બાબતે વધુ માહિતી મેળવવા નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરી, ગાંધીનગરનો સંપર્ક કરવો.

## ૧૧૪. સરકારી માનસિક સ્વાસ્થ્ય કેન્દ્ર :

રાજ્ય સરકાર દ્વારા માનસિક સ્વાસ્થ્ય કેન્દ્ર, સંન્યાસ આશ્રમ, ટાઉન હોલ સામે, અમદાવાદ ખાતે ચલાવવામાં આવે છે. ત્યાં માનસિક પ્રશ્નોના નિદાન, સારવાર તેમજ બાળકો માટે પ્લે રૂમની સેવાએ પૂરી પાડવામાં આવે છે.

## ૧૧૫. સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતાં માનસિક સ્વાસ્થ્ય કેન્દ્રો :

આવાં માનસિક સ્વાસ્થ્ય કેન્દ્રો સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સરકારની સહાયથી અમદાવાદ, વડોદરા, સુરત અને ગાંધીનગર ખાતે ચલાવવામાં આવે છે.

## ૧૧૬. માનસિક ક્ષતિવાળાં બાળકો માટે શિક્ષણ અને તાલીમ :

અમદાવાદમાં નહેરુ બ્રિજ પાસે, આશ્રમ રોડ પર આવેલ સંસ્થા બી.એમ. ઈન્સ્ટિટ્યૂટ માનસિક તનાવવાળી વ્યક્તિઓના પ્રશ્નોના નિદાન-સારવારની સગવડ આપે છે. તેમજ માનસિક ક્ષતિવાળા બાળકોની ડે સ્કૂલ શિક્ષણ/તાલીમ માટે ચલાવે છે. આ ઉપરાંત માનસિક ક્ષતિવાળી વ્યક્તિઓ માટે મલ્ટી કેટેગરી વર્કશોપ કે જેમાં પ્રિન્ટિંગ, બુક બાઈન્ડિંગ, હાઉસ કીપિંગ, ફર્નિચર મેકિંગ વગેરેની તાલીમ અપાય છે. આ વર્કશોપ ભારત સરકારની સહાયથી ચલાવવામાં આવે છે.

## ૧૧૭. શ્રવણમંદો માટે ઉત્પાદન કેન્દ્ર :

ગાંધીઘર, કછોલી, બહેરા-મૂંગા શાળા, વલસાડ વાયા અમલસાડ સંસ્થા પુખ્તવયના બહેરા-મૂંગાઓને માટે ઉત્પાદન કેન્દ્ર દ્વારા રોજગારી આપે છે.

## ૧૧૮. મંદબુદ્ધિનાં બાળકો માટે મલ્ટિ કેટેગરી વર્કશોપ :

મંદ બુદ્ધિના બાળકો માટે

(૧) બી.એમ. ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેન્ટલ હેલ્થ, નહેરુબ્રિજ પાસે, અમદાવાદ,

(૨) 'સ્નેહ નિર્ઝર' મંદ બુદ્ધિના બાળકોની શાળા સંચાલિત, ધી સોસાયટી ફોર ધ મેન્ટલી રીટાર્ડેડ, પી.ડી. માલવિયા કૉલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ

(૩) મંગલમૂર્તિ વિકલાંગ ટ્રસ્ટ, જૂનાગઢમાં પણ મલ્ટિ કેટેગરી વર્કશોપ ચાલે છે.

જિલ્લા વિકલાંગ પુનર્વસન કેન્દ્રો અમદાવાદ, વડોદરા, રાજકોટ, જામનગર, સુરત, ભાવનગર, જૂનાગઢ, સુરેન્દ્રનગર, નડિયાદ, પેટલાદ તથા આણંદ ખાતે ચાલે છે.

## ૧૧૯. દ્રષ્ટિહીન-વિકલાંગ વ્યક્તિઓ માટે મલ્ટિ કેટેગરી વર્કશોપ :

શ્રવણમંદ વિકલાંગ વ્યક્તિઓને તાલીમ આપવા માટે મલ્ટી કેટેગરી વર્કશોપ ભારત સરકારની સહાયથી નીચે દર્શાવેલ સ્થળોએ ચલાવવામાં આવે છે.

૧. અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ
૨. અંધ કન્યા પ્રકાશ ગૃહ, મેમનગર, અમદાવાદ
૩. અંધજન વિવિધલક્ષી તાલીમ કેન્દ્ર, જામનગર.

## ૧૨૦. ફિઝિયોથેરાપીની તાલીમ શાળા :

નેત્રહીન વ્યક્તિઓને તાલીમ આપવા માટે ફિઝિયોથેરાપીની તાલીમ શાળા, અમદાવાદમાં અંધજન મંડળ, વસ્ત્રાપુર ખાતે ભારત સરકારની સહાયથી ચલાવવામાં આવે છે.

## ૧૨૧. વિકલાંગ વ્યક્તિઓને પર્વતારોહણના કાર્યક્રમમાં ફીમાં રાહત :

વિકલાંગ વ્યક્તિઓને 'યુથ હોસ્ટેલ એસોસિએશન ઓફ ઈન્ડિયા' દ્વારા દર વર્ષે યોજાતા ભારત દેશના અલગ અલગ રાજ્યોમાં પર્વતારોહણના કાર્યક્રમોમાં નિયત ફીમાં રાહત (કન્સેશન) આપવામાં આવે છે.

## ૧૨૨. ઈન્દ્રોડા પાર્ક (ગાંધીનગર)ની મુલાકાત માટેની પ્રવેશ ફી ભરવામાંથી વિકલાંગોને મુક્તિ :

ગાંધીનગર ખાતે ચ-૦ પાસે 'જ' રોડ પર આવેલ ઈન્દ્રોડા પાર્ક (ગીર ફાઉન્ડેશન) પ્રકૃતિ ઉદ્યાન કે જ્યાં જંગલી પ્રાણીઓ વાઘ-સિંહ, માછલીઘર, સર્પગૃહ તથા ડાયનાસોરની પ્રતિમાઓ સહિત ફેસિલ પાર્ક છે. ત્યાં **વિકલાંગોને વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવે છે.** (દર સોમવારે પાર્ક બંધ હોય છે.)

## ૧૨૩. દ્રષ્ટિહીનો માટે રાજ્ય કક્ષાની સ્પર્ધાઓ :

દ્રષ્ટિહીનો માટે એનએબી ગુજરાત રાજ્ય શાખા, અમદાવાદ સ્થાનિક સંસ્થાઓના સહકારથી નીચેની સ્પર્ધાઓ યોજે છે.

૧. અખિલ ગુજરાત દૃષ્ટિહીનો માટેની ક્રિકેટ સ્પર્ધા
૨. અખિલ ગુજરાત દૃષ્ટિહીનો માટેનો રમતોત્સવ
૩. અખિલ ગુજરાત દૃષ્ટિહીનો માટે ચેસ સ્પર્ધા
૪. અખિલ ગુજરાત દૃષ્ટિહીનો માટે એકાંકી સ્પર્ધા
૫. અખિલ ગુજરાત દૃષ્ટિહીન માટે કવિ સંમેલન
૬. અખિલ ગુજરાત દૃષ્ટિહીન માટે સંગીત સ્પર્ધા
૭. અખિલ ગુજરાત દૃષ્ટિહીનો માટેની કાર રેલી. આ ઉપરાંત અલગ-અલગ સંસ્થાઓ પણ આવા રમતોત્સવ યોજે છે.

## ૧૨૪. બૌદ્ધિક વિકલાંગતાવાળા માટે સ્પેશ્યલ ઓલમ્પિક પ્રશિક્ષણ સંસ્થાનો પરિચય :



વોશિંગ્ટનમાં ૧૯૬૮માં ઈનીસ કેનેડી અવેર દ્વારા સ્થાપિત અને જોસેફ કેનેડી (જૂની) દ્વારા સંવર્ધિત સ્પેશ્યલ ઓલમ્પિક સંસ્થામાં વૈશ્વિક સ્તરે ૨,૫૦,૦૦૦ એથલેટ્સ સેવાઓ આપે છે. જે ભારત સહિત વિશ્વના દરેક દેશોમાં શારીરિક, બૌદ્ધિક નબળાઈ ધરાવતા બાળકો અને મોટેરાઓને વૈશ્વિક કક્ષાની ઓલમ્પિક અને એથલેટ સ્પર્ધામાં ભાગ લેવા, તાલીમ અને હરિફાઈઓ યોજે છે. જે દ્વારા તેઓમાં વૈશ્વિક સ્તરમાં વધારો, સમાજમાં યોગ્યતા અને આદર આપવાનો હેતુ છે. આ ઉપરાંત તેઓ માટે ખાસ મફત ચિકિત્સાલય ચલાવવામાં આવે છે. તેમજ જેમને આ કાર્યમાં રસ હોય તેવા પ્રશિક્ષકો, સ્વયં સેવકોનું નામાંકન કરે છે.

૧૯૬૮થી શરૂ થયેલી આ સંસ્થાએ ૧૯૮૮માં ગુજરાતની શાખા અમદાવાદમાં શરૂ કરી અને દરેક જિલ્લાને આવરી લેવાયા છે. મહિનામાં બે વખત પ્રશિક્ષકો, વાલીઓ, સ્વયંસેવકોને ખાસ તાલીમ જિલ્લા રમત-ગમત કચેરી મારફત આપવામાં આવે છે. જેમાં જુદા જુદા વિષયો ઉપર વક્તવ્યો અને પ્રશિક્ષણ શિબિર યોજે છે.

આ સંસ્થાના અથાગ પ્રયાસોથી ગુજરાતમાં બૌદ્ધિક વિકલાંગતાવાળા બાળકો-મોટેરામાં ઉત્સાહ વધ્યો છે. જેના પરિણામે જૂન-૨૦૦૩માં અપ લેન્ડિંગ યોજાયેલા ઉનાળું સ્પર્ધામાં ગુજરાતના ૭ એથલેટ્સએ ભાગ લીધો અને ૨૦૦૭માં ચીનના શાંઘાઈમાં યોજાયેલ સમર સ્પર્ધામાં ૧૫ એથલેટ્સએ ભાગ લઈને ઘણા ચંદ્રકો જીત્યા હતા.

આ અંગે વધુ માહિતી માટે : **'સ્પેશ્યલ ઓલમ્પિક ભારત (ગુજરાત)'**, ૧૧/એ, પલ્લવી રો હાઉસ, મેમનગર ફાયર સ્ટેશન સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯, ફોન : (૦૭૯) ૪૦૦૪૪૪૦૧ તથા વેબ સાઈટ : www.specialolympics.org અને E-mail ; sspecialolympicsgujarat@yahoo.co.in પર સંપર્ક કરવો.

## ૧૨૫. વિકલાંગજનો માટે એબિલિપીક ઓલમ્પિક :

વિકલાંગજનોમાં રહેલી કાર્યકુશળતાની રાજ્ય કક્ષાએ અને ત્યાર બાદ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ યોજાનાર સ્પર્ધા.

અમરજયોતિ નેશનલ એબીલીપીક એસોસિએશન ઓફ ઈન્ડિયા, નવી દિલ્હી દ્વારા વિકલાંગજનોમાં રહેલી કુનેહ શોધી તેને રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય સ્તર સુધી પહોંચાડવાના ઉચ્ચ હેતુથી એબીલીપીક સ્પર્ધાનું આયોજન છેલ્લા પચ્ચીસ વર્ષથી યોજવામાં આવે છે. વિવિધ કળા-કૌશલ્ય દર્શાવતા અનેક કાર્યો દ્વારા વિકલાંગજનોમાં રહેલી શક્તિને દર્શાવવા સૌ પ્રથમ વાર આવી સ્પર્ધા ૧૯૮૧માં જાપાન ખાતે યોજાઈ હતી. ત્યાર બાદ મલેશિયા, હોંગકોંગ, ઓસ્ટ્રેલિયા અને ઓગસ્ટ, ૨૦૦૦માં પેરૂ-ઝેકોસ્લેવિયા ખાતે યોજાયેલી ઓલમ્પિકમાં ભારતની ટુકડીએ ત્રણ કાંસ્યચંદ્રકો તથા અનેક પ્રમાણપત્રો પ્રાપ્ત કર્યાં હતાં.

- છઠ્ઠી આંતરરાષ્ટ્રીય સ્પર્ધા નવેમ્બર ૨૦૦૩માં ભારતમાં દિલ્હી મૂકામે યોજાઈ, જેમાં ૩૩ દેશોમાંથી ૧,૫૦૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ભારતે તેમાં ૭ ગોલ્ડ, ૮ સીલ્વર અને ૧૫ બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા.
- આગામી ૭મી આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં અંધજન મંડળ દ્વારા વેસ્ટર્ન રીજિયનના ભાગરૂપે વધારેમાં વધારે વિકલાંગજનો ભાગ લઈ શકે તે હેતુથી ડિસ્ટ્રિક્ટ ઈવેન્ટ વડોદરા મુકામે ઓગસ્ટ ૨૦૦૫માં અમદાવાદમાં-ઓક્ટોમ્બર ૨૦૦૫માં, રાજકોટમાં નવેમ્બર ૨૦૦૫ તથા સુરતમાં જાન્યુઆરી ૨૦૦૬માં યોજાયેલો. તેમાંથી પ્રથમ ત્રણ આવતા સ્પર્ધકોને રિજીઓનલ કોમ્પિટિશનમાં અંધજન મંડળ અમદાવાદ મૂકામે મે ૨૦૦૬માં યોજાઈ હતી. તેમાં ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યોમાંથી કુલ ૩૮૨ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ કોમ્પીટિશનના વિજેતા પ્રથમ, દ્વિતીય તથા તૃતિય સ્પર્ધકે નવી દિલ્હી મૂકામે નેશનલ ઈવેન્ટમાં નવેમ્બર ૨૦૦૬માં ભાગ લીધેલ. વેસ્ટર્ન રીજિયનમાંથી ૩૪ સ્પર્ધકો પૈકી કુલ ૮ સુવર્ણચંદ્રક વિજેતા







જાહેર થયા હતા. તેઓને નવેમ્બર ૨૦૦૭માં ૭મી આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લેવાનો અવસર પ્રાપ્ત થયો હતો. જાપાન મૂકામે કુલ ૨૯ દેશોના ૪૦૨ સ્પર્ધકોએ ભાગ લીધો હતો, જેમાં આપણા દેશના ૨૯ સ્પર્ધકોએ ભાગ લીધેલો અને આપણને ૨ સીલ્વર, ૨ બ્રોઝ ચંદ્રકો મળેલ અને એક એપ્રિશિયેટ સર્ટિફિકેટ મળેલ છે, જે ગુજરાતના શ્રી અયુબ નાગોરીને મિકેનિક એસેમ્બલીમાં ભાગ લેવા માટે મળ્યું હતું.

**સ્પર્ધામાં ભાગ લેવા માટેના વિષયો**

**વોકેશનલ સ્કિલ :**

(૧) આર્ટિફિશિયલ લિમ્બ મેકિંગ (૨) બાસ્કેટ મેકિંગ (૩) કેડ-આર્કિટેક્ચર (૪) કેડ-મશીનરી (૫) કોમ્પ્યૂટર પ્રોગ્રામિંગ (૬) ક્રીએટિંગ વેબ પેજીસ (૭) ડેટા પ્રોસેસિંગ-એડવાન્સ કોર્સ (૮) ડેટા પ્રોસેસિંગ - બેઝિક (૯) ડેન્ટલ ટેકનિક (૧૦) ડ્રેસ મેકિંગ - એડવાન્સ કોર્સ (૧૧) ડ્રેસ મેકિંગ - બેઝિક કોર્સ (૧૨) ઈલેક્ટ્રોનિક એસેમ્બલી એન્ડ ટેસ્ટિંગ (૧૩) ઈલેક્ટ્રોનિક સર્કિટ કનેકશન અને ટેકનિક (૧૪) અંગ્રેજી ડેસ્ક - ટોપ પબ્લિશિંગ (૧૫) અંગ્રેજી ટેસ્ક પ્રોસેસિંગ (૧૬) ફ્લોરલ એરેન્જમેન્ટ (૧૭) ફર્નિચર મેકિંગ - એડવાન્સ કોર્સ (૧૮) ફર્નિચર મેકિંગ - બેઝિક કોર્સ (૧૯) જ્વેલરી મેકિંગ (૨૦) મિકેનિકલ એસેમ્બલી (૨૧) પી.સી.એસેમ્બલી (૨૨) ફોટોગ્રાફી (૨૩) પોસ્ટર ડિઝાઈન (૨૪) પ્રીસીશન શીટ મેટલ વર્ક (૨૫) ટેલરિંગ - પુરુષ (૨૬) વુડ કાર્વિંગ

**લેઝર અને લીવિંગ સ્કિલ :**

(૧) એમ્બ્રોડરી (૨) હેન્ડ નીટિંગ (૩) પેન્ટિંગ (વોટર કલર) (૪) પોટરી

**સ્પર્ધામાં ભાગ લેવા માટેના નિયમો :**

૧. વ્યક્તિ દીઠ એક પ્રવેશપત્રક ભરવું.

૨. આ સાથે સ્પર્ધામાં ભાગ લેવા માટેના શક્ય તેટલાં વિવિધ કાર્યોની યાદી આપેલી છે. તેના સિવાય પણ કોઈ અન્ય પ્રકારની કાર્યશૈલી આપ ધરાવતા હોય તો પણ આવકાર્ય છે.

૩. પ્રવેશ પત્રક ભરી આપની નજીકની વિકલાંગોના વિકાસનાં કાર્યો કરતી કોઈ પણ માન્ય સંસ્થા/શાળા દ્વારા મોકલવાનું રહેશે. તે સિવાયના પ્રવેશપત્રક માન્ય ગણાવામાં આવશે નહીં.

૪. પ્રવેશ પત્રક શક્ય તેટલું વહેલું, પરંતુ બે માસ (૬૦ દિવસની) અંદર અંધજન મંડળ, વસ્ત્રાપુર, વિક્રમ સારાભાઈ રોડ, અમદાવાદ-૩૮૨૦૧૫ને મોકલાવવાનું રહેશે.

૫ પ્રવેશ પત્રક સાથે

- સિવિલ સર્જન દ્વારા અપાયેલ વિકલાંગતાનું પ્રમાણત્ર (પ્રમાણિત કરેલ નકલ).
- શક્ય હોય તો કાર્યકૌશલ્યતાનું પ્રમાણપત્ર
- કાર્યદક્ષતા દર્શાવતો પોસ્ટકાર્ડ સાઈઝનો ફોટોગ્રાફ મોકલાવવાનો રહેશે.

૬. પ્રવેશ પત્રકોની આયોજકો દ્વારા ચકાસણી કર્યા બાદ યોગ્ય ઉમેદવારને સ્પર્ધામાં ભાગ લેવા માટે પસંદ કરવામાં આવશે.

૭. ભાગ લેનાર વ્યક્તિને રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવા અંગેનો સમગ્ર ખર્ચ સ્પર્ધા યોજનાર સંસ્થા ભોગવશે.

૮. પ્રવેશ પત્રકોની ચકાસણી આયોજકો દ્વારા કર્યા બાદ જરૂર જણાશે તો કાર્યદક્ષ ઉમેદવારોને રૂબરૂ ચકાસણી અર્થે અમદાવાદ કે નજીકના યોગ્ય સ્થળે બોલવવામાં આવશે.

૯. ભાગ લેનાર વ્યક્તિની પસંદગી માટેનો નિર્ણય આયોજકોનો આખરી અને બંધનકર્તા રહેશે.

આપ સૌને આપની જાણમાં હોય તેવા કાર્યદક્ષ વિકલાંગજનોને આવી સ્પર્ધામાં ભવિષ્યમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરશો તેવી નમ્ર વિનંતી. આ અંગે વધુ વિગત માટે -

એલિમ્પિક-વેસ્ટ ઝોન કમિટિ, અંધજન, મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫

ફોન : (૦૭૯) ૨૬૩૦૨૮૪૦, ૨૬૩૦૪૦૭૦, ૨૬૩૦૫૦૮૨ ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૦૧૦૬

blindadd@bsnl.in વેબસાઈટ : www.bpindia.org. ખાતે સંપર્ક કરવો.

**આયોજનકર્તા :** Secretary General, National Abilmbic Association of India, Amar Jyoti Charitable Trust, Karkardooma 4 Vikas Marg, Delhi-110092, Ph. : 2151286, 2142173

Fax: 2154936. Email : amarjyoti@de12vsnl.net.in

## ૧૨૬. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દર વર્ષે ઉજવાતો વિકલાંગો માટેનો નગર વિકલાંગ રમતોત્સવ :

અમદાવાદ શહેરમાં રહેતા વિકલાંગો, શ્રવણમંદો, દૃષ્ટિહીનો તથા મંદ બુદ્ધિની વ્યક્તિઓ માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શ્રી અંબુભાઈ પુરાણી મ્યુનિસિપલ વ્યાયામ વિદ્યાલય, કાંકરિયા, અમદાવાદ-૨૨ ખાતે દર વર્ષે વિકલાંગો માટેના રમતોત્સવનું આયોજન કરવામાં આવે છે. જેમાં અંદાજે ૧૮૦૦થી ૨૦૦૦ જેટલાં વિકલાંગ ભાઈ-બહેનો ભાગ લેતાં હોય છે. વધુ માહિતી માટે ઉપર જણાવેલ વ્યાયામ વિદ્યાલયના આચાર્યશ્રીનો સંપર્ક કરવાથી મળી શકશે. ફોન : (૦૭૯)૨૫૪૫૩૫૯૧

## ૧૨૭. દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પે. ખેલ મહાકુંભ :

દિવ્યાંગ વ્યક્તિઓ પણ અલગ અલગ રમતોમાં ભાગ લઈ ઇનામો મેળવે અને પ્રોત્સાહિત થાય તે માટે દર વર્ષે દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પે. મહાકુંભનું આયોજન સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં-૧૪, ત્રીજોમાળ, ગાંધીનગર કરે છે. વિશેષ માહિતી માટે ટોલ ફ્રી નંબર - ૧૮૦૦ ૨૭૪ ૪૧૫૧

## ૧૨૮. યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર દ્વારા વિકલાંગ ખેલાડીઓ માટેની રાજ્ય કક્ષાની સ્પર્ધાઓ :

દર વર્ષે **"વિશ્વ અપંગ દિન"** નિમિત્તે ઉપરની કચેરી દ્વારા રાજ્ય કક્ષાનો વિકલાંગ રમતોત્સવ યોજી અલગ અલગ રમતોની સ્પર્ધાઓનું આયોજન ધી સોસાયટી ફોર ફિઝિકલી હેન્ડિકેપ, ૬ સુદામા હાઉસ, પ્રિતમનગર પહેલો ઢાળ, એલિબ્રિજ, અમદાવાદ મારફત યોજવામાં આવે છે. આ અંગે વધુ માહિતી, માર્ગદર્શન માટે ફિઝિકલ હેન્ડિકેપ સોસાયટીનો સંપર્ક સાધવા વિનંતી. ફોન : ૦૭૯-૨૬૫૭૬૫૧૯, ૨૬૫૭૫૨૭૩.

## ૧૨૯. એક્સાઈઝ જકાતમાં મળતા લાભ :

૧. મોટે ભાગે વિકલાંગો કે દૃષ્ટિહીનોનાં ઉપયોગમાં આવતી દરેક વસ્તુને માફી આપવામાં આવી છે, પરંતુ ૧૬% એક્સાઈઝ ડ્યુટીમાંથી ૮%ની અને NCC ડ્યુટીની માફી. વિકલાંગો દ્વારા ઉપયોગમાં આવતી કારને એ શરતે આપવામાં આવી છે કે, ભારત સરકારના ભારે ઉદ્યોગોનાં ખાતાનાં નાયબ સચિવ અથવા તેમના ઉપરનાં પદનાં કોઈ પણ અધિકારી દ્વારા એ પ્રમાણિત કરવામાં આવે કે આ કાર ફિઝિકલી હેન્ડિકેપ્ડ વ્યક્તિ માટે યોગ્ય છે અને કાર ખરીદનાર વ્યક્તિએ એ જાતનું એફિડેવિટ આપવાનું રહેશે કે કાર ખરીદી કર્યા પછી પાંચ વર્ષ સુધી તેનો નિકાલ નહીં કરે.

૨. કસ્ટમ જકાતમાંથી પણ મોટે ભાગે વિકલાંગો / દૃષ્ટિહીનો / શ્રવણમંદ વ્યક્તિઓનાં વપરાશમાં આવતી તમામ વસ્તુઓને માફી આપવામાં આવેલી જ છે, પરંતુ કસ્ટમના સુધારેલા નોટિફિકેશન નં. ૧૫૨/૯૪ તા.૧૩-૦૭-૯૪ અન્વયે હિયરિંગ એઈડ, બીજા ઓડિયો-વિઝ્યુઅલ એઈડ, વોકેશનલ એઈડ, શિક્ષણ આપવાનાં સાધનો / મશીનરી, ફોનોગ્રાફ્સ, કેસેટ પ્લેયર્સ, મેગ્નેટિક ટેપ્સ, કેસેટ્સ, ઈલેક્ટ્રોનિકસ રીડિંગ મશીન, ટેલિવિઝન એન્લાર્જર્સ, ઓપ્ટિકલ એઈડસ વગેરેને કોઈ પણ સંસ્થા (નોંધાયેલી સરકારી સંસ્થા) દ્વારા કરવામાં આવે અને લેખિતમાં આવી સંસ્થાના પ્રમુખ / સેક્રેટરી દ્વારા ૬ માસમાં શરૂ થવાની બાહેંધરી આપવામાં આવે તો કસ્ટમ જકાતમાંથી માફી મળશે.) વીડિયો કેસેટ્સ, વીડિયો ટેપ્સ, યુનિવર્સિટીના એજ્યુકેશનલ પ્રોગ્રામના રેકોર્ડેડ વીડિયો કેસેટ /વીડિયો ટેપ્સ યોગ્ય સંસ્થાઓનાં પ્રમાણપત્રો અને બાંહેધરી પત્રો આપવાથી માફી મળી શકશે. વેબ સાઈટ : www.cbpc.gov.in જોવા વિનંતી

(સરકાર દ્વારા કોઈ પણ પ્રકારની શરતો વિના આપવામાં આવેલી જકાત માફીનો ઉપરોક્ત નોંધમાં સમાવેશ થતો નથી. કારણ કે આ માફીનો લાભ ઉત્પાદકો દ્વારા ઉપભોક્તાઓને સીધેસીધો પહોંચાડવામાં આવે છે.)

## ૧૩૦. વિકલાંગો માટેના આર્થિક પુનર્વસન માટે સંસ્થા દ્વારા સહાય :

વિકલાંગો માટે રૂા.૧૦,૦૦૦/-સુધીની ઓછા વ્યાજના દરની સ્વરોજગાર માટેની લોન હવે સ્થાનિક વિકલાંગોની સંસ્થાઓ એનએચએફડીસી, ફરિદાબાદ પાસેથી સંસ્થાકીય રીતે મેળવી વગર તકલીફે પોતાના જિલ્લાના વિકલાંગોનું આર્થિક પુનર્વસન કરી શકે છે. પ્રત્યેક સંસ્થાને રૂા.૨થી ૫ લાખ સુધીની આવી રકમ મળે છે. સંસ્થાએ મંજૂર થયેલ લોનના ૨૫ ટકા જેટલી ફિક્સ ડિપોઝિટ એનએચએફડીસીમાં થાપણ મૂકવાની રહે છે. આ અંગની વધુ માહિતી માટે નીચેની સંસ્થાઓનો સંપર્ક કરવો.

૧. અંધજન મંડળ, જગદીશ પટેલ ચોક, વિક્રમ સારાભાઈ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ

૨. અંધજન મંડળ, પંચાલ ભવન, સત્ય ઓટો પાછળ, ખેડબ્રહ્મા રોડ, મુ. ઈડર (સાબરકાંઠા) ફોન (૦૨૭૭૮) ૨૫૦૨૯૮, ૨૫૦૨૭૬

૩. રાષ્ટ્રીય અંધ કલ્યાણ સંઘ, કોમર્શિયલ સેન્ટર, ત્રણ દરવાજા નજીક, મુ. વિસનગર, જિ. મહેસાણા, ફોન (૦૨૭૬૫) ૨૨૧૨૧૦, ૨૨૨૪૫૭

**નોંધ :** ગુજરાતની અન્ય કોઈ સંસ્થા (N.G.O.)ઉપરની સહાય બાબત રસ ધરાવતી હોય તો આ પુસ્તિકાના પાન ૧૧૧ ની વિગતો જોવા વિનંતી.

## ૧૩૧. વિકલાંગો માટેની ખાસ શરૂ થયેલ ડિસેબલ સ્પોર્ટ્સ કલબ :

રમત-ગમતથી વિકલાંગોની આંતરિક શક્તિઓ ખીલે છે તેમજ તેમનો આત્મવિશ્વાસ વધે છે સામાન્ય ખેલાડીઓ માટે યોજાતી રમત-ગમતની સ્પર્ધાઓ જોઈને કદાચ વિકલાંગ વ્યક્તિઓને પણ જરૂર થતું હશે કે અમો પણ આવી રીતે હરીફાઈમાં ભાગ લઈને એક શ્રેષ્ઠ ખેલાડી તરીકે સિદ્ધિ મેળવીએ. આ બાબતને ધ્યાને લઈને ડિસેબલ વેલ્ફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા એ વિકલાંગો માટેની ખાસ ડિસેબલ સ્પોર્ટર્સ કલબની રચના કરીને તેમાં વિકલાંગ ખેલાડીઓને જિલ્લા, રાજ્ય, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે યોજાતી ખાસ વિકલાંગો માટેની હરીફાઈ માટે તૈયાર કરીને આવી સ્પર્ધાઓમાં ભાગ લેવા તૈયાર કરે છે. રમત-ગમતથી વિકલાંગો તેમની વિકલાંગતાને ભૂલી જાય છે અને તેમને સામાન્ય માણસ જે કંઈ કરી શકે તે કરવાથી તેઓ જરા પણ ઉતરતા નથી તેવું મહેસૂસ કરશે જેથી તેની લઘુતાગ્રંથિ પણ ઘટશે. આ ડિસેબલ સ્પોટર્સ કલબમાં વિકલાંગ ખેલાડીઓ માટે સોટપુટ, જવેલીન થ્રો, ડિસક્સ, રેઈ જેવી એથ્લેટિક, ચેસ, ક્રિકેટ, સ્વિમિંગ, વ્હીલચેર ગેમ ઉપરાંતની વિવિધ ઈન્ડોર-આઉટડોર ગેમનો સમાવેશ કરવામાં આવેલો છે. આવી રમત-ગમતમાં ભાગ લેવા ઈચ્છુક હોય તેવા વિકલાંગ ભાઈ-બહેનોએ અગાઉ કોઈ આવી રમત-ગમતમાં ભાગ લીધો હોય તો તેની માહિતી ઉપરાંત સિવિલ સર્જનનું પ્રમાણપત્ર, જન્મતારીખનો દાખલો, ૨ ફોટોગ્રાફ સાથે **વિકલાંગ બાળકોની શાળા, સુમન દેસાઈની વાડી, ખટોદરા, સુરત** ખાતે સંપર્ક કરી ફોર્મ ભરવાનું હોય છે.

## ૧૩૨. રાજીવ ગાંધી ફાઉન્ડેશન :

જવાહર ભવન, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, ન્યુ દિલ્હી-૧૧૦૦૧. ફોન : ૦૧૧-૨૩૭૫૫૧૧૭, ૨૩૩૧૨૪૫૬ ફેક્સ: ૦૧૧-૨૩૭૫૫૧૧૯, વેબસાઈટ : http://www.rgfindia.org, E-mail : info@rgfindia.org.

વિકલાંગો ગૌરવથી તમામ તકો ભોગવી શકે તે માટે રાજીવ ગાંધી ફાઉન્ડેશન સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓ, ઉદ્યોગ ગૃહો વગેરેની મદદથી સમાજ ઉત્થાનના કાર્યક્રમો ચલાવે છે. વિકલાંગતા અટકાવવા, સુરક્ષિત પ્રસૂતિ માટે, પ્રાથમિક આરોગ્ય સંભાળ સંસ્થાઓ દ્વારા કાર્ય કરવામાં આવે છે. ભારતીય રેલવેના નેટવર્કથી જ્યાં આરોગ્ય સેવા પૂરતી પહોંચતી નથી તેવા ઊંડાણના વિસ્તારોમાં રેલવેમાં ફરતી હોસ્પિટલ ઊભી કરી સેવા વિસ્તારવામાં આવી છે. દૃષ્ટિહીનો માટે વિવિધ ભારતીય કાર્યક્રમ સાથે પ્રોજેક્ટ વણી લઈ ૨૯ કેન્દ્રો પરથી 'આઈયે - યે હે રોશની કા કારવા' નામના કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવે છે. ફાઉન્ડેશન ઓટો મોબાઈલ કંપનીઓ સાથે સહયોગ કરીને અપંગો માટે ખાસ ડિઝાઈન કરેલાં વાહનો તૈયાર કરાવી, સમગ્ર દેશભરમાં ૧૦૦ જેટલાં વાહનોનું વિકલાંગોને દર વર્ષે વિતરણ કરે છે.

## ૧૩૩. વિકલાંગોને પ્રોત્સાહિત કરતી ફિલ્મો

| | | | |
|---|---|---|---|
| ૧. બ્લેક | ૨. કોશિશ | ૩. તારે જમીં પે | ૪. ઈકબાલ |
| ૫. દોસ્તી | ૬. ખાનદાન | ૭. સદમા | ૮. છોટી બહેન |

| | | | |
|---|---|---|---|
| ૯. નાચે મયુરી | ૧૦. શોલે | ૧૧. ખિલોના | ૧૨. સોલહ સાલ |
| ૧૩. યુગ પુરુષ | ૧૪. ખામોશી | ૧૫. કોયલા | ૧૬. દિદાર |
| ૧૭. બૈરાગ | ૧૮. કોઈ મિલ ગયા | ૧૯. સાજન | |

૨૦. મારા રૂદિયે રંગાણા સાજણા (ગુજરાતી)

**ટેલિ ફિલ્મ :**

૧. દેશ મે નિકલા હોગા ચાંદ  ૨. રીસ્તે

## ૧૩૪. વિકલાંગોના કલ્યાણ માટે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓ :

**૧. ગવર્નમેન્ટ સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટ (પેરાપ્લેજિયા હોસ્પિટલ ફિઝિયોથેરાપી કોલેજ, સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ, કેન્સર હોસ્પિટલ સામે, અસારવા, અમદાવાદ- ૩૮૦૦૧૬, ટેલિફોન : (૦૭૯)૨૨૬૮૦૪૭૧, ૨૨૬૮૪૨૫૮**

**E-mail :** paraplegia@cenet.net, **website :** www.paraplegiahospital.org

વેસ્ટ ઝોનમાંની નાગરિકો માટેની સમગ્ર ભારતમાં વિશિષ્ટ પ્રકારની સ્પાઈનલકોડના દર્દીઓની સારવાર આપતી એક માત્ર આ હોસ્પિટલ છે.

આ હોસ્પિટલમાં ૬૦ પથારીની ક્ષમતા છે. આ હોસ્પિટલમાં આવતાં દર્દીઓ આકસ્મિક ઈજાના કારણે કરોડરજ્જુને નુકસાન થવાથી કમર અને તેની નીચેના બંને પગ લકવાગ્રસ્ત, ઝાડા-પેશાબ પર કાબૂ ન હોય અને ચેતનાતંત્ર કામ ન કરતું હોય તેવા અપંગ દર્દીઓને અહીં સારવાર અને તેના રિહેબિલીટેશન માટે સરકાર દ્વારા પ્રયત્ન કરવામાં આવે છે.

આ હોસ્પિટલમાં ઓર્થોપેડિક સર્જનની સેવાઓ, તાલીમ પામેલ નર્સિંગ સ્ટાફની સેવાઓ ઉપરાંત કસરત માટે અદ્યતન ટેકનોલોજી ધરાવતો ફિઝિયોથેરાપી વિભાગ, ઓક્યુપેશનલ થેરાપી વિભાગ, કૃત્રિમ અવયવ કેન્દ્ર અને તબીબી સમાજ સેવા તેમજ જનસંપર્ક જેવા વિભાગો આવેલા છે.

બહારથી આવતા દર્દીઓને તપાસ-સારવાર માટે અઠવાડિયામાં બે દિવસ સોમવાર અને ગુરુવાર ૨-૩૦થી ૩-૩૦ કલાક દરમ્યાન ઓ.પી.ડી. પણ ચાલે છે.

ઉપરાંત ૧૯૯૨થી આ સંસ્થામાં ફિઝિયોથેરાપી કોલેજ અને અનુસ્તાક (પી.જી.)નો કોર્સ પણ ચાલે છે. સને ૨૦૦૫થી ગવર્નમેન્ટ પ્રોસ્પેટિક્સ અને ઓર્થોપેડિક કોલેજ પણ આ સંસ્થા ખાતે શરૂ કરવામાં આવેલ છે. અહીં ભણતા બહારના વિદ્યાર્થીઓને રહેવા હોસ્ટેલની સુવિધા પણ છે.

તેમજ ઓર્થોપેડિક સર્જનને તાલીમ માટે એશિયામાં સૌ પ્રથમ અને વિશ્વની પાંચમા ક્રમની, ત્રણ કરોડના અદ્યતન સાધનો ધરાવતી એવી સાયકોમોટર લેબોરેટરી પણ અહીં આવેલી છે.

અહીંયા સારવારની સાથે દર્દીને સ્વનિર્ભર બનાવવા માટે તેના જીવનમાં ઉત્સાહ અને પ્રોત્સાહિત જીવન જીવવા સારું તેમને સ્વ-રોજગારીના સાધનો આપી, પગભર બનાવવા પ્રયત્ન કરવામાં આવે છે. આમ, તેના કૌટુંબિક-વ્યવસાયિક-સમાયોજન કરવામાં આવે છે.

આમ, પેરાપ્લેજિયા હોસ્પિટલમાં સારવાર અને પુનઃસ્થાપનનું કાર્ય કરે છે.

**સારવારમાં મળતી વિશેષ સુવિધાઓ : (તબીબી સારવાર ઉપરાંતની)**

**વિકલાંગોને મળતી સરકારી સહાયતા અંગે માર્ગદર્શન-સહાય :** સારવાર બાદ વિકલાંગ થઈ જતા દર્દીઓને સરકાર દ્વારા કઈ કઈ સવલતો મળે છે અને તે કેવી રીતે મેળવવી વગેરે માટેનું જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે.

**વ્યાવસાયિક પુનઃસ્થાપન માટે સહાયતા :** સારવાર બાદ કાયમી અપંગ થઈ ગયેલા પેરાપ્લેજિક દર્દીઓને તેમની જરૂરિયાત અને તેમની શારીરિક સ્થિતિ વગેરેની તપાસ કરી તેઓ ઘરે બેઠાં બેઠાં કામ-ધંધો કરી શકે તેવા સામાન્ય પ્રકારના ધંધાઓ માટે સ્વૈચ્છિક સંસ્થા કે દાતાઓ દ્વારા દાન અન્વયે રોજગારી માટેનાં સાધનો આપી, તેમને વ્યાવસાયિક રીતે પગભર બનાવવા પ્રયાસ કરવામાં આવે છે.

**એમ્બ્યુલન્સ સેવાઓ :** સારવાર બાદ ગરીબ દર્દીઓને ઘરે જવા સરકારી એમ્બ્યુલન્સ દ્વારા સહાય કરવામાં આવે છે.

**દવાઓ/રાહત દરે તથા વિનામૂલ્યે :** ગરીબ દર્દીઓને બહારથી ખરીદી કરીને લાવવી પડતી દવાઓ અંગે સંસ્થા દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓનો સંપર્ક કરી વિનામૂલ્યે દવાઓ તમામ દર્દીને મળે તેવી સુવિધાઓ ઉપલબ્ધ છે.

**ભોજન વ્યવસ્થા (ટિફિન સેવાઓ) :** સારવાર દરમ્યાન દર્દી અને તેમના સગાઓ માટે હોસ્પિટલ તરફથી મળતા ભોજન ઉપરાંત વધારાનું સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થા દ્વારા ભોજન તથા ટિફિન સેવા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે.

**વિવિધ તહેવારો/રમત સ્પર્ધાઓ :** સંસ્થામાં સારવાર લેતા દર્દીઓને પ્રોત્સાહિત કરવા અને તેઓનું મનોબળ મજબૂત બને અને તેમનામાં આત્મવિશ્વાસ વધે તે માટે અપંગ દર્દીઓને સારવારના ભાગરૂપે સંસ્થામાં દરેક તહેવારો જેમ કે ૧૫મી ઓગસ્ટ, ૨૬મી જાન્યુઆરી-રક્ષાબંધન, ઉત્તરાયણ, સંસ્થાનો સ્થાપના દિવસ વગેરેની ઉજવણી પ્રસંગે દર્દીઓ માટે વિવિધ રમત-સ્પર્ધાઓનું આયોજન કરી, તેઓને ઈનામ આપી અને પ્રોત્સાહિત કરવા પ્રયત્ન કરવામાં આવે છે.

**કૃત્રિમ સાધન સહાય :** અત્રેની સંસ્થામાં સારવાર લેતા અપંગ દર્દીઓને કૃત્રિમ સાધનો જેવાં કે વ્હીલચેર, ટ્રાયસિકલ, ઘોડી, કેલિપર્સ, કૃત્રિમ હાથ-પગ, કમરના પટ્ટાઓ-ગળાના પટ્ટાઓ વગેરે દર્દીઓને વિના મૂલ્યે અથવા રાહત દરે મળે તે માટેના પ્રયત્ન કરી દર્દીઓને સહાય કરવામાં આવે છે.

**વિકલાંગતા અટકાવવા માટેના પ્રોજેક્ટ (એચ.આઈ.) :** અત્રેની સંસ્થાના અને ઈન્ટરનેશનલ હેન્ડિકેપ, ફ્રાન્સની સંસ્થા દ્વારા ગ્રામ્ય અને શહેરોમાં હેલ્થ વર્કરોને તાલીમ આપી, અપંગતા જેમ બને તેમ જલદી શોધી તેને અટકાવવા માટેના પ્રોજેક્ટ પણ ચલાવવામાં આવે છે.

**ફુટકેર મેનેજમેન્ટ પ્રોજેક્ટ : (ડાયાબિટિસ દર્દીઓ માટે) :** સંસ્થામાં પ્રોસ્પેટિક્સ અને ઓર્થોટિક્સ વિભાગમાં ડાયાબિટિશના દર્દીઓને પગ કપાવવાની કાયમી અપંગતામાંથી બચાવવા માટે ફૂટવેર મેનેજમેન્ટ માટેના સાધનો બનાવવા માટેનો પ્રોજેક્ટ ટૂંક સમયમાં ચાલુ કરવામાં આવશે.

**કલબ ફૂટ :** જન્મથી વાંકા-ચૂંકા પગવાળા બાળકોને સર્જરી વિના સીધા કરી આપવા માટેના જરૂરી સાધનો અહીં બનાવી વિના મૂલ્યે દર્દીઓને આપવામાં આવે છે.

**પોલિયો પ્રોજેક્ટ :** વિકલાંગ પોલિયોગ્રસ્ત અપંગોને વિના મૂલ્યે ટ્રાઈસિકલ અને વ્હીલચેર, એલ્યુમિનિયમની ઘોડી આપવામાં આવે છે. આ પ્રોજેક્ટ હેઠળ ૧૦૦ અપંગોને આ લાભ આપવામાં આવેલો છે.

**એ લેગ ટુ સ્ટેન્ડ ઓન પ્રોજેક્ટ : (કૃત્રિમ હાથ-પગ-બનાવવા માટે) :** અત્રેની સંસ્થાના સી.એન્ડ.ઓ. વિભાગમાં યુ.એસ.એ.ની સંસ્થા દ્વારા ૧૮ વર્ષથી નીચેના બાળકોને વિના મૂલ્યે કૃત્રિમ હાથ-પગ બનાવી આપવાનો પ્રોજેક્ટ સંસ્થાના માર્ગદર્શન હેઠળ ચાલુ છે, જેના સંદર્ભમાં ગુજરાતના દરેક જિલ્લામાં કેમ્પ યોજી ગરીબ દર્દીઓને વિના મૂલ્યે હાથ-પગ બનાવી આપવામાં આવેલ છે.

**ગવર્નમેન્ટ પ્રોસ્પેટિક્સ અને ઓર્થોપેડિક કોલેજ :** આ સંસ્થામાં મેડિકલ ક્ષેત્રે એક નવી અને ગુજરાતની સર્વ પ્રથમ એવી પ્રોસ્પેટિક્સ અને ઓર્થોપેડિક કોલેજની શરૂઆત સને ૨૦૦૫થી કરવામાં આવેલી છે, જેમાં ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓને પ્રવેશ મળે છે. હાલમાં ૧૦ બેઠકો છે તેનું એડમિશન પણ બી.જે.મેડિકલ કોલેજ અને સેન્ટ્રલ એડમિશન સેલ દ્વારા કરવામાં આવે છે. તેમજ બહારના વિદ્યાર્થીઓને રહેવા માટે હોસ્ટેલની સુવિધા પણ છે.

**ભૂકંપને કારણે કાયમી પેરાપ્લેજીક દર્દીઓ માટેની પેન્શન યોજના :** ગુજરાત રાજ્યમાં ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ આવેલ વિનાશક ભૂકંપને કારણે કચ્છ જિલ્લામાં પેરાપ્લેજીક અને સ્પાઈનલ ઈજા પામેલ દર્દીઓ પૈકી જે દર્દી પોતાની આજીવિકા માટે કોઈ પ્રવૃત્તિ કરવા સક્ષમ ન હોય અને તેના કુટુંબ પર સંપૂર્ણ રીતે આધારિત હોય તેવા દર્દીઓને આર્થિક મદદ મળી રહે તે હેતુથી માનવતાના ધોરણે કાયમી પેન્શન આપવાની યોજના અમલમાં છે. આ અંતર્ગત કચ્છ જિલ્લાના મેડિકલ ઓફિસર અને નિયામકશ્રી, પેરાપ્લેજીઆ, અમદાવાદ દ્વારા સર્વે કર્યા બાદ કચ્છ જિલ્લાના જુદા જુદા તાલુકાના કાયમી પેરાપ્લેજીક ઈજા પામેલ દર્દીઓને (૧૦૨ દર્દીઓને) આ યોજનાનો લાભ આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત દરેક લાભાર્થીને તેમની હયાતી દરમિયાન રૂા.૨,૦૦૦/- (બે હજાર) સુધીનું માસિક પેન્શન આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

**૨. પોલિયો ફાઉન્ડેશન, શામળાની પોળ પાસે, રાયપુર, અમદાવાદ- ૩૮૦૦૦૧, ફોન : ૨૨૧૪૦૯૭૬**

પોલિયોથી અસરગ્રસ્ત બાળકોને શસ્ત્રક્રિયા દ્વારા પોતાના પગે ચાલતા કરવા માટેની ૨૭ પથારીઓવાળી અદ્યતન હોસ્પિટલ

આધુનિક સગવડો સાથે આ સંસ્થા ચલાવે છે, જેમાં કેલીપર્સ વર્કશોપ, ફિઝિયોથેરાપી સેન્ટર, કાઉન્સેલિંગ સેન્ટર પણ છે. સંપૂર્ણ સારવાર શસ્ત્રક્રિયા, કસરત વગેરેની સગવડ વિના મૂલ્યે આપવામાં આવે છે.

તેમજ સેરેબ્રેલ પાલ્સીથી પીડિત બાળકો માટે તપાસ, સારવાર, શિક્ષણ અને તાલીમ આપે છે. જેમાં વિવિધ નિષ્ણાંતો (સાયકો થેરાપિસ્ટ, સ્પીચ થેરાપિસ્ટ, એજ્યુકેશન થેરાપિસ્ટ, ફિઝિયો થેરાપિસ્ટ સાયક્રીયાટિસ્ટ અને ઓર્થોપેડિકસની સેવા આપી આ બાળકોને સહાયરૂપ થાય છે. કેર સેન્ટરમાં આવનારાં દરેક બાળક પાછળ સારો એવો ખર્ચ કરે છે તેમજ આ સંસ્થા કાયમી મેરેજ બ્યુરો પણ ચલાવે છે.

૩. **કરુણા મેડિકલ ટ્રસ્ટ, નારણપુરા, રેલવે ક્રોસિંગ પાસે, અમદાવાદ-૩૮૦૦૧૩ ફોન : ૨૭૫૫૧૨૯૪**

પોલિયોગ્રસ્ત બાળકોને ઓપરેશન દ્વારા નવજીવન આપવાનું ઉમદા કાર્ય આ ટ્રસ્ટ કરે છે. સંસ્થાએ નિષ્ણાંત ડૉક્ટરો દ્વારા અત્યાર સુધીમાં ૪,૩૦૦ ઉપરાંત ઓપરેશનો કર્યાં છે. તેમાં સી.ટી.ઈ.વી. અને રશિયન પદ્ધતિ ઈલિઝારોપનો સમાવેશ થાય છે, જેમાં બાળકોને જરૂરિયાત મુજબ અઢીથી ત્રણ માસ ટ્રસ્ટની હોસ્પિટલમાં રાખવામાં આવે છે. દર્દીને ઓપરેશન, દવા, સારવાર, રહેવા-જમવાનું તથા કેલીપર્સ વિના મૂલ્યે પૂરાં પાડવામાં આવે છે. સાથે દર્દીના વાલીને પણ રહેવાની-જમવાની સગવડ આપવામાં આવે છે.

૪. **ભારત વિકાસ પરિષદ** વિકલાંગ કેન્દ્ર, ૨૨ એલ.એલ. જયદીપ ટાવર, શ્રેયસ રેલવે ક્રોસિંગ પાસે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન નં. ૦૭૯-૨૬૬૨૨૨૫૭ http/membertripped.com/bvppaldi

સને ૧૯૯૮થી આ કેન્દ્ર કાર્યરત છે. જેમાં આજ સુધી ૧૨,૪૬૯થી વધુ વિકલાંગ લાભાર્થીઓને કૃત્રિમ હાથ, કૃત્રિમ પગ, કેલપીર્સ, ઘોડી વોકર, સ્ટીક, ટ્રાઈસિકલ, સર્જીકલ બૂટ તથા કાનની બહેરાશ દૂર કરવા બહેરાશવાળા લાભાર્થીઓને શ્રવણયંત્ર વગેરે નિઃશૂલ્ક આપેલાં છે. આ કેન્દ્ર વિકલાંગ વ્યક્તિઓને આજીવિકા મેળવવા માટે પણ મદદરૂપ થાય છે કેન્દ્ર દ્વારા રાજ્યના જુદા જુદા અંતરિયાળ વિસ્તારોમાં આજ સુધી ૧૧૫થી વધુ વિકલાંગ કેમ્પોના આયોજન દ્વારા વિકલાંગોને જરૂરત પ્રમાણેનાં સાધનો આપવામાં આવ્યાં છે.

૫. **શ્રીમતી પરસનબહેન નારણદાસ રામજી શાહ (તળાજા વાળા) સોસાયટી ફોર રિલીફ એન્ડ રિહેબિલિટેશન ઓફ ધી ડિસેબલ્ડ, ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪૦૦૨ ફોન : (૦૨૭૮) ૨૪૨૦૮૩૬, ૨૪૨૯૩૨૬**

ગુજરાતમાં વિકલાંગો માટે સમુદાય આધારિત સંસ્થાઓનું આ એક મોટું સંકુલ સને ૧૯૬૦થી કાર્યરત છે. જેમાં પ્રજ્ઞાચક્ષુ, શ્રવણમંદ, મંદબુદ્ધિવાળા કે શારીરિક ક્ષતિવાળી વ્યક્તિઓના શિક્ષણ-પુનઃસ્થાપનની કામગીરી મોટા પાયા પર કરે છે. વિશાળ સંકુલમાં અલગ-અલગ અદ્યતન સગવડતાવાળા શાળાના મકાનો, હોસ્ટેલો, વર્કશોપ આવેલા છે, જેમાં કૃત્રિમ સાધનો અને અવયવોનું વર્કશોપ આવેલું છે. જે વિકલાંગોને હલન-ચલન અને રોજિંદા કામકાજમાં સહાયભૂત થાય તેવા કૃત્રિમ સાધનો અને અવયવો સંસ્થાના વર્કશોપમાં બનાવવામાં આવે છે. દર વર્ષે હજારોની સંખ્યામાં કેલીપર્સ, ઓર્થોસૂઝ, ઘોડી, ટ્રાઈસિકલ, વ્હીલચેર, કૃત્રિમ પગ અને હાથ જરૂરતમંદ આર્થિક નબળા લાભાર્થીઓને વિનામૂલ્યે આપવામાં આવે છે. વર્કશોપ સાથે રિસર્ચ અને ડેવલપમેન્ટ વિંગ પણ કાર્યરત છે જેમાં વર્ષોના સંશોધનના અંતે એન્ડોરસ્કેલટેલ ‘પ્રભાફૂટ’ ક્રોસ લેગ ડેવલપ કરવામાં આવેલ છે ઉપરાંત ‘ઈલેક્ટ્રોનિક અપરલીંબ’ કૃત્રિમ હાથ તેમજ અન્ય સાધનો ઉપર સંશોધન કાર્ય ચાલી રહ્યું છે. સંસ્થાની આ ટેકનિકલ જાણકારી દેશ-વિદેશની સંસ્થાઓને પણ આપવામાં આવે છે તેમજ સ્કિલ્ડ-અનસ્કિલ્ડ વર્કરો તથા એન્જિનિયરોની તાલીમ માટેની વ્યવસ્થા છે.

૬. **શ્રી વાડીલાલ એસ. ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ,** નેમીનાથજીની વાડી, વી,એસ. ગાંધી સર્કલ, કપડવંજ-૩૮૭૬૨૦, જિ. ખેડા, ફોન નં. : (૦૨૬૯૧) ૨૬૨૩૨૩, ૨૬૩૨૯૬ ફેક્સ : (૦૨૬૯૧) ૨૬૩૪૬૬

E-mail : vsgct@yahooo.co.in Website : www.vsgandhitrust.org

વિકલાંગોના પુનર્વસન તથા સમાજસેવા યજ્ઞનો પ્રારંભ સને ૧૯૯૭થી દાતા શ્રી મુકુંદભાઈ ગાંધી (રોયલ કેમિસ્ટ-બોમ્બે) એ કર્યો છે. પોતાની મૂડીમાંથી રૂા.એક કરોડ જેવી માતબર રકમ આ માટે ફાળવી દર વર્ષે મળતી તેના વ્યાજની રકમ રૂા.૧૫ લાખનો ખર્ચ કરવામાં આવે છે. જેમાં હાલ વધારો કરી ૩ કરોડ ૨૦ લાખ રૂપિયાની સંસ્થાને વિકલાંગ પુનઃર્વસન માટે સહાય કરી છે.

● કાર્યક્ષેત્ર : ખેડા જિલ્લાના પાંચ તાલુકા (કપડવંજ, કઠલાલ, ઠાસરા, બાલાસિનોર તથા વીરપુર) ● સી.બી.આર. પ્રોજેક્ટમાં અત્યાર સુધીમાં ૧૧,૦૮૭ વિકલાંગોની નોંધણી, ● જરૂરી સાધન સહાય : (ટ્રાયસિકલ, ઘોડી, કેલીપર્સ, વોકર, સ્ટીક, શ્રવણયંત્ર, સી.પી.ચેર., વ્હીલચેર જેવા સાધનો વિકલાંગોને વિના મૂલ્યે ● મંદબુદ્ધિનાં બાળકોનું ડે-કેર સેન્ટર ● સી.પી. બાળકોનું તાલીમ કેન્દ્ર ● સંકલિત શિક્ષણ યોજનામાં મંદબુદ્ધિ, નેત્રહીન, શ્રવણમંદ બાળકો માટે ઉપરોક્ત પાંચે તાલુકાઓમાં રિસોર્સરૂમની વ્યવસ્થા ● વિકલાંગતા રોકથામ કેન્દ્ર ● હાલમાં ૧૦૦ વર્કરોના સ્ટાફ દ્વારા વિકલાંગોની પુનઃવર્સનની કામગીરી કરે છે. ગયા વર્ષે રૂા.૬ લાખના સાધનો વિકલાંગોને વિતરણ કર્યાં હતાં.

**સંસ્થા દ્વારા નવું સાહસ : 'અનુકંપા પુનઃર્વસન કેન્દ્ર'** શારદા સંકુલ, આનંદ સાગર સોસાયટી સામે, તૈયબપુરા, કપડવંજ-૩૮૭૬૨૦, જિ. ખેડા, ફોન : ૦૨૬૯૧-૨૬૨૩૨૩

● અર્લી ઈન્ટરવેશન રૂમ. (શ્રવણમંદતા) ● ક્લિનિકલ એન્ડ ઓડિયોમેટ્રી રૂમ. ● ઈયરમોલ્ડ લેબોરેટરી, ● સ્પીચ એન્ડ લેંગ્વેઝ લેબોરેટરી ● મગજના લકવાવાળા બાળકોનું તાલીમ કેન્દ્ર ● દૃષ્ટિ ક્ષતિ તપાસ રૂમ. ● ગૃહ વ્યવસ્થા તાલીમ રૂમ ● અલ્પ દૃષ્ટિ સાધન રૂમ. ● કમ્પ્યૂટર ટ્રેનિંગ રૂમ. ● મોબાઈલ રિપેરિંગ કેન્દ્ર

૭. **નવદુર્ગા સેવા ટ્રસ્ટ, (શ્રી નવદુર્ગા મંદિર) મુ. દશરથ, તા. જિ. વડોદરા**

ઈન્ડિયન ડાયમંડ એન્ડ જવેલરી ચેરિટેબલ ફંડ ન્યુયોર્ક પ્રાયોજિત, ભગવાન મહાવીર વિકલાંગ સેવા સમિતિ, જયપુર તેમજ સ્થાનિક સહયોગી સંસ્થા, શ્રી નવદુર્ગા સેવા ટ્રસ્ટ, (નવદુર્ગા મંદિર) તા. જિ. વડોદરા, ફોન : (૦૨૬૫) ૨૭૩૨૬૩ એ રાજયમાં તા.૨૬-૧-૨૦૦૧ના રોજ આવેલા ભયાનક અને વિનાશક ભૂકંપથી અપંગ થયેલી અનેક વ્યક્તિઓ તથા તે સિવાયના અન્ય અપંગોને જયપુર ફૂટ, આર્ટિફિશિયલ આખા હાથ, અડધા હાથ, ટ્રાયસિકલ, કેલીપર્સ, રોજગારી માટે ચાર પૈડાંની લારીઓ તથા રોકડ સહાય પણ જરૂરિયાતવાળા ભાઈ-બહેનોને રાજ્યભરનાં લગભગ-૧૭ જેટલાં મુખ્ય શહેરોમાં વિકલાંગ શિબિરો યોજી વિના મૂલ્યે વિતરણ કરી માનવતાનું કાર્ય કર્યું છે.

૮. **માનવ નિકેતન ટ્રસ્ટ, વડોદરા :** (પ્રેરણા સ્પેશ્યલ સ્કૂલ ફોર ડીફરન્ટલી એબલ્ડ) ૧૧-કૃષ્ણ કુંજ સોસાયટી, શિવ મહલ પેલેસ પાછળ, જેતપુર રોડ, વડોદરા,-૩૯૦૦૦૭ : ટે.નં. ૦૨૬૫-૨૩૫૮૧૩૪

એક વ્યક્તિ અંધ હોય સાથે સાથે બહેરી-મૂંગી પણ હોય, તો તેના માટે તથા તેના કુટુંબીઓ માટે તેની દૈનિક પ્રવૃત્તિ-જરૂરિયાતો-લાગણીઓને સમજવાનું કેટલું મુશ્કેલ પડતું હોય, તે તો બે-ત્રણ મિનિટ આંખો બંધ કરી આપણે વિચારીએ તો જ ખ્યાલ આવે.

આવી વિકટ પરિસ્થિતિવાળી વ્યક્તિઓના રિહેબિલિટેશનનું કામ, તેની તબીબી સારવાર, ટ્રેનિંગ, કાઉન્સેલિંગ માટે કેવી રીતે કામ લેવું તેની સરકારી મેડિકલ ઓફિસરોને તાલીમ આપવાનું કામ ધી રિહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સહયોગથી, આ ટ્રસ્ટ કરે છે અને આવી ત્રણેય જ્ઞાનેન્દ્રિયોની એકી સાથે અપંગતાવાળા છાત્રોની શાળા ચલાવે છે.

૯. **સહયોગ, કૃષ્ઠયજ્ઞ ટ્રસ્ટ, રાજેન્દ્રનગર ચોકડી,** હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવે **જિલ્લા-સાબરકાંઠા, ફોન - (૦૨૭૭૨) ૨૫૪૩૩૭, ૨૫૪૫૩૭ મંદબુદ્ધિ વિભાગ-૨૫૪૬૩૭, મો. : ૯૮૨૫૦૧૧૧૮૫**

E-mail sahyogkushth@sancharnet.on, ● વેબસાઈટ : www.sahyogtrust.org.in

૩૧ એકરમાં પથરાયેલા વિશાળ કેમ્પસમાં ૪૨૮ રક્તપિત્તવાળી અપંગ વ્યક્તિઓ, ઝુંપડાવાસી રક્તપિત્તગ્રસ્તોના ૨૬૯ બાળકો, માનસિક રીતે વિકલાંગ ૨૦૨ ભાઈઓ, ૧૪૩ આવી બહેનોને તેમજ બહુવિકલાંગતા ધરાવતા ૮ બાળકોને રહેવા-જમવાની તથા તેમના દેખભાળની પ્રસંશનીય કામગીરી આ સંસ્થામાં કરવામાં આવે છે. આ વિશાળ સેવા સંકુલ હિંમતનગરથી ૨૮ કિ.મી. દૂર શામળાજી જવાના મેઈન રોડ (નેશનલ હાઈવે) ઉપર આવેલી છે. જ્યાં માનવતાની હૂંફ આપવાનું પવિત્ર યક્ષકર્મ ચાલી રહ્યું છે. જેનો વાર્ષિક નિભાવ ખર્ચ ૧ કરોડ ૫૦ લાખ રૂપિયા છે.

૧૦. **મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન (ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત), ડ્રાઈવ-ઈન રોડ, અમદાવાદ-૩૮૦૦૫૨, ફોન : ૦૭૯-૪૦૦૧૩૭૧૯, ૪૦૦૧૩૭૦૦, ૪૦૦૧૩૯૦૩, ફેક્સ : ૦૭૯-૨૭૯૧૨૬૧૭, E-mail : info@mgliahd.org.**

મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનની સ્થાપના ગુજરાત સરકાર દ્વારા અમદાવાદ ખાતે વર્ષ ૧૯૭૯માં સોસાયટી રજિસ્ટ્રેશન એક્ટ

૧૮૬૦ હેઠળ કરવામાં આવી છે. સંસ્થાનની સ્થાપનાનો ઉદ્દેશ ઔદ્યોગિક સંબંધોને ઉત્તેજન આપવા અને શ્રમજીવીઓને સામાજિક ન્યાય સાંપડે તે હેતુથી સંશોધન અને તાલીમ આપવાની પ્રવૃત્તિઓ કરવાનો છે.

આ ઉદ્દેશને બર લાવવા માટે સંસ્થાન દ્વારા વિવિધ ક્ષેત્રે કાર્યરત શ્રમજીવીઓની સાથે સાથે વિકલાંગ શ્રમજીવીઓ માટે પણ તાલીમ, કાર્યશાળા અને પરિસંવાદ વગેરે પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. આ કાર્યક્રમોમાં વ્યાવસાયિક પ્રશિક્ષણ માટેની યોજનાઓ તથા ગુજરાત સરકારની વિકલાંગો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી અને માર્ગદશન આપવામાં આવે છે.

**૧૧. શ્રી ભીમેશ્વર મહાદેવ ટ્રસ્ટ- પાલિતાણા સંચાલિત મંદબુદ્ધિ જનઆશ્રમ, મુ. આદિપુર, તા. પાલિતાણા-સ્થાપના વર્ષ : ૨૦૦૪**

માણસ જાત માટે સૌથી ભયાવહ કોઈ બાબત હોય તો તે હશે મનોવ્યથા, હતાશા, એકલતા અને તેના પરિણામે ઉદ્ભવતી માનસિક બીમારીઓ. આજનો માનવી પારિવારિક, સામાજિક અને આર્થિક વિટંબણાઓનો ભોગ બન્યો છે. ક્યાંક એ સ્વજનોથી તરછોડાયેલો છે, ક્યાંક એ પૈસાથી પછડાયો છે, ક્યાંક એ વિચારોમાં સપડાયો છે તો ક્યાંક એ જીવતરના અડધે-રસ્તે અટવાયો છે.

આવા માનસિક રીતે અટવાયેલા અસ્થિર માણસનો તારણહાર અને પાલનહાર એટલે શ્રી ભીખાભાઈ બી. સાઠિયા. જે સમાજમાં તિરસ્કૃત એવા કેટલાય મનોરોગીઓને પોતાની આંખના રતનની માફક સાચવી રહ્યા છે.

વારસામાં મળેલ ૮૦ થી ૮૫ લાખની જમીનમાં પિતૃઋણ અદા કરવાના ભાવથી મંદિર બનાવવાનું શરૂ કર્યું. 'પાગલ મંદિર'ની શરૂઆત કરી. એટલું જ નહીં પણ રખડતા પાગલોને જે કોઈ આ મંદિર સુધી પહોંચાડે તેને રૂા.૧૦૦/- ભેટ પણ આપવામાં આવે છે.

આદિપુરમાં ૧૦૫ પાગલો હતા. આ પાગલો પોતાનું દૈનિક કામ જાતે જ કરે છે. ઉપરાંત કપડાં, વાસણ ધોવાં, વાળવું, રસોઈ કરવી, કડિયા કામ કરવું જેવા કામમાં પણ શિસ્તબદ્ધ રીતે આ પાગલોને તેમણે કામ કરતાં કર્યા છે.

૧૨. **દિશા સ્પેશિયલ સ્કૂલ એન્ડ ઓટિઝમ સેન્ટર,** ૬૨, સંપતરાવ કોલોની, અલ્કાપુરી, વડોદરા-૭૫ ટેલિફોન નંબર ૦૨૬૫-૨૩૫૬૬૪૮

- દિશા વિશિષ્ટ શાળા અને વ્યાયામ કેન્દ્ર
- દિશા માનસિક કેન્દ્ર
- સામાજિક સ્તર આધારિત પુનર્વસન કાર્યક્રમો

માનસિક વિકલાંગો-વાંચવા-ભણવાની નબળાઈ, મગજનો લકવો, માનસિક મંદતા અને વિવિધલક્ષી વિકલાંગતા ધરાવતાં બાળકો માટે ખાસ સેવાઓની વિશાળ શ્રેણી આ સંસ્થા પૂરી પાડે છે. આ કેન્દ્રમાં બાળકોને વાતચીત, શિક્ષણ અને સામાજિક કુશળતા માટેનો ખાસ કાર્યક્રમ ચલાવવામાં છે. સામાજિક સ્તરે પુનર્વસન કેન્દ્ર વડોદરામાં ગંદા વસવાટમાં વસતા વિકલાંગ બાળકો અને તેના પરિવારો માટે ખાસ આરોગ્ય સંભાળ અને વ્યાયામ સગવડો પૂરી પાડે છે. સંસ્થા મેળાવડા દ્વારા, ચર્ચા સભાઓ. જૂથ બેઠકો વગેરે યોજીને તેમના પ્રશ્નોની ચર્ચા કરે છે અને તેમનામાં જાગૃતિ લાવવા કાર્યક્રમો યોજે છે.

૧૩. **શ્રી નવચેતન અંધજન મંડળ, માધાપર,** વિકલાંગ વિદ્યા વિહાર, કચ્છ ડેરી પાસે, પો. બો. નં.૧૨ માધાપર, તા.ભૂજ. (કચ્છ) ફોન. નં. ૦૨૮૩૨-૨૪૦૨૧૦,૨૪૨૯૮૯

માધાપર સ્થિત શ્રી નવચેતન અંધજન મંડળ, બ્રેઈલ પ્રેસ અને લાઈબ્રેરી ચલાવે છે. તે ઉપરાંત વિકલાંગ બાળકો અને બાલિકાઓ માટે હોસ્ટેલ ચલાવે છે. કસરત કેન્દ્ર, અવાજ ગ્રહણ ઓડિયો રેકોર્ડિંગ પ્રાથમિક અને માધ્યમિક શાળા ચલાવે છે.

ભચાઉમાં વૃદ્ધાશ્રમ અને પ્રાથમિક શાળા પણ ચલાવે છે. વિવિધલક્ષી પ્રવૃત્તિઓમાં ઔદ્યોગિક તાલીમ, બૌદ્ધિક વિકાસ પુનર્વસન વિકલાંગ બાળકો માટે સંકલિત અભ્યાસક્રમ ચલાવે છે.

૧૪. **સેન્સ ઈન્ટરનેશનલ (ઈન્ડિયા), બીજો માળ, અંધજન મંડળ કેમ્પસ, એડમિનિસ્ટ્રેશન બ્લોક, આઈ.આઈ.એમ. સામે, વસ્ત્રાપુર અમદાવાદ-૩૮૦૦૧૫**

**E-mail : info@senseintindia.org. Website : www.senseintindia.org**

**અને ટોલ ફ્રી નંબર : ૧૮૦૦૨૩૩૭૯૧૩ ૦૭૯-૨૬૩૦૧૨૮૨**

સેન્સ ઈન્ટરનેશનલ (ઇન્ડિયા) ભારતના બધિરાંત (Deafblind) લોકો માટે કામ કરતી પ્રથમ એક માત્ર સંસ્થા છે. બધિરાંત એ સાંભળવા અને બોલવાના નબળાપણાનું સંયોજન છે. તેઓ તેમના સમાજમાં ક્રિયાશીલ અને જવાબદાર નાગરિક બને. તેઓને શિક્ષણ અને વ્યાવસાયિક તાલીમ સેવા પૂરી પાડી તેમજ સામાજિક સંસ્થાઓ તથા સરકારને બધિરાંત નાગરિકોને તેઓની જરૂરિયાત પૂરી પાડવા મદદ કરે છે. ભારતભરના ૧૦,૦૦૦ શ્રવણમંદ લોકોને અમારી સહભાગી સંસ્થાઓ મારફતે સેવાઓ પૂરી પાડવામાં આવે છે. અત્યારના તબક્કે ૧૯ રાજ્યોની ૩૮ સેવા સંસ્થાઓ દ્વારા આ સંસ્થા કામ કરી રહી છે. આગામી વર્ષોમાં બહેરા-મૂંગા માટે દસ રાજ્યોમાં વ્યાવસાયિક કાર્યક્રમોને અમલમાં મૂકવાની સંસ્થાની નેમ છે. આમ થવાથી શ્રવણમંદ આવી સેવાઓ લેવા માટે માત્ર એક દિવસના ટૂંકા પ્રવાસથી મેળવી શકશે.

એક અંદાજ પ્રમાણે ભારતમાં ૪,૫૦,૦૦૦ બધિરાંત. આમાંના ઘણા તો સામાન્ય બિલકુલ બહેરા કે મૂંગા હોય છે. આમ જુદા જુદા પ્રકારની બહેરાશ કે મૂંગાપણાંને કારણે વાતચીત કે માહિતીને મુલવવાનો કે પડકાર ઝીલવાની તકો ગુમાવે છે. ઘણા બહેરા-મૂંગા બાળકોએ શારીરિક સંવેદનશીલતા અને અભ્યાસમાં ઘણો વિકાસ સાધ્યો છે. તેમ છતાં તજજ્ઞોનો સહારો અને શિક્ષણ તેમના જીવનમાં ગુણાત્મક સુધારો લાવવા મદદરૂપ થઈ શકે છે.

- **શ્રવણમંદ બાળકો-વૃદ્ધો સાથે કામ જરૂરિયાત આધારિત અભિગમ :**

  સેન્સ ઈન્ટરનેશનલ ઈન્ડિયા એ સામાજિક બદલાવ માટે શિક્ષણને માધ્યમ તરીકે સ્વીકાર્યું છે. આ અભિગમ સ્પષ્ટ, કલ્પના શક્તિવાળો અને સચોટ છે. ખરેખર તો ઘરશાળા, કેન્દ્રશાળા, સમાજશાળા આધારિત પુનઃસ્થાપનાના કાર્યક્રમો, શિક્ષણ કાર્ય ઉપરાંત તેમના દૈનિક જીવન, સંદેશાવ્યવહાર સામાજિક ઉત્થાન અને વ્યાવસાયિક કુશળતા ઘડવા માટે ચલાવે છે.

- **માનવ સંશાધનનો વિકાસ :**

  ભારતમાં બધિરાંત ઉચ્ચ તાલીમી શિક્ષકો મળી રહે તેવા ઉમદા હેતુથી અમારી સહયોગી સંસ્થાને મુંબઈ અને ચેન્નાઈમાં ખાસ કરીને બધિરાંતને કેન્દ્રમાં રાખીને ખાસ અભ્યાસક્રમ શરૂ કરવા પ્રોત્સાહિત કરે છે. આ ઉપરાંત Rehabilitation Council of India and National Trust For Welfare Of Persons With Austism, cerebralpalsy Mental Retardation and multiple Disabilities એ પણ અમારા સહયોગથી તેમના તાલીમી કાર્યક્રમો અને સેવાઓમાં બધિરાંત માટે સામેલ થયા છે. સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત રાજ્યોએ તેમની પ્રાદેશિક ભાષામાં તાલીમ અને સંદર્ભ સાહિત્યને દાખલ કર્યું છે.

- **માળખાની રચના :**

  સેન્સ ઈન્ટરનેશનલ (ઈન્ડિયા) હવે કુટુંબો, પુખ્ત બધિરાંત અને શિક્ષકોના રાષ્ટ્રીય કક્ષાએ એક માળખાના વિકાસમાં હાથ લંબાવ્યો છે. આ માળખાને 'પ્રયાસ', 'ઉત્થાન' અને 'અભિપ્રેરણા' જેવા નામો આપી, સોસાયટી રજિસ્ટ્રેશન એક્ટ તથા મુંબઈ પબ્લિક ટ્રસ્ટ એક્ટ નીચે નોંધણી પણ કરવામાં આવી છે. આ માળખાનો મુખ્ય હેતુ આવા બધિરાંત લોકો તેમના કુટુંબ અને શિક્ષિકોને નવી કુશળતા પ્રાપ્ત કરવા અને સારા ભવિષ્યના નિર્માણ કરવાનો છે.

  **નીતિ-નિર્ધારણ**

  સેન્સ ઈન્ટરનેશનલ (ઈન્ડિયા) એ નીતિ-નિર્ધારણ કરતા સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, માનવ સંશાધન વિકાસ મંત્રાલય, આરોગ્ય મંત્રાલય વગેરે સાથે કામ કરે છે.

  આંતરરાષ્ટ્રીય કક્ષાએ UNESCAP અને Deafblind International સમક્ષ તેમનો અવાજ પહોંચે અને તેઓનો સહયોગ મળી રહે તે માટે સતત પ્રયત્નશીલ છે.

  આ બધા પ્રયાસોથી બધિરાંત સમુદાયને ક્યારે પણ તિરસ્કારાશે નહિં, તેમને તરછોડી શકાશે નહીં.

● **ગુજરાતમાં નીચેની જગ્યાએ સેવા ઉપલબ્ધ છે**

| ક્રમ | સંસ્થાનું નામ | સરનામું | ફોન નંબર અને ઈ-મેઈલ એડ્રેસ |
|---|---|---|---|
| ૧. | અંધજન કલ્યાણ ટ્રસ્ટ | જૈન દેરાસરની પાછળ, સ્ટેશન પ્લોટ, ધોરાજી-૩૬૦૪૧૦ | Phone : 02824-223502/227352<br>E-mail : aktrust@sancharnet.in |
| ૨. | બ્લાઈન્ડ પીપલ્સ એસોસિએશન | જગદીશ પટેલ ચોક, ડૉ. વિક્રમ સારાભાઈ માર્ગ, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૧૫ | Phone : 079-26304070/26303513<br>E-mail : bpaiceviad1@sancharnet.in |
| ૩. | બ્લાઈન્ડ વેલફેર કાઉન્સિલ | પંચમુખીની પાછળ, હનુમાન રોડ, પોસ્ટ બોક્ષ નં.૧૧૫, દાહોદ-૩૮૯૧૫૧ | Phone : 02673-651988/651989<br>E-mail : bwcdahod@yahoo.co.in |
| ૪. | કચ્છ વિકાસ ટ્રસ્ટ | રાધનપુર, પોસ્ટ : નાગોર, ભૂજ-૩૭૦૦૦૧ | Phone : 02832-274230/274280/ 274286<br>E-mail : kvt1@rediffmail.com |
| ૫. | નેશનલ એસોસિએસન ફોર ધ બ્લાઈન્ડ | એનએબી, સાંબરકાંઠા જિલ્લા શાખા, શ્રીનગર રોડ નં.૧૦ ઈડર-૩૮૩૪૩૦ | Phone : 02778-2250298 |
| ૬. | નેશનલ એસોસિએસન ફોર ધ બ્લાઈન્ડ | એલ.જી.- ૧૦ પેરાડાઈઝ ટાવર, રેલવે સ્ટેશન રોડ, જહાંગીર સિનેમા પાસે, નવસારી | Phone : 02637-240005, 250025 |
| ૭. | આશીર્વાદ ટ્રસ્ટ ફોર ડીસેબલ | પોલીસ સ્ટેશનની સામે, નેશનલ હાઈવે, સાયલા, જિ. સુરેન્દ્રનગર | Phone : 02755-228115<br>E-mail : atfdsayla@sanchan.net |
| ૮. | શ્રી અંધજન મંડળ | એરોડ્રામ રોડ, જામનગર, વિવિધલક્ષી તાલીમ કેન્દ્ર | Phone : 0288/277123248, 2712380<br>E-mail : pgmanrodi@yahoo.co.in |

૧૫. **હક્સ ફાઉન્ડેશન ટ્રસ્ટ, અમદાવાદ.** ૩, પીર કમાલ સોસાયટી, દાણીલીમડા, પાણીની ટાંકી પાસે, અમદાવાદ, ફોન-ઓફિસ : ૦૭૯-૨૫૩૩૦૭૬૬, ૦૭૯-૨૫૩૫૦૩૬૪ (ઘર)

આ સંસ્થા માર્ગદર્શન શિબિરો યોજી નિરાધાર, વિધવા અને વૃદ્ધોને તથા વિકલાંગોને સરકાર તરફથી મળવાપાત્ર સવલત/સહાય અપાવવા પ્રચાર-પ્રસાર ઝુંબેશ ચલાવે છે અને સમાજના અપંગોના લગ્નના પ્રશ્ને સરળતા થાય તે માટે દર વર્ષે લગ્ન-રિશ્તા કાર્યક્રમોનું આયોજન કરે છે.

૧૬. **પ્રાસ્પરિંગ ગિલ્ડ ઓફ ધ બ્લાઈન્ડ ટ્રસ્ટ, અમદાવાદ.** કૃપા કુટિર, ક્રિશ્ચિયન હીલ સોસાયટી, પંજાબ નેશનલ બૅંક પાછળ, મણિનગર (પૂર્વ), અમદાવાદ, ફોન : ૦૭૯-૨૭૭૧૫૦૮, ૨૭૭૪૦૭૪

સંસ્થા વિકલાંગોને સાધન સહાય આપી, ધંધા રોજગારમાં લગાડવાનું, ખેતીવાડીનાં ઓજારો તથા ગાય-ભેંસની મદદ આપી પૂરક રોજગારી અપાવવાનું કાર્ય કરે છે. ઉપરાંત આહવા-વ્યારા-ડાંગ તરફના વિકલાંગો માટે મોબાઈલ દવાખાનાં દ્વારા મેડિકલ ચેકઅપ તથા તબીબી સારવારની કામગીરી પણ કરે છે.

૧૭. **હેન્ડિકેપ્ડ વેલ્ફેર ફેડરેશન, બી-૧૩, કોઠારી ટાવર, સાબરમતી, અમદાવાદ. ફોન : ૨૭૫૧૬૦૧૩, ૨૭૨૭૦૪૪૬**

વિકલાંગોને સાધન-સહાય, માર્ગદર્શન આપતી તથા તેમના પ્રશ્નોમાં મદદરૂપ થતી આ સંસ્થા છે. સંસ્થા લગ્ન મેળાવડા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તેમજ અપંગો માટે પ્રવાસ કાર્યક્રમોનું આયોજન કરે છે.

૧૮. **મીટ ધી ઈન્ટરનેશનલ ડિસેબિલિટી હેલ્પલાઈન, ૧૮- ભારત કો.-ઓ. હા. સોસાયટી, લક્ષ્મી કોલોની પાછળ, કાંકરિયા રોડ, અમદાવાદ- ૨૨** Fax : 079-27544099 E-mail : ranjit@ourindia.com Website : http/www.outindia.com/ranjit.htm

સંસ્થા હેલ્પલાઈન ૯૮૨૫૦૧૯૯૨૨ (મોબાઈલ નંબર) દ્વારા વિકલાંગોને મળતી સવલતો બાબત માર્ગદર્શન આપે છે તેમજ વિકલાંગોને રેડિમેડ વસ્ત્રો બનાવવાની તાલીમ આપી ત્યાં જ રોજગારી પૂરી પાડે છે.

**૧૯. ઉત્થાન તાલીમ કેન્દ્ર, પીપલ્સ કો.ઓ.બૅંક પાસે, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૬, ફોન : ૨૬૫૭૭૪૨૫**

માનસિક ક્ષતિ ધરાવતા કિશોરો માટેનું બિન નિવાસી તાલીમ કેન્દ્ર છે, જેમાં ૧૪ વર્ષથી ૨૪ વર્ષનાને પ્રવેશ આપી સિલાઈ કામ, કાગળની થેલીઓ, ફાઈલ કામ, સુથારી કામ, મીણબત્તી, પ્લાસ્ટિક મોલ્ડિંગ, ગ્રીટિંગ્સ કાર્ડ, દિવાળી કાર્ડ, અભિનંદન કાર્ડ, ડૉક્ટરોની ફાઈલ તથા ઓફિસ ફાઈલના કામની તાલીમ આપી રોજગારી આપવામાં આવે છે.

**૨૦. સોસાયટી ફોર ધી વેલ્ફેર ઓફ ધી મેન્ટલી રીટાર્ડેડ, ૩૦૨, પંચરત્ન એસ્ટેટ, લક્ષ્મી પેટ્રોલપંપની બાજુમાં, ચાંગોદર, અમદાવાદ**

આ સોસયટી માનસિક ક્ષતિ ધરાવતી વ્યક્તિઓના વાલીઓની તથા આ ક્ષેત્રમાં રસ ધરાવતી વ્યક્તિઓની સંસ્થા છે. જેમાં વાલીઓ સાથે મળી એકબીજાના વિચારો, પોતાને પડતી મુશ્કેલીઓ તેમજ તેમના અનુભવોની આપ-લે કરી બાળકોના ઉત્થાન માટે, તેમને મળતા લાભો માટે, તેમના માટે પ્રવાસ, સાંસ્કૃતિક કાર્યક્રમ તથા રમત-ગમત, હરીફાઈ, પ્રદર્શનના કાર્યક્રમોનું આયોજન કરે છે તેમજ સંસ્થાના વિકાસ કામો માટે 'માનસી' અંક બહાર પાડે છે.

**૨૧. શ્રી એસ.જી. બ્રહ્મભટ્ટ બધિર વિદ્યાવિહાર, ડભાણરોડ, નડિયાદ - ૩૮૭૦૦૨, જિ. ખેડા.**

**ફોન - ૨૫૮૧૯૮૧, ૨૫૮૧૮૨૭**

E-mail : rotarydeafcare@rediffmail.com

આ સંસ્થામાં બહેરા-મૂંગાં બાળકોને પ્રાથમિક તથા માધ્યમિક કક્ષાનું શિક્ષણ આપવામાં આવે છે. હાલ પ્રાથમિક વિભાગમાં ૨૫૨ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ અને ધોરણ ૮ અને ૯માં ૩૪ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે. ધોરણ ૧૦નો વર્ગ શરૂ કરવામાં આવ્યો છે. સાથે સાથે બધિર વ્યાવસાયિક તાલીમ અને પુનઃસ્થાપન કેન્દ્ર પણ ચાલે છે, જેમાં ઓફસેટ પ્રિન્ટિંગ, કોમ્પ્યૂટર, વેલ્ડિંગ, લેડીઝ એન્ડ જેન્ટસ ટેલરિંગ, મોટર રિવાઈન્ડિંગ, સુથારી કામ, કાગળની થેલીઓ, ચોક તથા મીઠાઈના બોક્સ બનાવવાની તાલીમ આપવામાં આવે છે. મોટી ઉંમરના વિદ્યાર્થીઓ તથા શાળામાં ભણતા ઉપલા વર્ગના છાત્રોને પણ આમાં રોજગારલક્ષી તાલીમ આપવામાં આવે છે.

**૨૨. દાજીસ ફાઉન્ડેશન ટ્રસ્ટ, અટાર ગામ-ચણોદ દેસાઈ વાસ પંચાયત કચેરીની બાજુમાં, પોસ્ટ ઓફિસ સામે, તા. પારડી જિ. વલસાડ પીન.- ૩૯૬૧૯૫ ફોન : ૦૨૬૦/૨૪૫૨૧૧૬ (મો.) : ૯૪૨૯૨૭૮૩૫૨**

સંસ્થા વિકલાંગો માટે સ્ક્રીન પ્રિન્ટિંગ, બુક બાઈન્ડિંગ, પાપડ-મસાલા, અગરબત્તી, ફાઈલ કવર, નોટબુક વગેરે ગૃહ ઉદ્યોગની તાલીમ આપે છે. ફીનાઈલ, લીક્વીડ સાબુ બનાવે છે.

**૨૩. સેવા રૂરલ-ઝઘડિયા જિ. ભરૂચ - ૩૯૩૧૧૦, ફોન : (૦૨૬૪૫) ૨૦૦૨૧,** દ્વારા તે વિસ્તારના આંખના રોગોથી પીડાતી વ્યક્તિઓના ઓપરેશનો કરવાનું કામ, નેત્રહીન વ્યક્તિઓના રિહેબિલિટેશનનું કામ, સરકાર તરફથી અપાતી સવલતોનું માર્ગદર્શન તથા ઓરિએન્ટેશન અને મોબિલિટીની તાલીમ આપી, ધંધા-રોજગારમાં લગાડવામાં મદદરૂપ થવાનું તથા સંકલિત શિક્ષણ હેઠળ નોર્મલ સ્કૂલોમાં આવા અંધ બાળકોને દાખલ કરાવી શિક્ષણ આપવાનું કમ કરે છે.

**૨૪. વિકલાંગ કલ્યાણકારી ટ્રસ્ટ 'ગીરી' : ૩, સોમનાથ સોસાયટી, ૧૫૦, રૈયા રીંગ રોડ, રાજકોટ- ૩૬૦૦૦૫**

**મો. ૯૪૨૮૦૩૫૦૩૪**

આ સંસ્થા મુખ્યત્વે વિકલાંગ વ્યક્તિઓ અને ખાસ કરીને વિકલાંગ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી કાર્ય કરી રહી છે. વિકલાંગોને વિનામૂલ્યે વિવિધ યોજનાઓ તથા રોજગારલક્ષી માહિતી પહોંચાડવી તથા સમર તાલીમ કેમ્પ, સ્વરોજગારી તાલીમ કેમ્પ, વિકલાંગ વિદ્યાર્થી પુસ્તક સહાય, તેજસ્વી વિદ્યાર્થી સન્માન, વિવિધ સામાજિક તહેવારોમાં વિકલાંગોનો ઉત્સાહભેર સમાવેશ, અવરોધમુક્ત વાતાવરણની હિમાયત, પતંગ મહોત્સવ, ધૂળેટી મહોત્સવ, મટકી ફોડ, રમત-ગમત સ્પર્ધા વગેરેનું આયોજન કરે છે.

**૨૫. શ્રી આશાદીપ વિકલાંગ કલ્યાણકારી ટ્રસ્ટ, 'અલ્તાફ મંઝિલ', ૩૨, દિગ્વિજય પ્લોટ, જામનગર, ફોન : (૦૨૮૮) ૨૬૬૧૩૦૮, ૨૬૭૧૦૦૫, ૯૪૨૮૪૦૦૧૧૧.**

વિકલાંગોના કલ્યાણની પ્રવૃત્તિઓ, તેઓમાં જાગૃતિ લાવવાનું તેમજ રમત-ગમતની સ્પર્ધાઓ યોજવાનું તથા રોજગારલક્ષી કાર્યક્રમો કરે છે.

૨૬. **શ્રી સ્વામીનારાયણ ગુરુકૂળ, શિહોર સંચાલિત 'સમાજ ઉત્થાન માનવ સેવા', શિહોર - ૩૬૪૨૪૦, જિ. ભાવનગર, ટે.નં. ૨૨૨૬૪૫, ૨૨૨૩૩૪૫**

સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અનુસંધાને વિકલાંગો-વિધવાઓ-નિરાધાર-વૃદ્ધોને મળતા લાભો તથા રાષ્ટ્રીય કુટુંબ સહાય, ખેત મજૂરોને અકસ્માત સમયે મળતી વીમા સહાયની યોજનાઓની માહિતી તથા મહિલા કાનૂન-વ્યસન-મુક્તિ-માનવ સેવાના કાર્યો વગેરેના પ્રચાર-પ્રસારનું કામ કરી તેઓને લાભ અપાવવામાં મદદરૂપ થાય છે.

૨૭. **બ્લાઈન્ડ વેલ્ફેર કાઉન્સિલ, મીશન રોડ, રેલવે ઓવર બ્રીજ પાસે, પો.બો. નં. ૧૧૫. દાહોદ - ૩૮૯૧૫૧ ફોન - ૦૨૬૭૩-૨૪૩૩૮૯** ● E-mail : bwcdahod@yahoo.co.in, Website : www.bwcdahod.com

આ સંસ્થા સંકલિત શિક્ષણ યોજનાનું તે વિસ્તારનું કાર્ય સંભાળે છે. અત્યાર સુધીમાં લગભગ ૪૦૫૯ જેટલા બાળકોને સ્પોર્ટ સર્વિસનો લાભ આપવામાં આવ્યો છે. ૩૦૦૦ બાળકોને એજ્યુકેશન કિટ્સ, કપડા, ટેપ-રેકોર્ડર, ટ્રાઈસિકલ, હિયરિંગ એઈડ વગેરે આપવામાં આવ્યાં છે. સંસ્થા મંદબુદ્ધિ, બહુ વિકલાંગ બાળવિકાસ કેન્દ્ર તથા ગ્રામિણ વિકાસ પુનર્વસનનું કામ કરે છે.

૨૮. **વિકલાંગ કલ્યાણ સોસાયટી C/0., સમેત શિખર એપાર્ટમેન્ટ, મુરલી મસ્જિદની સામે, કાજી મેદાન, ગોપીપુરા, સુરત. મો : ૯૩૭૫૮૦૬૮૭૨, ૯૭૨૩૪૩૩૫૪૭ (SMS)**

સંસ્થા વિકલાંગોના ઉત્થાન માટેનું કામ કરે છે તેમજ 'ધ વિકલાંગ અર્બન કો. ઓ. ક્રેડિટ સોસાયટી લિ.' સ્થાપના તે દ્વારા વિકલાંગોને ધિરાણ આપી સ્વરોજગારી મેળવવામાં મદદરૂપ થાય છે.

૨૯. **ડિસેબલ વેલ્ફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા, સમર્થ રો હાઉસની બાજુમાં, શારદા યતન, સ્કૂલ પાછળ, ઉમરા, સુરત-૩૯૫૦૦૭, ફોન : ૦૨૬૧-૨૨૪૬૯૨૭, ૨૨૫૨૯૪૨, ૨૨૫૨૯૬૩, મો. ૯૮૨૫૧૧૦૮૮૮ Website : www.diableindia.org. E-mail : disableindia@yahoo.com**

આ સંસ્થા પ્રાથમિક, માધ્યમિક, આઈ.ટી.આઈ. અને રોજગારલક્ષી તાલીમ સેન્ટર બહેનો માટે સીવણ તાલીમ વર્ગ સ્વરોજગાર માર્ગદર્શન કેન્દ્ર, લગ્ન પસંદગી કેન્દ્ર, ફીઝિયોથેરાપી સેન્ટર વિકલાંગોની વિના મૂલ્યે સારવાર માટે એક અદ્યતન હોસ્પિટલ ચલાવે છે. સાધન સહાય પણ આપે છે. માઉન્ટ આબુ, કુલુ મનાલી તથા ગીર ખાતે ટ્રેકિંગ કેમ્પોનું આયોજન પણ કરે છે.

૩૦. **સોસાયટી ફોર ધી ટ્રેનિંગ એન્ડ વોકેશનલ રિહેબીલિટેશન ઓફ ધી ડિસેબલ્ડ 'સેવા તીર્થ', સ્વામી નારાયણ ગુરુકુલ વિદ્યાલય પાછળ, આદર્શનગર સામે, તરસાલી બાય પાસ, ધનીયાવી રોડ, તરસાલી, વડોદરા-૩૯૦૦૦૯, ટે. નં. ૦૨૬૫-૨૯૭૪૧૮૭, મો. ૯૮૨૫૪૦૭૬૫૪**

સંસ્થા બધા જ પ્રકારનાં વિકલાંગો તથા રક્તપિત્તમુક્તો માટે તાલીમ કમ પુનર્વસન કેન્દ્ર ચલાવે છે, જેમાં કોમ્પ્યુટર, બુક બાઈન્ડિંગ, કટિંગ, ટેલરિંગ, એમ્બ્રોઈડરી એન્ડ નીડલ વર્ગ તેમજ અગરબત્તી, મીણબત્તી, પગ-લુછણિયાં, વોશીંગ પાવડર, લખવાના ચોક વગેરે ગૃહઉદ્યોગ શીખવાડે છે. માનસિક અસ્વસ્થ ભાઈ-બહેનો માટેનું સેન્ટર પણ ચલાવે છે. સંસ્થામાં રહેતા સૌને રહેવા-જમવાની વ્યવસ્થા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે.

૩૧. **ઝેડ રંગુનવાલા સાર્વજનિક ટ્રસ્ટ, રંગુનવાલા હોસ્પિટલ, કાલાવાડ ગેઈટ પાસે, જામનગર-૩૬૧૦૭૧,**

**ફોન નંબર : (૦૨૮૮) ૨૫૫૮૭૪૭, ૨૫૫૦૭૩૯, મો. ૯૩૭૪૮૫૯૭૮૪**

સરકારી યોજનાઓ જેવી કે વિધવા, નિરાધાર, નેત્રહીન-વિકલાંગ વગેરેને સહાય અપાવવામાં આ ટ્રસ્ટ મદદરૂપ થાય છે. મેડિકલ અંગેની સેવા આપે છે. વિકલાંગોને સાધન સહાય આપવામાં આવે છે અને સરકારી યોજનાઓના પ્રચાર-પ્રસારનું કામ તથા લઘુમતિ સમાજને મળતી સ્કોલરશિપના પ્રચાર-પ્રસારનું કામ કરે છે.

૩૨. **Bartimai Centre For The Blind** 25, Society, Maninagar East, Ahmedabad-380008, Phone : 079-22775486, E-mail : skblind@icenet.net, Website : www.geocities.com/bartimai/

છેલ્લાં ૨૫ વર્ષથી નેત્રહીનો માટે વિવિધ સેવાઓ આ સંસ્થા દ્વારા આપવામાં આવે છે. તેમાં મુખ્યત્વે હેલ્પ કેર પ્રોજેક્ટ હેઠળ બેરોજગાર નેત્રહીનોને પીવાના પાણીની લારી, પગ-લૂછણિયાં બનાવવા, છૂટક કે ટેલિફોન બુથ ખાતે વેચવા રૂમાલ, બૉલપેન અન્ય વસ્તુઓ, વજનકાંટા વગેરે સેવાઓ પૂરી પાડે છે. હાલમાં સાડા સાત વર્ષથી આ સંસ્થા નીચે પ્રમાણેની સેવા આપે છે.

● દૃષ્ટિહીન શિશુ માટે હોમ ● હેલ્પ કેર પ્રોજેક્ટ ● અંધત્વ નિવારણ પ્રોજેક્ટ ● બ્રેઈલ પબ્લિકેશન ● ઑડિયો કેસેટ પ્રોડક્શન.

૮૦થી વધુ નેત્રહીન શિશુઓએ આ હોમનો લાભ લીધો છે, જેઓ જન્મથી માંડી સાત વર્ષના તેમજ દરેક ધર્મના હતા. હાલમાં હોમમાં ૨૦ અંધ બાળકો છે.

- **અંધત્વ નિવારણ પ્રોજેક્ટ :** હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં ગર્ભવતી સ્ત્રીઓ તથા શિશુઓને વિટામિન 'એ'ની ગોળીઓ આપવામાં આવી રહી છે.

બાર્તિમાય સેન્ટરને લગભગ ૬૬૦ ચો.વા. બાંધકામનું પોતાનું બે માળનું નવું મકાન છે. અંધ બાળકો માટે સારી સુવિધા, કેળવણીના રમકડાં, ટ્રાઈસિકલ, પગલૂંછણિયા, ત્રણ હાર્મોનિયમ વગેરે છે.

૩૩. **માનવ કલ્યાણ ટ્રસ્ટ, શ્રી અ.લ. પરીખ 'મમતા' મંદિર, દાંડી રોડ, વિજલપોર, તા.-જલાલપોર, જિ. નવસારી-૩૯૬૪૫૦, ફોન : નંબર : (૦૨૬૩૭) ૨૮૩૮૬૦, ૨૮૩૭૮૫**

**E-mail : manavsevatrust@yahoo.co.in Website : www.manavkalantrust.org**

આ સંસ્થાના સંકુલમાં અપંગ બાળકો માટે નિઃશુલ્ક નિવાસી શાળા, તાલીમ કેન્દ્ર અને પુનઃવસન માટેની પ્રવૃત્તિઓ ચાલે છે. હાલ સંસ્થામાં કુલ ૫૧૯ અપંગ બાળકો છે, જેમાં બહેરા-મૂંગા બાળકો અને મંદબુદ્ધિના બાળકો માટેની પ્રવૃત્તિઓ સંસ્થાના મકાનમાં નવસારી ખાતે ચાલે છે. અંધ બાળકો માટે નિઃશુલ્ક નિવાસી શાળા ડાંગ જિલ્લાના વઘઈ તાલુકામાં ડુંગરડા ગામ ખાતે વન વિભાગે આપેલા સંકુલમાં ચાલે છે.

૩૪. **વિકલાંગતા હિમાયત જૂથ : ૧, પંચજ્યોત સોસાયટી, હસમુખ કોલોની સામે, વિજયનગર રોડ, પેટ્રોલ પંપ પાસે, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩ ફોન : ૯૯૯૮૮૭૭૩૫૬, ૯૮૨૫૦૧૯૯૨૨ ૦૭૯-૬૫૪૨૫૬૪૬**

વિકલાંગ વ્યક્તિઓનાં સામૂહિક અવાજને વાચા આપતું દબાણકર્તા જૂથ **'વિકલાંગતા હિમાયત જૂથ'** છે. આ જૂથમાં દરેક પ્રકારનાં વિકલાંગ બાળકો, મહિલાઓ અને પુરુષોને સમાન ભાગીદારીને મહત્ત્વ અપાય છે. દરેક જિલ્લામાંથી વિકલાંગ વ્યક્તિઓ પ્રતિનિધિત્વ ધરાવે છે. આ જૂથ સમાજમાં દરેક ઘટકો તથા સરકાર સામે વિકલાંગ વ્યક્તિઓના પ્રશ્નોને રજૂ કરી ઉકેલ લાવવા માટે સક્રિય પ્રયત્નો કરે છે. 'વિકલાંગતા હિમાયત જૂથ' એ વિકાસલક્ષી સંસ્થા છે, હેન્ડિકેપ ઈન્ટરનેશનલ સંસ્થાના સહયોગથી દરેક જિલ્લામાં વિકલાંગોને મળતા લાભો માટે સેમિનારો યોજે છે.

૩૫. **દશું કેર પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ : ૨૫૨, માણેકબાગ સોસાયટી, ગેટ નં.-૧૧, આંબાવાડી, અમદાવાદ-૧૫, (મો) ૯૮૨૪૨૩૬૬૮૪**

વિકલાંગો, વિકલાંગોને ટ્રાયસીકલ, વ્હીલચેર, ઘોડી, કેલીપર્સ વગેરે વિના મૂલ્યે જરૂરિયાતમંદોને વિતરણ કરે છે. શૈક્ષણિક ક્ષેત્રમાં બધા પ્રકારના વિકલાંગોને સ્કોલરશીપ, ચોપડીઓ, નોટો વગેરેની સહાય કરવામાં આવે છે.

૩૬. **ગાયત્રી વિકલાંગ માનવ મંડળ : ૮, નિલકમલ સોસાયટી, ઘેલાણી પેટ્રોલ પંપ સામે, પ્રગતિ બેન્ક પાસે, નિઝામપુરા, વડોદરા-૩૯૦૦૦૨. (મો) ૯૪૨૯૭૫૭૬૩૪**

વિકલાંગો-વિકલાંગોને ટ્રાયસીકલ, વ્હીલચેર, ઘોડી વગેરે સાધનો વિનામૂલ્યે પૂરા પાડે છે. વિધવા-નિરાધાર બહેનોને અનાજ, સાડી તથા વાસણોનું વિતરણ કરે છે. વિધવા-ત્યક્તાઓને તાલીમ આપી, સ્વરોજગાર માટે સહાય આપી પગભર કરવામાં આવે છે.

૩૭. ભારતીય વિકલાંગ સહાયક કેન્દ્ર, ૨, અસ્મી હાઈસ્કૂલ સામે, તસ્લીમ સોસાયટી, વટવા, અમદાવાદ૩૮૨૪૪૦ મો : ૯૩૭૫૭૦૬૪૫૧ સંસ્થા તમામ જ્ઞાતિના વિકલાંગો-નિરાધાર વૃદ્ધો-વિધવાઓને મળતા સરકારી લાભો અપાવવાનું - સાધનો આપવાનું તથા લગ્ન પસંદગી મેળાઓનું આયોજન કરે છે.

## ૧૩૫. વિકલાંગ વ્યક્તિઓની સહાય અર્થે નિરામયા યોજના :

નેશનલ ટ્રસ્ટ દ્વારા માનસિક વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની સહાય અર્થે અનેક કલ્યાણલક્ષી યોજનાઓ અમલમાં છે. તે પૈકીની એક સૌ માટે ખૂબ ઉપયોગી અને લાભદાયી નિરામયા મેડિક્લેમ યોજના અંગે અહીં કેટલીક મુખ્ય વિગતો આપવામાં આવી છે.

**નિરામયા પોલીસીની વિશિષ્ટ ખાસિયતો :**

- કોઈ ઉંમર મર્યાદા નથી, કોઈપણ ઉંમરે લઈ શકાય છે. વિકલાંગ વ્યક્તિ પોતે કે તેના વાલી કે માતા-પિતા પોતાના પુત્ર માટે પણ પોલીસી લઈ શકે છે.

- કોઈ પૂર્વ આરોગ્ય વિષયક શરતો, અગાઉ કોઈ બીમારી હતી કે નહિ તેવી પૂર્વ શરતો નથી.

- આ વીમો લેવા માટે કોઈ મેડિકલ ટેસ્ટ કરાવવા જરૂરી નથી, કે ડોકટરી તપાસ જરૂરી નથી.

- દેશની કોઈપણ હોસ્પિટલમાંથી કે ડોક્ટર પાસેથી લીધેલી સારવાર માટે દાવા Reimbursement ની સુવિધા. હોસ્પિટલમાં દાખલ થઈ લીધેલ ઈન્ડોર સારવાર તથા હોસ્પિટલમાં દાખલ થયા સિવાય ઘરે રહીને લીધેલ સારવાર ખર્ચને આવરી લીધેલ છે.

- એ ધ્યાનમાં રાખવું કે નિરામયા હેલ્થ (આરોગ્ય સારવાર) વીમો છે, જીવન વીમો નથી. જેથી સારવાર અંગેનો ખર્ચ મળવાપાત્ર છે પણ કોઈપણ સંજોગોમાં વીમાદારનું અવસાન થાય તો તે માટે કંઈજ મળવાપાત્ર નથી.

**આ પોલીસી કોણ લઈ શકે ?**

આ મેડીક્લેઈમ પોલીસી નેશનલ ટ્રસ્ટમાં નિર્દિષ્ટ મંદબુધ્ધિ, સેરેબ્રલ પાલ્સી, ઓટિઝમ અને બહુવિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ જ લઈ શકે છે.

**પોલીસી બે તબક્કામાં લઈ શકાય છે :-**

● પ્રથમ તબક્કો (એપ્રિલ) : પ્રથમ તબક્કા દરમ્યાન લીધેલ પોલીસી ચાલુ વર્ષની ૨ એપ્રિલથી શરૂ થાય છે અને આવતા વર્ષની ૧ એપ્રિલે પૂરી થાય છે. આ તબક્કા માટે નવા પોલીસી ધારકે અને રીન્યુઅલ કરનારે ૧ જાન્યુઆરીથી ૨૮ ફેબ્રુઆરી સુધીમાં અરજી ફોર્મ અને પ્રીમિયમ ભરવાનું હોય છે.

● બીજો તબક્કો (ઓક્ટોબર) : આ તબક્કા દરમ્યાન લીધેલ પોલીસી ચાલુ વર્ષની ૨ ઓક્ટોબરે શરૂ થાય છે અને આવતા વર્ષની ૧ ઓક્ટોબરે પૂરી થાય છે. આ તબક્કા માટે નવા પોલીસી ધારકે અને રીન્યુઅલ કરનારે ૧ જુલાઈથી ૩૧ ઓગસ્ટ સુધીમાં અરજીફોર્મ અને પ્રીમિયમ ભરવાનું હોય છે.

**નવી પોલીસી લેવા માટે અને ચાલુ પોલીસી રીન્યુઅલ કરવા માટે જરૂરી પુરાવાઓ :**

૧. રહેઠાણના પુરાવા (૨) (એડ્રેસ પ્રુફ માટે (રેશનકાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, આધાર કાર્ડ, બેન્ક પાસબુક, ચૂંટણી કાર્ડ)માંથી કોઈપણ એક નકલ.
૨. સરકારી હોસ્પિટલનું વિકલાંગતાનું પ્રમાણપત્રની નકલ.
૩. બી.પી.એલ. કાર્ડની નકલ (જો લાગુ પડે તો.)
૪. જેમની માસિક આવક રૂ. ૧૫,૦૦૦/-થી ઓછી હોય તેના માટે માલતદારશ્રીનું આવકનું સર્ટિફિકેટ.
૫. પાસપોર્ટ સાઈઝનો ફોટો-૧
૬. પ્રીમિયમની રકમ:-

**૧. બી.પી.એલ. કાર્ડ ધારક માટે :** નવા અરજદાર માટે પહેલીવાર રૂ. ૨૫૦/- અને રીન્યુઅલ માટે કોઈ ફી નથી. પરંતુ ફોર્મ ભરવું જરૂરી છે.

**૨. એ.પી.એલ. માટે :** (જેની માસિક આવક રૂ. ૧૫,૦૦૦/-થી ઓછી હોય) નવા અને રીન્યુઅલ દરેક વખતે રૂ. ૨૫૦ પ્રતિ વર્ષ.

**૩. એ.પી.એલ. માટે :**

(જેની માસિક આવક રૂ. ૧૫,૦૦૦/-થી વધુ હોય) નવા અને રીન્યુઅલ દરેક વખતે રૂ. ૫૦૦/- પ્રતિ વર્ષ.

**એનરોલમેન્ટ ફોર્મ :**

માત્ર નેશનલ ટ્રસ્ટમાં રજિસ્ટર થયેલી સંસ્થા મારફત જ નવા વીમા પોલીસી લઈ શકાય છે. રજિસ્ટર સંસ્થાઓની માહિતી www.thenationaltrust.inની વેબસાઈટ ઉપર જોવા મળશે.

રીન્યુઅલ : આ રજિસ્ટર સંસ્થાઓ દ્વારા પણ થઈ શકે છે અને વીમેદાર પોતાની જાતે www.nirmayascheme.com પર જઈ ઓનલાઈન પોલીસી રીન્યુ કરાવી શકે છે.

**પ્રીમિયમ જવા કરાવવાની વિગત :**

દેશભરમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા તથા કોર્પોરેશન બેંકની કોઈપણ શાખામાં પ્રીમિયમ ભરી શકાય છે.

કોર્પોરેશન બેંકમાં :- એકાઉન્ટ નંબર -CLSB/01/090021

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા બેંકમાં - એકાઉન્ટ નંબર : 30396764585

ઉપરની બે પૈકી કોઈપણ શાખામાં પ્રીમિયમ જમા કરાવી શકાય છે. પ્રીમિયમ ભર્યાની અસલ પહોંચ (કાઉન્ટર) સાચવી રાખવું. પ્રીમિયમની રકમ નેશનલ ટ્રસ્ટ કે આઈ.સી.આઈ.સી.આઈ. લોમ્બાર્ડ સીધી મોકલવાની નથી. પરંતુ ઉપરોક્ત બેંકમાં નિરામયા નેશનલ, ટ્રસ્ટ- ન્યુ દિલ્હીના નામના ખાતામાં જમા કરાવવાની છે.

**ક્લેઈમ/દાવો કઈ રીતે કરવો ? તથા સાથે કઈ વિગત જોડવી ? :-**

તમે www.niramayascheme.co અથવા www.icicilombard.com પરથી ક્લેઈમફોર્મ ડાઉનલોડ કરી શકો છો. આ ફોર્મને વ્યવસ્થિત ભરીને તેની સાથે નિરામયા કાર્ડની નકલ, અપંગતાના મેડિકલ સર્ટીફિકેટની નકલ, ભરેલું PART-C ફોર્મ, વ્યક્તિના બેંક ખાતાની પાસબુકની પહેલા પાનાની બેંક મેનેજર દ્વારા ખરાઈ કરેલી નકલ અથવા ખાતેદારની સહી કરેલો બ્લેંક કેન્સલ ચેક, ડોક્ટરે લખી આપેલા ઓરીજનલ, પ્રિસ્કિપ્શન, ઓરીજનલ મેડિકલના બીલો, હોસ્પિટલમાં દાખલ થયાનો ઓરીજનલ રીપોર્ટ, બહારગામ સારવાર લીધી હોય તો મુસાફરીની ટીકીટો જોડવાની હોય છે અને સારવાર લીધાની એક મહિનાની અંદર નીચેના સરનામે મોકલવાના હોય છે. ઘરે સારવાર લીધી હોય તો ઓ.પી.ડી.ના કિસ્સામાં ક્લેઈમ ફોર્મમાં ડોક્ટરની સહી-સિક્કા તથા રજિસ્ટ્રેશન નંબર જરૂરી છે. ક્લેઈમ ફોર્મ નેશનલ ટ્રસ્ટને મોકલવાનું હોતું નથી.

**ક્લેઈમ મોકલવાનું સરનામું :**

ICICI Lombard G.I.C., ICICI Bank tower, Plot No. 12, Financial District, Nakrani Guda, Gulnibowli, Hyderabad-5000032 (A.P.)

**ખાસ નોંધ :**

૧. ક્લેઈમ ફોર્મ ઉપર પોતાનો મોબાઈલ નંબર લખવાનું ન ભૂલો, તમારા મોબાઈલ ફોન ઉપર તમને ક્લેમનો આઈ.ડી.નંબર અને ક્લેઈમ સાથે સંકળાયેલી માહિતી SMS થી મળશે.

૨. ક્લેઈમની રકમ માત્ર લાભાર્થીના બેંક ખાતામાં સીધી જમા થતી હોવાથી કોઈપણ બેંકમાં વીમો લીધેલ લાભાર્થીનું ખાતું હોવું જરૂરી છે. હવે ચેક મોકલવામાં આવતો નથી.

૩. તમારા મોબાઈલ નંબર પર ક્લેઈમ નંબર મળ્યા પછી ક્લેઈમની સ્થિતિ જાણવા તથા કલેમની ફરીયાદ કરવા માટે સંપર્ક નંબર ૧૮૦૦ ૨૦૯ ૮૮૮૮, ૧૮૦૦ ૨૩૩ ૪૫૦૫, ૧૮૦૦૨૩૩૧૧૬૬

**નિરામયા પોલીસી લેવા તથા માર્ગદર્શન માટે સંપર્ક કરો :-**

(૧) 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા
પ્લોટ નં. ૧૯૪૫, વર્કિંગ વુમેન્સ હોસ્ટેલ પાસે, સરદારનગર સર્કલ, ભાવનગર - ૩૬૪૦૦૨(ગુજરાત)
ફોન નં. (૦૨૭૮) ૨૫૬૬૯૫૬/ ૨૫૭૩૦૩૮
સંપર્ક : શ્રી જયપાલસિંહ જે. ગોહિલ

(૨) નટરાજ સ્પેશ્યલ સ્કૂલ ફોર ચિલ્ડ્રન વીથ સેરીબ્રલ પાલ્સી, નટરાજ રિસર્ચ સેન્ટર એન્ડ ટ્રેનિંગ કોલેજ
દુઃખી શ્યામબાપાના આશ્રમ પાસે, કાળીયાબીડ, ભાવનગર-૩૬૪૦૦૨ (ગુજરાત)
ફોન નં. (૦૨૭૮) ૨૫૭૦૧૨૬ / ૩૨૦૨૪૭૦
સંપર્ક : શ્રી હિતેશભાઈ ઓઝા

## ૧૩૬. બહેરાશ અને મૂંગાપણું દૂર કરવા 'નહીં નફો, નહીં નુકસાન' ના ધોરણે રાજકોટમાં અદ્યતન સારવાર કેન્દ્રઃ

ગુરુકૃપા ટાવર, મોટી ટાંકી પાસે, રાજકોટ.

રાજકોટમાં સૌરાષ્ટ્ર ઓડિયોલોજીકલ એન્ડ હિયરિંગ એઈડ સેન્ટર કાર્યરત છે. શ્રીમતી સિંધુબહેન કુમારપાળ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા અદ્યતન યંત્રો દ્વારા બહેરા-મૂંગા બાળકોને સારવાર આપે છે .મૂક-બધિરપણું દૂર કરવા સૌરાષ્ટ્રનું આ પ્રથમ અદ્યતન સારવાર કેન્દ્ર છે. કેન્દ્રમાં અતિ આધુનિક ટેસ્ટ કરવાની પણ સગવડ છે. ટચૂકડા શ્રવણ યંત્ર દ્વારા બહેરાશનો કાયમી ઈલાજ આ કેન્દ્રમાં શક્ય બનશે.

વાક્શક્તિને લગતી સમસ્યા બાળપણથી જ દૂર થાય તે જરૂરી છે. મૂંગા અને તોતડાપણું ધરાવતા લોકો લઘુતાગ્રંથિ, અધૂરપ, શરમ, ક્ષોભ અનુભવે છે. અભિશાપરૂપ આ નબળાઈ દૂર કરવા માટે પણ આ કેન્દ્રમાં આધુનિક સુવિધા પ્રાપ્ત થશે તથા અવાજને લગતી નબળાઈઓ દૂર કરવા વોઈસ થેરાપીનો ઉપયોગ કરવામાં આવશે.

## ૧૩૭. લો વિઝનથી પીડાતી વ્યક્તિઓ માટે નિદાન-સારવાર-પુનર્વસન :

ભારતના ૪.૫ કરોડ (અંધજનો સિવાય) લો વિઝનથી પીડાતા અને સન ૧૯૯૫ના વિકલાંગ ધારામાં સમાવિષ્ટ લોકો માટે એન.એ.બી. ઈન્ડિયા, મુંબઈના પ્રયત્નોથી ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા તેમના નિદાન, સારવાર પુનર્વસન અને સાધન સહાય માટે મંજૂર કરાયેલ કેન્દ્ર પૈકી ગુજરાતમાં નીચેના કેન્દ્રો કામ કરે છે.

૧. લો વિઝન સેન્ટર એનએબી, સત્યમ ઓટો પાસે, શ્રીનગર રોડ નંબર-૧૦, ઈડર-૩૮૩૪૩૦, જિ. સાબરકાંઠા.
૨. લો વિઝન કિલનિક અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ
૩. લો વિઝન ક્લિનિક સેન્ટર, આદિપુર, કચ્છ
૪. લો વિઝન સેન્ટર, ચીખોદરા-આઈ હોસ્પિટલ, (આણંદ નજીક)

## ૧૩૮. બહુ વિકલાંગજનો માટે પુનર્વસન :

**સેન્સ ઈન્ટરનેશનલ ઈન્ડિયાના શ્રી અખિલ પોલ તેમની સંસ્થા મારફતે અનુદાન અને માર્ગદર્શનથી-**

૧. અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ મારફતે 'અંકુર' બધિરાંધ સેન્ટર, બી.પી.એ. અમદાવાદ (વસ્ત્રાપુર) અમદાવાદ
૨. એન.એ.બી., સાબરકાંઠા, જિલ્લા શાખા, ઈડર.
૩. અંધ કલ્યાણ ટ્રસ્ટ, ધોરાજી

ઉપરોક્ત સંસ્થાઓ ખાતે બહુ વિકલાંગજન શિક્ષણનો શુભારંભ થયો છે. એચ.કે.આઈ. હિલ્ટન પરકિન્સ અને બી.પી.એ., અમદાવાદ દ્વારા દાહોદ, જામનગર, રાજકોટ, અમદાવાદ ખાતે બહુવિકલાંગ જનો માટે પુનર્વસન કાર્યક્રમ સ્થાનિક સંસ્થાઓના સહકારથી સંભાળે છે.

## ૧૩૯. વિકલાંગો માટેની સંસ્થાઓને લાઈટ બિલમાં વીજ કરની સંપૂર્ણ માફી :

આ લાભ મેળવવા સંસ્થાના લેટર હેડ ઉપર વીજળી કમિશનરશ્રી '(વિદ્યુત શૂલ્ક પ્રભાગ)', સાતમો માળ, બ્લોક નં.૧૮, ઉદ્યોગ ભવન, ઘ-૪, ગાંધીનગરને અરજી કરવી અને તે સાથે નીચે જણાવેલ જરૂરી પુરાવાઓ મોકલવા.

૧. સંસ્થાની 'ચેરિટી કમિશનર'ને ત્યાં થયેલ નોંધણીના દાખલાની ઝેરોક્ષ નકલ
૨. ઈલેક્ટ્રિક બિલની નકલ (એક કરતાં વધુ કનેકશન હોય તો દરેકની ઝેરોક્ષ નકલ)
૩. સમાજ સુરક્ષા ખાતા તરફથી ગ્રાન્ટ મળે છે તે બાબતની ગ્રાન્ટના હુકમની ખરી નકલ.
૪. સંસ્થાની પ્રવૃત્તિઓનો અહેવાલ.
૫. સંસ્થાના બંધારણની નકલ અરજી સાથે મોકલવી.

## ૧૪૦. વૃદ્ધાશ્રમોને લાઈટ બિલમાં વીજ કરની સંપૂર્ણ માફી :

વૃદ્ધાશ્રમો ચલાવતી સંસ્થાઓને વીજ કરમાં સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક : જીએચયુ-૨૦૦૧-૮-ઈએલડી-૧૧-૨૦૦૧-એમએલએ-૨-કે, તારીખ ૫-૨-૨૦૦૧માં જણાવ્યા પ્રમાણે જે સંસ્થા વૃદ્ધોને રાખતી હોય અને તેના માટે વીજ વપરાશ થતો હોય તો વીજ બિલની નકલ તેમજ ચેરિટી કમિશનર પાસે સંસ્થા નોંધાયેલી હોય તેવી સંસ્થાઓને અરજી કર્યા તારીખથી વીજ કરમાં ૯૦ ટકા (સંપૂર્ણ) માફી આપવાની જોગવાઈ કરવામાં આવી છે. આનો લાભ લેવા સંસ્થાએ પોતાના લેટર હેડ ઉપર વીજળી કમિશનરશ્રીની કચેરી, વિદ્યુત શૂલ્ક પ્રભાગ, બ્લોક નં.૧૮, ઉદ્યોગ ભવન, ઘ-૪, ગાંધીનગરને ઉપર જણાવેલ વિગતો સાથે અરજી કરવાથી લાભ મળી શકશે. ઈલેક્ટ્રિક કનેકશન એક કરતાં વધુ હોય તો તે દરેક બિલની નકલ મોકલવાની રહે છે.

## ૧૪૧. રાષ્ટ્રીય / ટોચ કક્ષાની સંસ્થાઓનાં નામ-સરનામાં-ફોન નંબર :

**પ્રજ્ઞાચક્ષુઓ માટે રાષ્ટ્રીય સંસ્થા**

| | | |
|---|---|---|
| ૧. | નિયામક, | Director, |
| | પ્રજ્ઞાચક્ષુ રાષ્ટ્રીય સંસ્થા, | National Institute of Visually Handicaped |
| | ૧૧૬, રાજપુર માર્ગ, | 116, Rajpur Road, Dehradoon 248001, (U.P.) |
| | દહેરાદૂન, ઉત્તર પ્રદેશ | Ph. No. : 0135-2735353, 2744491, 2734503, |
| | | Fax: 0135-2746147 |
| | | e-mail : nivh@sancharnet.in web : www.nivh.org. |

**Regional Offices :**

a. Eastern Regional Centre, NIVH
Dr. SPMNIOH Campus, B.T. Road, Bon-Hooghly, Kolkata-700090

b. NIVH, Regional Centre, Poonamallee, Chennai

**વિકલાંગો માટેની રાષ્ટ્રીય સંસ્થા**

| | | |
|---|---|---|
| ૨. | નિયામક, | Director, |
| | વિકલાંગ રાષ્ટ્રીય સંસ્થા, | National Institute of Orthopaedically Hadicapped |
| | બી.ટી. માર્ગ, બીન-હુગલી, | B.T. Road, Bon Hooghly, Kolkata-700090 |
| | કોલકાતા, પશ્ચિમ બંગાળ. | Ph. No. : 033-25312564, 25562564, 25580789, 25591662 |
| | | Fax : 033-25318379 |
| | | e-mail : nioh@cal.vsnl.net.in |
| | | Web : http//www.india-future.com/nioh/ |

**Regional Offices :**

a. Regional Centre, Dr. SPMNIOH AT NIVH Campus
116, Rajpur Road, Dehradun-248001

**શ્રવણમંદો માટેની રાષ્ટ્રીય સંસ્થા**

| | | |
|---|---|---|
| ૩. | નિયામક, | Director, |
| | શ્રવણમંદ વ્યક્તિઓ માટેની | Ali Yavar Jung National Institute for the Hearing Handicapped |
| | રાષ્ટ્રીય સંસ્થાન | KC Marg, Bandra Reclamation, Bandra (E), Mumbai-400050 |
| | બાંદરા (પશ્ચિમી), | Ph. No. : 022-26400215, 022-26422638 |
| | મુંબઈ, મહારાષ્ટ્ર | Tele. Fax : 022-26422638 |
| | | e-mail : director@giasbmol.vsnl.net.in |
| | | web : http//www.ayjnihh.org/contact.htm |

**Regional Offices :**

a. Eastern Regional Centre, Ayjnihh
Dr. SPMNIOH Campus, B.T.Road, Bon-Hooghly, Kolkata-700090

b. Northern Regional Centre, AYJNIHH,
NIMH RTC Campus, Kasturba Niketan, Lajpat Nagar-II, New Delhi-110024

c. Southern Regional Centre, AYJNIHH
NIMH Campus, Manovakas Nagar, Bowenpally, Secunderabad-500009

d. Training Centre for the Teachers of the Deaf, SIRD Campus
UNIT-VIII, Near Steward School, Bhubaneshwar-751005

**મંદબુદ્ધિવાળાઓ માટેની રાષ્ટ્રીય સંસ્થા**

| | | |
|---|---|---|
| ૪. | નિયામક, | Director, |
| | મંદબુદ્ધિવાળા માટેની | National Institute of Mentally Handicapped |
| | રાષ્ટ્રીય સંસ્થાન | Bowenpally, Secunderabad (A.P.) 500009 |

મનો વિકાસનગર,
સિકન્દ્રાબાદ, આંધપ્રદેશ

Ph. No. : 040-27759267, Fax : 27750198
e-mail : nimhldhk@hd2,vsnl.net.in
web : http//www.nimh.india.org.

**Regional Offices :**

a. Northern Regional Centre,
NIMH Campus, Kasturba Niketan, Lajpat Nagar-II, New Delhi-110024

b. Eastern Regional Centre, NIMH
Dr. SPMNIOH Campus, B.T. Road, Bon-Hooghly, Kolkata-700090

c. Weatern Regional Centre, NIMH
AYJNIHH Campus, Kishna Chand Marg. Bandra (W), Mumbai-400050

**પુનઃસ્થાપન, તાલીમ અને સંશોધન માટેની રાષ્ટ્રીય સંસ્થા**

૫. નિયામક,
પુનઃસ્થાપન, તાલીમ અને
સંશોધન માટેની રાષ્ટ્રીય સંસ્થા,
ઓલાતપુર, પો.ઓ. બૈરાઈ
જિલ્લો કટક, ઓરિસ્સા.

Director,
National Institute of Rehabilatation Training and Research
Bairoi, P.O. Olatpur, Cuttack-754010
Ph. No. : 06724-255465, Fax : 026724-255552
e-mail : jsdd@ren02. nic.in

૬. અધ્યક્ષ-મેનેજિંગ ડિરેક્ટર,
ભારતનું કૃત્રિમ અંગ ઉત્પાદન નિગમ,
જી.ટી.માર્ગ, કાનપુર, ઉત્તર પ્રદેશ
ઓલાતપુર, પો.ઓ. બૈરાઈ
જિલ્લો કટક, ઓરિસ્સા.

Chairman-cum-Managing Director,
Articial Limbs Manufacturing Corporation of India (ALIMAO)
G.T. Road, Kanpur, Uttar Pradesh,
Te. : 0512-2770172, Fax : 0512-2770617
E-mail : alimco@artlimbs.com
Website : http:/ www.artlimbs.com

**ALIMCO, KANPUR**

The Artificial Limbs Manufacturing Corporation of India (ALIMCO) has the following objectives:

- Manufacturing orthotics/prosthetics and rehabilitation aids required by the disabled persons in the country.
- Training of orthotic/proshetic technicians and engineers;
- Research and development in the field of orthotics and prostheties.

The Corporation's factory at Kanpur is equipped with sophisticated Plant and machinery required. As a back-up for production the factory also has a well equipped tool room. Production is planned in a scientific manner. Quality control department ensures that the products of the factory are in keeping with standards laid down by Bureau of Indian Standards.

It has five marketing out lets at Bhubaneswar, Delhi, Mumbai, Chennai and Kolkata. The Corporatin produces a range of sids & appliances viz wheel chair, tricycle, axilla crutches, prefabricated components of prosthetic/ orthotic systems, rehabilitation aids etc. A list of Auxiliary Production Centres and Regional Marketing Centres of ALIMCO is at Appendix-I.

૭. નિયામક, વિકલાંગ
માટેની સંસ્થા,
૪, વિષ્ણુ દિગંબર માર્ગ,
નવી દિલ્હી.

Director,
Pandit Deen Dayal Upadhyaya Instiiute
for the Physically Hadicapped
4, Vishnu Digumber Marg. New Delhi- 110002
Ph. No. : 011-23232403 Tele Fax : 011-23239690
e-mail : iph76@usa.net
Web : www.socialijustice.nic.in/ph/default.htm

| | | |
|---|---|---|
| | પ્રોજેક્ટ ડાયરેક્ટર<br>જિલ્લા પુનઃસ્થાપન કેન્દ્ર,<br>૪, વિષ્ણુ દિગંબર માર્ગ,<br>નવી દિલ્હી. | Project Director,<br>District Rehabilitation Centre<br>4, Vishnu Digumber Marg.<br>New Delhi |
| ૮. | સભ્ય સચિવ,<br>ભારતની પુનઃસ્થાપન પરિષદ,<br>બી-૨૨, કુતબ ઈન્સ્ટિટ્યૂશન એરિયા,<br>ન્યુ દિલ્હી-૧૧૦૧૧૬ | Member Secretary<br>Rehabilitation Council of India,<br>B-22 Qutab Institutional Area,<br>New Delhi - 110116, Ph. : 011-26856882, 55487919<br>E-mail : rehabstd@ndc.vsnl.net.in, rehabstd@nde.vsnl.net.in<br>Web : www.rehabcouncil.nic.in |
| ૯. | પ્રોજેક્ટ ડાયરેક્ટર<br>જિલ્લા પુનઃસ્થાપન કેન્દ્ર,<br>૪, વિષ્ણુ દિગંબર માર્ગ,<br>નવી દિલ્હી. | Project Director,<br>District Rehabilitation Centre<br>4, Vishnu Digumber Marg.<br>New Delhi |

● **મંદબુદ્ધિ, મગજનો લકવો, આત્મવિમોહ (Autism) અને વિવિધ વિકલાંગ વ્યક્તિઓ માટે રાષ્ટ્રીય ટ્રસ્ટ**

૧. આત્મવિમોહ (Autism), મગજનો લકવો, મંદબુદ્ધિ અને વિવિધ વિકલાંગ વ્યક્તિઓના કલ્યાણ માટે પ્રધાન મંડળે રાષ્ટ્રીય ટ્રસ્ટ સ્થાપવાની મંજૂરી આપી છે.

૨. મંદબુદ્ધિ, આત્મવિમોહ (Autism), મગજનો લકવો અને વિવિધ વિકલાંગ વ્યક્તિઓની સંપૂર્ણ સંભાળ આ ટ્રસ્ટ લેશે અને વારસાપત્રથી ટ્રસ્ટને આપેલ વિકલાંગનું સંચાલન કરશે.

૩. **આ ટ્રસ્ટના ઉદ્દેશો નીચે મુજબ છે.**

   ૧. વિકલાંગ વ્યક્તિઓને તેમના પોતાના કુટુંબ સાથે શક્ય તેટલા સ્વતંત્રપણે અને સંપૂર્ણપણે જીવી શકે તેવા શક્તિમાન બનાવવા અને અધિકારિતા આપવી.
   ૨. વિકલાંગ વ્યક્તિઓને સભ્ય બનાવવા કરતાં તેમના કુટુંબમાં સગવડો સંગીન બનાવવી.
   ૩. વિકલાંગો માટેની સંસ્થાઓ અથવા મા-બાપને અને સ્વૈચ્છિક સંસ્થાઓને કુટુંબની નજીક સ્થિતિમાં સેવા આધારિત જરૂરત પ્રમાણે સહાય કરવી.
   ૪. પરિવારનો કોઈ સહારો ન હોય તેવા વિકલાંગોના કામમાં લાગી જવું.
   ૫. મા-બાપ અથવા વાલીઓના મૃત્યુ બાદ વિકલાંગ વ્યક્તિઓની સંભાળ અને સુરક્ષા માટેનાં પગલાંને પ્રોત્સાહન આપવું.
   ૬. વિકલાંગોના હકનું રક્ષણ અને પૂરી સામેલગીરી માટે એક સમાન તકો આપવાની સુવિધા આપવી.

● **સરકારી પગલાં કાર્યક્રમ**

૧. **મિશન તરીકે વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રાયોજના**

યોગ્ય અને મૂલ્ય આકર્ષક સાધનો અને ઉપકરણોના અને શિક્ષણ પદ્ધતિઓના વિકાસ અને ઉપયોગમાં ટેકનોલોજીનું સંકલન, નાણાં સહાય અને સીધો અમલ કરવો તથા રોજગાર, સરળ જીવન, ગતિશીલતા, સંચાર અને સમાજમાં મનોરંજન અને એકીકરણ માટેની તકો વધારી કુશળતા વિકાસ કરવો.

● **અમલીકરણ**

પુનઃસ્થાપન ટેકનોલોજી કેન્દ્ર દ્વારા સંશોધન/વૈજ્ઞાનિક સંસ્થાઓને ૧૦૦% નાણાં સહાય.

| | |
|---|---|
| સંયુક્ત સચિવ (વિ.મં.) | Joint Secretary |
| ભારત સરકાર, સામાજિક ન્યાય અને, | Ministry of Social Justice and |

અધિકારિતા મંત્રાલય, Empowerment Govt. of India
છઠ્ઠો માળ,'એ' પાંખ, શાસ્ત્રી ભવન, 6th floor, 'A' wing,
નવી દિલ્હી-૧૧૦૦૦૧ Shashtry Bhavan, New Delhi-110001

● **અપંગોને રોજગાર**

**ઉદ્દેશ :**

અપંગો માટે સામાન્ય રોજગાર કચેરીમાં ખાસ એકમ અથવા વિશિષ્ટ રોજગાર દ્વારા લાભદાયી રોજગાર માટે તેમની નોંધણી કરવા અપંગ વ્યક્તિઓને સહાય.

● **અમલીકરણ :**

વિશિષ્ટ રોજગાર કચેરીઓના કેસમાં રાજ્ય સરકારને/ સંઘ પ્રદેશ સરકારોને ૮૦% અને ખાસ એકમના કેસમાં ૧૦૦% નાણાં સહાય આપવામાં આવે છે.

સંયુક્ત સચિવ (વિ.મં.) Joint Secretary (D.D.)
ભારત સરકાર, Ministry of Social Justice and
સામાજિક ન્યાય અને, Empowerment Govt. of India
અધિકારિતા મંત્રાલય, 6th floor, 'A' wing,
છઠ્ઠો માળ,'એ' પાંખ, Shashtry Bhavan, New Delhi-110001
શાસ્ત્રી ભવન, ન્યૂ દિલ્હી-૧૧૦૦૦૧

● **અન્ય અગત્યના સરનામાં શાસ્ત્રી ભવન, ન્યૂ દિલ્હી**

1. Office of The Chief Commissioner for persons with Disabilities,
   Sarojini House, 6, Bhagwan Dass Road,
   New Delhi- 110001, Ph. 23386154, 23386054
   Web site : www.ccdisabilities.nic.in
2. National Institute for the Mentally Handicapped
   Regional Centre
   Falt No. B-102, Vashundhara, CHS, Plot No 13-14, Sector-8
   Kharghar, Navi Mumbai- 410210 Tel : 57875277, 37876811
3. કચ્છ કોમ્પ્રેહેન્સિવ રિહેબિલિટેશન સેન્ટર
   સેન્ટર ઝેવિયર્સ સ્કૂલ પાસે, ભૂજ-કચ્છ- ૩૭૦૦૦૧.
   ફોન : (૦૨૮૩૨) ૨૫૨૦૪૧
   ઈ-મેઈલ : kere@rediffmail.com

## ૧૪૨. વિકલાંગોને અન્યાયના પ્રશ્ને વિકલાંગ વ્યક્તિઓના કમિશનર, ગાંધીનગર તરફથી અપાયેલા અગત્યના ચૂકાદાઓ :

વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશનરની કચેરી, ભોયતળિયે, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર. વેબસાઈટ : http://sjegujarat.gov.in/gujarati/disabilities/defaul.htm;
ઈ-મેઈલ : commi-pwd@gujarat.gov.in; ફોન નં. (૦૭૯) ૨૩૨૫૪૭૪૪ (૦૭૯) ૨૩૨૫૬૭૪૬
વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રી વિકલાંગોને શિક્ષણમાં અનામત પ્રવેશ, અનામત જગ્યામાં નિમણૂક અને નોકરી દરમિયાન અન્યાય ન થાય તે તથા અન્ય કામગીરી કરે છે. તેઓ સમક્ષ રજૂ થયેલા કેસો અંગે અપાયેલ જજમેન્ટની માહિતી ટૂંકમાં નીચે મુજબ છે.
વિકલાંગ ધારા, ૧૯૯૫ની કલમ (૬૨) હેઠળ ગુજરાતમાં ડિસેમ્બર, ૧૯૯૮થી વિકલાંગતા આયુક્તશ્રીની કચેરી ઉપરના

સરનામે કાર્યરત છે. કમિશનરશ્રી સમક્ષ અન્યાય બાબતે અરજદારો તરફથી અરજીઓ (અપીલો) આવતાં સુનાવણી વખતે બંને પક્ષોને હાજર રાખવામાં આવે છે અને બંને પક્ષોને પોતાની હાજરીમાં (વકીલ પ્રતિનિધિ સિવાય પણ) સાંભળી જે તે બાબતે જજમેન્ટ આપે છે.

**મોટા ભાગના ચૂકાદાઓ વિકલાંગ તરફી રહ્યા છે, જેમાં જજમેન્ટ અપાયા છે. તેના નમૂનારૂપ કેસોની વિગત નીચે મુજબ છે.**

- **વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશનરની કચેરી, ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન આપવામાં આવેલા નોંધપાત્ર ચૂકાદાઓની ટૂંકી વિગત :**

**– શ્રી પ્રફુલ્લભાઈ વીરાભાઈ વીરડા, મુ.પો. હરીપર, તા. માળીયા મીયાણા, જી. રાજકોટ**ના ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની કચેરીમાં લાઇન મેન તરીકે નોકરી કરતાં હતાં. તેઓ ચાલુ નોકરી દરમ્યાન ફરજ પર હતાં તે સમયે એક ભયાનક અકસ્માત થયેલ હતો અને તેના કારણે તેઓના બન્ને પગમાં ગંભીર ઈજાઓ થતાં બંને પગ કાપી નાંખવામાં આવ્યા હતાં. તેઓના બે પગ કપાઈ જતાં તેઓને પરમેન્ટ ડિસેબીલીટી આવી જવાથી તેઓએ તેમની કચેરીને હળવી કામગીરી સોંપવા માટે વિનંતી કરેલ હતી જે સામાવાળા કચેરીએ માન્ય ન રાખતા વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કોર્ટ ગાંધીનગરને વિકલાંગ ધારાની કલમ ૪૭, ૬૨ અને ૬૩ મુજબ કાર્યવાહી કરવા રજૂઆત કરેલ હતી. જે રજૂઆત પરત્વે કાર્યવાહી થતા અરજદારને સામાવાળા ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાની કચેરીએ હાલ જે પગાર ધોરણમાં મળતુ હોય તે જ પગાર ધોરણમાં ટેબલ વર્ક/ઓફિસ વર્કની કામગીરી આપવા હુકમ કરેલ હતો.અને આ હુકમના અનુસંધાને તા. ૩૦-૧૦-૧૩ના રોજ જાહેર આરોગ્ય સુ. પેટા વિભાગ નં. ૨, મોરબી ખાતે ફરજ ઉપર હાજર કરવામાં આવેલો છે.

**– શ્રી રામસિંહભાઈ એચ. દેસાઈ** એ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનમાં મલ્ટી પરપઝ હેલ્થ વર્કરની ભરતીમાં થયેલ અન્યાય બાબતે વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરીને તા. ૩૧-૭-૨૦૧૩ના રોજ રજૂઆત કરેલ હતી. અરજદારની રજૂઆતને ધ્યાનમાં લઈ કેસ નં. ૪૭૯/૨૦૧૩થી નોંધીને સામાવાળા તરીકે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલો હતી.

અરજદારની રજૂઆત મુજબ મલ્ટી પરપઝ હેલ્થ વર્કરની જગ્યા પૈકી વિકલાંગ માટે ૩ ટકા જગ્યાઓ સુનિશ્ચિત કર્યા વગર બેકલોગની જગ્યાઓ ભર્યા વગર મલ્ટી પરપઝ હેલ્થ વર્કરની પસંદગી યાદી તૈયાર કરવામાં આવેલ છે. અરજદારશ્રી મેરીટ મુજબ નિમણૂક મેળવવાપાત્ર હોવા છતાં નિમણૂક આપવામાં આવેલ નથી. અરજદાર તથા સામાવાળાઓની દલીલો ધ્યાનમાં લઈ વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કોર્ટ દ્વારા તા. ૧૫-૧૧-૧૨૦૧૩ના રોજ હુકમ કરવામાં આવેલ હતો અને હુકમમાં વિકલાંગ વ્યક્તિઓ માટેની ૩ ટકા જગ્યાઓ સુનિશ્ચિત કરવા તથા શ્રી દેસાઈને મેરિટ મુજબ નિમણૂક કરવાનો હુકમ કરવામાં આવેલ હતો. કોર્ટનો હુકમ અનુસાર શ્રી દેસાઈને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તા. ૨૪-૨-૨૦૧૪ના રોજ ઠરાવ કરી મલ્ટિ પરપઝ હેલ્થ વર્કર તરીકે માસિક ઉચ્ચક ફિક્સ વેતન રૂ. ૫૨૦૦/- માં નિમણૂંક આપી ત્રણ વર્ષબાદ કામગીરીના મુલ્યાંકનને આધારે રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ના પગાર ધોરણમાં સમાવવા હુકમ કરવામાં આવેલો હતો.

## ૧૪૩. જિલ્લા કક્ષાએ વિકલાંગ ધારો, ૧૯૯૫ની જોગવાઈઓના અમલીકરણના મોનિટરિંગ માટેની સમિતિ :

વિકલાંગ ધારો, ૧૯૯૫ની જોગવાઈઓના જિલ્લા કક્ષાએ થતા અમલીકરણના મોનિટરિંગ માટે સમિતિની રચના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તારીખ : ૧૬-૯-૯૯ના ઠરાવથી કરવા ઠરાવ્યું છે. જેમાં જે તે જિલ્લાની સમિતિના અધ્યક્ષ તરીકે કલેક્ટરશ્રી રહેશે. સભ્યોમાં જિલ્લાના સિવિલ સર્જનશ્રી, કાર્યપાલક ઇજનેરશ્રી (માર્ગ-મકાન) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, રોજગાર અધિકારીશ્રી, મદદનીશ કમિશનરશ્રી, શ્રમ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી સભ્ય સચિવ તરીકે રહેશે અને વિકલાંગોના કલ્યાણ ક્ષેત્રે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓના ત્રણ પ્રતિનિધિઓ સભ્ય તરીકે રહેશે.

## ૧૪૪. ગુજરાત રાજ્યમાં રાજ્ય લેવલે વિકલાંગોના કલ્યાણનું કામ સંભાળતી કચેરીઓ :

- મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, બીજોમાળ, ગાંધીનગર.
  ફોન. ૦૭૯-૨૩૨૫૦૧૦૩-૦૪
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, બ્લોક-૫, આઠમો માળ, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર - ૩૮૨ ૦૧૦, ફોન : ૦૭૯-૨૩૨૫૧૨૦૩. ફેક્સ - ૨૩૨૫૨૪૬૧
- સંયુક્ત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, બ્લોક-૫, આઠમો માળ, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર - ૩૮૨ ૦૧૦, ફોન : ૦૭૯-૨૩૨૫૧૨૭

